
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
ફેબ્રુઆરી - ૨૦૧૬
અંક : ૪૫૩

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૦૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



ઓઈઆ-સેન્ટોરીની
ગ્રીસ

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# તદ્દન નવાં પ્રકાશનો




NAVNEET
**GLOBAL**
DICTIONARY
Price : ₹ 400.00




NAVNEET
**CONCISE GLOBAL**
DICTIONARY
Price : ₹ 320.00

**મુખ્ય વિશેષતાઓ :**

- વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાની અગત્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા સર્વાંગસંપૂર્ણ કોશ.
- અંગ્રેજી સ્પેલિંગ **'બ્રિટિશ ઇંગ્લિશ'** પ્રમાણે અને તેના ગુજરાતીમાં અર્થ **'સાર્થ જોડણીકોશ'** પ્રમાણે આપવામાં આવેલ છે.
- લગભગ **25,000 મૂળ શબ્દો** અને **40,000 સાધિત શબ્દો** મળીને કુલ **70,000 શબ્દોના** વિશદ અર્થોનો ગુજરાતી તથા અંગ્રેજી એમ બંને ભાષામાં સમાવેશ.
- જ્યાં મૂળ શબ્દ ક્રિયાપદ છે, ત્યાં તેના ભૂતકાળ (p.t.) અને ભૂતકૃદંત(p.p.)નાં રૂપોનો પણ સમાવેશ.
- જરૂરિયાત પ્રમાણે શબ્દો અને રૂઢિપ્રયોગોનો અંગ્રેજીમાં વાક્યપ્રયોગો દ્વારા સરળ સ્પષ્ટીકરણ સાથે સમાવેશ.
- સ્પેલિંગના ઉચ્ચારોનું International નિયમ મુજબ નિર્દેશન જેમ કે, Budget ('બજિટ્), Development (ડિ'વેલપમન્ટ્), Grandmother ('ગ્રૅન્ડ્મધર્).
- રોજિંદા જીવનમાં વપરાતી વિવિધ વસ્તુઓ તેમજ આસપાસ જોવા મળતી વસ્તુઓના વિપુલ શબ્દભંડોળનો પરિશિષ્ટમાં સમાવેશ.

Knowledge is wealth

**NAVNEET EDUCATION LIMITED**


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,**
**લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

: મુંબઈ ઓફિસ :

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬



# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

Nano 9™ kitchenware in new avatar

NanoNine™
INNOVATIVE KITCHENWARE
*Bana De Life Aasaan!*

**Fruit & Salad**
Insulock Lunch Pack

WORLD 1st Insulated Leakproof S.S. Tiffin



LEAKPROOF
AIR TIGHT
FEATHER LITE

**FLO**
Chapati Pot

FREEDOM from SOGGINESS



TRANSPARENT See Through Lid
DOUBLE WALL
FEATHER LITE

Mfg By: **Shree Balaji Metal Industries, Vasai.**
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Shahil Marketing: (+91) 94261 77138
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## આખું જગત આજે યોગ દ્વારા આરોગ્યની માવજત કરવા ઉત્સાહી બન્યું છે ત્યારે તમને પણ યોગમાં રુચિ છે ને ?

# તો વસાવો યોગ-વિષયક આ અદ્‌ભુત પુસ્તકો

| | |
|---|---|
| **સ્વામી અધ્યાત્માનંદજી** | |
| જીવનયોગ | 150 |
| યોગ અને આરોગ્ય | 200 |
| યોગ અને સ્વાસ્થ્ય | 350 |
| યોગ એ જ જીવન | 200 |
| Yoga a way of life | 200 |
| Yoga and Health | 150 |
| Yoga for Better Living | 125 |
| योग और स्वास्थ्य | 180 |
| **ભાણદેવ** | |
| સંપૂર્ણ પ્રાણાયામ | 300 |
| શિક્ષણ અને યોગ | 60 |
| યૌગિક શોધનકાર્ય | 100 |
| યૌગિક બંધ અને મુદ્રા | 110 |
| અંતરંગ યોગ | 150 |
| અધ્યાત્મરહસ્ય | 135 |
| **પંકજ ભટ્ટ** | |
| યોગ અને વ્યક્તિત્ત્વવિકાસ | 100 |
| **ડૉ. હર્ષદ ભટ્ટ** | |
| યોગશિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન | 150 |
| **રોહિત મહેતા** | |
| યોગ પૂર્ણતા પામવાની કળા | 160 |
| **પી. ટી. પંડ્યા** | |
| યોગ : જીવનરસાયણ | 50 |
| **સ્વામી શિવાનંદ** | |
| યોગના પાઠ (પુ. 26) | 600 |

હૃદયરોગથી બચવા તેમજ હૃદયરોગની માવજત માટેનું સર્વોત્તમ ગાઈડન્સ આપતી આ સાત પુસ્તિકાઓ વસાવો અને સ્વજનો-મિત્રોને પણ ભેટ આપો. ડૉ. રમેશ કાપડિયા લિખિત આ અણમોલ પુસ્તિકાઓ પડતર કિંમતે વસાવી લેવાનું બિલકુલ ચૂકવા જેવું નથી...

| | |
|---|---|
| **કોરોનરી હૃદયરોગ નિવારણ પુસ્તિકા-સપ્તક (પુ.7)** | **120** |
| હૃદયરોગને ઓળખો અને અટકાવો | 15 |
| હૃદયરોગમાં તનાવ અને તનાવપ્રબંધ | 15 |
| હૃદયરોગમાં શવાસન અને ધ્યાન | 20 |
| હૃદયરોગ અને આહાર | 20 |
| હૃદયરોગ અને યુનિવર્સલ હીલિંગ કાર્યક્રમ | 15 |
| હૃદયરોગમાં વિજ્ઞાન અને અધ્યાત્મ | 22 |
| હૃદયરોગ અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો | 13 |



## ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળના સામે, ગાંધી માર્ગ, મદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● ધાર્મિક લઘુમતીના દરજ્જાથી જૈન સમાજને મળનાર લાભો .......... **પ્રતાપ નારાણજી દંડ** ...... ૯
● આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦

**લેખ વિભાગ**

### કચ્છ વિશેષ

● ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં — **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૧૦) ...... **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૧૧
● આવતા દસ વર્ષમાં કચ્છ જિલ્લો પાણીની બાબતે સ્વાવલંબી થઈ શકે છે ........ **એલ. ડી. શાહ** .... ૨૨
● 'કચ્છી ધમાલ રાસ'ને મુંબઈમાં લોકપ્રિય બનાવનાર કલાકાર
લક્ષ્મીચંદ ભારમલ નાગડા ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૨૪
● કચ્છ રણોત્સવ - ૨૦૧૫ ........ **દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૨૫
● અત્યાર સુધી ભારતના સાત વડાપ્રધાનોના
કચ્છની ધરતી પર પગલાં પડ્યા છે ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૨૬
● ૪૬૮મા જન્મદિને ભુજની તવારીખમાં ડોકિયું .... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૨૭

### ધર્મ

● ક્રોધ ........ **સા.શ્રી આગમદર્શિતાશ્રીજી મ.સા.** .... ૨૮
● સરવાળો - બાદબાકી - ગુણાકાર ને ભાગાકાર ........ **દાદા ભગવાન** .... ૨૯
● નારાયણ સુધી પહોંચવાનો માર્ગ છે — દરિદ્રનારાયણની સેવા .......... **ડૉ. કિશોર સાધુ** .... ૩૦

### આરોગ્ય

● હૃદય રોગમાં તનાવ : ભાવાત્મક કારણો ........ **ડૉ. રમેશ આઈ. કાપડિયા** .... ૩૧
● અમૃત તુલ્ય ઔષધ : મધ ........ **વૈદ્ય મનુભાઈ ગોદાની** .... ૩૩
● શું ડિપ્રેશન ખરેખર બીમારી છે? ........ **ડૉ. મણિલાલ ગડા**
મનના અવયવોમાં થતા શારીરિક ફેરફારો ........ **ડૉ. દીપ્તિ શાહ (ગડા)** .... ૩૪

### સમાજ ચિંતન

● સબસે ઊંચી પ્રેમ સગાઈ ........ **રાઘવજી માધડ** .... ૩૬
● જાતને ઓળખીએ તો જગત સ્વર્ગ લાગે ........ **ડૉ. પ્રતાપ પંડ્યા** .... ૩૮
● મીટલેસ મન્ડે ........ **અતુલકુમાર વ્રજલાલ શાહ, સી.એ.** .... ૩૯

### શિક્ષણ ચિંતન

● જોર કા ઝટકા ધીરે સે! ........ **હરેશ ધોળકિયા** .... ૪૦

### વાર્તા

● કોઈ બીજો માણસ ........ **હિમાંશી શેલત** .... ૪૨
● ફરજિયાત ........ **નસીર ઇસ્માઇલી** .... ૪૫
● થોડી સી બેવફાઈ ........ **પ્રિયકાંત પરીખ** .... ૪૭
● ભગિનીતર્પણ ........ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૪૯
● ખપ્પર જોગણી ........ **ધરમાભાઈ શ્રીમાળી** .... ૫૧

### વિકાસ

● ગુજરાતના ગૌરવને અને શોભાને વધારવાનું મહાઅભિયાન
સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત ........ **ધીરુ કોટવાલ** .... ૫૩
● વક્તા આદર્શ મળશે એવું ય નથી, સમયસર પૂરું કરશે એવું ય નથી .......... **ડૉ. સંતોષ દેવકર** .... ૫૪
● વિકાસપથ પર આગેકદમ : પરિણામલક્ષી આયોજન, અસરકારક અમલીકરણ ........ ૫૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## જીવન માંગલ્ય
● અલૌકિક અનુસંધાન .......... **ઈલા કે. શાહ** .... ૬૦
● એક ધર્મગુરુ અને એક ઉદ્યોગપતિ – કેરળ પ્રદેશનું અંગદાન અભિયાન........ **લેખક : મોહન શિવાનંદ** .... ૬૧
**અનુવાદ : મગનલાલ સંઘવી**

## નિષ્ઠા
● ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતનો જીવતો અમલ .......... **રજનીકુમાર પંડ્યા** .... ૬૪

## લોકકથા
● શિકારીનું માથું .......... **કરસનદાસ લુહાર** .... ૬૬

## વિચાર વિમર્શ
● એક પત્ર .......... **અરુણ ચાર્દી** .... ૬૭

## દેશપ્રેમ
● સરહદ પર ફાલી રહેલ દેશદ્રોહ .......... **કેશુભાઈ દેસાઈ** .... ૬૮

## અંજલી
● હાથ ઊંચેરા સર્જકની વિદાય વેળાએ .......... **કેશુભાઈ દેસાઈ** .... ૬૯

## ઇતિહાસ
● ગાંધીજી અને ગોડસે .......... **મોહમ્મદ એ. ત્રવાડી** .... ૭૦
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ (પ્રકરણ-૪૫)...... **પ્રતાપ નારાણજી દંડ** .... ૭૩

## સ્મરણાંજલી
● ડૉ. આંબેડકરના અંતિમ પાંચ દિવસો .......... **નટુભાઈ પરમાર** .... ૭૫

## સમાજની ક્ષિતિજો
● નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૨૨ – પ્રેમભંગ...... **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૭૭

## હળવાશની ક્ષણોમાં
● દીકરા જ જન્મ્યા કરશે તો વહુઓ ક્યાંથી લાવશો? .......... **મધુસૂદન પારેખ** .... ૭૯
● મારી હાર્મોનિયમ સાધના વત્તા ભત્રીજાનું પ્રેમ પ્રકરણ .......... **શાહબુદ્દીન રાઠોડ** .... ૮૦
● બાલુડેં જ્યું ગાલિયું .......... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૮૨

## નિયમિત વિભાગો
● આંજો કાગર .......... ૮૩
● અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૮૪
● સાર સમાચાર .......... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૮૭
● *Nano Nine* શબ્દ રમત-૧૧૩ .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૮૯
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૦) .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૧
● જાણવા જેવું .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૨
● વલોવતન .......... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૯૩
● સમાજ દર્પણ .......... ૯૫
● સંસ્થા સમાચાર .......... ૯૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .......... ૧૦૧
● ઊડતી નજરે .......... ૧૦૨

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ધાર્મિક લઘુમતીના દરજ્જાથી જૈન સમાજને મળનાર લાભો

*– પ્રતાપ નારાણજી દંડ*

ભારત સરકારે (અને હવે ગુજરાત સરકારે પણ) જૈન સમાજને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી દેતાં એથી સમાજને અનેક પ્રકારના લાભો મળશે. આ લાભો સંસ્થાકીય, સામાજિક અને વ્યક્તિગત સ્તરના છે. આપણા અગ્રણીઓએ તો ફક્ત ધાર્મિક સ્થળો-દેરાસરો, યાત્રા સ્થળો અને સામાજિક/શૈક્ષણિક સંસ્થાનોમાં સરકારી દાખલગીરી ન થાય એટલા પૂરતું જ 'માઈનોરિટી સ્ટેટસ' માગેલું. પરંતુ હવે જ્યારે આપણને અન્ય લઘુમતી સમુદાયોની હરોળમાં જ સ્થાન અપાયું છે ત્યારે લઘુમતી સમાજને મળતી તમામ સુવિધાઓનો આપણે પણ લાભ લેવો જોઈએ.

★ સરકાર બહુમતી સમુદાયનાં મંદિરો તથા ધાર્મિક સંસ્થાનોનો વહીવટ હસ્તગત કરી શકે છે પરંતુ લઘુમતીનાં પૂજાસ્થાનો તથા અન્ય સંસ્થાનોને અડકી શકતી નથી. આમ લઘુમતી દરજ્જાને લીધે આપણે જૈનમંદિરો, યાત્રાધામો, શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય પ્રતિષ્ઠાનોનું સુપેરે રક્ષણ કરી શકીશું.

★ વિશ્વના સૌથી પ્રાચીન ધર્મો પૈકીના એક એવા જૈનધર્મને તથા જૈન સંસ્કારો અને જીવનશૈલીના સંરક્ષણ માટે ધાર્મિક લઘુમતી દરજ્જો ખપ લાગશે. જૈન સમાજ એનાં ધર્મ, ભાષાઓ, સંસ્કૃતિ વગેરેનું સંરક્ષણ, બંધારણની કલમ ૨૫ થી ૩૦ અન્વયે કરી શકશે.

★ જૈન ધાર્મિક સ્થાનો જેવાં કે દેરાસર, દાદાવાડી, સમાધિ, યાત્રાધામો, ટ્રસ્ટો વગેરે સરકાર હસ્તગત કરી શકશે નહીં. તદુપરાંત સરકારે આવાં પ્રતિષ્ઠાનોની સલામતી, સંરક્ષણ અને વિકાસ માટે પગલાં લેવાનાં રહેશે.

★ જૈન ધાર્મિક ટ્રસ્ટો હસ્તકની મિલ્કતો ભાડા નિયમન કાયદા હેઠળ નહીં આવે. એમને એમાંથી મુક્તિ મળી જશે.

★ જૈન શૈક્ષણિક સંસ્થાઓને જૈન ધર્મ અને જૈન દર્શનનું શિક્ષણ આપવાનો અધિકાર રહેશે.

★ સરકાર જૈન સંસ્થાનોને શાળા, કૉલેજ, છાત્રાલય, સંશોધન કેન્દ્રો, દવાખાનાં વગેરે ચાલુ કરવા અને ચલાવવા માટે વિવિધ લાભો ઉપલબ્ધ કરાવશે. એ માટે સરકારી જમીન રાહતદરે મેળવી શકાશે.

★ શૈક્ષણિક તેમજ અન્ય સંસ્થાઓ શરૂ કરવામાં અને ચલાવવામાં સરકારી દખલગીરી તદ્દન ઘટી જશે.

★ જૈન શૈક્ષણિક તથા અન્ય સંસ્થાઓમાં ૫૦ ટકા બેઠકો જૈન વિદ્યાર્થીઓ માટે અનામત રહેશે.

★ તમામ શાળાઓમાં ભણતા ગુણવત્તા ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ તથા ગરીબી રેખા નીચે આવતા 'બીપીએલ' પરિવારોના વિદ્યાર્થીઓની સંપૂર્ણ ટ્યુશન ફી માફ કરાશે.

★ જૈન વિદ્યાર્થીઓને અન્ય લઘુમતી સમાજોની જેમ યુનિવર્સિટીઓ દ્વારા સંચાલિત કૉલેજોમાં રાહત દરે અથવા તદ્દન મફતમાં શિક્ષણ મળી શકશે.

★ જૈન વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી તથા વહીવટી અભ્યાસક્રમોની તાલીમ માટે અનુદાન મળી શકશે.

★ ટેકનિકલ શિક્ષણ તથા અન્ય વિદ્યાક્ષેત્રોમાં અભ્યાસાર્થે તેમજ ધંધા-ઉદ્યોગ માટે સસ્તી અને રાહતદરે - સબસિડીવાળી લોન મળી શકશે.

★ જૈન વિદ્યાર્થીઓ તથા યુવાનોને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે શિષ્યવૃત્તિઓ અને અનુદાન અપાશે.

★ ચૅરિટેબલ તથા ધાર્મિક સંસ્થાઓ માટે અપાતાં દાનમાં કરકપાત (ટૅક્સ ઍક્ઝેમ્પ્શન) મળી શકશે.

★ સરકારી નોકરીઓમાં જૈન સમાજને વિશેષ લાભો ઉપલબ્ધ થશે.

## એક 'ગેરસમજ' વિશે ખુલાસો

જનસાધારણ ઉપરાંત જૈનોમાં પણ એક એવી ગ્રંથિ ઘર કરી ગઈ છે કે જૈનસમાજ ખૂબ ધનવાન અને પ્રગતિશીલ

સમાજ હોવાથી એને સરકારી સહાય કે અનામત જેવા લાભો મેળવવાની જરૂર નથી. જો કે આ માન્યતા પૂર્ણ સત્ય નથી. અલબત્ત, જૈન સમાજના મુખ્ય પ્રવાહમાં આવતી ઓસવાલ, શ્રીમાલ, અગરવાલ અને સરાવગી જેવી પેટાજ્ઞાતિઓ આર્થિક રીતે સમૃદ્ધ વેપારી વર્ગમાં સામેલ છે, પરંતુ જૈનસમાજમાં પણ આર્થિક તેમજ સામાજિક દૃષ્ટિએ પછાત એવો બહુ મોટો જનસમુદાય છે.

કેટલાક જૈનો તો મજૂરી કે સીમાંત ખેતી પર નભે છે. એ પૈકી મોટા ભાગના ગરીબી રેખા નીચે જીવે છે, એ બાબત બહુ ઓછી જાણીતી છે. વળી ઘણા દલિતો, પછાત વર્ગો તથા આદિવાસીઓ અને શિડ્યુલ કાસ્ટમાં આવરી લેવાયેલ જ્ઞાતિઓના લોકો જૈન ધર્મને અનુસરે છે, એ બાબતે તો આપણે તદ્દન અજાણ જ છીએ. આવા વંચિત વર્ગોને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મળે તે માટે લઘુમતી દરજ્જો ખૂબ જરૂરી છે.

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • તા. ૨૪-૨-૨૦૧૬ સવારે ૬.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | મોડાસા ખાતે એક પ્રવાસ. |
| • ફેબ્રુઆરી-૨૦૧૬ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ | 'ડિપ્રેશન' વિષય અંગે એક વર્કશોપ. |

***શરીરથી ઈન્દ્રિયો શ્રેષ્ઠ છે. ઈન્દ્રિયોથી મન શ્રેષ્ઠ છે. મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે અને જે બુદ્ધિથી પણ શ્રેષ્ઠ છે તે આત્મા છે.***

કચ્છ વિશેષ

### ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

## કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૧૦)

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

આ રીતે કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામનો "કરેંગે યા મરેંગે"નો તબક્કો પ્રમુખ મહેરઅલીના આગેવાની થકી છેવટનો સંગ્રામ ગોઠવાઈ ગયો હતો. રાજ્ય તરફથી તેના માટે સામી ગોઠવણ થયા કરતી હતી.

૧૩. જાડેજા ભાયાતોમાં જાગૃતિ આવેલ. રાજપૂત સમાજની મિટિંગમાં લાકડિયા ઠાકરોશ્રીના પ્રમુખ સ્થાને તા. ૨૦-૩-૩૯ના મળ્યા, તેમાં પોતાના હક્ક અને માંગણીઓ રજૂ થઈ હતી. આ ચર્ચામાં ભાગ લેનારા : (૧) કોટડીના ચાંદાજી અભેરાજજી, (૨) ભદ્રેશ્વરના ઝુઝારસિંહજી, (૩) જાડેજા વેલુભા સુમરાજી - નલિયા, (૪) સુથરીના સરદારસિંહ ખાનજી, (૫) મૌઆણના મેરામણજી પ્રાગજી, (૬) કોટડીના પ્રતાજી જયાજી, (૭) આસંબિયાના સગરામજી, (૮) વિંઝાણના અરજણજી જેઠુજી.

૧૪. તા. ૨૭-૪-૩૯ સભા બંધીનો રાજ્યે પહેલવહેલા હુકમ કાઢ્યો. માનકુવા માટે ગુલાબશંકર અમૃતલાલ ત્યાં પોતા હતા. ગરાસિયાઓએ ગેરવર્તન માટે દિલગીરી વ્યક્ત કરી હતી. પછી સભા મોકૂફી છતાં ત્યાં સભા મળી હતી. ગુલાબભાઈ ત્યાં હતા.

**૪૭.** ભારત સ્વાતંત્ર સંગ્રામના સરસેનાપતિ મહાત્માજીની છેલ્લી સલાહ માગવામાં આવી અને તા. ૩૦-૭-૩૯ કચ્છની લડત મહાત્માજીની સલાહથી મોકૂફ રહી. આમ કચ્છી જનતાની છેલ્લા સંગ્રામની પૂરી તૈયારી ભારતના મહા નેતાની સલાહથી મોકૂફ રહી હતી.

**૪૮.** તા. ૧-૪-૩૯ કચ્છ રાજ્ય ઓર્ડિનન્સ બહાર પાડી રાજ્યના વહીવટના રેવન્યુ કામોમાં અંતરાય કરે તેમ થવા ઉશ્કેરણી કરશે તેને તાલુકા વહીવટદાર કોરી ૨૦૦ સુધી દંડની સજા કરી શકશે.

**૪૯.** તા. ૧-૪-૩૯ ભુજમાં અરાજકતા ફેલાઈ હતી. ગુંડાઓને પરિષદના આગેવાનોનાં ઘર દેખાડતાં અમલદારો સાથે સરઘસ શ્રી ગુલાબશંકર અમૃતલાલના ઘર આગળ શ્રી તુલસીદાસ શેઠના ઘર આગળ વોકળામાં મહેરઅલીને ઉતારા પાસે બીભત્સ અને અરાજકતાની ગુંડાગીરી માઝા વગરની ભુજે અનુભવી હતી. સ્પેશિયલ ટ્રેનથી ભાયાતોને બોલાવવામાં આવ્યા હતા. એમ ત્યારે વાત બહાર આવી હતી.

**૫૦.** તા. ૨૯-૪-૩૯ના કાંતિપ્રસાદ ચં. અંતાણીને તથા જમનાદાસ ગાંધીને આશારામ કેસ નિમિત્તે ઓચિંતી તારીખ નાખી કોર્ટમાં તાત્કાલિક બોલાવી જેલ નવ માસની મળી હતી અને જેલમાં પહોંચતાં જ લાઠીઓ - કૂંચીના ઝુડાઓથી માર પડી હતી. જમનાદાસને લોહીલુહાણ થયું હતું. જેલમાં અમાનુષી ત્રાસ - ઘંટી દળવી, વગર પાણીએ મુંડન જેવા અમાનુષી વર્તાવ બતાવવામાં આવ્યો હતો. જેનો રિપોર્ટ પરિષદ તરફની તપાસ કમિટીએ કર્યો હતો.

આ રીતે કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામના અવલના સિપાઈઓને કારાવાસ આપી, સંગ્રામની પરાકાષ્ઠા રાજ્યના અમલદારોએ ઉજવી હશે, પણ તેથી જનજાગૃતિની જ્યોતને જરાપણ ઝાંખપ ન લાગી. કાર્યકરો અણનમ રહ્યા અને ચડતી પડતીમાં ઉભી થતી પ્રવૃત્તિ ચાલુ રહી હતી. તે હકીકત કાંતિપ્રસાદના જેલ જતાં આપેલ સંદેશાથી સ્પષ્ટ થાય છે.

**૫૧.** ખેડૂત તપાસ કમિટીનો રિપોર્ટ પ્રગટ ન કર્યો. તે પરિષદે પ્રગટ કર્યો અને ખેડૂતોની અવદશાની વિગતો પ્રગટ કરી.

### ૫૨. લડત મોકૂફી પછી

૧. (૧) મુંદ્રામાં હુલ્લડ તા. ૧૪-૬-૩૯.

(૨) અને પરિષદના પ્રમુખના અને બીજા પ્રવાસો ચાલુ રહ્યા હતા. તા. ૨૪-૬-૩૯ બિદડામાં પરિષદ ભરવા વેલજી ઠાકરશીએ પ્રયત્ન કરેલ.

(૩) તા. ૧૪-૭-૩૯ સ્થાનિક કમિટિ મિટિંગ પરિષદ ભુજમાં ભરવાનો નિર્ણય થયો હતો.

૨. તા. ૯-૮-૩૯ના જન્મભૂમિમાં કચ્છમાં નવા દીવાન માટે સરકારે દબાણ કર્યાની વાત બહાર આવી હતી.

કચ્છમાં ૧૯૩૯-૪૦માં ભયંકર દુકાળ પડ્યો (સંવત ૧૯૯૬) તેમાં રાહત માટે મુંબઈમાં કચ્છ દુષ્કાળ સમિતિ સ્થપાઈ. આ કમિટી તા. ૨૧-૭-૩૯ના મુંબઈના કચ્છીઓની સભામાં શરૂ થઈ અને તા. ૨૩-૭-૩૯ના શરૂ થઈ. તેના સભ્યો આ પ્રમાણે હતા : પ્રમુખ : શેઠ રતનશી હીરજી (જે.પી.), ઉપપ્રમુખ : શેઠ ભવાનજી અરજણ ખીમજી, ખજાનચીઓ : ડૉ. પુનશી હીરજી મહેશ્વરી, શેઠ ઘેલાભાઈ પુનશી, મંત્રીઓ : કાનજી મોતીરામ પચાણ, હરિદાસ વેલજી, ખેતશી વી. મહેતા, સભ્યો : શેઠ વેલજી લખમશી નપુ, રવજી ઘેલાભાઈ, ખીમજી શામજી, નથુભાઈ કુંવરજી, દેવજી ટોકરશી, હંસરાજ જીવણદાસ, રવજી લધાભાઈ,

મથુરાદાસ કાનજી મટાણી, કલ્યાણજી ધનજી, શૂરજી વલ્લભદાસ, ખીમજી નાગજી, પ્રેમજી ચંદા, જાદવજી પ્રેમજી, ખીમજી માડણ ભુજપુરિયા, હંસરાજ હરજી, રાનાભાઈ ખેતશી, લાલજી દેવકરણ, મુળજી વેરશી.

દાતાઓમાં મુખ્ય કચ્છના બીજા જગડુશા શેઠ વલ્લભજી કરશનદાસ નાથા હતા. તેમણે આ સમિતિને રૂા. ૫૦,૦૦૦/- આપ્યા. ઉપરાંત લગભગ રૂપિયા ચારેક લાખ દાનમાં આપ્યા. કચ્છમાં આ કાર્ય માટે શેઠ તુલસીદાસ મુળજી, જમનાદાસ ગાંધી, કાંતિપ્રસાદ અંતાણી, જયરામ વિશ્રામ, રામજી તેજપાળ, છગનલાલ ઝવેરી વગેરે કાર્યકરો સક્રિય હતા.

મુંબઈથી કચ્છમાં આ કાર્ય માટે દામજી જેઠાભાઈ, કરશનદાસ પંજુઆણી, ધરમશી ખેંગાર મહેતા, ભવાનજી અરજણ ખીમજીની રાહદારી નીચે સતત કાર્યરત રહ્યા હતા. આવા કાર્યો દ્વારા કાર્યકરોનો જનતા સાથે સંપર્ક સતત રહ્યો.

૧. તા. ૨૧-૧૨-૩૯ના નવા દીવાન શ્રી ત્રિભુવનદાસ રાણાની નિમણૂક થઈ હતી.

૨. તા. ૧૫-૧-૪૦ પરિષદ કારોબારી મુંબઈમાં મળી હતી. શ્રી મુળરાજ કરશનદાસના રાજીનામાથી અને શ્રી તેરસી શેઠના અવસાનથી ખાલી પડેલ જગ્યા પર (૧) શ્રી મોંઘીબેન માવજી કંતાનવાળા અને શ્રી વ્રજલાલ છાયા સભ્યો તરીકે નિમાયાં હતાં.

૩. તા. ૨૬-૧-૪૦ પરિષદ પ્રમુખ મહેરઅલી કચ્છ આવ્યા હતા અને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થઈ હતી.

૪. તા. ૨૯-૩-૪૦ 'જય કચ્છ'ને કચ્છમાં પ્રતિબંધ કરવાનો હુકમ બહાર પડ્યો. નામ બદલી થતાં 'કચ્છ વિજય'ને તે માટે તા. ૬-૪-૪૦ના હુકમ થયો હતો. આ અરસામાં પ્રજા જાગૃતિની અસર રાજ્ય પર પણ થઈ હતી. પ્રજાના આગેવાનોના સહકાર લેવાની નીતિની શરૂઆત થઈ. કચ્છનાં રાજકારણમાં રાજ્ય સાથે Co-operate where we can and criticize where we must ની નીતિ પ્રગટી.

૫. તા.૧૫-૬-૪૦ કચ્છ દરબારે તકાવી ખેડૂતોને ધીરવા માટે તાલુકાના વહીવટદાર સાથે રહેવા બબ્બે પ્રજાના આગેવાનોની કમિટીઓ નીચે પ્રમાણે થઈ હતી. તેમની ગેરહાજરી હોય ત્યારે હાજર રહેવા વધારાના સભ્યો નિમાયા હતા. તે નીચે પ્રમાણે હતા.

**ભુજ** : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ. વધારાના : (૧) શ્રી છગનલાલ વચ્છરાજ. ★ **અંજાર** : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી રણછોડદાસ ત્રિકમજી. વધારાના : (૧) શ્રી જમનાદાસ ગાંધી, (૨) શ્રી જયરામદાસ જે. નયગાંધી. ★ **માંડવી** : (૧) શ્રી ગોકુળદાસ ખીમજી, (૨) શ્રી રામજી તેજપાળ. વધારાના : (૧) શ્રી શેઠ ખટાઉ લીલાધર મટાણી. ★ **મુંદ્રા** : (૧) શ્રી રસિકલાલ હરિશંકર વ્યાસ, (૨) શેઠ વિશનજી જીવણદાસ. ★ **અબડાસા** : (૧) શ્રી કૃપાળ શ્યામજી જીવાણી, (૨) શેઠ વસાયા ધારશી. ★ **લખપત** : (૧) શેઠ તુલસીદાસ મુલજી શેઠ અને સ્થાનિક બે આગેવાનો. ★ **ખાવડા** : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ અને સ્થાનિક બે આગેવાનો. ★ **ભચાઉ** : (૧) શ્રી પ્રાગજી જોશી, (૨) શ્રી ડુંગરશી દેવશી. ★ **નખત્રાણા** : (૧) શ્રી નારણજી નથુભાઈ, (૨) શ્રી મુરારજી લાલજી. ★ **રાપર** : (૧) શ્રી જાદવજી રાઘવજી, (૨) શ્રી ગોપાલ માનસંગ.

૬. તા. ૨૭-૭-૪૦ "કચ્છ પત્રિકા"ને તંત્રી ગુલાબશંકર અમૃતલાલ પર પ્રતિબંધ હુકમ થયો.

૭. તા. ૧૫-૯-૪૦ કરાંચીના માજી મેયર શ્રી આર.કે. સિંધવા કચ્છ આવ્યા હતા. તેને સભામાં ભાષણ કરવાની રાજ્યની મનાઈનો હુકમ બજ્યો હતો. છતાં ભાષણ થયું હતું.

તા. ૧૬-૯-૪૦ના રાત્રે એજન્સી બંગલાના ચોકમાં શ્રી સીધવાએ શ્રી વિદ્યાર્થી સંઘના આશ્રયે રાજકીય પરિસ્થિતિ સંબંધી ભાષણ કર્યું હતું.

૮. તા. ૧૪-૧૨-૪૦ પરિષદની કારોબારીની મુંબઈમાં સભા પ્રમુખસ્થાને શ્રી યુસુફઅલી મહેરઅલી હતા. શ્રી મહેરઅલીએ પોતે તરતમાં જ સત્યાગ્રહ કરનાર હોવાથી રાજીનામુ આપ્યું હતું. અને તે જ કારણે મંત્રી શ્રી નરભેરામ પોપટે પણ રાજીનામું આપ્યું હતું. પણ સભાએ ગંભીર વિચારણા કરી છેવટ શ્રી ખીમજી માડણ, ભુજપરિયાની દરખાસ્ત અને શ્રી ફુલશંકર પટ્ટણીના ટેકાથી રાજીનામાં ન સ્વીકારાતાં હિંદની સત્યાગ્રહની લડતમાં કચ્છની પરિષદના હોદ્દેદારો ભલે જેલ નિવાસી થાય અને દરમ્યાન પરિષદના પ્રમુખની સર્વ સત્તા કચ્છ સ્થાનિકના પ્રમુખને જ આપી દેવી, કે જેથી સ્થાનિક પ્રવૃત્તિ બિન હરકતે ચાલતી રહે, એ નિર્ણયને સર્વાનુમતે મંજૂરી મળી હતી.

પ્રજા જાગૃતિના યુગમાં રાજકારણનું સુકાન સ્થાનિક કચ્છી હસ્તે આવવાનો સમય પાકી ગયો.

**૫૨. (૧) કચ્છના રાજકીય જાગૃતિનું સુકાન ફુલફુલાપ કચ્છના સ્થાનિક આગેવાન પરિષદની સ્થાનિક કમિટીના પ્રમુખ તરીકે શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાને સુપરત થયું, તા. ૧૪-૧૨-૪૦.**

૧. સન ૧૯૦૦ના અરસાથી મુંબઈમાં કચ્છી જન જાગૃતિનો સળવળાટ શરૂ થયો હતો. ૧૯૧૯થી એ જ્યોત માંડવીમાં સ્વયં પ્રગટી પુણ્યશ્લોક મહાત્મા ગાંધીજીની પ્રેરણા પામી. મુંબઈના કચ્છીઓની કચ્છ પ્રત્યેની ભક્તિથી, સિંચનથી

નવા નવા સમયોચિત રંગે ચઢી સમયના જે તે કાળના પડકારો - મુશ્કેલીઓ - પછડાટો વચ્ચે ટકી રહી તે જન જાગૃતિની જ્યોત મુંબઈમાં શેઠ સૂરજી વલ્લભદાસ, માંડવીમાં શેઠ લખમીદાસ રવજી તેરસી, અંજારમાં જનાબ યાકુબહુસેન, ભુજમાં શેઠ મુલરાજ કરશનદાસ, ભચાઉમાં શ્રી બિહારીલાલ નારાણજી અંતાણીએ પરસ્પરના સાથ સહકારથી તે ટકાવી, તેમાં સ્થાનિક કમિટી મુખ્ય હતી. મુંદ્રામાં શ્રી યુસુફ મહેરઅલી જેવા માણસજાતના તણખાઓ - જ્યોતને - મશાલ બનાવીને કચ્છની સ્થાનિક નેતાગીરીને એ જ્યોત કચ્છમાં જન-જાગૃતિ - પ્રવૃત્તિ અખંડ જાળવવા માટે કચ્છના ભેખધારી સંન્નિષ્ઠ સૌમ્ય સ્વરૂપ શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાને સુપરત થઈ.

સન ૧૯૪૦માં પણ પચ્ચીસ વર્ષના ભેખધારી : શરૂમાં મુંબઈમાં, પછી ૧૯૨૨થી કચ્છમાં માત્ર જનસેવાને વરેલા એવા શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાના તા. ૨૯-૧-૭૨ના દુઃખદ અવસાનથી હવેની આ તવારીખ તેમના સુસ્મરણસર આગળ વધશે. કારણકે, એ ભેખધારીએ પોતાના જીવનભર છેલ્લા શ્વાસ સુધી એ જ્યોતને કેટલાંય વાવાઝોડાં વચ્ચે અખંડ રાખી છે. તેનો પ્રભાવ, પ્રકાશ કે પ્રતાપ એ જ સ્વરુપે કાયમ ટકાવી એ પરમ સંતોષથી પોતાની ચિરશાંતિ પામ્યા છે. હરિઓમ.

૨. તા. ૮-૪-૪૧ ‘જાગૃત કચ્છ’ અઠવાડિક શ્રી ગુલાબશંકર અમૃતલાલના તંત્રીપદેથી મુંબઈથી નીકળતું, તેને પ્રતિબંધ હુકમ થયો હતો.

૩. જયકચ્છ પ્રેસમા છાપાનાં કોઈ હેન્ડબીલને તા. ૨૮-૫-૪૧ પ્રતિબંધનો હુકમ થયો.

## તબક્કો પાંચમો
## કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામના આખરનો તબક્કો

### ૫૩. સન ૧૯૪૧-૪૨

૧. તા. ૧૮-૯-૪૧ પરિષદની સ્થાનિક કમિટીની ભુજમાં બેઠક મળી હતી. જયકચ્છના અહેવાલ પ્રમાણે તેમાં અંજારથી (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી ખાસ આવી હાજર હતા. પરિષદ ભરવા સહિત અગત્યની ગંભીરતાભરી ચર્ચા થઈ હતી.

૨. તા. ૧૧-૧૧-૪૧ લેફ. કર્નલ વેબે કચ્છના દીવાનનો ચાર્જ સંભાળ્યો. કચ્છમાં (સંવત ૧૯૧૫-૧૬) સન ૧૮૫૮ લગભગમાં કચ્છ બહારના બહેલા દીવાન બની જાની બિહારીલાલ આવ્યા હતા અને ૮૩ વર્ષે કચ્છને ગોરા દીવાન જાણવા મળ્યા.

૩. ભુજમાં ટપાલ પેટી કેસમાં શ્રી વિનોદચંદ્ર વૈષ્નવ અને શ્રી પ્રાણલાલ નાનચંદ શાહ (આઝાદ કચ્છના તંત્રી હતા) ને ત્રણ માસની કેદનો ઠરાવ થયો.

૪. તા. ૨૭-૧૦-૪૧ નવજવાબ સંઘના નામે સંસ્થાની સ્થાપના તેના પ્રમુખ શ્રી શિવજી વિશનજી ગોર, ઉપપ્રમુખ શ્રી મોહનલાલ શિવચંદ શાહ.

ખજાનચી : શ્રી જેઠાલાલ વેલજી કાકુભાઈ, મંત્રી : શ્રી ગોપાલજી શિણાય, સભ્યો : (૧) શ્રી સાકરચંદ મેઘજી, (૨) શ્રી હરિલાલ છગનલાલ ઝવેરી, (૩) શ્રી શાંતિલાલ ભાણજી.

૫. તા. ૪-૧૧-૪૧ના શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણીએ કચ્છ પ્રજાકીય પરિષદ તે વખતની નિષ્ક્રિયતાને કારણે ખંખેરી પુનઃ હરિઓમ કરવા સાબદા થઈ લાચારી ખંખેરી સમયની હાકલ પ્રમાણે રાજકારણના તખ્તા પર કર્તવ્યયુક્ત થવા અપીલ બહાર પાડી હતી.

૬. તા. ૧૬-૧૧-૪૧ પરિષદની હાલની કારોબારીની પુનઃ રચનાની જરૂર છે. માટે પરિષદ પ્રમુખ પર કારોબારીના નીચેના સભ્યોનું રેક્વિઝીશન તા. ૩-૧-૪૨ના ‘જય કચ્છ’માં પ્રસિદ્ધિ પામ્યું હતું.

વિનંતી કરનારા : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી તુલસીદાસ મુલજી શેઠ, (૩) શ્રી સાકરચંદ પાનાચંદ, (૪) શ્રી રસિકલાલ જ. જોશી, (૫) શ્રી પ્રાણલાલ ના. શાહ, (૬) શ્રી જમિયતરામ ગુ. વૈદ્ય, (૭) શ્રી બિહારીલાલ ના. અંતાણી, (૮) શ્રી કૃપાલ શામજી જીવાણી, (૯) શ્રી જાદવજી રાઘવજી, (૧૦) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૧૧) શ્રી ફૂલશંકર પટ્ટણી.

૭. શ્રી યુસુફઅલી મહેરઅલીની પંજાબમાં ફરી ધરપકડ તા. ૬-૧-૪૨ના થઈ.

૮. તા. ૧૫-૧-૪૨ કચ્છના મહારાવ શ્રી ખેંગારજી ત્રીજાનો ૬૬ વર્ષનો રાજ્ય અમલ ભોગવી ૭૭ વર્ષની ઉંમરે દેહાંત થયો.

#### મહારાવ શ્રી ખેંગારજી

“અને છતાંય પોતાના થોડા ઈરાદાપૂર્વક અને પોતાની થોડીક સ્વભાવજન્ય નિષ્ક્રિયતાપૂર્વક સાચવી રાખેલ કચ્છના ઘનઘોર અંધકારનો સર ખેંગારજી તેજદીવડો હતા. મહારાવશ્રી એક પ્રખર વ્યક્તિત્વવાળા રાજવી હતા. એક કોમળ હૃદય કચ્છ નરેશમાં ધબકતું હતું. વેધક બુધ્ધિ, તીવ્ર નજર અને ઠરેલ આંખ, ઘણાય સદ્‌ગુણો મહારાવમાં હતા. આંતરરાષ્ટ્રીય મિજલસોમાં શોભે એવા મહારાવશ્રી ભારત વર્ષના એક સભ્ય માનવી હતા.” ‘વંદે માતરમ્’ છાપામાંથી, તંત્રી શામળદાસ ગાંધી.

૯. તા. ૧૮-૧-૪૨ના રોજ સવારે નવથી બાર વચ્ચે દાદા

પ્રાગમલજીના બંધાવેલ મહેલાતના પોર્ટિકો પાસે આવેલ જોગમાયાના પ્રાચીન અને ઐતિહાસિક મંદિરની જૂની દીવાલો : જેના પર મહેલાતના પથ્થરોનું છાપરું હાલે છે તેમાં એક બાજુ પડેલા ઢોલિયા પર જામા પરિધાન કરી બિરાજેલ યુવરાજ વિજયરાજજીએ કચ્છી માતંગ મેઘવાળની અંગુલીચ્છેદ કરી લોહીભીની અંગુલીથી રાજ્ય તિલક થયું.

૧૦. તા. ૨૬-૩-૪૨ મહારાવ વિજયરાજજીના રાજ્યારોહણના દરબારમાં પ્રજાજનોને ખાસ આમંત્રણો આપવામાં આવ્યાં હતાં. તેમાં પરિષદના આગેવાનોને પણ મળ્યા હતા, તેમાં નીચેના હતા.

**ભુજ :** (૧) શેઠ સાકરચંદ પાનાચંદ, (૨) શેઠ ડોસાભાઈ લાલચંદ, (૩) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૪) શ્રી તુલસીદાસ મુલજી શેઠ, (૫) શ્રી નૌતમલાલ, (૬) શ્રી ગુલાબશંકર સોમજી, (૭) શ્રી કુંવરજી હરિરામ, (૮) શ્રી પ્રેમજી રાઘવજી, (૯) શ્રી ગોપાળ ઉમરશી, (૧૦) શ્રી હરિરામ માધવજી મચ્છર, (૧૧) શ્રી ભીડના પીર.

**અંજાર :** (૧) શેઠ કલ્યાણજી ધનજી, (૨) શેઠ ચત્રભુજ મનકર્મી, (૩) શેઠ હરિદાસ દામોદર, (૪) શેઠ વિશનજી ઉકા, (૫) શ્રી પોપટભાઈ, (૬) શેઠ પ્રેમચંદ ભૂલાણી.

**મુંદ્રા :** (૧) શેઠ રતનશી જીવણદાસ.

ઉપરાંત પણ કુનરિયાના જામ ખાનજી વગેરે બન્નીના તથા આયરો પણ હતા.

૧૧. તા. ૨-૪-૪૨ શ્રી યુસુફઅલી મુંબઈના મેયરપદે ચૂંટાયા હતા.

૧૨. તા. ૪-૪-૪૨ કચ્છી પરિષદની કારોબારીની ભુજમાં મિટિંગ મળી હતી. તેમાં શ્રી મહેરઅલી હાજર રહી શક્યા ન હતા. એટલે ગુલાબશંકર અમૃતલાલના પ્રમુખપદે મિટિંગ મળી હતી. રેક્વિઝીશન અંગે ચર્ચા થઈ હતી. છેવટે ઈસ્ટરમાં પરિષદ ભરવાની શ્રી કાંતિપ્રસાદની દરખાસ્ત અને રસિકભાઈ જોશીના ટેકાથી ઠરાવ થયો હતો.

૧૩. તા. ૩૦-૫-૪૨ના પરિષદ કારોબારીમાં આગળના હિસાબો તૈયાર થતાં લગી પરિષદ ભરવાનો પ્રશ્ન મોકૂફ રહ્યો હતો. તે હિસાબો છેવટે કાંતિપ્રસાદ અંતાણીએ તૈયાર કર્યા અને ઓડિટરો (૧) શ્રી જેઠાલાલ વેલજી તે કાકુભાઈ ધાનવાળા અને શિવજી વિશનજી ગારે — એમણે ઑડિટ કર્યા હતા.

૧૪. તા. ૨-૬-૪૨ મુંબઈમાં કારોબારી મિટિંગમાં પરિષદનો શ્રી કાંતિપ્રસાદે તૈયાર કરેલ હિસાબો જે ઑડિટ થયા હતા તે તપાસાઈ મંજૂર રહ્યો હતો. છપાવવાનું નક્કી થયું હતું. પરિષદ ભુજમાં ભરવા ઠર્યું હતું. તે હિસાબો છપાઈ બહાર પડ્યા હતા.

૧૫. તા. ૧૪-૫-૧૯૪૨ ઠરાવ નં. ૧૧૭૫૦થી કચ્છમાં ચિત્તા મારવાની છૂટ મળી હતી.

તા. ૧-૬-૧૯૪૨

સરદારશ્રી વલ્લભભાઈ પટેલને શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીએ તા. ૧-૬-૪૨નો પરિષદની બેઠક બોલાવવા સંબંધમાં યોગ્ય માર્ગદર્શન આપવા અને પ્રમુખ માટે શ્રી ભવાનજીભાઈ અરજણ ખીમજીને માટે પત્ર લખી માર્ગદર્શન માગ્યું હતું.

તા. ૧૨-૬-૪૨ના સરદાર શ્રી વલ્લભભાઈએ સ્પષ્ટ માર્ગદર્શનનો નીચે મુજબ, જવાબ મોકલાવ્યો હતો.

*મુંબઈ, તા. ૧૨-૨-૪૨*

*ભાઈ કાંતિપ્રસાદ,*

ભવાનજીભાઈ મુંબઈ રહે છે. કચ્છમાં કાયમ રહેનાર કોઈ જવાબદાર માણસ આ કામનો બોજો ઉપાડવા તૈયાર થાય તો જ કચ્છની પ્રજાને લાભ થવાનો સંભવ છે. મુંબઈ રહી આ કામ થઈ શકે તેમ નથી. એથી લાભ થવાને બદલે હાનિ થવાનો સંભવ છે. વળી આજના સમયમાં એવા કામ ખાલી પ્રમુખપદ લઈ પરિષદનો જલસો ભરી ચાલી આવવામાં પ્રજાને પછાડવા જેવું થાય. ભવાનજીભાઈ ચુસ્ત કોંગ્રેસી છે. અત્યારે દેશી રાજ્યમાં કોંગ્રેસને જીરવવાની શક્તિ નથી. કચ્છમાં તો ઘણી જ ઓછી છે. ત્યાં સ્થાનિક કાર્યકરો બહુ ઓછા છે. એમને માથે એ ભાર મૂકી ચાલી આવવું એ અયોગ્ય ગણાય. તમે પોતે પરિષદ ભરવા ઈચ્છો તો આ બધી બાબતોનો અને કચ્છના હાલના વાતાવરણનો પૂરો વિચાર કરી કોઈ સ્થાનિક એટલે કચ્છમાં જ રહેનારને શોધી કાઢો. નહિ તો હમણાં ધીરજ રાખી આ વિશ્વ વિગ્રહની સમાપ્તિ થઈ જવા દો. અત્યારે કોઈ ત્યાં આવીને બહુ લાભ કરી શકે તેમ નથી. રાજા હમણાં ગાદીએ બેઠા છે. અંગ્રેજ દીવાન છે. રાજાની ઈચ્છા વિરુદ્ધ નિમાયા હોવા જોઈએ. વળી હમણાં રાજાઓ ઉપર એજન્સી ખાતાનો કોરડો ફરે છે. પ્રજામંડળોને કોઈ રાજ્યમાં જીવવા દેવા તૈયાર નથી. કચ્છમાં હમણાં એ ઉપરાંત બીજા રાજ્યની ડખલ અથવા અસર તો છે જ. આ સંજોગોમાં હું કોઈને દબાણ કરી મોકલું એ મને યોગ્ય લાગતું નથી. જો આ વિષે વધારે વિચાર કરવાની જરૂર હોય - લાગે તો આ તરફ આવી જજો.

અનુકૂળતાએ આવજો, ઉતાવળ નથી.

કચ્છના વેપારીઓમાં પણ એકરાગ નથી તે તમે જાણતા હશો. વળી પાછળની પરિષદના ગંદવાડની તમને ખબર હશે. એટલે ફરી વિચાર કરી જોશો.

કચ્છને કેમ ભૂલી શકું?

***લિ. વલ્લભભાઈના વંદે માતરમ્.***

૧૬. તા. ૧૬-૬-૪૨ના કાંતિપ્રસાદ ચં. અંતાણીની મહારાવશ્રી સાથે મુલાકાત થઈ હતી. પરિષદ ભરવાની અગત્ય ભારતના રાજકારણના સંદર્ભમાં જરૂરી છે અને પરિષદવાળા પ્રત્યેની ગ્રંથિ કચ્છને ભારતના રાજકારણથી અલગ રાખે તે કચ્છ માટે રાજા - રાજ્ય અને પ્રજા માટે ભાવિ મૂંઝવણ પેદા કરનાર બનશે એ સંબંધે લંબાણ ચર્ચા થઈ હતી અને એ ચર્ચામાં કચ્છનો સ્થાનિકનો પ્રમુખ હોય એવી લાગણી મહારાવશ્રીની પણ દેખાતી હતી. એમ મહારાવશ્રી સરદારશ્રીના અભિપ્રાયને અજાણપણે સમર્થન કરતા જણાયા હતા.

૧૭. તા. ૧૪-૬-૪૨ના શ્રી કાંતિપ્રસાદે પરિષદ ભરવાનું મોકૂફ રાખવા કરતાં પરિષદ ભરવાની પ્રતિકૂળતા અને જોખમો છતાં ભરવાની અગત્યતા અંગે વિગતવાર પત્રથી રજૂઆત કરી પરિષદ ભરવામાં માર્ગદર્શન માટે ફરી સરદારશ્રી વલ્લભભાઈને પત્ર લખ્યો અને શ્રી ગુલાબશંકરભાઈ મુંબઈ ગયા. સરદારશ્રી સાથે ચર્ચા પણ થઈ. સરદારનો રાહ ઉપર પ્રમાણે સ્પષ્ટ હતો અને કચ્છના રહીશ પ્રમુખ બને અને ભવાનજીભાઈ પણ તેમને પૂરેપૂરો સાથ આપે એ મતલબે ત્યાં દરેકથી ચર્ચાનો દોર હતો. તેમાં માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈ કચ્છના રાહબર રહેશે એમ કચ્છના પ્રશ્નોનો હવાલો શ્રી મોરારજીભાઈને સરદારશ્રીએ ભળાવ્યો હતો.

૧૮. કચ્છની નગરસભાઓમાં નવું બંધારણ, જો કે અસંતોષકારક હતું. છતાં ચૂંટણીમાં ચૂંટાયેલ ૪ નગરસભાના સભ્યો નીચે પ્રમાણે બન્યા હતા.

**ઓગસ્ટ-૧૯૪૨**

**ભુજ** : (૧) ડૉ. ભાનુશંકર કેશવલાલ ધોળકિયા, (૨) શ્રી અંબાશંકર કલ્યાણરામ ધોળકિયા, (૩) શ્રી છગનલાલ વચ્છરાજ ઝવેરી, (૪) શ્રી પ્રાણજી કાનજી ઠક્કર, (૫) શ્રી રવજી દેવશી કંસારા, (૬) શ્રી પરસોત્તમ દેવશી જોશી, (૭) શ્રી અબ્દુલહુસેન અલીભાઈ વોરા, (૮) શ્રી વિશનજી નારાણજી રાજગોર.

**અંજાર** : (૧) ડૉ. હિંમતરામ નારાણજી, (૨) શ્રી કાંતિપ્રસાદ અંતાણી, (૩) શ્રી મોહનલાલ જેવતભાઈ, (૪) શ્રી ડુંગરશી પુરુષોત્તમ ઠક્કર, (૫) શ્રી નારણદાસ ગોવિંદજી સોની, (૬) શ્રી જાદવજી જીવરાજ ઠક્કર, (૭) શ્રી પુરુષોત્તમ શામજી વરુ, (૮) શ્રી નારણ રતના મિસ્ત્રી, (૯) વકીલ શ્રી વાલજી કરશનજી, (૧૦) શ્રી જમનાદાસ ત્રિ. ગાંધી.

**મુંદ્રા** : (૧) વૈદ્ય શ્રી ત્રિકમજી ભાણજી, (૨) શ્રી લાભશંકર ત્રિકમજી, (૩) શ્રી હસણ અલારખ્યા, (૪) શ્રી ખોજા લઘુ જાનમામ, (૫) શ્રી કાકુભાઈ માવજી સોની, (૬) શ્રી વેલજી ગોપાલજી જણસારી, (૭) શ્રી વકીલ નવલશંકર પ્રાણશંકર, (૮) શ્રી મગનલાલ ગલાલચંદ શાહ, (૯) શ્રી મોતીચંદ હરદાસ ગાંધી, (૧૦) શ્રી ખોજા મામદ લધાઅલી.

**માંડવી** : (૧) શ્રી શેઠ કલ્યાણજી હરિરામ, (૨) શ્રી સંઘવી પ્રેમચંદ સાકરચંદ, (૩) શ્રી મેતા જયંતીલાલ મોહનલાલ, (૪) શ્રી ડૉ. નવસીર દસ્તુર,(૫) શ્રી ગોકુલદાસ ખીમજી, (૬) શ્રી રસિકલાલ દામજી, (૭) શ્રી ખીમજી લીલાધર મટાણી, (૮) શ્રી જેવત મુરજી સોની, (૯) શ્રી ભગવાનજી વિશ્રામ, (૧૦) શ્રી મિસ્ત્રી હરિલાલ પ્રાગજી.

૧૯. માસ ઓગસ્ટ ૧૯૪૨. કચ્છી સ્થાનિક સમયને બદલે હિંદનો સ્ટાન્ડર્ડ સમય દાખલ થયો.

૨૦. તા. ૧-૧૦-૧૯૪૨. પરિષદ કારોબારીમાં ભુજના શ્રી તુલસીદાસ શેઠનું મંત્રી તરીકે રાજીનામું મંજૂર રહ્યું. ફૂલશંકર પટ્ટણી મંત્રી તરીકે નિયુક્ત થયા.

૨૧. તા. ૨૦-૧૨-૪૨. અંજારમાં ખેડૂતોની મોટી સંખ્યાના ડેપ્યુટેશન શ્રી કાંતિપ્રસાદ અંતાણી સાથે અંજાર મિલમાં મહારાવશ્રીને મળેલ અને ખેડૂત પર બુટની નવી લાગત રાજ્યે નાખી છે તે ભારરૂપ અને અન્યાયી છે એમ રજૂઆત કરતાં તે ત્યાં જ મહારાવશ્રીએ રદ કરવા હુકમ કર્યો હતો. તે તત્કાળ ગેઝેટથી હુકમ બહાર પડ્યો હતો.

૨૨. તા. ૨૫-૧૧-૪૨ના ભુજ, અંજાર, ભચાઉ, મુંદ્રા તાલુકાના ખેડૂતો હજારેકની સંખ્યામાં ના. મહારાવને નિંગાળ મુકામે શ્રી કાંતિપ્રસાદની સાથે રહી, મળી, નિવેદન સાથે બે-ત્રણ કલાક રજૂઆત કરી હતી. તે સાંભળી ત્યાં જ હુકમ કરવાના કર્યા હતા. ખેડૂતોને રાજ્યે મહેમાનો તરીકે ભોજન વ્યવસ્થા કરી હતી. એ જ પ્રમાણે તા. ૯-૧૨-૪૨ના વાગડના ખેડૂતોની સાથે ભચાઉમાં શ્રી કાંતિપ્રસાદ સાથે ખેડૂતોની મહારાવશ્રી સાથે રજૂઆત થઈ હતી.

### ૫૪. સન ૧૯૪૩

૧. તા. ૪-૧-૪૩. કચ્છમાં કાઉન્સિલનો વહીવટ તા. ૪-૧-૪૩ના દાખલ થયો, જેમાં પ્રજાનો કોઈ ન હતો.

૨. તા. ૧૦-૨-૪૩ પરિષદ કાર્યકર શ્રી ગોપાળજી શિણાયની ડિફેન્સ ઑફ ઈન્ડિયા નીચે ધરપકડ થઈ. કોરી દસ હજારના જામીન લઈ મુક્તિ મળી હતી. ગોપાલજી કચ્છ બહાર ચાલ્યા ગયા અને બહાર આઝાદી લડતમાં ઝંપલાવ્યું.

૩. પરિષદ કારોબારીમાં રાજીનામાથી ખાલી પડેલ જગ્યાઓ પર પ્રમુખે નિમણૂક કરી.
(૧) શ્રી ભીમજી રતનશી પટેલ, (૨) શ્રી ડી.કે. મહેતા, (૩) શ્રી છોટાલાલ ધરમશી, (૪) શ્રી જયરામ વિશ્રામ, (૫) શ્રી મલુકચંદ માધવજી શાહ, (૬) શ્રી પ્રવિણચંદ શિવજી શાહ, (૭) શ્રી કૃષ્ણદાસ પંજુઆણી, (૮) સ્થાનિક

કમિટીમાં શ્રી મોહનલાલ શાહ અને (૯) ચાંપશી વિજયપાળ.

૪. તા. ૧૬-૩-૪૩, કચ્છ સમાચાર મંત્રી ગુલાબશંકર અમૃતલાલના ઉપર પ્રવેશ બંધનો હુકમ બહાર પડ્યો.

૫. તા. ૫-૩-૪૩ કચ્છ રાજયની કાઉન્સિલ સિનિયર સભ્ય શ્રી એન. મુકરજીએ શ્રી પ્રાણલાલ નાનચંદ શાહને બંગલે બોલાવી માર મારી પછી માફી માંગી હતી.

૬. તા. ૨૪-૫-૪૩ તથા તા. ૭-૮-૪૩ તથા તા. ૧૪-૬-૪૪ના અરસામાં શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીની મહારાવશ્રી સાથે મુલાકાતો થઈ હતી.

૭. તા. ૨૮-૩-૪૪.

રાજય કન્ટ્રોલ વહીવટ અંગે મહારાવશ્રીએ બોલાવેલ વેપારીઓ અને કાર્યકરોની મિટિંગ : તેમાં નીચે પ્રમાણે આમંત્રિતોની હાજરી હતી.

(૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૩) શ્રી ચત્રભુજ માંડવી, (૪) શ્રી જમનાદાસ ગાંધી - અંજાર, (૫) શ્રી ગોકુળદાસ ખીમજી, (૬) શ્રી મુરારજી જયરામ - અંજાર, (૭) શ્રી મોતીચંદ માસ્તર - તુણા, (૮) શ્રી પરસોત્તમ દયાળ - ભુજ, (૯) શ્રી જયરામદાસ નયગાંધી - અંજાર, (૧૦) શ્રી મોતીલાલ ગોપાળજી - ભુજ, (૧૧) શ્રી કલ્યાણજી ધનજી - માંડવી, (૧૨) શ્રી જીવણદાસ ખીમજી - કલકત્તાવાળા માંડવી, (૧૩) શ્રી પ્રેમજી ઉમરશી - ભુજપુર, (૧૪) શ્રી જયરામ વિશ્રામ, (૧૫) શ્રી પ્રેમજી રાઘવજી - ભુજ, (૧૬) શ્રી રામજી તેજપાળ, (૧૭) શ્રી ભીમજી પ્રેમજી - મસ્કા, (૧૮) શ્રી ભગવાનજી નારાણજી - મુંદ્રા, (૧૯) શ્રી શિવલાલ અમરજી - માંડવી, (૨૦) શ્રી પ્રેમજી દ્વારકાદાસ - માંડવી, (૨૧) ડૉ. રાવ સાધવ, (૨૨) શ્રી જાદવજી રાઘવજી - રાપર, (૨૩) શ્રી ડુંગરશી દેવશી - ભચાઉ, (૨૪) શ્રી દામજી જેઠાભાઈ - સુથરી, (૨૫) શ્રી લધાવલી - મુંદ્રા, (૨૬) શ્રી છગનલાલ ઝવેરી - ભુજ, (૨૭) શ્રી લધુ જાનમામદ - મુંદ્રા, (૨૮) કોઠારી ખીમજી ત્રિકમજી - નખત્રાણા.

આ મિટિંગમાં પરિષદ કારોબારીના પ્રમુખશ્રીએ પ્રજા-રાજા, સામસામી છાવણીમાં નથી એમ જણાવેલ હતું અને મહારાવશ્રીએ એ અભિપ્રાય જાણી જે હેતુ માટે આ સભા બોલાવી છે તે સફળ બન્યો છે એમ જવાબ આપ્યો હતો. આ સમયે માંડવીના શેઠ જીવણદાસ ખીમજી, જેનો મહારાવ વિજયરાજજી સાથે સારો સંબંધ હતો, છતાં પરિષદવાળાની રજૂઆતને સમર્થન કર્યું હતું. તે જ રીતે હાજર રહેનારા પૈકી મોટાભાગનાના સાથે રાજયના સંબંધો ધરાવતા હતા છતાં પરિષદવાળાની રજૂઆતને સમર્થન કર્યું હતું.

૮. તા. ૫-૫-૪૪.

કચ્છમાં પહેલા ઉદ્યોગ દિવાસળીનું કારખાનું મેસર્સ તેજુ કાંયા તરફથી માંડવી પાસેનું ઉદ્‌ઘાટન મહારાવે કર્યું હતું.

૯. તા. ૨૮-૫-૪૪ કચ્છના ખેડૂત પ્રતિનિધિઓને કાંતિપ્રસાદ ચં. અંતાણીની સાથે મહારાવશ્રીની ભુજમાં મુલાકાત થઈ હતી. આમ જન જાગૃતિ જયોત અખંડ ઝળહળતી રહી હતી.

## ૫૫. જનજાગૃતિ પરિષદને વેગ આપવા

૧. તા. ૧૫-૧૨-૪૪ના પરિષદના પ્રમુખ શ્રી ગુલાબશંકર અમૃતલાલે પરિષદ પ્રવૃત્તિ પાછી બરાબર ચાલુ થાય અને તે ઉપરાંત પરિષદનું અધિવેશન તુરત ભરાય તે માટે સ્થાનિક કમિટીના મંત્રી તરીકે શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીને કાર્ય સંભાળી લેવા પત્ર લખ્યો. તેને અધીન થઈ કાંતિપ્રસાદે પરિષદની સ્થાનિક પરિષદ કમિટીના મંત્રીપદનો પુનઃ અંગીકાર કરી તા. ૧-૧૨-૪૪ની જાહેર અપીલ કરી સ્થંભી ગયેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા પરિષદ અધિવેશન ભરવા દરેક કચ્છીને ધર્મ સંભાળી તૈયાર થવા માટે અપીલ કરી હતી.

૨. તા. ૧૭-૨-૪૫ના અરસામાં કચ્છ સ્ટેટ ફૂડ ઍડવાઈઝરી બોર્ડની નિમણૂક નીચે પ્રમાણે થઈ હતી.

પ્રમુખ : રા.રા. દીવાનજી નાયમપલી હતા.

રાજયનો સભ્યો : (૧) રા.રા. રેવન્યુ કમિશનર શ્રી તુલસીદાસભાઈ શેઠ, (૨) ડાયરેક્ટર ઑફ સિવિલ સપ્લાઈઝ, (૩) ફુડ સપ્લાઈઝ.

પ્રજાકીય સભ્યો : ★ **ભુજ** : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) મધુકચંદે માધવજી, (૩) શ્રી જકરીયા આમદ, (૪) શ્રી જમિયતરાય ગુલાબશંકર વૈદ્ય. ★ **માંડવી** : (૧) શેઠ કલ્યાણજી ધનજી, (૨) શ્રી રામજી તેજપાળ, (૩) શ્રી મથુરાદાસ પરસોત્તમ, (૪) ભીમજી પ્રેમજી મસ્કાવાળા. ★ **અંજાર** : (૧) શ્રી જયરામદાસ નયગાંધી, (૨) શ્રી આદમજી કરીમજી, (૩) શ્રી પરષોત્તમ શામજી વરુ, (૪) શ્રી હરજી ગંગદાસ, (૫) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૬) શ્રી જમનાદાસ ત્રિકમદાસ ગાંધી. ★ **મુંદ્રા** : (૧) શ્રી રણછોડ નાથાભાઈ, (૨) શ્રી દેવશી ભાણજી, (૩) શ્રી લઘુ જાનમામદ. ★ **વાગડ** : (૧) શ્રી જાદવજી માનસંગ, (૨) શ્રી ડુંગરશી દેવશી, (૩) શ્રી ચાંપશી નેણશી. ★ **નખત્રાણા** : (૧) શ્રી ખીમજી ત્રિકમજી, (૨) શ્રી બેચરદાસ વેલજી. ★ **અબડાસા** : (૧) શ્રી ડૉ. રાવ, (૨) શ્રી બેચરદાસ વેલજી. ★ **લખપત** : (૧) શ્રી શામજી ખટાઉ. ★ **મુંબઈ** : કચ્છ ગ્રેન ડિલર્સ એસોસિએશનના બે પ્રતિનિધિઓ.

૩. તા. ૨૪-૩-૪૫ પરિષદ પત્રિકા નં. ૧ થી તા. ૯-૩-૪૫ના સ્થાનિક સમિતિનો મિટિંગના નિર્ણય પ્રમાણે કમિટીની અગવડ ભોગવી, બેસી ન રહેતાં સજાગ રહી પોતાના માલ મેળવવા અને તેમાં કોચવણ થાય તો તેમાં પરિષદ કમિટીનો સાથ લેવા જાહેરમાં અપીલ બહાર પાડી.

૪. તા. ૨૨-૧૨-૪૧ ના ૨૭૪૭ના સરક્યુલરથી કચ્છના દરબારી નોકરી ગુનાહિત કૃત્ય કરે તો પણ સીધી રીતે તે કાર્ય અંગે ફરિયાદ દાખલ થઈ શકે નહીં એ મતલબે છે. તેમાં સહી દીવાન વેબની છે.

આ સરક્યુલર દૂર થવાની ચળવળ શરૂ થઈ જણાય છે.

૫. તા. ૨૦-૪-૪૫ના કચ્છ પ્રજાકીય પરિષદની ભુજમાં નવી ઑફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે એકત્ર મળેલ કાર્યકરોને અધિવેશન તરત બોલાવવા સ્થાનિક સમિતિના મંત્રી શ્રી કાંતિપ્રસાદ સહિત હાજર રહેલા કાર્યકરોની કામચલાઉ સમિતિ નીમવામાં આવી હતી.

૬. તા. ૧૧-૮-૪૫ના નગરશેઠ સાકરચંદ પાનાચંદના પ્રમુખપણાં હેઠળ પરિષદનું અધિવેશન ભુજમાં ભરવાનો ઠરાવ થયો. તે સભામાં ભાગ લેનારા હતા : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૩) શ્રી શૂરજી ઉમરશી, (૪) શ્રી પ્રેમજી ભવાનજી, (૫) શ્રી જેઠાલાલ વેલજી (કાકુભાઈ), (૬) શ્રી પરષોત્તમ ગગુ, (૭) શ્રી નરશી નાનજી ઢોરીવાળા, (૮) શ્રી છોટાલાલ ધરમશી, (૯) શ્રી ફૂલશંકર પટ્ટણી.

૭. તે પ્રમાણે તા. ૧૪-૮-૪૫ના આઝાદ ચોકમાં ભુજમાં જાહેરસભા મળી હતી. પ્રમુખસ્થાને શ્રી પુરુષોત્તમ દયાળ ઠક્કર હતા. આ સભામાં ભાગ લેનારા ઉપરના ઉપરાંત (૧) શ્રી જમિયતરાયભાઈ વૈદ્ય, (૨) શ્રી કૃષ્ણલાલભાઈ માંકડ, (૩) શ્રી ગોપાળજી વકીલ, (૪) શ્રી કુંદનલાલ ધોળકિયા, (૫) શ્રી ડૉ. મહિપતરામ મહેતા, (૬) શ્રી અબ્દ, (૭) શ્રી બાવા યુશફસા નિરોણાવાળા અને સ્વાગત મંડળ રચાયું હતું.

૮. તા. ૧૮-૮-૪૫ના ભુજમાં શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીના ઉતારે શ્રી પરષોત્તમ દયાળના પ્રમુખપણાં હેઠળ સભા મળી હતી અને તા. ૨૫-૮-૪૫ના શ્રી દેવશંકર પ્રાગજી કચરાને ત્યાં કંસારા ફળિયામાં બીજી બેઠક મળી હતી. તેમાં સ્વાગત મંડળના હોદ્દેદારો ૧ પ્રમુખ, ૧૨ ઉપપ્રમુખ, ૨ મંત્રીઓ અને ૪૭ સભ્યોની નીચે પ્રમાણે સ્વાગત સમિતિ નિમાઈ હતી.

સ્વાગત મંડળના પ્રમુખ રીતસર ચૂંટણી થતાં લગી પ્રમુખ શ્રી ગોપાળજી ઉમરશી અને તે પછી પ્રમુખ ચૂંટાયા શ્રી કુંવરજી હરિરામ ગોર.

ઉપપ્રમુખો : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૨) શ્રી પ્રાગજી કાનજી, (૩) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૪) શ્રી પરષોત્તમ દયાળ, (૫) શ્રી છગનલાલ વચ્છરાજ, (૬) શ્રી મોતીલાલ ગોપાળજી, (૭) શ્રી વિઠ્ઠલ જગજીવન, (૮) શ્રી જુસબ ભચુ ખત્રી, (૯) શ્રી અબ્દુલગની હઝુરા, (૧૦) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૧૧) શ્રી ગુલાબશંકર સોમજી, (૧૨) શ્રી જકરીયા આદમ.

*સભ્યો :* (૧) ડૉ. મહિપતરાય મહેતા, (૨) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૩) શ્રી પ્રેમજી ભવાનજી, (૪) શ્રી કાંતિપ્રસાદ અંતાણી, (૫) શ્રી રસિકલાલ ભગવાનલાલ, (૬) કંસારા રવજી દેવશી, (૭) શ્રી નરભેરામ રવજી, (૮) શ્રી પરષોત્તમ ગગુ, (૯) શ્રી વાલજી કરશનજી, (૧૦) શ્રી છોટાલાલ ભવાનજી, (૧૧) શ્રી રામજી રાઘવજી, (૧૨) શ્રી મૂળશંકર ગોર, (૧૩) શ્રી ઉમિયાશંકર ગોર, (૧૪) શ્રી શિવજી વિશનજી ગોર, (૧૫) શ્રી વિશ્રામ કેશવ, (૧૬) શ્રી માવજી રામજી, (૧૭) શ્રી કાનજી રાઘવજી, (૧૮) શ્રી સોની વેલજી ગાંગજી, (૧૯) શ્રી ઈશ્વરલાલ ત્રિકમજી, (૨૦) શ્રી પુરુષોત્તમ દેવશી, (૨૧) શ્રી શામજી વેલજી, (૨૨) શ્રી કરશનદાસ રાઘવજી, (૨૩) શ્રી હીરાલાલ લખમશી, (૨૪) શ્રી રામજી નરશી, (૨૫) શ્રી પ્રેમજી જેવત, (૨૬) શ્રી મૂલજી રામદાસ, (૨૭) શ્રી રાયસંગજી રાઠોડ, (૨૮) શ્રી પ્રાણલાલ શાહ, (૨૯) શ્રી વેલજી કાળા, (૩૦) શ્રી વેલજી મોતીરામ, (૩૧) શ્રી નરભેરામ પોપટ, (૩૨) શ્રી ગુંસાઈ દોલતગર ગુલાબગર, (૩૩) શ્રી નરશી નાનજી, (૩૪) શ્રી પ્રાણશંકર જોષી, (૩૫) શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા, (૩૬) શ્રી કરમશી દેવશી, (૩૭) શ્રી જીવરામ કંસારા, (૩૮) શ્રી ધનજી ચત્રભુજ, (૩૯) શ્રી દયારામ ચત્રભુજ, (૪૦) શ્રી મણિભાઈ ધોળકિયા, (૪૧) શ્રી નેણશી નથુભાઈ, (૪૨) શ્રી શામજી દેવશી, (૪૩) શ્રી બંસીલાલ છાયા, (૪૪) શ્રી કૃષ્ણલાલ નૌતમલાલ, (૪૫) શ્રી જેઠાલાલ વેલજી, (૪૬) શ્રી મલુકચંદ માધવજી, (૪૭) શ્રી શૂરજી ઉમરશી.

મંત્રીઓ : (૧) શ્રી જયરામ વિશ્રામ ઠક્કર, (૨) શ્રી જમિયતરાય ગુલાબશંકર વૈદ્ય.

૯. પરિષદની તારીખો ૧-૨-૩ ડિસેમ્બર, ૧૯૪૫, કારતક વદ ૧૩-૧૭-૩૦ સંવત ૨૦૦૨ના શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાના પ્રમુખપદે મળી હતી.

તે અરસામાં તા. ૪-૧૦-૪૫ના યુવરાજશ્રીના જન્મદિન પ્રસંગે દરબાર ભરી મહારાવ શ્રી વિજયરાજજીએ ગ્રામ પંચાયતો, નગરસભાઓ અને રાજ્યસભા અને કારોબારીની દખલ મુક્ત હાઈકોર્ટ સ્થાપવાની જાહેરાત કરી હતી.

૧૦. તા. ૧૨-૧૧-૪૫ શ્રી પ્રાણલાલ નાનચંદ શાહની કલમ-૫૭અ થી ધરપકડ થઈ.

૧૧. તા. ૧૬-૧૨-૪૫ના પત્રથી શ્રી કાંતિપ્રસાદ અંતાણીએ સરદારશ્રીને હૂંફ આપવા વિનંતી કરી હતી.

## ૫૬. તા. ૧-૧૨-૧૯૪૫ ભુજમાં પરિષદનું સાતમું અધિવેશન :

પ્રમુખ : શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા

૧. મહેમાનોમાં (૧) શ્રી મોરારજી દેસાઈ, (૨) શ્રી મૃદુલાબેન સારાભાઈ, (૩) શ્રી ભવાનજી અરજણ ખીમજી, (૪) શ્રી દેવજી રતનશી, (૫) શ્રી વ્રજલાલ ભગવાનલાલ છાયા, (૬) શ્રી ચત્રભુજ વિઠ્ઠલદાસ જસાણી.

આ પ્રસંગે પ્રદર્શન ભરાયું હતું. ઉદ્‌ઘાટન શ્રી ચત્રભુજ જસાણી હતા.

૨. પરિષદમાં મહારાવનો સફળતાનો સંદેશો મળ્યો હતો અને સરદાર વલ્લભભાઈનો નીચે પ્રમાણે સંદેશો મળ્યો હતો :

રાજકોટમાં કાઠિયાવાડની પ્રજાની ભૂખનો પડઘો ઘડ્યો ત્યારે કચ્છી પ્રજાએ પણ એક પ્રચંડ આંદોલન શરૂ કર્યું પણ તે ઊભરો શમ્યો અને દેશી રાજ્યોએ સંકેલ્યો. પ્રજાની સારી શક્તિનું માપ તે વખતે નીકળ્યું. રાજકોટની પ્રજા એ કોળિયો પચાવી ન શકી. બ્રિટિશ સરકારે દેશી રાજ્યોની ઓથ માટે ગ્લાચર ફેંસલાને ધૂળમાં રગદોળ્યો.

ભારતના પ્રજાજીવન માટે છેલ્લા દસ વર્ષમાં ક્રાંતિ આવી.

રાજ્યની મનોદશા વિચારી, ભૂતકાળને યાદ રાખી પરિષદ જેટલો બોજો ઉપાડી શકે તેટલો સમજી પગલું ભરજો. ન બની શકે તેવી વાત ન કરશો. ઠરાવો કરો તેનો અમલ કરજો કહી પરિષદની સફળતા ઇચ્છી.

પરિષદમાં ભાગ લેનારા : (૧) ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી કુંવરજી હરિરામ — ઉપરાંત ફૂલશંકર પટ્ટણી,(૨) શ્રી રામા ભગત, (૩) શ્રી કલ્યાણજી ધનજી, (૪) શ્રી મોતીલાલ ગોપાલજી, (૫) શ્રી આણંદજી દેવશી, (૬) શ્રી ઇસ્માઇ ઘાંચી, (૭) શ્રી હરિરામ કોઠારી - માંડવી, (૮) શ્રી ચત્રભુજ મનકર્મી, (૯) શ્રી કૃષ્ણલાલ માંકડ, (૧૦) શ્રી જમનાદાસ ગાંધી, (૧૧) શ્રી જમિયતરાય ગુલાબશંકર, (૧૨) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૧૩) શ્રી ચત્રભુજ જસાણી, (૧૪) શ્રી ગોપાળજી ઉમરશી, (૧૫) શ્રીમતી જમનાબેન દેવશી, (૧૬) શ્રી કરશનજી જેઠાભાઈ શિનુગરા, (૧૭) શ્રી કૃપાળ જીવાણી, (૧૮) શ્રી જેઠાલાલ વેલજી, (૧૯) શ્રી મલુકચંદ માધવજી, (૨૦) શ્રી છગનલાલ ઉત્તમચંદ, (૨૧) શ્રી પ્રેમજી ભવાનજી, (૨૨) શ્રી મુળજી ચત્રભુજ, (૨૩) શ્રી રસિકલાલ જ.જોશી, (૨૪) શ્રી નારાણજી નેણશી, (૨૫) શ્રી મૂળશંકર જોશી, (૨૬) શ્રી કાંતિણી, (૨૭) શ્રી હરિલાલ છગનલાલ ઝવેરી, (૨૮) વકીલ રામજી રાઘવજી.

ઉપરાંત : (૧) શ્રી મોરારજીભાઈ દેસાઈ, (૨) શ્રીમતી મૃદુલાબેન સારાભાઈ, (૩) શ્રી ભવાનજીભાઈ અરજણ ખીમજી, (૪) શ્રી દેવશી રતનશીએ પણ ભાગ લીધો હતો. કરાંચીવાળા શ્રી રવજી ગણાત્રા છાપાના પ્રતિનિધિ તરીકે હાજર રહ્યા હતા.

૩. પરિષદ કારોબારી :

(૧) પ્રમુખ શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શેઠ દેવજી રતનશી - મુંબઈ, (૩) શ્રી ખીમજી માંડણ ભુજપરિયા, (૪) શ્રી કૃષ્ણદાસ પંજુઆણી - મુંબઈ, (૫) શ્રી નરભેરામ પોપટ - મુંબઈ, (૬) શ્રી ચત્રભુજ જસાણી - ગોદિયા, (૭) શ્રી અબ્દુલ્લા હારૂન - કરાંચી, (૮) શ્રી મુળજી ચત્રભુજ - કરાંચી, (૯) શ્રી નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૧૦) વકીલ કુંવરજી હરિરામ, (૧૧) શ્રી કાસમશા દર્દ, (૧૨) શ્રી જમિયતરાય વૈદ, (૧૩) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૧૪) શ્રી ઝુમખલાલ મહેતા - માંડવી, (૧૫) આણંદજી દેવશી, (૧૬) શ્રી કૃપાળ જીવાણી, (૧૭) શ્રી ભરમશી ખેંગારભાઈ મહેતા.

મંત્રીઓ : (૧) શ્રી જમિયતરાય ગુ. વૈદ, (૨) શ્રી ફૂલશંકર પટ્ટણી.

પાછળથી : (૧) શ્રી કલ્યાણજી ધનજી, (૨) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૩) શ્રી શામજી ખટાઉ - લખપત.

૪. તા. ૨૯-૧-૪૬ પરિષદ ડેપ્યુટેશનની મહારાવશ્રીની મુલાકાત ડેપ્યુટેશનના સભ્યો ભુજમાં એજન્સી બંગલે મુલાકાત હતી. (૧) પ્રમુખ શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી જમિયતરાય ગુલાબશંકર, (૩) શ્રી ખીમજી માંડણ - ભુજપરિયા, (૪) શ્રી કલ્યાણજી ધનજી, (૫) શ્રી કૃષ્ણદાસ પંજુઆણી, (૬) શ્રી જયરામ વિશ્રામ, (૭) શ્રી કુંવરજી હરિરામ, (૮) શ્રી કૃપાળ શામજી જીવાણી, (૯) શ્રી ઝુમખલાલ મહેતા, (૧૦) શ્રી પ્રભુલાલ ધોળકિયા, (૧૧) શ્રી આણંદજી દેવશી શાહ, (૧૨) શ્રી શામજી ખટાઉ, (૧૩) શ્રી ફૂલશંકર પટ્ટણી.

૫. આ અનુસંધાને દીવાન સાથે બીજી વાટાઘાટો થઈ હતી અને તા. ૧૧-૨-૪૬ના પરિષદ વચ્ચે સમાધાનથી રાજ્યતંત્ર સુધારા બાબત જાહેરાત થઈ હતી. પાછળથી તા. ૨૦-૪-૪૬ના પરિષદના પ્રમુખની મહારાવશ્રીની બીજી મુલાકાત થઈ હતી અને તા. ૨૫-૪-૪૬ના દીવાનની સહીથી સુધારેલ બીજી જાહેરાત બહાર પડી હતી.

૬. નવા બંધારણ પરની નગરસભામાં ચૂંટણી લડવા પરિષદે નિર્ણય કર્યો. તેના તા. ૧૦-૪-૪૬થી નિર્ણય કારોબારીમાં થયો હતો.

૭. તા. ૧૯-૫-૪૬ના માંડવીમાં પરિષદ કારોબારીએ ઠરાવ કરી મહારાવશ્રીની થયેલ સમાધાનની પ્રત્યેક બાબત અંગે

નિકાલ આવે અને એક માસમાં અમલી બને તેવી અપીલ કરી હતી. નહિંતર થયેલ સમાધાન પરિષદને બંધનકર્તા રહેશે નહીં એવો ઠરાવ થયો હતો.

૮. મે ૧૯૪૬ અખિલ કચ્છ પરિષદ સમિતિની ચૂંટણીથી પ્રતિનિધિઓ નીચે પ્રમાણે ચૂંટાયા હતા.

**અંજાર :** (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી બેચરદાસ લાલજી, (૩) શ્રી જમનાદાસ ગાંધી.

**માંડવી :** (૧) શ્રી સુબોધચંદ અમૃતલાલ, (૨) શ્રી ચુનીલાલ રાઘવજી, (૩) શ્રી જયંત ખત્રી, (૪) ડૉ. નવશીર દસ્તુર, (૫) શ્રી જોશી વલ્લભદાસ તુલસીદાસ, (૬) શ્રી ઈસ્લામ મહમદ ઘાંચી, (૭) ડૉ. દામજી વીરજી હરિયા - બિદડા, (૮) શ્રી દેવરાજ શામજી - કોટડી, (૯) શ્રી ખુશાલચંદ ઉકેડા - ભોજાય, (૧૦) શ્રી ચાંપશી વીજપાળ - નાના ભાડિયા, (૧૧) શ્રી જેઠા હરિદાસ ગુદાઆલી.

**મુંદ્રા :** (૧) શ્રી દેવજી શામજી - ગુંદાલા, (૨) શ્રી ક્ષમાનંદજી - ભુજપુર, (૩) શ્રી પ્રેમજી ઉમરશી - ભુજપુર, (૪) ડૉ. રતનજી રાસ્તે - ભુજપુર, (૫) શ્રી વલ્લભજી ટોકરશી - મોટી ખાખર, (૬) શ્રી હંસરાજ દેવજી - છસરા, (૭) શ્રી તિકમજી રામજી ઠક્કર - દેશલપર, (૮) શ્રી રામજી પોપટભાઈ ભારાણી.

### ૫૬.૧ નગરસભાઓની ચૂંટણીના પરિણામો. ચૂંટણી : તા. ૨૦-૬-૪૬

**અંજાર :** (૧) અંજાર બિનહરીફ ચૂંટણી થઈ હતી. તેમાં : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) ઠા. જેરામ ધરમશી, (૩) વકીલ આણંદજી ભવાનજી, (૪) શ્રી ગૌરીશંકર પરષોત્તમ જોશી, (૫) શ્રી મોહનલાલ જેવતભાઈ, (૬) શ્રી પુરુષોત્તમ શામજી, (૭) શ્રી જમનાદાસ ગાંધી, (૮) શ્રી અબ્દુલલતીફ ઈબ્રાહીમ, (૯) શ્રી અબ્દુલકાદર મુસાજી, (૧૦) સોની નારણદાસ ગોવિંદજી, (૧૧) ઠા. બેચરદાસ લાલજી, (૧૨) શ્રી ઉમર લધા બારડ, (૧૩) શ્રી ડુંગરશી પુરષોત્તમ, (૧૪) શ્રી જયરામદાસ જેઠાભાઈ, (૧૫) શ્રી અબ્દુલગફુર.

**ભુજ :** (૧) શ્રી પ્રેમજી ભવાનજી, (૨) શ્રી ગુલાબશંકર સોમજી, (૩) ડૉ. મહિપતરાય મહેતા, (૪) શ્રી પ્રાગજી કાનજી, (૫) શ્રી પરષોત્તમ દયાળ, (૬) શ્રી અમૃતલાલ દેસાઈ, (૭) શ્રી શામજી દેવશી, (૮) શ્રી હુસેનભાઈ ધોબી, (૯) શ્રી પુરુષોત્તમ સોની, (૧૦) શ્રી મૂળશંકર ગોર, (૧૧) વૈદ્ય મહાશંકર નરોત્તમ, (૧૨) શ્રી રામસિંહજી રાઠોડ, (૧૩) શ્રી મગનલાલ સોની, (૧૪) ડૉ. ભાણજી ઠક્કર, (૧૫) શ્રી પ્રેમજી જેવત.

**માંડવી :** (૧) ડૉ. નૌશિર દસ્તુર, (૨) વકીલ સુબોધચંદ્ર અમૃતલાલ, (૩) શ્રી ચંદુ શેઠ, (૪) શ્રી શેઠ કલ્યાણજી ધનજી, (૫) શ્રી વલ્લભદાસ તુલસીદાસ, (૬) શ્રી કેશવલાલ છગનલાલ, (૭) ડૉ. જયંત ખત્રી, (૮) વોરા ઈબ્રાહીમ તૈયબઅલી, (૯) શ્રી ભગવાનજી વિશ્રામ, (૧૦) શાહ રસિકલાલ દામજી, (૧૧) ડૉ. મનુભાઈ પાંધી, (૧૨) શ્રી ઝુમખલાલ મહેતા, (૧૩) શ્રી વ્રજલાલ અધિકારી, (૧૪) ચત્રભુજ મનકર્મી, (૧૫) શ્રી ચુનીલાલ રાઘવજી.

**મુંદ્રા :** (૧) વકીલ રેવાશંકર હરિશંકર, (૨) શ્રી નારણદાસ નયગાંધી, (૩) ડૉ. આર. વકીલ, (૪) શ્રી મગનલાલ ગલાલચંદ, (૫) શ્રી રણછોડભાઈ નાથાભાઈ, (૬) શ્રી ભાણજી જેઠાભાઈ, (૭) સોની નારણ હીરજી, (૮) દરજી મુલજી રતનશી, (૯) ડૉ. વાઘજી કે. સોલંકી, (૧૦) શ્રી કલ્યાણજી રુગનાથજી, (૧૧) અધિકારી કેશવલાલ પ્રેમજી, (૧૨) પ્રાણશંકર કાનજી, (૧૩) જાની હરિભાઈ પ્રભુજ, (૧૪) માઉ કાનજી વીરજી.

**૫૬.૨** ઉપરની ૪૫ વ્યક્તિઓ કચ્છના ભાવિ ઇતિહાસમાં ભારતની બંધારણ સભામાં કચ્છના પ્રતિનિધિની ચૂંટણીમાં Electoral College મતદાર મંડળ થવાનો સંકેત ભાવિના ગર્ભમાં હતો, એટલી અગત્યની નિવડી હતી.

*જનજાગૃતિ જ્યોત ઝળકતી ચાલુ રહે છે.*

૧. નગરસભાના પ્રથમ પ્રજાકીય પ્રમુખો નીચે પ્રમાણે ચૂંટાયા હતા. અંજાર : તા. ૧-૭-૪૬ : શ્રી કાંતિપ્રસાદ ચં.અંતાણી. માંડવી : તા. ૪-૭-૪૬ શ્રી શેઠ કલ્યાણજી ધનજી શાહ. ભુજ : શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા. મુંદ્રા : શ્રી રેવાશંકર રવિશંકર વ્યાસ.

૨. કચ્છ મહાસમિતિની પહેલી બેઠક માંડવી તા. ૨૬-૬-૪૬ના મળી હતી.

૩. ભચાઉ નગરસભાના ચૂંટાયેલ સભ્યો : (૧) વકીલ ગોરધન લખમશી, (૨) સંઘવી રતનશી ઉત્તમચંદ, (૩) સુથાર ધરમશી દામજી, (૪) પટેલ કરશન ભાણા, (૫) શા. લખધીર ડોસાભાઈ, શ્રી નરશી દેવચંદ.

૪. રાપર નગરસભાના ચૂંટાયેલા સભ્યો :
(૧) શ્રી છગનલાલ પ્રાગજી, (૨) શ્રી છગનલાલ ભાઈચંદ, (૩) શ્રી ખત્રી અલાના કાદર, (૪) શ્રી જાદવજી રાઘવજી, (૫) શ્રી સોમચંદ જીવરાજ, (૬) શ્રી જાદવજી માનસંગ.

૫. તા. ૨૨-૭-૪૬ કંટ્રોલ વિરુધ્ધ ભુજમાં હડતાલ અને સભા થઈ હતી.

૬. તા. ૧-૮-૪૬ કંટ્રોલ બાબત પરિષદ પ્રમુખ શ્રી ગુલાબશંકર રાજકોટના રેસિડન્ટ કર્નલ હેનકોકને ભુજમાં મળ્યા હતા.

૭. કચ્છના ભડાલા ખારવાઓએ અમેરિકન સ્ટીમરના ઉતારુઓને પોતાના જીવના જોખમે બચાવી લીધા હતા. તેની બહાદુરીની પીછાન કરવા અમેરિકન હાઈ કમિશનર શ્રી મેરેલે કચ્છ આવ્યા હતા. તે માટે તા. ૩-૮-૪૬ના ભુજ મહારાવશ્રીએ દરબાર ભર્યો હતો.

૮. પરિષદ સાથેના સમાધાનના સ્પીરીટથી વિરૂદ્ધ પ્રાણલાલ સામે રાજ્યે કેસ કમીટ કરેલ, તા. ૨૦-૮-૪૬.

૯. જવાબદાર રાજ્યતંત્રનો ઠરાવ કાનુનમાં હોવાનો, અંજાર નગરસભાના પ્રમુખ શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીએ તા. ૧૭-૮-૪૬ની મિટિંગમાં નિર્ણય આપ્યો હતો.

૧૦. તા. ૨૨-૯-૪૬ કચ્છની નગરસભાઓનું સંમેલન કન્વેન્શન અંજારમાં મળ્યું હતું.

ઉદ્‌ઘાટા : પરિષદના પ્રમુખ શ્રી ગુલાબશંકર અમૃતલાલ હતા.

પ્રમુખસ્થાને નાયબ દીવાન શ્રી જે.જે. આશર હતા. તેમાં મહારાવશ્રીનો સંમેલનની સફળતાનો સંદેશો અંજાર નગરસભાના પ્રમુખ શ્રી કાંતિપ્રસાદને આપ્યો હતો.શ્રી કાંતિપ્રસાદે સ્વાગત કર્યું હતું.

ભાગ લેનારા : (૧) ભુજ નગરસભાના પ્રમુખ શ્રી ગુલાબશંકર સોમજી, (૨) શ્રી જખુ કુંવરજી - જખૌ, (૩) શ્રી જાદવજી રાઘવજી - રાપર, (૪) શ્રી રતનશી ઉત્તમચંદ - ભચાઉ, (૫) શ્રી પ્રેમજી ભવાનજી - ભુજ, (૬) શ્રી સમર્થ, (૭) શ્રી મૂળશંકર કુંવરજી ગોર, (૮) શ્રી જયરામભાઈ જેઠાભાઈ નયગાંધી, (૯) શ્રી જમનાદાસ ગાંધી, (૧૦) શ્રી ગફુર સરાણી, (૧૧) શ્રી બેચરદાસ લાલજી, (૧૨) શ્રી જાદવજી માનસંગ, (૧૩) શ્રી મોનજી રાણા, (૧૪) શ્રી પુરુષોત્તમ દયાળ, (૧૫) શ્રી લાલજીભાઈ, (૧૬) શ્રી પરષોત્તમ ગગુભાઈ, (૧૭) શ્રી નુરમામદ થારીયા, (૧૮) શ્રી પરષોત્તમ શામજી વરૂ, (૧૯) શ્રી ડુંગરશી પરષોત્તમ, (૨૦) શ્રી કલ્યાણજી વ્યાસ, (૨૧) શ્રી જયરામ પોપટ.

**૫૭. તા. ૨૫-૧૧-૪૬** ના રાજ્યે રાજ્ય માટે બંધારણ કમિટીની નિમણૂક કરી.

પ્રમુખ : (૧) શ્રી નાયબ દીવાન શ્રી જે.જે. આશર, (૨) શ્રી રેવન્યુ કમિશનર શ્રી તુલસીદાસ શેઠ, (૩) શ્રી શુક્લ, (૪) શ્રી પ્રાઈસ કન્ટ્રોલર શ્રી અમૃતલાલ વિશનજી.

પ્રજાકીય સભ્યો : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી ભવાનજી અ. ખીમજી, (૩) શ્રી કલ્યાણજી ધનજી.

પરિષદ સાથેના સમાદાનની બીજી બાબતો તરફ દુર્લક્ષ થાય છે એવા પ્રત્યાઘાતોથી પરિષદ વર્તુળમાં અજંપો વધતો જાય છે.

૧. તા. ૩૦-૧૨-૪૬ના માંડવી વિજય વિલાસ પેલેસમાં પરિષદના પ્રમુખ શ્રી ગુલાબશંકર અમૃતલાલ વચ્ચે ખાનગી મુલાકાત થઈ હતી. તેમાં શ્રી કાંતિલાલ ચં. અંતાણી હાજર હતા. મુલાકાત ચાર કલાક ચાલી હતી. મુલાકાત વખતે વિજય વિલાસના અતિથિગૃહમાં પરિષદના મંત્રી શ્રી ફૂલશંકર પટ્ટણી પણ હતા. પાછળથી ફૂલશંકર પટ્ટણી મંત્રીથી પણ, મહારાવશ્રીની મુલાકાત યોજાઈ હતી. તે વખતે પણ કાંતિપ્રસાદ હાજર હતા.

૨. તા. ૬-૧-૪૭ના પ્રાણલાલ શાહને ૫૭-અ નીચે બે વર્ષની કેદ મળે છે.

૩. તે પછી મહારાવશ્રીથી શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીની મુલાકાતો થયા કરે છે.

તા. ૨૩-૧-૪૭ના નીચે પ્રમાણે હજૂર હુકમો થયા હતા. (૧) ૫૭-અ કલમ રદ થઈ, (૨) નાગરિક સ્વાતંત્ર્યનો સ્વીકાર, (૩) શ્રી પ્રાણલાલ નાનચંદ શાહની મુક્તિ, ઉપરાંત (૪) ઉપરના હુકમો અનુસંધાને કચ્છ રાજ્ય માટે બંધારણ સમિતિ નીમી હતી. જેમાં (૧) નાયબ દીવાન શ્રી જે.જે. આશર બાર-ઍટ-લૉ, (૨) રેવન્યુ કમિશનર શ્રી તુલસીદાસ શેઠ, (૩) શ્રી એ.વી. મહેતા, (૪) શ્રી કુલીનચંદ્ર દેસાઈ, (૫) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૬) શ્રી ભવાનજી અરજણ ખીમજી, (૭) શ્રી કલ્યાણજી ધનજી, (૮) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૯) શ્રી ગુલાબહુસેન મમદઅલી, (૧૦) શ્રી યુસુફ અલારખ્યા પટેલ.

આ જાહેરાત ઉપરાંત શ્રી ત્રિભુવનદાસ રાજાએ દીવાન તરીકે તા. ૨૭-૧-૪૭થી ચાર્જ સંભાળ્યો.

(૧) તા. ૨૮-૧-૪૭ના ભુજમાં પરિષદ કારોબારીની તાકીદની મિટિંગમાં પ્રમુખશ્રીએ વાટાઘાટોની તથા રાજ્ય જાહેરાતો સંબંધી કમિટી પાસે રજૂઆત કરી હતી. તેને કારોબારીએ બહાલી આપવાનો ઠરાવ પસાર થયો હતો.તે સભામાં નીચે પ્રમાણે હાજરી હતી : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ પ્રમુખ, (૨) શ્રી ચત્રભુજ જસાણી, (૩) શ્રી નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૪) શ્રી કલ્યાણજી ધનજી, (૫) શ્રી જયરામ વિશ્રામ, (૬) શ્રી ઝુમખલાલ મહેતા, (૭) શ્રી કૃષ્ણદાસ પંજુઆણી, (૮) શ્રી આણંદજી દેવશી, (૯) શ્રી કૃપાળ જીવાણી, (૧૦) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૧૧) શ્રી જમિયતરાય ગુ.વૈદ્ય, (૧૨) શ્રી ફૂલશંકર પટ્ટણી. ઉપરાંત આમંત્રણથી (૧) શ્રી કાંતિલાલ ચં. અંતાણી, (૨) શ્રી પ્રેમજી ભવાનજી, (૩) શ્રી ભીમજી રતનશી રૂપારેલ હાજર હતા.

૨. ભુજ નગરસભાના પ્રમુખ તરીકે શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયાએ તા. ૨-૨-૪૭ના મિટિંગમાં તેમણે બહુમતી ગુમાવતાં રાજીનામું આપ્યું હતું. અને તા. ૨૧-૨-૪૭નાશ્રી

મૂળશંકર કુંવરજી ગોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

૩. કચ્છની શિક્ષણ સંસ્થાઓનું એકીકરણ કરવા માટે તા. ૪-૩-૪૭ના ભુજમાં શિક્ષણ સંસ્થાના કાર્યકરોની સભા એજ્યુકેશન ઑફિસમાં મળી હતી.

શ્રી કાંતિપ્રસાદે કાર્યવાહીની રૂપરેખા રજૂ કરેલ દરખાસ્તને વધાવી સંમેલન બોલાવવા માટે નીચે પ્રમાણે સમિતિ યોજાઈ હતી.

પ્રમુખ :(૧) રાવસાહેબ મનસુખરાય મ. દ્વિવેદી.

ઉપપ્રમુખ : (૧) શ્રી મૂળશંકર કુંવરજી ગોર, પ્રમુખ - ભુજ નગરસભા, (૨) શ્રી લાભશંકર મા. પાઠક, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર, કચ્છ, (૩) શ્રી પ્રેમજી રાઘવજી, પ્રમુખ, વકીલ મંડળ, કચ્છ.

ખજાનચી : (૧) ડૉ. દયારામ ભવાનજી ઠક્કર, શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતાના વ્યવસ્થાપક.

મંત્રીઓ : (૧) શ્રી પ્રેમજી ભવાનજી, (૨) શ્રી કુંદનલાલ જ. ધોળકિયા, ઈશ્વરનગર ગુરુકુળના સભ્ય, ભુજ દરબાર લાઈબ્રેરીના સભ્ય, (૩) મગનલાલ ગો. સોની, સદનવાડીના આચાર્ય.

આ ઉપરાંત ૧૫ સભ્યોની નિયુક્ત કરવામાં આવી હતી.

તા. ૨૧-૩-૪૭ની આ સંયોજક સમિતિમાં ૧૮ સભ્યોને કો-ઓપ્ટ કરવામાં આવ્યા હતા.

૪. તા. ૧૯-૩-૪૭ના પરિષદની કારોબારીનો ઠરાવ થઈ અખિલ હિંદ યુનિયન રચના અંગે કચ્છની ભૌગોલિક તથા વિશિષ્ટ દરજ્જાની સ્થિતિ નજરે કચ્છને સ્વતંત્ર એકમ તરીકે રહેવાનું ભારતની કૉન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બલીમાં એક સ્વતંત્ર બેઠક મેળવવાનું અને તે મળ્યેથી પ્રજાકીય પ્રતિનિધિ મોકલવો જોઈએ, તે એક દષ્ટિબિંદુ રજૂઆતને મંજૂરી અને બહાલી આપવામાં આવી હતી.

૫. સન ૧૮૭૫ના ભાયાત સેટલમેન્ટ અનુસારની જાડેજા કોટનો તા. ૧૫-૩-૪૭ના નં. ૩૫૮ના રાજ્યના જાહેરનામાથી અંત આવ્યો હતો. તેનો અમલ સંવત ૨૦૦૩ના ચૈત્ર સુદ-૨થી કરવામાં આવ્યો હતો.

૬. કન્ટ્રોલ વહીવટ માટે રાજ્ય તરફથી એફ નં. ૧૫૫, તા. ૧૯-૪-૪૭થી ફૂડ એન્ડ કણોગ ઍડવાઈઝરી બોર્ડની તા. ૫-૫-૪૭ની બેઠક દીવાનજી શ્રી ટી.જે. રાજાના પ્રમુખપણા હેઠળની મિટિંગમાં અંજાર નગરસભાના પ્રમુખ અને મજકુર બોર્ડના સભ્ય તરીકે શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીએ બોર્ડની પુનઃ રચનાના હેતુને સફળ બનાવવા પરિષદના પ્રમુખનો સક્રિય સહકાર લેવાની વિગતો સહિત નિવેદન કર્યું હતું. તે અનુસંધાને ઠરાવ નં. ૧૭૮, તા. ૧૬-૫-૪૭ની જાહેરાતથી જરૂરી સ્પષ્ટતા કરવામાં આવી હતી અને બોર્ડ નીમવામાં આવ્યું હતું તેની કામગીરી શરૂ થઈ.

પ્રમુખ : રા. રા. દીવાનજી, ઉપપ્રમુખ : રા.રા. નાયબ દીવાનજી. અધિકારી સભ્યો : (૧) રા.રા. રેવન્યુ કમિશનર, (૨) રા.રા. ચીફ કસ્ટમ્સ ઓફિસરશ્રી, (૩) રા.રા. પોલીસ કમિશનર, (૪) રા.રા. ડિરેક્ટર ઑફ ફુડ સપ્લાય, (૫) ડાયરેક્ટર ઑફ સિવિલ સપ્લાયની ૬-૭ બોર્ડના જો. તેની ઓફિસ પણ ભુજ, (૮) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૯) શ્રી મૂળશંકર કુંવરજી ગોસર, (૧૦) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૧૧) શ્રી જયરામ વિશ્રામ, (૧૨) શ્રી મલુકચંદ માધવજી, (૧૩) શ્રી મુસા સાલેમામદ, (૧૪) અંજારથી શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૧૫) શ્રી જયરામદાસ નયગાંધી, (૧૬) શ્રી બાયડ ઉંમરે લધા, (૧૭) શ્રી પુરુષોત્તમ શામજી વરૂ, (૧૮) શ્રી ખીમજી માવજી, (૧૯) શ્રી અબ્દુલ કાદર મુસાજી વોરા - માંડવી, (૨૦) શ્રી કલ્યાણજી ધનજી, (૨૧) શ્રી ઝુમખલાલ મહેતા, (૨૨) શ્રી આદમઅધી જીવણજી વોરા, (૨૩) શ્રી ભીમજી પ્રેમજી - મુંદ્રા, (૨૪) શ્રી રેવાશંકર હરિશંકર, (૨૫) શ્રી રણછોડ નાથાભાઈ, (૨૬) શેઠ લધુ જાનમામદ - અબડાસા, (૨૭) શ્રી હાથીભાઈજી ત્રિવેદી, (૨૮) ડૉ. કે.એચ. રાવ - લખપત, (૨૯) શ્રી શામજી ખટાઉ, (૩૦) શ્રી નોડે ગુલામામદ - નખત્રાણા, (૩૧) શ્રી બેચરલાલ વેલજી, (૩૨) શ્રી ભાણજી પચાણ, (૩૩) શ્રી ખીમજી ત્રિકમજી કોઠારી - ભચાઉ, (૩૪) શ્રી કરપન ભારા, (૩૫) શ્રી મોતીલાલ લક્ષ્મણ, (૩૬) શ્રી ચાંપશી ગુણશી - રાપર, (૩૭) શ્રી જાદવજી રાઘવજી, (૩૮) શ્રી જાદવજી માનસંગ.

તેની સ્ટેન્ડિંગ કમિટી : (૧) પ્રમુખ, (૨) ઉપપ્રમુખ, (૩) રેવન્યુ કમિશનર, (૪) ડાયરેક્ટર ઑફ ફુડ સપ્લાય અને (૫) સિવિલ સપ્લાઈઝ.

પ્રજાકીય સભ્યો : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૩) શ્રી રણછોડ નાથાભાઈ, (૪) શ્રી ઝુમખલાલ મહેતા, (૫) શ્રી અબ્દુલ કાદર મુસા.

૭. તા. ૪-૬-૪૭ના અખિલ કચ્છ શિક્ષણ સંમેલન ભુજમાં યોજાયું. પ્રમુખસ્થાને શ્રી નાનાભાઈ ભટ્ટ હતા. ઉદ્‌ઘાટક તરીકે શ્રી યુવરાજ શ્રી મદનસિંહજી હતા.

તેમાં ભાગ લેનારા : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી કુંજલતાબેન ધ્રુવ, (૩) શ્રી કૃષ્ણદાસ પંજુઆણી, (૪) શ્રી ગુલાબશંકર સોમજી, (૫) શ્રી બી.જી. દવે, (૬) શ્રી લીલાધર પાસુ, (૭) શ્રી પ્રવીણચંદ્ર શાહ, (૮) શ્રી કુંદનલાલ જ. ધોળકિયા, (૯) શ્રી વિનોદરાય હ. વોરા, (૧૦) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૧૧) શ્રી મૂળશંકર ગોર, (૧૨) શ્રી પ્રેમજી ભવાનજી.

# આવતાં દસ વર્ષમાં કચ્છ જિલ્લો પાણીની બાબત સ્વાવલંબી થઈ શકે છે

• એલ. ડી. શાહ •

ઉપરોક્ત બાબત કોઈને અતિશયોક્તિ ભરેલી લાગશે, પણ અમારી દૃષ્ટિએ એમાં જરા પણ અતિશયોક્તિ નથી, ફક્ત જરૂરત છે, કચ્છી પ્રજાના દૃઢ મનોબળ અને સંકલ્પની...

ઈઝરાઈલ દેશમાં આપણા કચ્છ કરતાં પણ ઓછો વરસાદ પડે છે. છતાં પાણીની બાબતમાં સ્વાવલંબી છે. ત્યાંની પ્રજાનો દૃઢ સંકલ્પ છે કે કુદરત દ્વારા મળતા વરસાદનું એકેય ટીપું દરિયામાં જવા ન દેવું. ઈઝરાઈલમાં ચોમાસામાં પડતા પાણીને વિવિધ રીતે ભૂગર્ભમાં સંગ્રહી રાખે છે. લોકો એક પણ ટીપાને દરિયા સુધી પહોંચવા દેતા નથી.

આપણે પણ આપણા દેશની પરિસ્થિતિ મુજબ આવું કાંઈક આયોજન કરીએ તો મને દ્રઢ વિશ્વાસ છે કે આ પ્રયોગ કચ્છમાં સફળતા પૂર્વક કરી શકીએ.

## • રેઈન વોટર હાર્વેસ્ટિંગ (પાલર પાણી)

રાજસ્થાનના અલવર જિલ્લાની જેમ કચ્છના દરેક ઘરમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ (પાલર પાણીનાં-પીવા માટે) બનાવવામાં આવે તો વરસાદના કુલ પાંચ ટકા જેટલું પાણી બચી શકે, અને શુદ્ધ અને મીઠું પાણી બારેમાસ પીવાથી અનેક બીમારીઓથી બચી શકીએ.

ભૂગર્ભ જળ અતિશય ઊંડાં જવાથી તે ક્ષારયુક્ત થઈ ગયાં છે. તે પાણી પીવાથી માનવી, પશુ અને પક્ષીઓ બધાં બીમાર પડે છે. ખેડૂતો પણ એ ખારા પાણીથી ખેતી કરી શકતા નથી.

આવા સંજોગોમાં બીજું નહિ પણ સુખપર ગામની જેમ બારેમાસ પીવા માટે મીઠું પાણી (પાલર પાણી) સંગ્રહી રાખીએ તો મોટા પ્રમાણમાં પાણીનો બચાવ કરી શકીએ. સુખપર ગામના ડૉક્ટરોનું નિવેદન છે કે સુખપર ગામમાં પાલર પાણીથી પાણીજન્ય રોગો થતાં નથી.

"જળ એ જીવન છે." વરસાદી પાણી અમૃત સમાન છે, તેને દરિયામાં વહી જતું અટકાવીએ.

## • ડ્રિપ સિસ્ટમ - ટપક પદ્ધતિ :

આપણી વાડીઓમાં ધોરિયા પદ્ધતિથી પાણી આપવાને બદલે ટપક પદ્ધતિથી પાણી આપીએ તો વરસાદનું પાંચ ટકા પાણી સહેલાઈથી દરિયામાં જતું અટકી જાય.

આવી રીતે વિવિધ પદ્ધતિથી વરસાદના પાણીને દરિયામાં જતું અટકાવી શકાય. દૃઢ મનોબળ અને સંકલ્પ બળ હોય તો આ કાર્ય કોઈ પણ વતનપ્રેમી પ્રજા માટે અશક્ય નથી.

આને માટે સરકારે આર્થિક મદદ આપવી પડે. એ માટે રાજકીય આગેવાનોએ કોશિશ કરવી જોઈએ.

સામાજિક સંસ્થાઓ તેમજ દાતાઓ આ કાર્યમાં આર્થિક મદદ આપી શકે અને સ્થાનિક પ્રજાએ આ કાર્યમાં મુખ્ય ફરજ બજાવવાની છે. જો આ કાર્ય સારી રીતે નિષ્ઠાથી કરવામાં આવે તો આવતા દસ વર્ષની અંદર કચ્છ જિલ્લો ઈઝરાયલ દેશની જેમ પાણીની બાબતમાં સંપૂર્ણ સ્વાવલંબી થઈ શકે.

## • ખેતરે ખેતરે હોય એક ખેત તલાવડી :

આપણા જિલ્લામાં લાખોની સંખ્યામાં ખેતરો અને વાડીઓ છે, દરેક ખેતર કે વાડીમાં એક નાની તલાવડી બનાવીએ તો એના બે ફાયદા થઈ શકે. ખેડૂતોએ વાવણી કર્યા પછી બીજો વરસાદ લંબાઈ જાય તો એ ખેત તલાવડીના પાણીનો ઉપયોગ પાક બચાવવા કરી શકાય. અને બીજો ફાયદો આ પાણી ભૂગર્ભમાં ઊતરતાં ભૂગર્ભનાં પાણીનાં સ્તર ઊંચાં આવે અને પાણીમાં ખારાશ ઓછી થાય. આ પ્રયોગ જો સફળતા પૂર્વક સમગ્ર કચ્છમાં કરવામાં આવે તો આપણે ઓછામાં ઓછું પચાસ ટકા વરસાદનું પાણી દરિયામાં જતું અટકાવી શકીએ અને કચ્છમાં થતી પાણીની સમસ્યાથી છુટકારો લાવી શકીએ.

## • કૂવા રિચાર્જિંગ :

ભૂગર્ભનાં જળ અતિશય ઊંડાં જવાથી એ નકામાં થઈ ગયાં છે. ઉપરવાસ કે આસપાસની દરિયામાં નાળાવાટે વહી જતું અટકાવી શકાય. સારો વરસાદ થાય તો એક કુવા એક ડૅમ જેટલું પાણી ભૂગર્ભમાં લઈ જાય છે. આવા જો બધા નકામાં કૂવાઓ રિચાર્જ થાય તો આપણા કુલ વરસાદના વીસેક ટકા જેટલું પાણી દરિયામાં જતું રોકી શકીએ.

કૂવાઓમાં વરસાદી પાણી ભૂગર્ભમાં ઊતરતાં ભૂગર્ભનાં સ્તરો ઊંચા આવે છે અને પાણીમાં ખારાશ ઘટે છે. અને આજુબાજુની જમીન ફળદ્રુપ બને છે અને ત્યાં લીલોતરી આવે છે.

## • આપણાં તળાવ, તળાવડીઓ તથા ડેમો :

હવે ગામડાઓને ટેન્કર અને નળ દ્વારા પાણી મળતું થયું હોવાથી લોકો તળાવ અને તળાવડીઓની સંસ્કૃતિ ભૂલી ગયા છે.

ગામે ગામ તળાવ તળાવડીઓ કાંપ-માટીથી ભરાઈ ગયાં હોવાથી એમાં પાણી સંગ્રહ તથા ભૂગર્ભમાં ઉતારવાની ક્ષમતા નહિવત્ બની રહી છે.

સરકાર તરફથી બનાવેલ ડૅમો પણ માટીથી ભરાઈ જવાથી નકામા બની ગયા છે.

ગામેગામ જો લોકો પોતાનાં તળાવ, તળાવડી અને ડેમો ઊંડાં કરતા રહે તો એની પાણી સંગ્રહવાની તેમજ ભૂગર્ભમાં ઊતરવાની ક્ષમતા વધી જાય. આ પ્રયોગ કરવાથી કુલ વરસાદનું વીસ ટકા પાણી દરિયામાં જતું અટકાવી શકાય.

***આવાં કાર્યો માટે નીચે મુજબ જણાવેલ કચ્છ જિલ્લાની જાણીતી સંસ્થાઓ સાથે જોડાયેલી છે.***

★ **શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ**
નાગલપુર રોડ, માંડવી-કચ્છ
કોન્ટેક્ટ નંબર : (૦૨૮૩૪) ૨૨૩૨૫૩
૦૯૦૯૯૭૧૮૦૬, ૯૦૯૯૭૧૮૧૦
ઈ-મેઈલ : vrtimandvi@gmail.com

★ **એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજીસ**
ડૉ. યોગેશ જાડેજા
પ્લોટ નં. ૧૯૪, ઓધવ એવન્યુ, પ્રમુખસ્વામિ નગર, ભુજ, કચ્છ.
ફોન : (૦૨૮૩૨) ૬૫૧૫૩૧, ૯૯૭૯૮૫૦૯૩૧
ઈ-મેઈલ : actkachchh@gmail.com

## બાળ દીક્ષાથી બાળ અધિકારનો ભંગ

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં બાળદીક્ષા સંબંધમાં જાહેર કરેલ ચુકાદો પ્રશસ્ય અને આવકાર્ય છે. તેની વિગતમાં ઊતરતાં પૂર્વે અગાઉ બનેલા આવા કિસ્સાઓની વિગતો તપાસીએ.

મુંબઈમાં ૧૫ વર્ષ અગાઉ પાયલ નામની ૧૨ વર્ષની બાળકીને દીક્ષા આપવા સામે કોર્ટ કેસ થયો હતો. તેના પરિણામની જાણ નથી. ૨-૩ વર્ષ અગાઉ સુરતમાં પણ આ જ મામલે કોર્ટ કેસ થયો હતો અને તેમાં જાણ પ્રમાણે બાળકને દીક્ષા લેતા અટકાવવા કોર્ટે હુકમ કર્યો હતો. પ્રસ્તુત કેસની વિગતો થોડી ગંભીર છે. 'સન્માન' નામના સામયિકમાં ભારત સરકારે બાળદીક્ષાની પરવાનગી જાહેર કરતું જાહેરનામું પ્રગટ થયેલ હોવાનું જણાવવામાં આવ્યું હતું. માહિતી અધિકાર ધારા હેઠળ થયેલ અરજીના જવાબમાં ભારત સરકારે તેના કોઈ ખાતા તરફથી આવું જાહેરનામું પ્રગટ કરાયેલ ન હોવાનું સ્પષ્ટ જાહેર કર્યું. આથી સદર સામયિક સામે બાળદીક્ષા પ્રેરવા માટે બનાવટી દસ્તાવેજ પ્રગટ કરવાના આરોપસર અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી. અમદાવાદની મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે ફરિયાદનો સ્વીકાર કરી આરોપીઓને સમન્સ પાઠવવા હુકમ કર્યો. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમ સામે ફરિયાદ કાર્યવાહી રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી. ગુજરાત હાઈકોર્ટ જસ્ટીસ પારડીવાલાએ બંને પક્ષકારોને સાંભળી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમને બહાલી આપી. પરંતુ તેની સાથે તેમણે કરેલ અવલોકનો નોંધપાત્ર છે. આવા નિર્ભીક સ્પષ્ટ હુકમ માટે તેમને અભિનંદન ઘટે છે.

આ પ્રશસ્ય ચુકાદામાં નોંધવામાં આવ્યું છે કે બાળદીક્ષા, બાળ સંન્યાસી કે બાળસાધુ થવા માટે પ્રેરણા આપવી કાયદા મુજબ ગુનો બને છે. આ ચુકાદામાં વધુમાં નોંધવામાં આવ્યું કે બાળદીક્ષા, એ બાળક માટે ક્રૂરતા આચરવા સમાન છે. બંધારણ અનુચ્છેદ ૨૧ અનુસાર દરેક બાળકને પોતાનું બાળપણ માણવાનો અધિકાર છે. ઉપરાંત, અનુચ્છેદ ૨૫ અનુસાર દરેક વ્યક્તિને ધર્મ-સ્વાતંત્ર્ય પણ પ્રદાન કરાયેલ છે. ગુજરાત હાઈકોર્ટે એ બાબતની ગંભીર નોંધ લીધી હતી કે બાળદીક્ષા પરવાનગી આપતું કોઈ જાહેરનામું ભારત સરકારના કોઈ ખાતાએ પ્રગટ કરેલ ન હોવાનું જાણવા છતાં, તે બાબતે ભારત સરકાર તરફથી આ બનાવટી દસ્તાવેજ સંબંધમાં કોઈ પગલાં લેવાયાં ન હતાં. ગુજરાત હાઈકોર્ટે એ નોંધ્યું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આ મામલે કેમ ચૂપ છે તે સમજાતું નથી. ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે બાળકોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી રાજ્ય અને અદાલતની છે. બાળદીક્ષા માટે તેના માતા-પિતા કે વાલીને સંમતિ આપવાનો કોઈ અધિકાર નથી. બાળક પુખ્ત વયનું થયા બાદ જ પોતાનો જીવનરાહ નક્કી કરવા મુખત્યાર છે.

યુનોએ બાળકોના અધિકારોના સંબંધમાં ૧૯૮૯ માં ખતપત્ર પ્રગટ કરેલ છે. ભારતે તેનો સ્વીકાર કરી પોતાની સહી તેમાં કરેલ છે. તેની કલમ ૨ મુજબ બાળક સાથે કુટુંબમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ થવો જોઈએ નહીં. કલમ ૬ મુજબ દરેક બાળકને જીવવાનો ને વિકસવાનો અધિકાર છે. બાળદીક્ષા લેવાથી (એટલે કે સંસારત્યાગ) આ અધિકારનો ભંગ થાય છે. કારણ કે સંસારત્યાગ (સાધુ થવા) થી કાયદાની દૃષ્ટિએ તે વ્યક્તિનું દીવાની અવસાન (Civil Death) થાય છે. કલમ ૮ મુજબ દરેક બાળકને પોતાના વ્યક્તિત્વને ટકાવી રાખવાનો કે પ્રતિસ્થાપિત કરવાનો અધિકાર છે. કલમ ૧૨ મુજબ દરેક બાળકને વિચારોની મુક્ત અભિવ્યક્તિનો અધિકાર પણ છે. કલમ ૧૪ જણાવે છે કે દરેક બાળકને ધર્મ અને શ્રદ્ધાને વ્યક્ત કરવાનો અધિકાર છે. રાજ્ય માતા-પિતા કે વાલીની આ અધિકારના સન્માન માટે સાચી દિશાનું માર્ગદર્શન આપવાની ફરજ છે. એટલે કે બાળક બાળદીક્ષા જેવો ગંભીર નિર્ણય લેવા સક્ષમ નથી. તેની સાથે બાળદીક્ષા માટે માતા-પિતાએ સંમતિ આપેલ હોય, તો પણ રાજ્ય અને અદાલતે બાળદીક્ષા અટકાવવા પગલાં લેવાં જોઈએ. હાઈકોર્ટે રાજ્યને બાળ-દીક્ષા રોકવા કાયદો ઘડવા પણ સૂચન કરેલ છે.

કેન્દ્ર સરકારે બાળ ન્યાય ધારો, બાળ અધિકાર રક્ષણ પંચ ધારો ૨૦૦૫, બાળકોને જાતીય ગુનાઓથી રક્ષણ ધારો, ૨૦૧૨ જેવા કાયદાઓ ઘડ્યા છે. તે જોતાં બાળદીક્ષાને કોઈ સ્થાન હોઈ શકે નહીં.

***અશ્વિન ન. કારીઆ***
***સૌજન્ય : "ભૂમિપુત્ર"***

## ‘કચ્છી ધમાલ રાસ’ને મુંબઈમાં લોકપ્રિય બનાવનાર કલાકાર

# લક્ષ્મીચંદ ભારમલ નાગડા

• ભરત‘કુમાર’ પ્રા. ઠાકર •

### જન્મ શતાબ્દી વર્ષ (૧૯૧૬-૨૦૧૬)

મૂળે કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના વતની હોય, વ્યવસાયાર્થે મુંબઈ સ્થાયી થયા હોય, બે ભાઈઓ હોય અને બંને પાછા કલાસંસ્કૃતિ ક્ષેત્રે સંકળાયેલા રહ્યા... આટલી સમાનતા ધરાવતી બે બંધુ બેલડીઓનાં નામો સહેજે યાદ આવે, જેમણે મુંબઈમાં પોતપોતાનાં કલાક્ષેત્રોમાં નામ ઝળકાવ્યું છે. તેમાં એક જોડી ‘ડોસા બંધુઓ’ ની અને બીજી જોડી ‘નાગડા બંધુઓ’ ની છે.

નાટ્ય લેખક, કલાકાર, દિગ્દર્શક પ્રાગજી જમનાદાસ ડોસા (જન્મ : ૧૦-૧૦-૧૯૦૭, મૃત્યુ : ૨૦-૮-૧૯૯૭) અને ક્રિકેટ સમીક્ષક આણંદજી જમનાદાસ ડોસા (જન્મ : ૧૫-૯-૧૯૧૬, મૃત્યુ : ૨૨-૯-૨૦૧૪) નલિયા ગામના ભાટિયા ગૃહસ્થો હતા. જ્યારે બીજી બંધુબેલડી તે કચ્છી ધમાલ રાસ અને નાટ્યજગતની પ્રસિદ્ધ કલાકાર જોડી ચાંપશી ભારમલ નાગડા (જન્મ : ૨૨-૧૧-૧૯૨૦, મૃત્યુ : ૨૧-૧-૨૦૦૨) અને લક્ષ્મીચંદ ભારમલ નાગડા (જન્મ : ૧૯૧૬, મૃત્યુ : ૫-૧૯૯૯) રાપર ગઢવાળી ગામના વતની અને કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના હતા. આમાં આણંદજી ડોસા અને લક્ષ્મીચંદ નાગડાનું આ જન્મ શતાબ્દી વર્ષ છે.

### • કચ્છી ધમાલના ‘રાસેશ્વર”!

કામણગારા કચ્છની લોકસંસ્કૃતિનું ફલક હવે ખૂબ વિસ્તર્યું છે અને દેશપરદેશના કચકડે પણ તે કંડારાઈ છે. સદીઓથી વિદેશી સંશોધકો તેના અભ્યાસાર્થે કચ્છ આવતા રહ્યા છે. તેમ ધંધાર્થે દેશાંતર કરનાર કચ્છી માડુએ પણ ત્યાં વતનની સુવાસ પ્રસરાવી છે. આવી જ એક વિશિષ્ટ લોકકલા ‘કચ્છી ધમાલ રાસ’ ની છે.

આ રાસમાં બે વ્યક્તિઓ જુદી-જુદી અદાથી દાંડિયારાસ રમે છે, જેનાં સંયોજનો (કમ્પોઝિશન્સ) નયનરમ્ય હોય છે. ઢબૂકતા ઢોલના તાલે રમાતો આ રાસ માણવાની મજા કંઈ ઓર છે! આજથી સાડાસાત દાયકા પહેલાં લક્ષ્મીચંદભાઈ તથા ચાંપશીભાઈ નાગડાએ આ ‘કચ્છી ધમાલ રાસ’ ને મુંબઈમાં પ્રશસ્ત અને પ્રચલિત કર્યો હતો.

બંનેની યુવાવસ્થા (૧૯૩૬) માં પિતાનું અવસાન થતાં વારસાગત ધંધો સંભાળી લીધો. પરંતુ ચાંપશીભાઈને પહેલેથી જ તખ્તા-ચલચિત્રમાં કામ કરવાનો ઉત્સાહ જોઈ લક્ષ્મીચંદભાઈએ સામાજિક વહેવારો સંભાળી લઈ ચાંપશીભાઈનો અભિનયની દુનિયામાં સ્થાયી થવાની મોકળાશ કરી આપી. કચ્છી ધમાલ રાસની સુવાસ દેશવિદેશમાં પ્રસરાવનાર આ વિખ્યાત કચ્છી બંધુઓ પછીથી ‘રાસેશ્વર’ ની ઉપમા પામ્યા હતા!

આગળ જતાં ચાંપશીભાઈ નાગડા ગુજરાતી - હિંદી રંગભૂમિ અને ચલચિત્રોના કલાકાર તથા નાટ્યલેખક તરીકે પ્રસ્થાપિત થયા હતા. અભિનય-જગતમાં તેઓ ‘બાપુ’ તરીકે ઓળખાતા. મુંબઈના લેમિંગ્ટન રોડ પર આવેલી નાઝ બિલ્ડિંગમાં એમનું ‘ચિત્રકલા મંદિર’ પણ હતું.

### • દેશદેશાવરમાં ‘ધમાલ’ ની કમાલ!

આ બાજુ લક્ષ્મીચંદભાઈ નાગડાએ મુંબઈનાં ખેતવાડી, વડગાદી, નાગદેવી, ચીચબંદર, પાર્લા વગેરે પરાં વિસ્તારોમાં નવરાત્રિ જેવા જાહેર કાર્યક્રમોમાં ‘કચ્છી ધમાલ રાસ’ રજૂ કરી ટકાવી રાખ્યો. ફિલ્મોદ્યોગના રજતજયંતી (૧૯૩૯) પ્રસંગે તેને વ્યાપક પ્રસિદ્ધિ મળી. તે વખતે નૃત્યકાર યોગેન્દ્ર દેસાઈએ વિવિધ કાર્યક્રમોમાં તેનો સમાવેશ કર્યો.

ત્યારબાદ મુંબઈમાં ચીની-ઉઝબેક ટુકડીઓ સાથેના સંયુક્ત કાર્યક્રમોમાં અને આઈ.એન.ટી. ની રાસગરબા સ્પર્ધામાં પણ કચ્છી ધમાલની કમાલ જોવા મળી! આઈ.એન.ટી. ની તો ટ્રોફી-ડિઝાઈન પણ આ ‘રાસ’ ના સંયોજનો પરથી તૈયાર થઈ હતી. તે પછી તો આ કચ્છી રાસને વિદેશોમાં પણ પ્રસિદ્ધિ અને પ્રશંસા મળ્યાં.

અભિનેતા બલરાજ સહાની (૧૯૧૩-૭૩) એ રશિયાઈ પ્રતિનિધિ મંડળના માનમાં આ રાસનો ખાસ ખેલ યોજ્યો હતો. તો યોગેન્દ્ર દેસાઈની નૃત્ય નાટિકાઓમાં આપણા વિખ્યાત નૃત્યકારો ગોપીકૃષ્ણ (૧૯૩૫-૯૪) અને આશાપારેખ (જ. ૧૯૪૨) સાથે લક્ષ્મીચંદભાઈએ પણ વિદેશ પ્રવાસો ખેડ્યા. તેમનો રાસ અને રસ જોઈને ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય નૃત્યકાર ઉદયશંકર (૧૯૦૦-૭૭) પણ ભારે પ્રભાવિત થયા હતા.

### • નાટ્ય પ્રવૃત્તિમાં પણ પ્રદાન :

રાસ સિવાય નાગડાજીએ નાગા બાવા (૧૯૪૩), આપઘાત (૧૯૫૧), સોયનું નાકું (૧૯૫૨) નાટકોમાં અભિનેતા તરીકે તથા નરબંકા (૧૯૫૬) માં નિર્માણ-વ્યવસ્થાની પણ જવાબદારી સંભાળી હતી. એમની ‘આકાશગંગા’ નૃત્યનાટિકા ખૂબ વખણાઈ. તો, ગુજરાતી ચિત્ર ‘હીરો સલાટ’ (૧૯૬૧) માં ચાંપશીભાઈ (રાજા સિદ્ધરાજ) અને લક્ષ્મીચંદભાઈ (બાબરા ભીલ) વચ્ચેની પટ્ટાબાજી જોવા મળી હતી.

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)

# કચ્છ રણોત્સવ - ૨૦૧૫

• દિનેશચંદ્ર જગજીવન શાહ •

૧૨ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કચ્છની ખાસ કાળજી લેનાર શ્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ ૨૮ મહિના પછી કચ્છમાં ધોરડોના રણ ખાતે તા. ૧૮ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૫ સુધી યોજાયેલ ડી.જી. કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલ હતા. વડાપ્રધાને માહિતી માંગતાં સંસદીય સચિવ વાસણભાઈ આહિરે જણાવેલ કે આપ ૯૦ વખત કચ્છની મુલાકાતે આવેલ છો. આ સમયે ભુજના વિમાની મથકે લંડનથી લાવેલ કચ્છના સપૂત પંડિત શ્યામજી કૃષ્ણવર્માની બ્રિટિશ સરકારે રદ કરેલી વકીલાતની સનદ પુનઃ જીવંત કરીને પરત મેળવી, તે ઐતિહાસિક દસ્તાવેજ વડાપ્રધાને ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલને અર્પણ કર્યા હતા.

રણોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતનાં મુખ્યપ્રધાન આનંદીબહેન પહેલ સાથે નેપાળ, ચીન, યમન, સોમાલિયા, શ્રીલંકા, તજાકિસ્તાન અને લિયોયો સહિત ૧૦ દેશોના રાજદૂત સફેદ રણનો નજારો નિહાળવા બે દિવસ રોકાયાં.

કચ્છના ધોરડો ખાતેના સફેદ રણ વિશે જણાવતાં તેમણે કહ્યું કે આ જાતનો કુદરતી નજારો વિશ્વમાં ક્યાંય પણ નથી. પ્રથમ નજરે જ તેમને આ સ્થળ વિશ્વના પ્રવાસીઓને આકર્ષશે તે અંગેની શક્યતાની ભાવિમાં ડોકિયું કરતાં મહાનાયક અમિતાભ બચ્ચનને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનાવી **"કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા"** નામનું સૂત્ર ગાજતું કર્યું. અત્યાર સુધી છેલ્લા દસ વર્ષમાં દેશ-વિદેશના લગભગ ૩.૨૭ કરોડ વ્યક્તિઓએ કચ્છના ધોરડોના સફેદ રણનો નજારો માણ્યો છે.

આ પરિષદમાં ભાગ લેવા જમ્મુ-કાશ્મીરના ડી.જી. સિવાય ૨૧૦ જેટલા પોલીસ અધિકારીઓ તેમની ફેમિલી સાથે આવેલ હતા. તેમની સાથે ગૃહપ્રધાન રાજનાથસિંહ તથા રાજ્ય ગૃહપ્રધાન કિરણ રિજિજુએ કોન્ફરન્સમાં ભાગ લીધેલ હતો.

ધોરડોના તંબુ નગરીથી સફેદ રણ જવાના રસ્તે પ્રવાસન વિભાગ દ્વારા ૩૦ ભૂંગા તેમજ ૪૫ ટેન્ટ તમામ સુવિધા સાથે વ્હાઈટ રણ રિસોર્ટનું નિર્માણ રૂપિયા એક કરોડથી વધુના ખર્ચે પ્રવાસીઓની સુવિધા માટે કરવામાં આવેલ છે. તેનું સંચાલન પીપીપી ધોરણે ખાનગી કંપનીને સોંપવામાં આવેલ છે.

રણોત્સવના સુંદર આયોજન બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છના કલેક્ટર મહેન્દ્ર પટેલની પીઠ થાબડી હતી. પોતાના વક્તવ્યમાં જણાવેલ કે પોલીસે સંવેદનશીલ બનવું જોઈએ. સરહદી જિલ્લાના પોલીસ સ્ટેશનોએ કર્મચારીની બેઠકો બોલાવવી જોઈએ, વિગતોની આપ-લે કરવી જોઈએ અને રાજ્ય માટે સરહદી બેઠક નિયમિત યોજવી જોઈએ. પોલીસદળોએ સ્થાનિક સમુદાયો સાથે સંપર્ક સ્થાપિત કરી તેમની સફળતા અને ઉપલબ્ધિઓની ઉજવણીમાં સાથ આપવો જોઈએ. જેથી લોકો પોલીસ મથકે આવતા થશે અને પોલીસ અધિકારીઓએ કરેલ કાર્ય પ્રત્યે સન્માન અને વ્યાપક સમજ પેદા થશે. વધુમાં તેમણે જણાવ્યું કે પોલીસ અધિકારીઓએ સાઈબર સુરક્ષા, ડિજિટલ ટેકનોલોજી અને સોશિયલ મીડિયા જેવી ટેકનોલોજીની કામગીરીનો ઉપયોગ કરવો જોઈએ.

આઈ.એસ.આઈ.એસ. જેવાં દૂષણો આવા સાધનો દ્વારા જ યુવાનોને ગેરમાર્ગે દોરતાં હોવાના કારણે ટેકનોલોજીની ચર્ચા અને સાઈબર વિશ્વમાં જાપતો વધારવાના ઉપાયો અને તેને લગતી સજ્જતા પર અગત્યની મુદ્દાસર ચર્ચા થઇ હતી. ખાસ તો બદલાતા જતા સમય અને ગુનાની પદ્ધતિની સામે વધુ સજ્જ થવા પોલીસતંત્રની તપાસ અને અદાલતમાં કેસ ચલાવવાની કામગીરીમાં આમૂલ ફેરફાર કરવા માટે પણ મહત્ત્વનું મનોમંથન કરાયું હતું. ગુના શોધન માટે અનિવાર્ય બની ગયેલ ફોરેન્સિક વિજ્ઞાનના મુદ્દે પણ ચર્ચાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. ઉપરાંત પર્યટન પોલીસ, આપત્તિ પ્રબંધન અને પોલીસ પ્રશિક્ષણ વિષયો ઉપર પણ પોતાનું મંતવ્ય રજૂ કરેલ.

કુદરતી ભેટ સમા કચ્છના ધોરડોના સફેદ રણે દેશ-વિદેશના સહેલાણીઓમાં અદ્ભુત આકર્ષણ પેદા કરેલ છે. જેના કારણે તા. ૨૪ થી ૨૭ ડિસેમ્બરની રજાઓ આવી જતાં પ્રવાસીઓનો ખૂબ ધસારો રહેવા પામેલ. દિવાળીથી ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં સવા લાખ સહેલાણીઓએ શ્વેત રણના સૌંદર્યને નિહાળવા પરમિટ માટે બે-બે કિલોમીટર વાહનોની કતાર લગાવી દીધેલ. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ પર્યટકો ધોરડોના સફેદ રણને કલરફૂલનો નજારો બક્ષતા હતા. જેમાંના અમૂક પર્યટકોએ તો સ્વીડન અને મોરેશિયસની પોતાની હનીમૂન ટૂર કેન્સલ કરી કચ્છના ધોરડોના રણ ઉપર પસંદગી ઠાલવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે ટેન્ટમાં રોકાયેલ તે લક્ઝુરિયસ બુલેટપ્રુફ ટેન્ટ પણ એક આકર્ષક નજારો બની રહેલ. ભવિષ્યમાં પ્રવાસીઓને રહેવા માટે તે ઉપયોગમાં લેવાની યોજના છે અને કહેવાય છે કે તેનું એક દિવસનું ભાડું રૂ. ૯૯,૦૦૦ જેટલું રહેશે.

*૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્ષ*
*આંબાવાડી સર્કલ પાસે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬*
*મો. : ૯૪૨૬૫ ૭૭૬૭૮*

*જેમ શરીર માટે સારું સ્વાસ્થ્ય જરૂરી છે, તેમ આત્મા માટે સારું અંતઃકરણ જરૂરી છે.*

# અત્યાર સુધી ભારતના સાત વડાપ્રધાનોના કચ્છની ધરતી પર પગલાં પડ્યાં છે

• સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ •

## નરેન્દ્ર મોદી

ભારતના વડાપ્રધાન પદે ૨૦૧૪માં બિરાજ્યા બાદ નરેન્દ્ર મોદી ડી.જી. કોન્ફરન્સમાં ભાગ લેવા કચ્છમાં પહેલી વખત પધારેલ છે. અગાઉ ગુજરાતના મુખ્ય પ્રધાનના ૧૨ વરસ કાર્યકાળ દરમ્યાન ૯૦ વખત કચ્છની મુલાકાત લઈ ચૂક્યા છે.

## અટલ બિહારી બાજપાયી

કવિહૃદયી વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ હોદ્દાની રુએ કુલ ચાર વખત કચ્છની મુલાકાત લીધેલ. પ્રથમ ૧૯૯૮ માં કંડલા બંદર પર ત્રાટકેલા વાવાઝોડાએ કંડલાને તબાહ કરી નાંખેલ તેના સંદર્ભે નવમી જૂને આવેલ હતા. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ કચ્છને રગદોળી નાંખનાર ધરતીકંપથી અસ્તવ્યસ્ત થયેલ કચ્છને રાહત અને સધિયારો આપવા ધરતીકંપના ચોથે દિવસ તા. ૩૦-૧-૨૦૦૧ ના રોજ તથા બીજી મુલાકાત ૨૦૦૧ ના જૂન મહિનામાં લીધેલ. તે સમયે તેઓએ બે દિવસ, ૩જી જૂન તથા ૪થી જૂનના રોજ કચ્છમાં જ ધામા નાંખ્યા હતા. ત્રીજી મુલાકાત દરમ્યાન ભૂકંપ બાદ કચ્છને બેઠું કરવાના વિકાસ સંદર્ભે પાંચ વર્ષનો ટેક્ષ હોલીડે, ૧૨૫ કરોડના ખર્ચે ભુજ ખાતે તૈયાર થનારી જનરલ હૉસ્પિટલ તેમજ મેડિકલ કૉલેજનું ખાત મુહૂર્ત અને ભુજ-ગાંધીધામ બ્રોડગેજ ટ્રેનને લીલીઝંડી આપવા પધારેલ. જયારે તેમની ૪થી મુલાકાત ૧૪ જાન્યુઆરી, ૨૦૦૪ માં અટલ મહેલ તરીકે તૈયાર થયેલ જનરલ હૉસ્પિટલના ઉદ્‌ઘાટન કરવા પધારેલ હતા.

## પી.વી. નરસિંહરાવ

તારીખ ૧૨ નવેમ્બર, ૧૯૯૧ ના રોજ તેઓ ચુંટણી પ્રચાર અર્થે જાહેર સભા સંબોધન અર્થે કચ્છમાં પધારેલ હતા.

## રાજીવ ગાંધી

ભારતના સૌથી યુવાન પ્રધાનમંત્રી તરીકે પ્રખ્યાત પામનાર રાજીવ ગાંધી સત્તાગ્રહણ બાદ તા. ૪-૧૨-૧૯૮૪, ૨-૩-૧૯૮૫, અને કારમા દુકાળ સમયે ઢોરવાડા અને રાહત કામના મુલાકાતે અને નિરીક્ષણ માટે તા. ૨૦-૩-૧૯૮૬ ના રોજ પધારેલ હતા. તા. ૨૩-૯-૧૯૮૭ ના રોજ ફરી એકવાર દુષ્કાળ સંદર્ભે તથા તા. ૮-૧૦-૧૯૮૯ ના ચૂંટણી સભા સંબોધવા કચ્છ આવેલ હતા.

## મોરારજી દેસાઈ

ભારતના સૌપ્રથમ ગુજરાતી વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ કચ્છના પ્રસિદ્ધ પાનધ્રો ખાણના પ્રકલ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે ૧૯૭૮ ની ઓક્ટોબર માસની ૧૯મી તારીખે કચ્છમાં વિકાસની કેડી કંડારવા આવેલ.

## ઈન્દિરા ગાંધી

લોખંડી વ્યક્તિત્વ અને દૃઢ મનોબળધારી ભારતની એકમાત્ર મહિલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધી કચ્છમાં સૌથી વધારે, આઠવાર આવી ચૂક્યા છે. તા. ૮-૧-૧૯૭૩ માં દુષ્કાળગ્રસ્ત કચ્છની મુલાકાત, તા. ૨૧-૧-૧૯૮૧ ચૂંટણી સભા સંબોધવા તેમજ તરુણ મિત્રમંડળ - કચ્છ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તદુપરાંત તા. ૨૮-૯-૧૯૬૮, ૨૩-૧-૧૯૭૦, ૩-૧-૧૯૭૨, ૮-૧૧,૧૯૭૪, ૨૦-૫-૧૯૭૫ તેમજ ૨૮-૧૦-૧૯૭૯ ના કચ્છની મુલાકાત લીધી હતી.

## જવાહરલાલ નહેરુ

આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ કચ્છમાં ત્રણ વખત આવી ચૂક્યા છે. આજથી ૬૩ વર્ષ પહેલાં ૧૯૫૨ની જાન્યુઆરીની દસમી તારીખે વિખ્યાત કંડલા બંદરની પાયા વિધિ તેમના હસ્તે કરવા પધારેલ. તા. ૧૭ તથા ૧૮ ઓગસ્ટ ૧૯૫૬ એમ બે દિવસ અંજારમાં થયેલ વિનાશક ભૂકંપ માટે અંજારવાસીઓના જીવલેણ ઘા પર મલમપટો કરવા આવ્યા હતા. તા. ૧૦-૨-૧૯૬૨ ના ચૂંટણી સમયે કચ્છની ત્રીજી વખતની મુલાકાતે પધારેલ હતા.

અટલ બિહારી બાજપાયી બાદ ભારતના વડાપ્રધાન પદે આવેલ મનમોહનસિંહે તેમના દસ વર્ષના કાર્યકાળ દરમ્યાન ક્યારે પણ કચ્છની મુલાકાત લીધેલ ન હતી.

*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

## લક્ષ્મીચંદ ભારમલ નાગડા

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

'અભિનય સમ્રાટ' ઉપેન્દ્ર ત્રિવેદી (૧૯૩૬-૨૦૧૫) એ નોંધ્યું છે તેમ ગુજરાતી વેપારી વર્ગને નાટકો જોતાં કરવામાં આ બેલડીનો ફાળો વિશેષ રહ્યો છે. વતન રાપર ગઢવાળીમાં ધાર્મિક પ્રસંગ હોતાં આ કલાકાર બંધુઓ ૧૯૮૮માં કચ્છ આવેલા. ત્યારે તાલુકા મથક નલિયા, જિલ્લા મથક ભુજ, આદિપુર, ગાંધીધામમાં કલાચાહકોએ એમનું ઉચિત જાહેર સન્માન પણ કરેલું.

મુંબઈ રહીને પણ હૈયે કચ્છી ખુમારી અને સંસ્કૃતિ સાચવી રાખનાર તથા બૃહદ કચ્છમાં 'ધમાલ રાસ' ને ખ્યાતિ બક્ષનાર લક્ષ્મીચંદભાઈ નાગડાનું ૫મી જુલાઈ, ૧૯૯૯ ના મુંબઈ ખાતે અવસાન થયું. ત્યારે કચ્છી ધમાલની 'રાસેશ્વર જોડી' ખંડિત થઈ હતી. જન્મશતી વર્ષે આપણી સ્મૃત્યાંજલિ...

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવનનગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર - ૩૭૦ ૧૧૦. (કચ્છ)*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મો. ૦૯૪૨૭૨ ૨૩૧૫૦*

# ૪૬૮મા જન્મદિને ભુજની તવારીખમાં ડોકિયું

• સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ •

★ માગસર સુદ પાંચમ વિ.સ. ૧૬૦૫ ના રોજ ભુજની સ્થાપનાની ખીલી ખોડાઈ. મહારાવ ખેંગારજી પહેલાએ ભુજનું તોરણ બાંધ્યું એ સમયે માત્ર હમીરાઈ તળાવડી, હમીર રબારીની વાંઢ અને સાંઈ ઝીંદાનો કૂબો હતો.

★ સંવત ૧૬૩૫ના ભયાનક દુષ્કાળમાં ભુજે પાયમાલી વહોરી.

★ સંવત ૧૬૭૩ : ભુજની ટંકશાળમાં પહેલ વહેલો કચ્છના ચલણનો કોરીનો સિક્કો બહાર પડ્યો.

★ સંવત ૧૭૭૯ : ભુજિયા કિલ્લાનું નિર્માણ કરાયું.

★ સંવત ૧૭૮૬ : મોરબીના કાયાજીએ શેર બુલંદખાનની મદદથી ભુજ ઉપર ચડાઈ કરી પણ તે હારીને પાછો ગયો.

★ રાવ લખપતજીના સમયમાં (ઈ.સ. ૧૭૫૨ થી ૧૭૬૧) ભુજમાં આયના મહેલ અને કવિઓ તૈયાર કરવા માટે વ્રજભાષા પાઠશાળાનું નિર્માણ થયું.

★ ઈ.સ. ૧૮૧૯ : ભુજના વિનાશક ધરતીકંપથી શહેરના સાત હજારથી વધુ મકાનો ધ્વસ્ત થયા.

★ ઈ.સ. ૧૮૫૦ : ભુજમાં પ્રથમ ગુજરાતી શાળા શરૂ થઈ.

★ ઈ.સ. ૧૮૫૨ : પ્રથમ તાર અને ટપાલ સેવાનો આરંભ થયો.

★ ઈ.સ. ૧૮૫૭ : સમગ્ર કચ્છમાં પડેલ દુષ્કાળની ભુજમાં ઘેરી અસર થઈ.

★ ઈ.સ. ૧૮૭૦ : ભુજમાં પ્રથમ હાઈસ્કૂલ - ઑલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના થઈ.

★ ઈ.સ. ૧૮૭૭ : ભુજમાં આર્ટસ સ્કૂલનો આરંભ થયો. જે પાછળથી કચ્છ મ્યુઝિયમમાં ફેરવાઈ.

★ ઈ.સ. ૧૮૯૨ : સ્વામિ વિવેકાનંદ તેમના કચ્છ પ્રવાસ દરમ્યાન ભુજ ખાતે રોકાયેલ

★ ઈ.સ. ૧૯૨૫ : મહાત્મા ગાંધી ૨૨ ઓક્ટોબરથી ૫ નવેમ્બરના કચ્છ પ્રવાસ દરમ્યાન ભુજમાં રોકાયેલ

★ ઈ.સ. ૧૯૩૭ : મુંબઈ-અમદાવાદ-ભુજ-કરાંચી વચ્ચે વિમાની સેવા શરૂ થઈ.

★ ઈ.સ. ૧૯૪૮ : કચ્છ ભારત સંઘમાં જોડાયું અને ભુજ 'ક' વર્ગના રાજ્યનું પાટનગર બન્યું.

★ ઈ.સ. ૧૯૪૯ : ભુજ શહેરના શ્રેષ્ઠી દાનવીર શેઠ ડોસાભાઈ લાલચંદ શાહના દાનથી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના થઈ.

★ ઈ.સ. ૧૯૫૬ : ૨૧ જુલાઈના રાત્રે આવેલ વિનાશક ભુકંપમાં અંજાર શહેર સાથે ભુજ આસપાસના વિસ્તારોમાં પણ વિનાશ વેરાયો.

★ ઈ.સ. ૧૯૬૦ : ગુજરાત રાજ્યની રચના સાથે ભુજ-કચ્છ જિલ્લાનું પાટનગર બન્યું.

★ ઇ.સ. ૧૯૬૫ : ભુજ આકાશવાણીનું કેન્દ્ર બન્યું

★ ઇ.સ. ૨૦૦૧ : કચ્છમાં આવેલ મહાવિનાશક ધરતીકંપે કચ્છને રગદોળી નાંખતાં ભુજ શહેરને તહસનહસ કરી નાખ્યું. સેંકડોની સંખ્યામાં જાનહાનિ થઈ. અનેક મકાનો, ઈમારતો, ઍપાર્ટમેન્ટો, ઐતિહાસિક ઈમારતો ધ્વંસ થઈ. ભુજ શહેર કાટમાળમાં ફેરવાઈ ગયું. હજારો લોકો બેઘર થઈ ગયાં.

★ ઇ.સ. ૨૦૦૧ : ૩જી જૂનના રોજ ભુજ બ્રોડગેજ લાઈનથી જોડાયું. મુંબઈ સાથે સીધી રેલવે સેવા મળી.

★ ઈ.સ. ૨૦૦૨ : વિનાશક ધરતીકંપની કળ વળતાં જ શહેરના નવસર્જનની પ્રક્રિયા આરંભાઈ. ભૂકંપ પહેલા શહેરનો વ્યાપ ૬ ચો.કિ.મી. હતું. ભૂકંપ બાદ શહેરનો વ્યાપ વધારી ૫૬ ચો.કિ.મી. ના વિસ્તારમાં વિકાસની યોજના હાથ ધરાઈ. શહેરના ફરતે નવી રિલોકેશન સાઈટો તૈયાર થઈ. નવી વસાહતો, નવું વિમાની મથક, ફરવાના સ્થળો, નવા બાગ-બગીચાઓ વગેરે નવસર્જન થયા. આમ શહેરનું સંપૂર્ણ નવસર્જન થયું. અને ફિનિક્સ પંખીની જેમ શૂન્યમાંથી એક મહાનગર બનવાની દોટમાં અગ્રેસર બન્યું.

*માહિતી સંકલન : વર્તમાન પત્રોના આધારે*

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. : ૯૪૨૬૫૭૭૬૭૮*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

ધર્મ

# ક્રોધ

સા. શ્રી આગમદર્શિતાશ્રીજી મ.સા.

★ કેશીસ્વામી ગૌતમસ્વામીને પૂછે - આત્માના તમામ સદ્‌ગુણોને બાળીને ભસ્મીભૂત કરી દેનાર અગ્નિ કયો? ગૌતમસ્વામી કહે : કષાયોરૂપી અગ્નિ આત્માના સદ્‌ગુણને બાળી ભસ્મીભૂત કરે છે.

★ આગમગ્રંથોમાં પણ કહ્યું છે - ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રતાનો નાશ કરે છે, અને લોભ સર્વગુણોનો નાશ કરે છે.

★ વળી, કહ્યું છે કે मूलं ही संसारतरोः कषायाः । સંસારવૃક્ષનું મૂળ કષાયો છે. તેથી કષાયો છે તો સંસાર છે અને કષાયો નથી તો સંસાર પણ નથી. અર્થાત્ કષાયમુક્તિ કિલ મુક્તિરેવ.

એક શિષ્યે ગુરુદેવને પૂછ્યું - ગુરુદેવ! ૪ કષાયોમાંથી વધુ ભયંકર કયો કષાય? ગુરુદેવે એક તુંબડી હાથમાં લીધી. શિષ્યને બતાવતાં કહ્યું : જુઓ આ તુંબડી છે. એનો સ્વભાવ છે તરવાનો અને તારવાનો. પણ એ તુંબડીની નીચે કાણું પાડી દો તો શું થાય?

શિષ્ય : તુંબડી ડૂબી જાય.

ગુરુ કહે : નીચેના ભાગમાં નહીં પણ જરાક ઉપરના ભાગમાં એટલે કે પેટના કે કાંઠાના ભાગમાં કાણું પાડીએ તો શું થાય?

શિષ્ય કહે : તો પણ તુંબડી ડૂબી જાય.

ગુરુજી કહે : તુંબડીમાં કાણું ક્યાં પડ્યું છે તે મહત્ત્વનું નથી પણ કાણું પડ્યું છે તેથી તુંબડી અવશ્ય ડૂબવાની જ.

તેમ...જીવનમાં કયો કષાય ઉદયમાં આવ્યો તે મહત્ત્વનું નથી. પણ કષાય આવ્યો અને તેમાં જીવ ભળ્યો એટલે આત્મા ભવસાગરમાં ડૂબવાનો નક્કી જ. તેથી ચારેય કષાયો ભયંકર છે.

તેમાં સૌથી પ્રથમ ક્રોધ, જે શરૂ થાય છે મૂર્ખતાથી અને છેવટે પશ્ચાત્તાપમાં પરિણમે છે. અને ક્રોધાવિષ્ટ અવસ્થામાં તન અને મનની કેટલીયે શક્તિઓ ભસ્મીભૂત થઈ જાય છે.

આજનો માનવી ભરઉનાળે ૪૬ ડિગ્રી ગરમી વચ્ચેય પાણીને ફ્રીજ દ્વારા શીતલ બનાવી શકે છે. ફ્રીજરમાં મૂકી બરફ બનાવી શકે છે. દૂધને આઈસ્ક્રીમ બનાવી શકે છે, ઉષ્ણતાની પરાકાષ્ઠા વચ્ચેય એ.સી. દ્વારા તે મકાનને ઠંડું રાખી શકે છે.

પણ કમનસીબી એ છે કે મકાનને ઠંડું રાખતો માનવી મનને ઠંડું રાખી શકતો નથી. પાણીને શીતલ બનાવનાર માનવી સ્વભાવને શીતલ બનાવી શકતો નથી અને દૂધને કોલ્ડ બનાવનાર કાળજાને કોલ્ડ બનાવી શકતો નથી.

ગુસ્સો કરનાર માણસ ઈરાદાપૂર્વક ગુસ્સો કરે એવું લગભગ નથી હોતું. પણ જેમ કાર ડ્રાઈવર રાજમાર્ગ પર કાર ચલાવતો હોય ત્યારે તેનો આશય અકસ્માત સર્જવાનો ન હોવા છતાં કાર પરનો કાબૂ ગુમાવે ને અકસ્માત સર્જાઈ જાય તેમ વાદવિવાદ કરતાં દિમાગ પરનો કાબૂ ગુમાવે તો જોરદાર અકસ્માત સર્જાય. અને સંબંધોના કાયમી અગ્નિસંસ્કાર થઈ જાય.

ક્રોધ એ તાવ જેવો છે. તાવમાં શરીર ગરમ થાય તેમ ક્રોધમાંયે ઉષ્ણતામાન વધે. તાવમાં ભોજન પ્રત્યે અરુચિ થાય, તાવમાં વ્યક્તિ પ્રત્યે અરુચિ થાય. બંનેમાં અસંબદ્ધ બકવાસ થતો હોય છે. મેલેરિયા વગેરેમાં તો પહેલાં કળતર વગેરે થાય પણ ક્રોધ તો અચાનક ફાટી નીકળતા પ્લેગ અને કોલેરા જેવો છે. છેલ્લી ઘડીએ પોતાની ઓળખાણ આપનાર કેન્સર જેવો છે અને આવીને ભારે નુકસાની સર્જી જાય છે.

ક્રોધથી બચવા નીચેના ૩ ઉપાયો અજમાવવા :

(૧) મારે ક્રોધ નથી જ કરવો તેવો મક્કમતાપૂર્વકનો નિર્ણય રોજ સવારે ઊઠી કરવો.

(૨) ક્રોધ આવી ન જાય તેની સતત તકેદારી રાખવી.

(૩) ક્રોધથી થયેલ નુકસાનનું વારંવાર ચિંતન કરવું.

એક યુવાન સ્વભાવે ખૂબ ક્રોધી. ધાર્યું ન થતાં દિમાગ બગડેલા સ્ટવની જેમ ભડકે બળે. એને એલફેલ બોલતાંય વાર ન લાગે અને બધાની વચ્ચે ઝઘડો કરતાંયે વાર ન લાગે. એ સ્વયં પોતાના આ ઉગ્ર સ્વભાવથી કંટાળી ગયો હતો. પણ ''આદત સે મજબૂર'' તે ક્રોધ કરી બેસતો. નાની નાની બાબતોમાં ઊકળી પડતો.

ઘરમાં વસ્તુ અસ્તવ્યસ્ત પડી હોય તો ગુસ્સો, કોઈ પૂછ્યા વગર વસ્તુ લઈ લે તો ગુસ્સો, ઘરમાં કોઈ મોટા અવાજે બોલે તો ગુસ્સો, કોઈ મોડા સુધી ઊંઘે તો ગુસ્સો, કોઈ વણમાંગી સલાહ આપે તો ગુસ્સો, દીકરો નાપાસ થાય તો ગુસ્સો, માંગેલ વસ્તુ ન મળે તો ગુસ્સો, કામમાં ખલેલ પડે તો ગુસ્સો, કોઈ પાણી ઢોળે તો ગુસ્સો, દીકરો સાંભળે નહીં તો ગુસ્સો, દીકરી માને નહીં તો ગુસ્સો, ચા ઠંડી તો ગુસ્સો, દાળ મોળી તો ગુસ્સો, ઈચ્છા મુજબ જ્યાં ન થાય ત્યાં ગુસ્સો અને આ ગુસ્સાનું એક જ પરિણામ... સર્વત્ર અપ્રિયતા

*સૌજન્ય : "પ્રેમસુબોધ - હેલ્થ ટીપ્સ"*


**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ
- કોરા કોટન
- સુપરનેટ કોટા
- ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા
- જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ
- પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**

મીનલ દેઢિયા • 09930704743

KANCHI A Blend of Indian Heritage

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

# સરવાળો - બાદબાકી - ગુણાકાર ને ભાગાકાર

• દાદા ભગવાન •

જગતમાં ચાર વસ્તુ છે. સરવાળા-બાદબાકી એની મેળે જ થઈ રહે છે, કારણ કે પુદ્‌ગલનો સ્વભાવ છે. ગુણાકાર-ભાગાકાર પોતે કરે છે. તે શેષ વધે છે! મેર મૂઆ, નિઃશેષ ભાગાકાર કર તો ઉકેલ આવશે.

સરવાળા-બાદબાકી પુદ્‌ગલના છે. ગુણાકાર-ભાગાકાર (વ્યવહાર) આત્માના છે. રાગ ત્યાં ગુણાકાર, દ્વેષથી તેનો ભાગાકાર. ઊંચો થવું એ ગુણાકાર, નીચે થવું એ ભાગાકાર! રાતે ઓઢીને યોજના કરે છે, તે ગુણાકાર કરે છે. મેં પહેલાં ભાગાકાર કરવા માંડ્યો, તે નિઃશેષ ભાગાકાર કર્યો એટલે પૂરું થયું! ગુણાકાર ને ભાગાકાર, તે ક્યારેય પુદ્‌ગલના હતા જ નહીં, તે (વ્યવહાર) આત્માના જ છે. હવે તમે કહો, કે 'આ બરાબર નથી, આ તેમ નથી,' એટલે આ વિશ્રસાના ગુણાકાર થાય, તે પ્રયોગસા. આ પ્રયોગસા થઈને પછી મિશ્રસા થાય. મિશ્રસામાંથી પાછા વિશ્રસામાં જાય. 'કારણ પરમાણુ' એ પ્રયોગસા, 'રૂપક પરમાણુ' એ મિશ્રસા. પછી ફળ આપીને વિશ્રસા નિરંતર થયા કરે, પણ પ્રયોગસા થવાના બંધ થાય એટલે મિશ્રસા ઉત્પન્ન ન થાય, એટલે બધું બંધ થાય.

દેહને પોતાનું શરીર માને છે. આરોપિત ભાવ છે, એટલે જગત અવાસ્તવિક દેખાય. એટલે તે ગુણાકાર કરે ને પાછો ભાગાકાર કર્યા કરે! પુદ્‌ગલના સ્વાભાવિક પરમાણુ છે, પણ આત્માનો વિભાવિક સ્વભાવ છે. એટલે ગુણાકાર-ભાગાકાર, ભ્રાંત આત્માનો સ્વભાવ છે. ભાગાકારમાંજ ગુણાકારનું બીજ પડેલું છે ને ગુણાકારમાં ભાગાકારનું બીજ પડેલું છે, તેને આપણે 'ઘાલમેલ' કહીએ છીએ. આ જગતમાં સરવાળા-બાદબાકી-ગુણાકાર ને ભાગાકાર એ ચાર જ વસ્તુ છે. મોટાભાગના જીવો ભ્રાંતિમાં છે, તે નર્યા ગુણાકાર જ કર્યા કરે છે. બે રકમનો ગુણાકાર કરીએ ને મળતો ન આવે તો તેનું શું કારણ? આ જગત આખું સાંસારિક સુખથી ભરેલું છે ને તમને સુખ ન આવ્યું તો કંઈક ભૂલ રહી ગઈ છે, તેવી તમને સમજ ન પડે?

સવારના પહોરમાં સંયોગોના સરવાળા થવા માંડ્યા. અમે કોઈ વસ્તુના ભિખારી નથી, છતાં વ્યવહારમાં અમારી પાસે ભિખારીપણું કરાવ્યું (ગુણાકાર) ને બેબીને કહ્યું, કે 'જા બહેન, સ્વેટર લઈ આવો.' માગ્યું એ ગુણાકાર ને ''પહેર્યું'' એ સરવાળો થયો. તે જ આ સરવાળાની બાદબાકી થવાની તે કુદરતી છે, એટલે હવે ગરમી લાગે છે. તે 'સ્વેટર' કાઢી નાખવાનું મન થયું, તે ભાગાકાર. પછી 'સ્વેટર' કાઢી નાખ્યું, તે બાકબાકી થઈ. તે બાદબાકી થઈ, તે સંયોગી પુરાવા ઊભા થાય ત્યારે અમે કાઢી નાખ્યું.

'ફૉરિન' ના લોકો કહે, કે 'અહીંનાને પણ બધાને ગુણાકાર-ભાગાકાર-સરવાળા અને બાદબાકી આવડે કે ના આવડે?' દરેકને આવડે જ. આ જગતમાં આ ચાર જ વસ્તુ છે, પાંચમી કોઈ વસ્તુ છે જ નહીં. જે બીજી અનંત વસ્તુઓ તમને દેખાય છે, તે ચાર વસ્તુઓમાંથી જ ઉત્પન્ન થયેલી છે. મૂઆ, લોક બિવડાવ બિવડાવ કરે છે, 'લુચ્ચાઈ ન કરીશ, ચોરી ન કરીશ.' મૂઆ, આ કહેનારો કોણ? અને કરનારો કોણ? આ ચાર વસ્તુનું સ્વરૂપ સમજી લો. આખું જગત ભાગાકાર કરે છે. તે મીંડાં ઉપર મીંડાં ચઢાવે છે ને નીચે ઉતાર ઉતાર કરે છે, છતાં પાર નથી આવતો. અમારો ભાગાકાર તો નિઃશેષ થઈ ગયો છે. મીંડુ અમારે ચઢાવવાનું કે ઉતારવાનું રહ્યું જ નથી.

આપણે હિમાલય ઉપર જઈએ ને બરફ પડતો હોય ને જતાં જતાં કોઈક જગ્યાએ 'બુદ્ધ ભગવાન' જેવું પૂતળું દેખાય, બીજી જગ્યાએ બરફ પડ્યો હોય તે 'મહાદેવજી' ના દેરા જેવું દેખાય, ત્રીજી જગ્યાએ બરફમાં મહીં 'વૉશ-બૅસિન' દેખાય. બરફ બધે સરખો ના પડે? આ રાત્રે બરફ પડ્યો તે સરવાળો થયો અને સવારે સૂરજ ઊગે કે બધું ઓગળવા માંડે તે બાદબાકી થઈ. હવે 'બુદ્ધ' નું પૂતળું જોઈને બૂમો પડે, કે 'અલ્યા, બુદ્ધની મૂર્તિ!' તે ગુણાકાર કર કર કરે ને લોકોને કહે, કે 'અલ્યા, જુઓ પેણે બુદ્ધ ભગવાનનું પૂતળું છે.' ત્યાં બધા જોવા જાય ત્યારે ઓગળી ગયું હોય, તે વખતે મહીં ભાવ બદલાયા. તે ભાગાકાર થયો. અમારો ભાગાકાર નિઃશેષ હોય. 'સમભાવે નિકાલ' થાય તે 'નિઃશેષ ભાગાકાર' કહેવાય.

જુઓ ને, હવે એ જૈન પુદ્‌ગલ, વળી આ વૈષ્ણવ પુદ્‌ગલ, એ બધા પાછા વાંધા ઉઠાવનારા હોય! એને ભગવાને કહ્યું, કે 'આ પુદ્‌ગલ નડે છે તને.' એટલે વાંધો ના ઉઠાવવો જોઈએ. ''જ્ઞાની'' ગમે ત્યાં દર્શન કરવા જાય તો વાંધો ના ઊઠવો જોઈએ, કારણ કે એમની પાસે તો એક જ રીત હોય, વીતરાગતા! કોઈ પક્ષમાંય ના હોય, કશાયમાં ના હોય. એમની પાસે તો એક જ રીત હોય કે ગુણાકાર થયેલું હોય તેને ભાગીને સમાન કરે અને ભાગાકાર થયેલું હોય એને ગુણીને સમાન કરે! સામસામી ગુણાકાર-ભાગાકાર બે કરી નાખે, એટલે સરખું કરી નાખે, સમાન કરી નાખે; જ્યારે જગતને શું ગમે? ગુણાકાર એકલો જ ગમે. 'ભાગાકાર કેમ કર્યો?' કહેશે અને ''જ્ઞાની પુરુષ'' નું તો સમાન કરવાનું જ કામ, વીતરાગતા!

જડ એવી 'જ્યોમિટ્રી' છે, તેના 'થિયરમ' માં 'સૉલ્વ' થાય છે, તો આ 'થિયરમ' તારો 'સૉલ્વ' નહીં થાય? જડ તો 'વ્યવસ્થિત' અવળું આપીને જાય તો તે તમને 'જ્ઞાન' આપીને જાય અને 'વ્યવસ્થિત' સવળું આપીને જાય તો આપણને લહેર કરાવીને જાય. આપણને તો બન્નેય બાજુનો લાભ જ છે.

'ઑર્ગેનાઈઝિંગ' પુદ્‌ગલનું છે ને કરામતેય પાછી પુદ્‌ગલની છે, તો પછી તું શું કામ માથું મારે છે? એમાં શો ડખો કરવાનો? ડખો કરો તો ડખલ થઈ જાય. જો 'ઑર્ગેનાઈઝિંગ' આપણું હોત તો તે આપણો અભિપ્રાય કામનો. એટલે આમાં અભિપ્રાય વિલય થઈ જાય તો જ ઉકેલ આવે! ■

# નારાયણ સુધી પહોંચવાનો માર્ગ છે : દરિદ્રનારાયણની સેવા

*– સ્વામી વિવેકાનંદ*

• ડૉ. કિશોર સાધુ •

સ્વામી વિવેકાનંદ નામ સાંભળતાં જ બેચેન, નિરાશા અને દિશાશૂન્યતા અનુભવી રહેલા જનસમુદાયમાં આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસનો પ્રાણસંચાર થાય. આજે વિશ્વસમુદાય ભ્રષ્ટાચાર, ત્રાસવાદ, ભૂખમરો, પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. માનવ સમાજમાં લોકોની કોઈ નિશ્ચિત ધ્યેય વિના શક્તિઓનો દુર્વ્યય થઈ રહ્યો છે. ત્યારે સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધી વધુ પ્રસ્તુત છે. આ બંને મનીષીઓએ આજની મોં ફાડી ઊભેલી વિશ્વની વિકરાળ સમસ્યાઓના ઉકેલ બતાવ્યા છે. આ બંને મહાનુભાવો સદેહે નથી પણ તેમનું વિચારભાથું પુષ્કળ પ્રમાણમાં મૂકી ગયા છે. તેના વાંચન દ્વારા તેમને સમજવા અને જીવનઘડતરમાં ઉતારવા જોઈએ. હમણાં જ જાન્યુઆરી માસમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતી અને ગાંધીજીની પુણ્યતિથિ ગઈ.

મૃતપ્રાય-સાવ શિથિલ થયેલા રાષ્ટ્રમાં પુનરુત્થાન અને ભારતીય ધર્મનું નવજાગરણ કરી પ્રાણ પૂરનાર, રાષ્ટ્રીય જાગરુકતાનું ભગીરથ કામ કરનાર સ્વામી વિવેકાનંદનું સ્મરણ કરીએ.

૧૯મી સદીમાં ગુલામીમાં સબડતો, સઘળી આત્મશ્રદ્ધા અને આત્મસન્માન ખોઈ બેઠેલો વિરાટ ભારત દેશ ગોકળ ગાયની ગતિએ પ્રગતિ કરી રહ્યો હતો. આ અરસામાં ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩માં બંગાળના કોલકાતા શહેરમાં સ્વામી વિવેકાનંદનો જન્મ થયો. તેમના પતિ વિશ્વનાથ દત્ત વકીલ હતા. માતાનું નામ ભુવનેશ્વરી દેવી. સ્વામી વિવેકાનંદનું નામ હતું : નરેન્દ્રનાથ! તેમના ગુરુ હતા શ્રી રામકૃષ્ણ પરમહંસ.

ગુરુદેવ સાથેની સ્વામી વિવેકાનંદના જીવનની પ્રસ્તુત ઘટનામાંથી તેમને વેદાંત અને સંન્યાસીનું નવું રહસ્ય સાંપડ્યું. એ અરસામાં વેદાંત કઠોર તપશ્ચર્યા ગણાતી. વેદાંત એટલે સમાજ અને મનુષ્ય જાતિની સદંતર ઉપેક્ષા સેવવી, સંન્યાસી બની જંગલોમાં ભટકવું. પ્રેમ, ભક્તિ અને દયાભાવ જેવી કોમળ ભાવનાઓ આધ્યાત્મિક ઉન્નતિ માટે બાધક માનવામાં આવતી. પરિણામે આત્મકલ્યાણનો માર્ગ લેનાર વેદાંતી પોતે જગત અને માનવબંધુઓથી અલગ પડી જવાનો માર્ગ લેતો! આ અરસામાં...

એક દિવસ ગુરુદેવ શિષ્ય સમુદાયને વૈષ્ણવધર્મનું રહસ્ય સમજાવી રહ્યા હતા. શ્રી રામકૃષ્ણ પરમહંસે કહ્યું : "વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓએ ત્રણ વસ્તુઓ આચરવી જોઈએ. પ્રભુનામ માટે પ્રેમ, જીવમાત્ર પ્રત્યે દયા અને વૈષ્ણવ પ્રભુભક્તોની સેવા! ગુરુદેવને સત્સંગ દરમિયાન સમાધિ લાગી. સમાધિ અવસ્થામાં જ તેઓ બોલ્યા : 'જીવમાત્ર પ્રત્યે દયા! અરે પૃથ્વી ઉપર સળવળતો એક ક્ષુદ્ર કીડો વળી બીજા જીવો પ્રતિ દયા બતાવે? તું વળી દયા બતાવનાર કોણ? ના! એવું હરગીઝ નહીં! મનુષ્ય તો ઈશ્વરનું સ્વરૂપ છે. એના પ્રતિ દયા ન હોય. એની તો સેવા કરવાની હોય!'

નરેન્દ્રનાથે આ શબ્દો પકડી લીધા - ગુરુદેવના આ ઉપદેશમાંથી તેમને વેદાંત અને સંન્યાસીનું રહસ્ય સમજાયું. "સમાજના વર્તુળથી બહાર રહીને સંન્યાસી જે વેદાંત ધર્મનું આચરણ કરતો હોય તે જ વેદાંત ધર્મનું આચરણ સમાજની અંદર રહીને પણ કરી શકે. અને આપણા રોજબરોજના તમામ પ્રશ્નોના નિરાકરણમાં એનો વિનિયોગ થઈ શકે. મનુષ્યનો વ્યવસાય ગમે તે હોય, પરંતુ તેણે સમજી લેવું જોઈએ કે ઈશ્વર જ આ જગત અને જીવરૂપે વિકસી રહ્યો છે. પ્રત્યેક દેહધારી જીવ એક પળ પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી. માટે ઈશ્વર સ્વરૂપ સમા પૃથ્વી પર રહેલા મનુષ્યની સેવા કરવા તરફ સંન્યાસીએ પોતાની તમામ પ્રવૃત્તિઓ વાળવી જોઈએ.

તેમણે નારાયણ સુધી પહોંચવાનો માર્ગ દરિદ્રનારાયણની સેવામાં જોયો. દરિદ્રનારાયણની સેવાનો સંકલ્પ ધારણ કરી સંન્યાસી નરેન્દ્રનાથે વિવિધ નામ ધારણ કરી પગપાળા જ ભારતભ્રમણ કરવા માંડ્યું. ભારતભ્રમણ દરમિયાન મહાન વેદાંતની ફિલસૂફીને જન્મ આપનાર આ રાષ્ટ્રમાં ત્યાગ, બલિદાન અને સેવા ભાવનાનો અભાવ જોયો. લોકોમાં અજ્ઞાન, ગરીબી, રોગ અને પામરતાનાં અનિષ્ટો પ્રત્યક્ષ નિહાળ્યાં. સન ૧૮૮૭ થી ૧૮૯૩ સુધીના પરિવ્રાજક જીવને તેમને નવી દૃષ્ટિ આપી. 'સંન્યાસીનો જન્મ તો આત્માના મોક્ષ માટે અને જગતના હિત માટે થયો છે. અન્ય લોકોનું ભલું કરવા માટે પોતાના જીવનની આહૂતિ આપવી, લોકોના દુઃખનું નિવારણ કરવું, વિધવાનાં આંસુ લૂછવાં, સંતાન ખોઈ બેઠેલી માતાઓને સાંત્વન આપવું, તેમને પગભર બનાવવાં. જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી તમામ મનુષ્યોના હૃદયમાં રહેલ બ્રહ્મરૂપી સિંહને જગાડવો." ભારતીય જનસમુદાયમાં સૂતેલા સિંહને જગાડવા, ભારતના રાષ્ટ્રીય જીવનમાં સર્વતોમુખી જાગરુકતા લાવવા અનેક દુઃખો સહન કર્યાં. દેશના અર્ધભૂખ્યા, રોગી, ગરીબીમાં સબડતા લોકોને જોઈને તેમને ભારે વેદના થઈ.

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)

આરોગ્ય

## હૃદયરોગમાં તનાવ

# ભાવાત્મક કારણો

• ડૉ. રમેશ આઈ. કાપડિયા •

કૉરોનરી હૃદયરોગની સમસ્યા વિશે આપણે વિચાર કરવો છે, ત્યારે તેનાં ભાવાત્મક કારણો સમજવાં પડશે. ભાવાત્મક કારણોમાં પ્રમુખ છે અળગાપણું અને આપણા સ્વભાવનાં કેટલાંક લક્ષણો.

- **અળગાપણું :**

અળગાપણું એટલે શું તે આપણે બરાબર સમજી લઈએ. આપણે જેને એકલતા કે એકાંતપ્રિયતા કહીએ છીએ એ ખરેખર અળગાપણું નથી. કોઈ વ્યક્તિ એકાંતમાં સમગ્ર વિશ્વ સાથે ઐક્ય અનુભવી શકે. જ્યારે બીજી કોઈ વ્યક્તિ ભરમેદનીમાં, કુટુંબીજનો, સાથીઓ અને મિત્રોની વચ્ચે રહેવા છતાં પણ અળગાપણું અનુભવે.

વ્યક્તિ એનાં કુટુંબીજનોથી, સમાજથી અને વ્યવસાયમાં સાથે કામ કરતા લોકોથી અનેક રીતે અળગાપણું અનુભવે છે. જેમ કે પોતે સૌથી હોશિયાર છે અને સફળ છે એમ માનવું, એની હોશિયારીની યોગ્ય કદર થતી નથી એમ માનવું, વ્યવસાયમાંથી નિવૃત્ત થયા પછી એને જોઈએ એવું માન નથી મળતું એમ માનવું, બધાં એનું કહ્યું નથી કરતાં અને સહકાર નથી આપતાં, એની અવગણના કરે છે એમ લાગવું, બધી તરફથી અન્યાય થતો લાગે એવી લાગણી થવી, સંતાનો સાથે બરાબર મેળ ન ખાવો, એ બધા અળગાપણાના જ પ્રકાર છે. ઘણીવાર આખી દુનિયા નૈતિક મૂલ્યો ભૂલી ગઈ છે, કોઈ પર વિશ્વાસ મૂકી શકાય એમ નથી, એવા વિચારોમાં ડૂબી જવાથી પણ અળગાપણાની લાગણીનો અનુભવ થાય છે. હરીફાઈનું કોઈ પણ ક્ષેત્ર અળગાપણાને પોષે છે. તેવી જ રીતે સત્તાનો ગર્વ પણ અળગાપણાને જન્મ આપે છે.

વ્યક્તિ પોતે જે માને છે તે જ સાચું છે અને બીજા બધા ખોટા છે, અથવા બીજા એની સાથે સંમત ન થાય તો એ બધાના વિચારો ભૂલભરેલા છે એમ માનવું એ એક જાતનું અળગાપણું જ છે.

કોઈ સાધનસંપન્ન અને સત્તાધારી વ્યક્તિ એમ વિચારે કે જો હું બીમાર પડીશ તો જરૂર પડ્યે જગપ્રસિદ્ધ નિષ્ણાતોની સલાહ લઈ સારો થઈ શકીશ. વધુમાં તે એવું પણ માને કે ખૂબ પ્રસિદ્ધ ડૉક્ટર જ તેની સારવાર કરી શકે. આને પણ અળગાપણું જ કહેવાય.

વિજ્ઞાન હવે સ્પષ્ટ રીતે સમજાવે છે કે આપણે સહુ ભિન્નભિન્ન વ્યક્તિઓ છીએ તેમ છતાં અન્ય એક સ્તરે આપણા સૌમાં એકસમાન તત્ત્વ રહેલું છે. આપણું ભિન્ન સ્વરૂપ એ સમાન તત્ત્વનો આવિષ્કાર છે, જે સમય અને કાળમાં મર્યાદિત છે, નશ્વર છે. જે સ્તરે આપણે સૌ એક છીએ એ તત્ત્વ અમર્યાદિત અને શાશ્વત છે. આવિષ્કાર થયેલું મૂળતત્ત્વથી જેટલું દૂર થાય તેટલી અળગાપણાની ભાવના તીવ્ર થાય છે અને તે માંદગીને નોતરે છે. જ્યારે આવિષ્કાર થયેલું સ્વરૂપ મૂળતત્ત્વને ઓળખતું થાય છે ત્યારે તમામ વિષમ ભાવો શમી જાય છે. અદ્‌ભુત શાતા અનુભવાય છે અને તંદુરસ્તીનો માર્ગ મોકળો થાય છે.

બાહ્ય આવિષ્કારમાં શરીર અને મનની અનેક પ્રવૃત્તિઓ મૂળતત્ત્વને ઢાંકી દે છે. હિમાલયમાં ધર્મશાળામાં દલાઈ લામાને ધ્યાન શીખવનાર ગુરુને મળવાની તક મળી. એમણે એક અદ્‌ભુત વાત કરી. જરા વિચારો : ઈર્ષા, હરીફાઈ, ક્રોધ, દ્વેષ, તિરસ્કાર આ બધા દુર્ગુણોનું મૂળ શું? સામી વ્યક્તિ તમારાથી જુદી છે અને તમે એનાથી જુદા છો એવી જુદાપણાની ભાવનામાંથી ઉપરના દુર્ગુણો ઉદ્‌ભવે છે.

આ સમજવા એક દર્દીનો પ્રતિભાવ તપાસીએ. દર્દીએ કહ્યું, 'ડૉક્ટર, યુનિવર્સલ હીલિંગનો કાર્યક્રમ જે દિવસે તમે ચાલુ કર્યો (૨-૧૦-'૯૧) તે દિવસે તમારું પહેલું વક્તવ્ય સાંભળીને મેં તમને કહ્યું હતું કે, મને આજે જડીબુટ્ટી મળી. હું મિતાહારી, શાકાહારી, મારું સપ્રમાણ વજન અને કોઈ પણ કુટેવ નહીં. લોહીમાં કોલેસ્ટેરૉલનું પ્રમાણ નૉર્મલ. ડાયાબિટીસ કે બ્લડપ્રેશર નહીં, વંશપરંપરાગત વલણ નહીં અને છતાં મને ઍટેક આવેલો. તેનું કારણ મને કોઈ સમજાવી શક્યું ન હતું. પણ તમે તમારા વક્તવ્યમાં જે લક્ષણોની વાત કરી, સ્વભાવની ઉગ્રતા, નરી સ્વાર્થવૃત્તિ અને તિરસ્કારભર્યું ટીકાત્મક વલણ, ત્યારે મને મારી જાતનું અવલોકન કરવાનું મન થયું. હું કેટલો દુરાગ્રહી હતો. હું જે કરતો કે કહેતો તે જ સાચું અને એ જ રીતે મારાં કુટુંબીજનો અને સાથીઓ વર્તે એવો આગ્રહ રાખનારો, અજાણતાં જ મને નુકસાન કરી બેસતો હતો. ચાર વર્ષમાં ઘણું શીખ્યો. હવે પૂર્ણ રીતે સ્વસ્થ જીવન જીવું છું. પણ ગઈકાલે મારા એક મિત્રનો દીકરો અમેરિકાથી આવ્યો. કેટલો પરિશ્રમ કરી તેનું જીવન સફળ બનાવી શક્યો છે તે વાત સાંભળીને હું ખૂબ ગર્વિત થયો. પણ એના ગયા પછી મને વિચાર આવ્યો કે એ જ ઉંમરના મારા દીકરાઓ મારી સંપત્તિને લીધે મારી ઓથમાં કેવું પ્રમાદભર્યું જીવન જીવે છે! આ વિચાર આવતાં મારો જૂનો અલ્સરનો દુખાવો ઊપડ્યો. ઘડીભર થયું કે આ હૃદયનો દુખાવો તો નહીં હોય ને! પણ મેં એન્ટાસીડ અને મનને શાંત કરવાની દવા લીધી. તેથી મને આરામ

મળ્યો. પછી હું તરત સજાગ થયો. મેં શવાસન અને ધ્યાન કર્યાં અને મને આરામ લાગ્યો. ડૉક્ટર, મને આ લાગણી થઈ તેમાં તમે વર્ણવેલાં લક્ષણો જ હશે ને?' ઈર્ષા અને હરીફાઈનું નિરસન કેટલું મુશ્કેલ છે અને તે કેટલાં હાનિકારક છે એ આ દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે.

અળગાપણામાંથી ઉદ્ભવતી ઉદાસીનતા ક્રોધ, સ્વાર્થવૃત્તિ અને તિરસ્કારભરી ટીકાવૃત્તિને પોષે છે. આ બધાં લક્ષણોને ડૉ. ડીન ઑર્નિશે કૉરોનરી હૃદયરોગ માટે ઝેર સમાન ગણાવ્યાં છે. ઝેર એટલા માટે કે આ વૃત્તિઓથી કૉરોનરી ધમનીઓ સંકોચાય છે અને સાંકડી બને છે. વધુમાં લોહીના ઘટકોની ચીકાશ વધતાં લોહી વધુ ઘટ્ટ બને છે. એટલું જ નહીં, પણ અનુકંપી તંત્ર સતેજ થવાથી હૃદયના ધબકારા અનિયમિત બને છે અને તેમ થતાં કોઈ વાર વ્યક્તિનું એકાએક મૃત્યુ થઈ શકે છે.

અળગાપણાને ઓળખવું એ અળગાપણામાંથી છૂટવા માટેનું પ્રથમ પગથિયું છે. વ્યક્તિ જ્યારે અળગાપણું અનુભવે છે ત્યારે એ અસાધારણ માનસિક અને શારીરિક થાકની ફરિયાદ કરે છે. અનિદ્રા, ચીડિયાપણું, ચામડીનાં દર્દો, ખરજવું, સોરાયસિસ વગેરે પણ અળગાપણાને કારણે હોઈ શકે. ભૌતિક પ્રગતિના આ યુગમાં અત્યંત સફળતા કે નિષ્ફળતા બંને બાબતો વ્યક્તિને અળગી બનાવી શકે છે.

### ● વેરવૃત્તિ (hostility)

પ્રચલિત અર્થમાં વેરવૃત્તિ એટલે કોઇના પર વેર રાખવું કે દુશ્મનાવટ રાખવી એવો થાય. વિશાળ અર્થમાં સ્વભાવની ઉગ્રતા, અસહિષ્ણુતા, નિરર્થક અણગમો, ચીડિયાપણું, વિચારોની આક્રમકતા અને નજીવા કારણસર અનહદ ગુસ્સાનો સમાવેશ પણ વેરવૃત્તિમાં થાય છે. સહનશક્તિને આપણે સામાન્ય રીતે ગુણ સમજીએ છીએ પણ અંદરથી બળાપો રાખીને સમસમીને બેસી રહેવું કે સહન કરવું એ સાચી સહનશક્તિ નથી પણ એક પ્રકારના દબાયેલો ગુસ્સો જ છે. આવી સહનશક્તિની પણ હૃદય ઉપર આક્રમક ગુસ્સા જેવી જ માઠી અસર થાય છે.

વેરવૃત્તિનાં અનેક કારણો હોઈ શકે. બાળકના ઉછેર દરમિયાન માબાપની હૂંફ ન મળતાં એ અસલામતીની લાગણી અનુભવે છે. નાનપણમાં કુટુંબના અન્ય સભ્ય તરફથી અને અભ્યાસકાળ દરમિયાન સહાધ્યાયીઓ અને શિક્ષકો તરફથી નાનામોટા અન્યાયના અનુભવો થયા હોય તેવું બાળક મોટું થતાં આખા જગતને કડવી નજરે જુએ છે અને કંઈ પણ અણગમતું અથવા અણધાર્યું બનતાં સારાયે જગત સાથે વેરવૃત્તિ બાંધે છે. આવી વેરવૃત્તિ સ્વભાવની ઉગ્રતા, નાનીનાની વાતમાં ગુસ્સો, સ્વાર્થવૃત્તિ અને ટીકાત્મક વલણમાં પરિણમે છે.

આ પ્રકારના સ્વભાવથી વ્યક્તિ સમૂહમાં હોવા છતાં સર્વને તિરસ્કારની નજરથી જોઈને અળગાપણું અનુભવે છે. આ અળગાપણું એને કોરી ખાય છે. એની અસર ઓછી કરવા એ તમાકુ, સિગારેટ કે દારૂનો આશરો પણ લે છે જે હૃદયરોગની શક્યતામાં વધારો કરે છે.

### ● સ્વભાવની ઉગ્રતા :

ટીકાત્મક વલણ, ક્રોધ, મતાગ્રહીપણું, ઉશ્કેરાટ, આક્રમકતા — આ લક્ષણો સ્વભાવની ઉગ્રતાનું પ્રમાણ દર્શાવે છે.

**૧. ટીકાત્મક વલણ :**

★ તમારી પડોશમાં કાંઈ નવી ખરીદી થાય તો તમે મનમાં બળો છો? તમે તેના દોષો શોધવા પ્રયત્ન કરો છો?

★ જ્યારે લિફ્ટ તમારી ધારણા મુજબ પાછી વળતી નથી ત્યારે ઉપરના માળે જેણે રોકી રાખી હોય તેની આ હરકત પ્રત્યે તમારા વિચારોને કેન્દ્રિત કરો છો?

★ તમારા મિત્ર અથવા કુટુંબના સભ્યોને તમે સોંપેલું કામ તે બરોબર કરે છે કે કેમ તે જોવા વારંવાર ખાતરી કરો છો?

**(૨) ક્રોધ**

★ ટ્રાફિક જામ વખતે અથવા બૅન્ક કે રેલવેની ટિકિટ બારીએ લાઈન ધીમેધીમે ખસે તો તમારા હૃદયના ધબકારા કે શ્વાસ ઝડપી થઈ જાય છે?

★ જ્યારે નાની નાની વાતમાં કાંઈ ખોટું થાય, ત્યારે જગતને ઝૂડી નાખવાનું મન થાય છે?

★ જ્યારે કોઈ તમારી ટીકા કરે ત્યારે ઉશ્કેરાઈ જાઓ છો?

**(૩) મતાગ્રહ, ઉશ્કેરાટ, આક્રમકતા :**

★ ઉપરના માળે ગયેલી લિફ્ટને પાછી આવતાં વાર લાગે તો તેનું બારણું / જાળી પછાડવાનું મન થાય છે?

★ કોઈ તમારી સાથે ગેરવર્તાવ કરે તો જેવા સાથે તેવા થવાની ભાવનાથી તમે બદલો લેવાની તક શોધો છો?

★ ટી.વી.માં સમાચાર જોતી વખતે તમે વારેવારે બબડો છો?

જો તમારા જવાબ દરેક વિભાગમાંથી છેવટે એક અથવા બધા મળીને ચાર અથવા વધુ હકારમાં હોય તો શક્ય છે કે તમારામાં ઉગ્રતાનું પ્રમાણ ઊંચું હશે.

### ● સ્વાર્થવૃત્તિ :

આ પ્રકારનું વલણ અસલામતીની ભાવનામાંથી જન્મે છે. વ્યક્તિને પોતાના સુખ માટેની અસલામતી લાગતાં એ બીજા કશાનો વિચાર ન કરતાં, સામાને નુકસાન પહોંચે તેની સહેજ સરખી પરવા કર્યા વિના, પોતાનો સ્વાર્થ ઝંખે છે. આવી વૃત્તિ સ્વાર્થવૃત્તિ ગણાય છે અને તેનાથી પણ હૃદયને હાનિ પહોંચે છે.

### ● દોષદૃષ્ટિ :

વ્યક્તિ જ્યારે બધી જ વસ્તુઓમાં ખોડખાંપણ શોધે, સામાન્ય દૃષ્ટિએ સારી લાગતી વસ્તુઓમાં પણ કંઈક દોષ જુએ, તેને દોષદૃષ્ટિ કહેવામાં આવે છે. જીવનમાં વિશ્વાસ યા આસ્થા ન રહેતાં વ્યક્તિનું દૃષ્ટિબિંદુ જ કલુષિત થઈ જતાં આવું બને છે.

# અમૃત તુલ્ય ઔષધ મધ

• વૈદ્ય મનુભાઈ ગોદાની •

કફથી ઉત્પન્ન થતા રોગોમાં વૈદ્યો ઔષધની સાથે મધનું અનુપાન ગોઠવતા હોય છે. અનુપાન એટલે સહાયક ઔષધ. મૂળ ઔષધના ગુણને વધારતા સહાયક ઔષધને અનુપાન કહેવામાં આવે છે. અનુપાનરૂપે પ્રયોજાતું સહાયક ઔષધ પણ અનેક ગુણ ધરાવતું હોય છે. આમ તો કફનાશક ઔષધોમાં મધ એ ઉત્તમ ઔષધ છે જ. ઉપરાંત આપણે જેને 'પંચામૃત' કહીએ છીએ, તેમાનું એક મધ પણ હોવાથી તે અમૃત તુલ્ય ઔષધ વિશે આ વખતે લખવાનો ઉપક્રમ છે.

મધ એ અનુપમ અને ગુણ સમૃદ્ધ ઔષધ છે. ગુણ સમૃદ્ધ એટલા માટે કે, તેમાં અનેક ગુણ રહેલા છે. મધ ઉત્તમ કફનાશક ઔષધ છે. આમ તો ગળી ચીજો કફ કરનારી હોય છે. પરંતુ મધમાં રહેલ રૂક્ષ ગુણને લીધે તે કફનો નાશ કરે છે. મહર્ષિ સુશ્રુતે મધને 'બૃંહણ' કહ્યું છે. બૃંહણનો અર્થ થાય શરીરને પૃષ્ટ કરનાર. આયુર્વેદના ગ્રંથોમાં મધને યોગવાહી પણ કહેવાયું છે. યોગવાહી એટલે જેના સંસર્ગમાં તે આવે તેના ગુણધર્મો પોતાનામાં સમાવી લે. બીજા ઔષધોના ગુણધર્મો પોતાનામાં સમાવી લેવાની શક્તિને યોગવાહી કહેવામાં આવે છે. મધના આ યોગવાહી ગુણને લીધે જ તે અનેક ઔષધો સાથે વિભિન્ન રીતે ઘણા રોગોમાં પ્રયોજાય છે.

મધ સામાન્ય રીતે તલના તેલ જેવું કથ્થઈ રંગનું ઘટ્ટ, મધુર, શીત, રૂક્ષ, ગ્રાહી, ચક્ષુષ્ય એટલે નેત્રોને માટે હિતાવહ, રુચિ ઉત્પન્ન કરનાર, જઠરાગ્નિ પ્રબળ કરનાર, વ્રણને શુદ્ધ કરી રૂઝવનાર, રંગ સુધારનાર, મેધાકર, શ્રમહર એટલે થાક ઉતારનાર, વૃષ્ય એટલે કામશક્તિ વધારનાર, કોઢ, મસા, કફના રોગો, કૃમિ, મદ, પિત્ત, રક્તદોષ, ઊલટી, અતિસાર, દાહ, મેદના રોગો, ક્ષય, હેડકી, ત્રિદોષ, આફરો તથા બળબંધનો નાશ કરે છે.

આધુનિક મતે મધ વિભિન્ન પ્રકારની શર્કરા-સાકર તત્ત્વોનું અથવા બીજા શબ્દોમાં કાર્બોહાઈટ્રેડનું મિશ્રણ છે. મધમાં રહેલાં આ તત્ત્વો શારીરિક શક્તિ વધારે છે અને થાક દૂર કરે છે તથા તેનો ઔષધરૂપે ઉપર્યુક્ત રોગમાં વિભિન્ન રીતે ઉપયોગ થાય છે. મધની મધુરતા અધિકાંશતઃ તેમાં રહેલ દ્રાક્ષશર્કરા-ગ્લુકોઝ અને ફલશર્કરા ફ્રુકટોઝને આભારી છે. આ કાર્બોહાઈટ્રેટની અધિક માત્રાને કારણે જ મધ ૧૫થી ૨૦ મિનિટમાં જ શરીરમાં સાત્મ્ય બને છે અને ખૂબ ઝડપથી શરીરમાં શક્તિનો સંચાર કરે છે. મધ ઝડપથી શરીરમાં સાત્મ્ય થતું હોવાથી, પાચનતંત્રના વધારાના શ્રમની બચત કરે છે.

આપણા દેશમાં એક લોલિંબરાજ નામના વિદ્વાન વૈદ્ય થઈ ગયા. તેમણે પોતાની પ્રિયતમાને ઉદ્દેશીને લખેલા 'વૈદ્યજીવન' નામના લઘુ પુસ્તકમાં મેદ-ચરબી ઘટાડવાનો ઉપચાર જણાવતાં લખ્યું છે કે, પ્રાતઃકાળે શીતળ જળમાં મધ નાખીને પીવામાં આવે તો સ્વયં ગણપતિ પણ મેદ-શેષ બની જાય. એટલે કે ગણપતિનો પણ મેદ ઓગળી જાય.

કેટલાક અહિંસાના પૂજારીઓએ તેને ત્યાજ્ય પણ ગણ્યું છે. તેનું કારણ એ પણ હોઈ શકે કે પહેલાંના જમાનામાં મધ મેળવવામાં સેંકડો માખીઓ અને તેનાં ઇંડાની હિંસા થતી હતી, પરંતુ આજે આધુનિક પદ્ધતિએ તેનો ઉછેર અને પ્રાપ્તિ થાય છે. તેમાં એક પણ માખી કે ઈંડાની હિંસા થતી નથી. એટલે તેને ઔષધરૂપે ત્યાજ્ય ન ગણતાં અપનાવવું જોઈએ.

મધ વિશે આટલા સંક્ષિપ્ત નિરૂપણ પછી તેના ત્રણ-ચાર પ્રયોગ બતાવી આ લઘુ લેખ પૂરો કરું છું.

- ★ એક ગ્લાસ શીતળ જળમાં બેથી ત્રણ ચમચી મધ નાખી સવારે નરણા કોઠે પીવામાં આવે અને તે સાથે જરૂરી પરેજી પાળવામાં આવે તો મેદ ઓગળી જાય છે.
- ★ પાણીમાં મધ નાખી કોગળા કરવામાં આવે તો મોઢાનાં ચાંદાં, મોઢાની દુર્ગંધ, પેઢા-મસૂડાનું પરૂ, દાંતનો દુઃખાવો મટે છે.
- ★ મધ અને સાકર બકરીના દૂધમાં નાખી પીવામાં આવે તો રક્તપિત્ત મટે છે.
- ★ ચાર ચમચી અરડૂસીના રસમાં બે ચમચી મધ નાખીને દિવસમાં બે વખત સવારે અને રાત્રે લેવાથી ઉધરસ મટે છે.
- ★ એકથી બે ચમચી મધમાં ચણા જેટલી ચોસઠ પ્રહરી પિપર મિશ્ર કરી સવારે અને રાત્રે લેવાથી કફના રોગો મટે છે.
- ★ એક ચમચી મધમાં અડધી ચમચી સીતોપલાદિ ચૂર્ણ મિશ્ર કરી સવારે અને રાત્રે આપવાથી બાળકની ખાંસી મટે છે.
- ★ આદુનો રસ અને મધ બંને બે-બે ચમચી મિશ્ર કરીને સવારે અને રાત્રે લેવાથી વાયુથી થતી સૂકી ઉધરસ મટે છે. ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

### શું ડિપ્રેશન ખરેખર બીમારી છે?

# મનના અવયવોમાં થતા શારીરિક ફેરફારો

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

લોકોમાં એક સામાન્ય સમજણ (કે ગેરસમજણ) એવી છે કે ડિપ્રેશનની (હતાશા/નિરાશા/depression) બીમારી માટે બાહ્ય પ્રસંગ કે ઘટના જ મહત્ત્વનો ભાગ ભજવે છે. લોકોની સમજણ (કે ગેરસમજણ) એવી છે કે ડિપ્રેશનની બીમારીમાં મનના અવયવોમાં શારીરિક ફેરફારો થતા નથી.

**● મનના અવયવોમાં શારીરિક ફેરફારો :**

છેલ્લા ત્રણ દાયકાઓમાં ન્યુરોલોજી તથા સાઈકિયાટ્રીના ક્ષેત્રમાં મહત્ત્વનાં સંશોધનો થયાં છે. આ સંશોધનોએ તારવણી કાઢી છે કે ડિપ્રેશન તથા અન્ય મનની બીમારીઓમા મગજમાં (બ્રેઈન - Brain) આવેલા મનના અવયવોમાં (Mind) (૧) કદ અને રચનામાં ફેરફારો થાય છે. (૨) ન્યુરોટ્રાન્સમિટર્સની (બે ન્યુરોન વચ્ચે સંદેશાઓની આપલે કરનારા રસાયણો-કેમિકલ્સ) માત્રામાં વધઘટ થાય છે (૩) મનના અવયવોના કાર્યોમાં આથી ખલેલ પહોંચે છે. (૪) મનનાં કાર્યોમાં (જેવા કે લાગણી, વિચારો, વાણી, વર્તણૂક, નિર્ણયશક્તિ, એકાગ્રતા, યાદશક્તિ વગેરે) ખલેલ પહોંચે છે.

વ્યક્તિને ડિપ્રેશન કે અન્ય મનની બીમારી થશે કે નહીં એ મનના અવયવોમાં થતા શારીરિક ફેરફારો પર આધાર રાખે છે બાહ્ય પ્રસંગ પર નહીં. આ શારીરિક ફેરફારો વ્યક્તિના કાબૂમાં નથી હોતા. એટલે ડિપ્રેશનની બીમારીનાં લક્ષણો પણ દર્દીના કાબૂમાં નથી હોતાં.

નીચે વર્ણવેલ કેસ પરથી ઉપરોક્ત મનોવૈજ્ઞાનિક હકીકત સ્પષ્ટ થશે.

**● કેસ સ્ટડી :**

૪૬ વર્ષની નિશાને છ એક મહિનાથી : (૧) માથું સતત દુઃખતું હતું, (૨) ભૂખ ઓછી થઈ ગઈ હતી, (૩) ચક્કર આવતા હતા, (૪) છાતીમાં દુખાવો રહેતો હતો, (૫) વારંવાર છાતીમાં હૃદયના ધબકારા વધી જતા હતા, (૬) જલ્દી થાકી જતી હતી, (૭) નબળાઈ લાગતી હતી, (૮) મુંઝવણ થતી હતી, (૯) રાતના ઊંઘ ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. આખી રાતમાં બે-ત્રણ કલાક જ ઊંઘ આવતી હશે.

(અ) મનમાં ખૂબ વિચારો આવતા હતા. (બ) નકારાત્મક વિચારો આવતા હતા. (ક) વાતવાતમાં રડવું આવતું હતું. (લેખકના કન્સલ્ટિંગ રૂમમાં પણ ત્રણ ચાર વખત રડી પડી હતી.) (ડ) કામ કરવાની ઈચ્છા થતી ન હતી. પરાણે જેમ તેમ ઘરનું કામકાજ કરતી હતી. (ઈ) પોતાની જાતને દોષિત/અપરાધી માનતી હતી. “મારે લીધે મમ્મીનું મૃત્યુ જલ્દી થયું.” “યોગ્ય સારવાર તેમજ સારસંભાળ હું કરતે તો મૃત્યુ ન થાત” “ભગવાન મને મોત આપે તો વધારે સારું.”

**● ઘટના :**

દસેક મહિના પહેલાં નિશાની મમ્મીને ગળામાં ગાંઠ થયેલ. હૉસ્પિટલમાં દાખલ કરી તપાસ (બાયોપ્સી-Biopsy) કરાવી. નિદાન થયું કે નિશાની મમ્મીને કૅન્સરની બીમારી છે. કૅન્સરની બીમારી આગળ વધી ચૂકી છે. સૌને આઘાત લાગ્યો કારણ કે આ પહેલાં નિશાની મમ્મીને બીજી કોઈ તકલીફ ન હતી. સારવાર છતાં બીમારી વધતી ગઈ. ચારેક મહિનામાં તો મમ્મીનું મૃત્યુ થયું. પરિવારજનોને ઊંડો આઘાત લાગ્યો.

મરણોત્તર વિધિ પતાવ્યા બાદ પરિવારજનો પોતાના રૂટિન જીવનમાં પરોવાઈ ગયા. પરંતુ નિશાને ધીમે ધીમે ઉપરોક્ત તકલીફો ચાલુ થઈ.

પિયર પક્ષે નિશાને બે ભાઈઓ તથા એક બહેન હતી. આ ત્રણેયને શરૂઆતમાં મમ્મીના મૃત્યુનો આઘાત લાગ્યો હતો. મન પર અસર થયેલ. પણ થોડા સમયમાં (બે અઠવાડિયાથી ઓછા સમયમાં) પોતાના રૂટિન કામકાજ તથા રોજિંદા જીવનવ્યવહારમાં લાગી ગયા. આ ઘટનાની અસરમાંથી તેઓ બહાર આવી ગયા.

નિશાના પતિ, બંને ભાઈઓ તથા બહેનોએ નિશાને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો કે મમ્મીની બીમારી જ એવી હતી. આપણે સૌએ બનતા પ્રયત્નો કર્યા. પણ જેવી ઈશ્વરની ઈચ્છા. આપણે સૌએ આ સત્ય સ્વીકારવું રહ્યું. આમાં તારી કોઈ ભૂલ નથી. તું પોતાની જાતને દોષિત ન માન.

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. નિશાની તબિયત બગડતી ગઈ. ફેમિલી ડોક્ટરની સલાહથી નિશા માટે લેખકનો અભિપ્રાય લીધો.

- **નિદાન :**

મનની બીમારીનું નિદાન શારીરિક અને મનનાં લક્ષણો પરથી થાય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના (W.H.O.) આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ CD - 10 મુજબ નિશાનો કેસ ડિપ્રેશનની બીમારીનો કેસ છે જેમાં નીચે પ્રમાણેના બધા મુદ્દાઓ છે.

(૧) શારીરિક તથા મનનાં લક્ષણો છે. અપરાધભાવ તથા મરવાના વિચારો પણ છે.
(૨) લક્ષણો બે અઠવાડિયાથી વધારે સમયથી છે.
(૩) રોજિંદા કામકાજ પર નકારાત્મક અસર છે.
(૪) પરિવારજનોના સમજાવવા બાદ પણ ઉપરોક્ત લક્ષણો ઓછાં થતાં નથી.

CD-10 તથા અમેરિકન સાઈકિયાટ્રિક એસોસિએશનના વર્ગીકરણ DSM-5 મુજબ ડિપ્રેશનની બીમારીના નિદાન માટે એક મહત્ત્વનો મુદ્દો છે કે નકારાત્મક પ્રસંગ/ઘટના થવી બનવી જરૂરી નથી.

- **સારવાર :**

હતાશા પ્રતિબંધક દવાઓ (Anti-Depressant Medication) દસ દિવસની સારવારમાં તો નિશાનું રડવાનું બંધ થઈ ગયું. ભૂખમાં વધારો થયો. માથાનો દુઃખાવો ઓછો થયો. છાતીમાં દુઃખાવો બંધ થયો.

દોઢ મહિનાની દવાઓની સારવારમાં તો લગભગ બધાં લક્ષણો (શારીરિક તથા મનનાં) કાબૂમાં આવી ગયાં. ઊંઘ નોર્મલ થઈ. કામ કરવાની સ્ફૂર્તિ આવી. નિશા પૂર્વવત કામકાજ કરવા લાગી. નકારાત્મક વિચારો બંધ થયા. વિચારો પર કાબૂ આવ્યો.

- **મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ :**

*(૧) મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા*

રિસર્ચ દ્વારા મનોવૈજ્ઞાનિક જાણકારી મળેલ છે કે ડિપ્રેશનની બીમારીમાં મગજમાં આવેલ મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, એમિગડેલા, હાઈપોથેલામસ, ડિપોકેમ્પસ વગેરેમાં) ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે આથી બે ન્યુરોન વચ્ચે સંદેશાની આપલેમાં ખલેલ પહોંચે છે તથા મનનાં કાર્યોમાં ખલેલ પહોંચે છે.

હતાશા પ્રતિરોધક દવાઓ (Anti-depressant Medication) દ્વારા આ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરાય છે. આથી ડિપ્રેશનની બીમારીનાં લક્ષણો કાબૂમાં આવે છે.

નિશાના કિસ્સામાં દવાઓની અસર આવતાં નિશા નોર્મલ થઈ. સમજાવવાને બદલે યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારની જરૂર હતી.

*(૨) નકારાત્મક પ્રસંગ/ઘટના મહત્ત્વનાં નથી :*

ડિપ્રેશનની બીમારી થવામાં જો નકારાત્મક ઘટના (મમ્મીનું મૃત્યુ) મહત્ત્વની હોય તો બંને ભાઈઓ તથા બહેનને ડિપ્રેશનની બીમારી થવી જોઈએ. પણ એવું થયું નથી. બંને ભાઈઓ તથા બહેન પર થોડો સમય માટે મન પર અસર થયેલ. પરંતુ આ અસરમાંથી તેઓ પોતાની રીતે નોર્મલ થયાં તથા રોજિંદા જીવન પર નકારાત્મક અસર ન થઈ.

પ્રસંગ/ઘટના ગમે તે હોય પરંતુ મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં જો ફેરફાર ન થાય તો ડિપ્રેશનની બીમારી કે અન્ય મનની બીમારી થતી નથી.

- **સારાંશ :**

(૧) ડિપ્રેશનની બીમારી એક બીમારી છે.
(૨) વિશ્વ આરોગ્ય સંસ્થાની વૈદ્યકીય આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ પુસ્તક (International classification of Diseases) ICD-10 માં તથા અમેરિકન સાઈકિયાટ્રિક એસોસિએશનના વર્ગીકરણ પુસ્તક DSM-5 માં ડિપ્રેશનની બીમારીના નિદાન માટે ઊંડાણમાં લક્ષણો તથા મુદ્દાઓનું વર્ણન કરેલ છે.
(૩) વિશ્વ આરોગ્ય સંસ્થાના વર્લ્ડ હેલ્થ રિપોર્ટ - ૨૦૦૧ પ્રમાણે ભારતની વસતિના ૯% લોકો ડિપ્રેશનની બીમારીનો ભોગ બને છે. ભારતમાં ૧૦ કરોડથી વધારે લોકો ડિપ્રેશનની બીમારીથી પીડાય છે.
(૪) ડિપ્રેશનની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના તથા કાર્યશક્તિ પર નકારાત્મક ફેરફારો થાય છે. આથી ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. જેને લીધે ડિપ્રેશનની બીમારીનાં લક્ષણો દર્દીમાં જોવા મળે છે.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

સમાજ ચિંતન

# સબસે ઊંચી પ્રેમ સગાઈ!

• રાઘવજી માધડ •

પ્રશ્ન અબોલ હતો, સવાલ શાંત હતો, સમસ્યા ચૂપ હતી પણ મૂંઝવણ મોટી હતી. તેમનું કહેવું હતું : 'જિંદગીના એક મહત્ત્વના વળાંક કે ટર્નિંગ પોઈન્ટ પર આવીને ઊભી છું. હા, આમ થવું, કરવું ફરજિયાત નથી પણ જીવનની જરૂરિયાત છે. પળાર્ધેક પછી ઘટસ્ફોટ કરતાં કહ્યું : 'સગાઈના ચોથા દિવસે કે મેરેજના મહિના પછી સઘળું તૂટવાના કે છૂટવાના આરે ઊભું રહે છે...' આવો સળગતો ને દઝાડતો સવાલ લાગણીશીલ ને સમજદાર યુવતીને થાય તે સ્વાભાવિક છે. તેને પ્રેમાળ ને શરમાળ પ્રતીક્ષા હતી તે દિવસ ઢોલ શરણાઈના સૂરને હરખના ઘોડાપૂર સાથે આવી ગયો હતો. મીઠી મૂંઝવણ તન-મનને પજવવા લાગી હતી. કોડભરી કન્યા ઈચ્છતી હોય છે કે, આવી મીઠી, મોંઘેરી અને મહામૂલી મૂંઝવણનો દિલના દરવાજે પદરવ ક્યા શુભ ચોઘડિયે થાય!

'શું થશે, કેવું રહેશે?' આ ઉચાટ કે ફફડાટ સમજી શકાય એવો હતો. પપ્પાનું આંગણ છોડી, પિયુના પાંપણ સુધી પહોંચી પારકાંને પોતાનાં કરવાનાં હોય છે. 'પપ્પાએ તેની જિંદગીની કમાણી ખર્ચી, મારાં કરિયાવરમાં કસર નથી રાખી.' તેના બોલવામાં વ્યથા નહીં, પપ્પાનું વહાલ વરસતું હતું. પણ સાચો કરિયાવર તો સમજ, સંસ્કાર ને શિક્ષણ હોય જ છે.

'બેટા! પછી વહાલથી પૂછ્યું : 'તું જયાં જવાની છો તે ઘરની ખબર છે!?' બંનેની અબોલતા વચ્ચે આંખો જ વાતો કરવા લાગી. તે ઘર તારા પાવક પદરવ પામવા ઉત્સુક છે. એક સમયે ગ્રામીણ ઘરના ઉંબરે પોંખાયેલી શહેરી કન્યા આજે સાસુમાના રૂપમાં તને સત્કારવા તત્પર છે. જે એક સમયે વહુ હતી, એ શહેરી કન્યાએ તદ્દન ગ્રામીણ પરિવેશમાં સંસાર માંડ્યો હતો. માથે પાણીનું બેડું લેવાનું, ધુમાડિયા ચૂલા પર રસોઈ કરવાની, સંડાસ-બાથરૂમની તો વાત જ નહોતી.

સંયુક્ત પરિવારમાં આ બધી અગવડો સાથે એકરૂપ થવું ભારે મુશ્કેલ હોય પણ તેમની સાસુએ સંભાળી લઈ, માતાની જેમ બધું શિખવાડ્યું, સમજાવ્યું. જરૂર જણાયે જાતે કર્યું. ક્યાંક આડો હાથ પણ રાખ્યો. આમ સાસુએ માતાની ખોટ પૂરી હતી. વહુમાં દીકરીને સાસુમાં માતા દેખાય તો પરિવારના પ્રશ્નો પ્રાર્થના જેવા થઈ જાય, માતાના મમત્વમાં મિલાવટ કે બનાવટ હોતી નથી. હા, સાસુ ટકોર કરશે, ભૂલ બતાવશે, જરૂર પડે સાથે રહી શીખવશે તે સ્વીકારવું પડશે. તેમનો અણિશુદ્ધ ભાવ તમારા સંસારને સુખી-સંપન્ન કરવાનો જ હશે. આવું તેમને વારસામાં મળ્યું છે. તેથી સો નહીં, સવાસો ટકાની વૉરંટી નહીં, ગેરંટી આપી શકાય તેમ છે.

જગતની દરેક જનેતા દીકરાનો સુખી ને હર્યોભર્યો સંસાર જોવા જ ઈચ્છતી હોય છે. તે જયારે વહુનાં પોંખણાં કરે છે ત્યારે તેના હૈયામાં ઊભરાતો હરખ કોઈ મીટરથી પામી કે માપી ન શકાય તેવો અમાપ હોય છે. તેમણે હળવેકથી કહ્યું : 'આ બધું મમ્મી પપ્પાએ સારી રીતે સમજાવ્યું છે.' પછી ઉમેરીને કહ્યું : 'મારે સુખી થવું એટલું જ નહીં, ઘરમાં સૌને સુખી કરવાનું શીખવ્યું છે.' જેને ઘર બાંધવું છે, તેના માટે અગવડ પણ અવસર બની જાય છે.

'તો પછી મૂંઝવણ શેની છે?' સામે મંદમંદ હસવા લાગી. કહેવાનું મન થયું કે, લગ્ન એ સંસ્કાર છે. હૃદય સાથેનો કરાર અને એકરાર છે. પ્રભુતામાં પગલાં પાડવાં તે તન-મનનું મિલનમંદિર છે. તેમાં પ્રેમ, હૂંફ, હાથ, સાથ ને વિશ્વાસનો વણલખ્યો વ્યવહાર છે. એકમેકની ખૂબીઓ અને ખામીઓનો સહર્ષ સ્વીકાર છે. પારસમણિ જેવો સ્પર્શ છે. કથીરને કંચન બનાવવાની કસોટીમાં તમે શિક્ષિત છો કે દીક્ષિત તેની પણ કસોટી થતી હોય છે. વહુ ઘરને પોતાનું સમજે, દિલથી સ્વીકારી લે, હું આ ઘર-પરિવારનું અભિન્ન અંગ છું, જ્યાં મારું-તારું મટી આપણું બને ત્યાં પણ પ્રશ્નો ગમતીલાં ગાણાં અને શાણા બની જતા હોય છે. આ વર વહુ — બંને પક્ષે એટલું જ લાગુ પડે છે.

'કેમ અટકી ગયા!?' સામે સવાલ કર્યો એટલે કહેવાનું મન થયું, 'ઘર નાની નણંદ, દિયર-દેરાણી કે જેઠ-જેઠાણી જેવાં પાત્રોથી વંચિત છે. ખટમીઠા ને મધુરા સંબંધો હવે અધૂરા થવા લાગ્યા છે. સંયુક્ત કુટુંબ સમણું બની ગયું છે ત્યારે તેવાં ભાવભર્યા પાત્રોની ખોટ કે ઓટ ઘરની નજાકત નહીં, કંગાલિયત ગણાય.'

વાતને આગળ વધારતાં કહ્યું : 'ભણતર સાથે ઘડતર થયું હોય તો ડિગ્રીનું ઘમંડ નહીં, તેમાં સમજનું બ્રહ્માંડ હોય. અધિકાર કે અહંકારનો ટકરાવ નહીં, સમજનો સૂર કે એકરાર હોય. એમ ન બને તો નિકટનો સંબંધ વિકટ ને ચોપાટ થઈ જાય.' ત્યાં વાતને કાપીને કહ્યું : 'હું

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ભણી છું, એટલું જ ગણી પણ છું!'

એક પીઢ સ્ત્રીએ તક ઝડપીને કહ્યું : 'જીવનના આ વળાંક પછી જ સ્ત્રીના વિવિધરૂપનું પ્રાગટ્ય થાય છે. જીવનસંગી થયાં પછી વહુ, ભાભી...કે સર્વોત્તમ એવા માતૃત્વપદની પ્રાપ્તિ થાય છે. કંઈક મેળવવા કેટલુંક ગુમાવવું પડે. પણ થોડું ગુમાવીને ઘણું મેળવવાનો આ સ્થિરતા ને સુરક્ષિતતા સાથેનો મનગમતો મુકામ છે.'

'વર કે ઘર જ નહીં, શહેર પણ મનગમતું હોય તેવી અપેક્ષા હવે સામાન્ય થઈ ગઈ છે.' ઉમેરીને કહ્યું : 'ભલે નામથી નહીં, કામથી ઓળખે, બ્લોક કે પ્લોટ નંબરથી ઓળખે પણ ગમતીલું ગાંધીનગર છે. હા, અહીં કાઠિયાવાડી સુવાણ કે મેળા-મળતાવડાપણાનો અભાવભર્યો સ્વભાવ છે પણ કોઈના પ્રત્યેનો કભાવ નથી. થોડો વખત ફાવે નહીં, ને એકલું અટૂલું લાગે પણ ફાવ્યા પછી બીજે ક્યાંય ન ફાવે એવું આ નગર હવે સાહિત્યિક ને સાંસ્કૃતિક ઓળખ ઊભી કરવા લાગ્યું છે.

દુનિયાભરના પ્રવાસીઓ મોંઘેરી મહેમાનગતિ માણી ગયા છે. અહીં આવનારને વસનારનો ઘસારો, નગરની નરવાઈ ને ગરવાઈના દસ્તાવેજ પર દસ્તખત કરે છે. પણ જ્યાં પ્રિયજનનો હૂંફાળો સાથ સંગાથ હોય, અસ્તિત્વનો સ્વીકાર હોય તે વેરાન વન પણ ઉપવન જેવું સોહામણું અને રળિયામણું લાગે. ટૂંકમાં કહેવું હોય તો, વરને ઘર હૃદયમાં રમી જાય પછી જગત ભલેને ભમી જાય, સઘળું સારું ને પ્યારું જ લાગે!'

એક ચિંતકે કહ્યું છે, જે ઘરમાં પુસ્તકો ન હોય, દીકરીને વિદાય ન કરી હોય તે ઘરમાં દીકરી આપતા પૂર્વે સો વાર વિચાર કરવો. વાત તદ્દન સાચી છે. પણ આ ઘરમાં નાનકડું પુસ્તકાલય છે તેમજ દીકરી વળાવ્યાનો લહાવો પણ લીધો છે. દીકરી શ્વાસ ને ઉચ્છવાસ જેવી હોય છે. લીધા વગર કે છોડ્યા વગર ચાલે નહીં. એક દીકરી વળાવીને બીજી દીકરીને સ્વીકારવાની છે. તફાવત એટલો છે કે, પેલી દીકરી જન્મી ત્યારથી તે પારકી હોવાનો ભાવ હતો ને બીજી દીકરી વહુ રૂપે આવી ત્યારથી પોતાની હોવાનો ભાવ પ્રગટાવવાનો હોય છે.

'કોઈ પ્રેમ કરીને પરણે, તારે તો પરણીને પ્રેમ કરવાનો છેને!' ત્યાં થોડી શરમ સાથે હસવા લાગી. પછી કહે : 'સગાઈ પછી એકબીજાના પ્રેમમાં ગળાડૂબ છીએ!' ત્યાં નહોતું બોલવું છતાંય બોલાઈ ગયું : 'સબસે ઊંચી પ્રેમ સગાઈ!' તે હસવા લાગી. સગાઈ બાદ રૂબરૂ મળ્યાં, પછી મોબાઈલના માધ્યમથી એકમેકને જાણવાનો, સમજવાનો પ્રયાસ કર્યો હોય છે.

ખૂબી ને ખામીઓને જાણી લીધી છે. હવે તો સમજનો સ્નેહપૂર્વક સરવાળો કરી જીવનને માણવાનો લહાવો લેવાનો છે. હા, ભૌતિક સુવિધાઓ સુખની ગેરંટી કે વોરંટી આપી શકતી નથી.

'આ મૂંઝવણ કોઈ એક દીકરીની નહીં, પણ સાસરે જતી દરેક દીકરીની હોય છે. તેમાં ઉન્નતિ હોય કે સામે અભિષેક હોય...પણ આ કાળજાળ સમયમાં પતિ-પત્ની જિંદગીના છેલ્લા શ્વાસ સુધીના સાથી દિલોજાન દોસ્ત બનો. શુભેચ્છાઓ સાથે આવો, આ ઘરમાં, અઢળક ઉમળકા સાથે સ્નેહભર ઉષ્માભર્યું સ્વાગત છે!

***સૌજન્ય : લેખક પોતે***

## નારાયણ સુધી પહોંચવાનો માર્ગ

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

દેશને સ્વાવલંબન અને પુનરુત્થાનના પંથે વાળવા, ભારતની વિજય પતાકાને વિશ્વભરમાં માનભેર ઊભી કરવામાં ભગીરથ ફાળો આપ્યો. ૧૮૯૩માં ૧૧ સપ્ટેમ્બરના રોજ અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદમાં સંબોધન માટે ગયા. ત્યારે નરેન્દ્રનાથમાંથી ખેતડીના મહારાજાની સૂચનાથી વિવેકાનંદ નામ કાયમ કર્યું. વિશ્વ ધર્મ પરિષદમાં ઉપસ્થિત રહી હિંદુ ધર્મનું હાર્દ સમજાવ્યું. વિશ્વભરમાં ભારતીય વેદાંતનું નવેસરનું અર્થઘટન સમજાવ્યું. વિશ્વભરમાં ભારતીયોનું ગૌરવ વધાર્યું. સ્વામી વિવેકાનંદે આધુનિક જગતના ઘડતર માટે, ભવિષ્યની પેઢીને રાષ્ટ્રની પ્રગતિ માટે, રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ માટે અનેક સૂચનો તથા અનિવાર્ય પથપ્રદર્શનો બતાવ્યાં છે. સફળ સંગઠનનું રહસ્ય, સંપથી એકમેકના સહયોગથી કાર્ય કરવાની શક્તિ ભારતમાં શા માટે નથી? રાષ્ટ્રીય ચારિત્ર્યની ખામીઓ દૂર કરવાના ઉપાયો, માનવજાતિને મૂંઝવતા ગંભીર પ્રશ્નોનો સચોટ ઉકેલ આ મહાન મનીષીએ આપ્યો છે.

૧૨ જાન્યુઆરી, ૨૦૧૬, ૧૫૩મી જન્મજયંતી. સ્વામી વિવેકાનંદના જીવન ઝરણામાંથી માનવતાના મૂળ ઝરણા સુધી પહોંચવાની કંઈક પ્રેરણા મળશે. તેમનો ભારત પ્રેમ વિશાળ માનવતામાંથી પ્રગટ્યો હતો તો માનવતાનું ઉદ્ગમસ્થાન વેદાંત દૃષ્ટિ હતી. આ વેદાંત દૃષ્ટિએ તેમને મનુષ્યતામાં 'દિવ્યત્વ' જગાડી એને માનવ સંસ્કૃતિના સર્વોચ્ચ શિખરે પહોંચાડે એવો ધર્મ પ્રબોધવાની મહાશક્તિ આપી...એ શક્તિમાંથી આપણે કંઈક પામીએ તો તેમની જન્મજયંતી સાર્થકતા પામશે.

સ્વામી વિવેકાનંદના જીવન ઝરણામાંથી માનવતાના મૂળ ઝરણા સુધી પહોંચવાની કંઈક પ્રેરણા મળશે.

***મદદનીશ પ્રકાશન અધિકારી***
***ગુજરાત રાજ્ય સહકારી સંઘ - અમદાવાદ***

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

# જાતને ઓળખીએ તો જગત સ્વર્ગ લાગે

● ડૉ. પ્રતાપ પંડ્યા ●

લેખનું શીર્ષક વાંચી કંટાળો આવે – કદાચ આધ્યાત્મિક અઘરી વાત હશે એવું લાગે તો હું સ્પષ્ટ કહું છું કે –

ભાઈ-બહેનો, એવી કોઈ અઘરી ચીકાશભરી જ્ઞાનની વાતો આ લેખમાં નથી અને મને એવું કાંઈ લખતાં આવડતું પણ નથી. કારણ કે હું સાહિત્યકાર, લેખક કે મોટો માણસ નથી, પણ તો લેખ શું કામ તમે લખો છો? એ પ્રશ્ન થશે.

સાવ સીધો સાદો પ્રાથમિક શાળાનો કાઠિયાવાડનો નિવૃત્ત શિક્ષક છું. અમરેલી અને આજુબાજુનાં ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓમાં વર્ષો સુધી શિક્ષણનું કામ કર્યું - ગરીબ, પછાત અને અન્ય જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર બાળકોને ભણાવ્યાં, વાલીઓ, અધિકારીઓ, બાળકોનો પ્રેમ લીધો. એ સિવાય કોઈ અપેક્ષા વિના બીજાંનાં બાળકોને પોતાનાં બાળકોની જેમ ભણાવ્યાં એટલે અમારાં બાળકો ભણ્યાં. ઉચ્ચ શિક્ષણમાં વધારે હોંશિયાર થયાં. અમે વડોદરા આવ્યાં - બાળકો અમેરિકા પહોંચ્યાં અને અમે પરમ સંતોષ લઈ કેલિફોર્નિયા ટેકસાસ (ડલ્લાસ) માં દર વરસે છ મહિના રહેવા આવતાં રહ્યાં. અમને ખૂબ આ દેશ ગમ્યો. શિસ્ત, શિક્ષણ અને સ્વચ્છતા વ્યવસ્થા, વહીવટ તો અદ્‌ભુત જોયાં. તેથી ભારતથી અમેરિકા આવવામાં છેલ્લે ગ્રીન કાર્ડ લેવામાં અમે અત્યંત પ્રસન્નતા અનુભવી.

મારે જે વાત કહેવી છે તે હવે આવે છે. આપણી માતૃભાષા ગુજરાતી, વતન ગુજરાત. એમાંય સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) માંથી અમેરિકા આવીને ખૂબ સારી રીતે સેટ થયા હોય એવા હજારો પરિવારને અહીં સંપ, સહકાર અને સાથે સુખ-દુઃખમાં પરસ્પર ઉપયોગી થઈ મોજ કરતા જોયા ત્યારે મને ખૂબ જ અંતરથી આનંદ થયો.

ચિ. ગૌરાંગ અમેરિકામાં H1 વિઝા પર આવીને જુદા જુદા સ્ટેટમાં જોબ કરી હાલ ડલ્લાસમાં સ્થિત થયો છે. ચિ. મનીષા પણ એચ-૧ પર આવી અને અહીં આ દેશમાં ખૂબ સારી રીતે જોબ કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી કેલિફોર્નિયામાં ઍપ્પલ કંપનીમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે જોબ કરે છે. આ બન્નેને અમેરિકા આવ્યે ૧૫ વરસ થયાં - અમે સાત વખત છ - છ મહિના રહ્યાં. બન્ને સ્ટેટ ઉપરાંત શિકાગો, ન્યુજર્સી, ન્યુયોર્ક, સીયાટલ, વર્જિનિયિ, ફીનિક્ષ, ઈન્ડિયાના પોલીસ વગેરે સ્ટેટમાં વસતા આપણાં ગુજરાતી ભાઈઓનો પરિચય થયો. ખૂબ આનંદ થયો. માતૃભાષા ગુજરાતી બોલે છે, લખે છે, બાળકોને આપણાં રીતભાત, વહેવાર અને સંપ સહકારના સંસ્કાર આપવા મોટાભાગના ગુજરાતી પરિવારો ધંધા કે સર્વિસના સમય સિવાય ગુજરાતીમાં જ બધો વહેવાર કરે છે.

અગાઉ મેં આ લેખના મથાળા (શીર્ષક) વિશે કહેલું તેની વાત ભૂલી નથી ગયો. હવે આવે છે. જાત એટલે આપણે પોતે અને એ સિવાય - જાત એટલે પોતાની જેવા બીજા - આપણે ઘણી વખત એમ કહીએ છીએ કે એ સૌ આપણી જાતના છે. જાત એટલે પંડે પોતે-એ અર્થની ચર્ચા કરવી નથી. મારે તો માનવ જાતિમાં ભાષા પ્રમાણે અલગ-અલગ જાતના લોકો છે તે પૈકી આપણા ગુજરાતવાસી ગુજરાતી બોલનારા ગુજરાતી ભાઈ-બહેનોની એક જાત અમેરિકામાં ઢગલાબંધ બધા સ્ટેટમાં આવીને પોતાની ધંધાની સર્વિસમાં વિશેષ આવડત દ્વારા વર્ષોથી સ્થિર થયા છે, સમૃદ્ધ થયા છે. સાથે સાથે ગુજરાતી તરીકેનું ગૌરવ વધાર્યું છે. પ્રતિષ્ઠા-આબરૂ મેળવી આ દેશમાં અલગ અલગ દેશોમાંથી આવેલા વિવિધ ભાષી લોકોમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. હું અને રમા-લગભગ અમેરિકાનાં ઘણાં બધાં રાજ્યોમાં ફર્યા છીએ. ગુજરાતી ભાઈઓના જાણીતા અને અજાણ્યાં ઘરોમાં સાથે રહ્યાં છીએ. દરેક જગ્યાએ અમે પોતાપણું અનુભવ્યું, સ્વાગત, સન્માન અને અંતરના ભાવથી મહેમાનોને સાચવે ત્યારે એ ગુજરાતી હોય એની આ ઓળખ છે, તેનાં અમે પ્રત્યક્ષ દર્શન કર્યાં - દેશ છોડી પરદેશમાં-ગુજરાતના અને ગુજરાતી ભાષાના સંસ્કારો સાથે જીવવું એ નીડરપણું, સત્યનિષ્ઠા અને હેત પ્રેમથી માનવજાતને ગળે વળગાડી પ્રેમ કરવો-એ આપણો ગુજરાતી જ કરી શકે.

તો મિત્રો, આ દેશમાં મેં જાત ઓળખી, પારખી, પિછાણી અને સ્વર્ગનો આનંદ મેળવ્યો છે. લેખનું શીર્ષક હવે આપને સ્પષ્ટ કરું કે આપણી આ ગુજરાતી જાતને ઓળખી લઈએ તો દુનિયાના દરેક ખૂણે આપણે સ્વર્ગ માણી શકીશું. એ સ્વર્ગ એટલે આજે અમેરિકામાં દરેક સ્ટેટમાં ગુજરાતી ભાઈ-બહેનો ખૂબ સંપ, સહકાર અને ઉદારતાથી મોટી સંખ્યામાં-ધામધૂમથી-તહેવારોએ ઉત્સાહથી મળે છે. સાહિત્ય, સંગીત, હાસ્ય, લોકસાહિત્ય, ગરબા-રાસ, સુગમ સંગીત, નૃત્યના કાર્યક્રમો કરી અદ્‌ભુત આનંદ કરે છે. તેને હું 'સ્વર્ગ' કહું છું. અન્ય કોઈ સ્વર્ગ કે નર્ક નથી. હું માનતો પણ નથી. અંતરના ઉમળકાથી જાત ભાઈઓ સાથે આ ડલ્લાસમાં ચિ. ભાઈ ગૌરાંગ પરિવાર સાથે મોજ કરે છે, ને અમે સ્વર્ગનો આનંદ લઈ રહ્યા છીએ.

આપ સૌ ગુજરાતી ભાઈ-બહેનો આપણી જાતને આ રીતે ઓળખી, મૂલ્યોને સાચવી, સંપ-સહકાર અને પુરુષાર્થથી મેળવેલી કમાણી ઉદારતાથી અન્ય માટે પણ વાપરો તો સ્વર્ગ જ દેખાશે. જગત સ્વર્ગ લાગશે.

***સૌજન્ય : "તમન્ના"***

# મીટલેસ મન્ડે

• અતુલકુમાર વ્રજલાલ શાહ, સી.એ. •

સમગ્ર વિશ્વ આજે ગ્લોબલ વૉર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ, કાર્બન એમિશન, એન્વાયર્નમેન્ટ અને હેલ્થ નામના ટાઈમ બોમ્બ ઉપર સંક્રમણકાળમાંથી પસાર થઈ રહી છે. ચિંતકો અને સ્કોલરો મીટલેસ મન્ડે દ્વારા એક વર્ષના બાવન દિવસ મીટ વગર રહેવાની ઝુંબેશ ચલાવીને વ્યક્તિગત અને સૃષ્ટિના આરોગ્ય માટે નવી દિશા ચીંધવાના પ્રયાસમાં છે. તે અંગે તેમનાં તારણો પણ અત્યંત વજૂદવાળાં છે. ૯૫ વર્ષ પહેલાં અન્ય કારણોસર રૂઝવેલ્ટ દ્વારા મીટલેસ મન્ડેની વાત હતી તે હવે સિદ લર્નરે ૨૦૦૩ માં પુનઃ શરૂ કરી છે. જે આજે ટોક ઓફ ધ ટાઉન બનીને સમગ્ર વિશ્વમાં ફેલાઈ છે. ૨૦૦૯ માં આંતરરાષ્ટ્રીય સંગીતકાર વેજિટેરિયન શ્રી પોલ મેક્કાર્ટનીએ તે આગળ વધારી છે. તેમણે તો ટ્વીટ કરીને ત્યાં સુધી લખ્યું છે કે કતલખાનાંઓને જો કાચની દીવાલ હોત તો આ વિશ્વમાં કોઈ માંસાહારી બનવાની હિમ્મત ન કરી શક્યું હોત.

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી બૌદ્ધિકોએ વોર ફૂટીંગ ધોરણે મીટલેસ મન્ડેની ઝુંબેશનાં પદાર્પણ શરૂ કરવાનો સમય પાકી ગયો છે. જો કે કેટલાક રાજકારણીઓને તો આવા સમયે મતબેંકની ભાખરી શેકવી છે, ટીવી અને મીડિયાને ટીઆરપીના રેટના ગ્રાફની ચિંતા છે. જ્યારે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ આ બાબતમાં ગંભીરતાથી લઈને સમગ્ર દેશને દિશા મળે તેવું સુંદર સૂચન કરી રહી છે. અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ અને શ્રી વર્ધમાન પરિવાર દ્વારા આ દેશના સસ્ટેઈનેબલ ઈકોનોમિક ડેવલપમેન્ટ ગ્રોથ અને નેશનલ હેલ્થ અને વેલ્થ માટે એક રિસર્ચ રિપોર્ટ બહાર પાડ્યો છે. જેમાં ગોવંશ વધ પ્રતિબંધની રાષ્ટ્રીય સ્તરે કેમ તાતી આવશ્યકતા છે તેની સિલસિલાબંધ વિગતો આપેલી છે. જે ભલભલાની ઊંઘ ઉડાડી દે તેવી છે. સંપૂર્ણ ગોવંશ વધ પ્રતિબંધ દ્વારા તેની હત્યા અને તેના એક્સપોર્ટ ઉપર પ્રતિબંધ લાવવા શા માટે જરૂરી છે તેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓની તેમાં વિશદ્ છણાવટ કરી છે.

(૧) ૧૯૯૬-૯૭ જ્યારે પીંક રિવોલ્યુશનની જાહેરાત થઈ ત્યારે રાષ્ટ્રનું વિદેશી દેવું-રાષ્ટ્રની જી.ડી.પી. (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) ના ૨૮ ટકા જેટલું હતું. જે અત્યારે ૨૩.૩ ટકા છે. (૨) ૧૯૯૬ - ૯૭ માં રાષ્ટ્રની જી.ડી.પી. ૩૨ લાખ અબજ ડોલર હતી. જે વરસ ૨૦૧૩-૧૪ માં ૨૦૦ કરોડ ડોલર હતી અને હાલમાં તેનાથી પણ ઘણી વધુ છે. (૩) ભારતની નિકાસ વરસ ૧૯૯૬-૯૭ માં ૩ અબજ ડોલર હતી. જે વરસ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૨૨ અબજ ડોલરનાં આંક ઉપર હતી. (૪) વિદેશી હૂંડિયામણની અનામત ૧૯૯૬-૯૭ માં ૧ અબજ ડોલર હતી. જે અત્યારે ૩૩૦ અબજ ડોલર ઉપર પહોંચી ગઈ છે. (૫) માંસની નિર્યાત (નિકાસ) ૧૯૯૯ માં રૂ. ૬૫૦ કરોડની હતી. જે હાલમાં રૂ. ૨૬,૪૫,૭૮૧ કરોડના વિક્રમી સ્તરે પહોંચી ગઈ છે. (૬) ચૂંટણી પ્રચારમાં પિંક રિવોલ્યુશન બંધ કરવાનો મુદ્દો જ્યારે ગાજતો હતો ત્યારે વિદેશથી આયાત કરવામાં આવતા તેલનો ભાવ ૧૧૫ ડોલર પર બૅરલ હતો જે અત્યારે લગભગ ૫૫ આસપાસ સ્થિર થયો છે. આ કિંમતમાં માત્ર ૧૦ ડોલર પણ ઓછા થાય તો ભારત સરકારને ૩૬ હજાર કરોડ રૂપિયાનો એટલે કે જી.ડી.પી. ના ૦.૧૫ ટકાનો ફાયદો થાય છે. એટલે ૨,૧૬,૦૦૦ કરોડ રૂપિયા તો ભાવ ઘટાડાના નફા રૂપે મળ્યા છે. પશુઓના માંસની નિકાસથી મળતા ૨૮૦૦૦ કરોડ રૂપિયા આની સામે કોઈ વિસાતમાં નથી.

પશુઓની હત્યાની સીધી અસર જગતના તાત ઉપર પડી. ટ્રેક્ટરની લોન અને કેમિકલ ફર્ટીલાઈઝર અને પેસ્ટીસાઈડ્સના દૈત્ય હેઠળ ખેડૂત દબાઈ રહ્યો છે. દર એક મિનિટે રાષ્ટ્રની સંપત્તિ સમાન ૧૦૫ થી વધુ પશુની કતલ માંસ માટે થાય છે અને દર ૩૨ મિનિટે એક ખેડૂત એમ પ્રતિવર્ષ ૧૬૦૦૦ ખેડૂતો આત્મહત્યા કરે છે. પ્રતિવર્ષ આ આંકડાઓને તુલનાત્મક અભ્યાસ કરીએ તો જેમ મીટ એક્સપોર્ટ વધ્યું છે તેમ પોઝિટિવ કો-રિલેશન મુજબ ખેડૂતોની આત્મહત્યા પણ વધી છે. એસીઆરબી અનુસાર ૧૯૯૬ પહેલાના દુષ્કાળમાં પણ એક વર્ષમાં ૧૦,૦૦૦ ખેડૂતોથી વધારે આત્મહત્યા થઈ નથી. આજના આંકડાઓ ચોંકાવી નાખે તેવા છે. તે બતાવે છે કે રાષ્ટ્રીય સ્તરે મીટ સેક્ટરની સબસિડીઓ બંધ કરવી, મીટ એક્સપોર્ટ બંધ કરવું અને સંપૂર્ણ ગોવંશ વધ પ્રતિબંધ રાષ્ટ્રના હિત માટે અત્યંત જરૂરી બની ગયેલ છે.

એક આંતરરાષ્ટ્રીય ષડયંત્રના પ્યાદાની ચાલ પ્રમાણે ભારત દેશમાં જો યાંત્રિકીકરણ આ રીતે આગળ વધશે તો ૨૦૩૦ માં વિશ્વની મહાસત્તા બની રહેશે તેવો ગોબેલ્સનો લોલીપોપ બતાવવામાં આવ્યો. આવા દિવાસ્વપ્ન બતાવનારાઓને એ ખ્યાલમાં નહીં હોય કે તાજેતરના સર્વે મુજબ ૪૨ કરોડ લોકો આ દેશમાં ભૂખ્યા સૂઈ જાય છે. તેથી જ ભારતને હંગર કેપિટલ ઓફ વર્લ્ડ કહેવામાં આવે છે. એક અંગ્રેજી અખબારે તો ત્યાં સુધી કહ્યું છે કે દુનિયાના ૩૩ ટકા અત્યંત ગરીબો ભારતમાં વસે છે.

સમગ્ર વિશ્વની ૧૫ ટકા વસતિ માત્ર ભારત પાસે છે. જ્યારે વિશ્વની ૨.૪ ટકા જેટલી જ જમીન, ૨ ટકા જેટલા જ જંગલો અને ૪ ટકા જળના ટાંચા સ્ત્રોત વચ્ચે ભારતે જીવવાનું છે. માનવબળ અને પશુબળનો સમન્વય એ જ આ દેશને મહાસત્તા બનાવી શકશે. ભૂતકાળમાં છૂટકમુટક પશુ હિંસાને રાજ્યાશ્રય નહોતો ત્યારે વિશ્વના ૨૪.૪ ટકા અર્થતંત્રમાં ભારતનો હિસ્સો હતો. આ દેશની ૭૦ ટકા પ્રજા હજુ પણ ૭ લાખ ગામડાંઓમાં વસે છે. જેમને કોમ્પ્યુટર્સ, મેગાસિટી કે ઈન્ટરનેટ નહીં પરંતુ સાતે કોઠે દીવા થાય તેવો ભૂખ ભાંગવાનો એક રોટલો જોઈએ છે. જે પશુરક્ષાથી જ શક્ય બનશે. કેન્દ્રના નવા નીતિઆયોગના કેન્દ્રમાં પશુને કેન્દ્ર સ્થાને રાખવામાં આવે તો મીટલેસ મન્ડેથી લઈ આને ફ્લેશલેસ ફ્રાઈડે થઈને સેન્સફુલ સન્ડે સુધીની મશાલ પ્રજ્વલિત થયા વિના નહીં રહે.

***સૌજન્ય : "પ્રેમ સુબોધ"***

શિક્ષણ ચિંતન

# જોર કા ઝટકા ધીરે સે!

• હરેશ ધોળકિયા •

હૃદયરોગનો હુમલો કે લકવો ન થાય તેનો ખ્યાલ રાખી ગુસ્સો કરવાની રીત કઈ? કારણ કે દરેક સમાજમાં કે દેશમાં કેટલીક સંવેદનશીલ અને બુદ્ધિશાળી વ્યક્તિઓ રહેતી હોય છે. તેઓ જ્યારે તેમની આસપાસ નજર કરે છે ત્યારે તેમને તીવ્ર ગુસ્સો આવતો હોય છે. ચારેબાજુ સરાસરી લોકો દ્વારા (કમનસીબે તેમના પાસે પૈસો અને સત્તા હોય છે) પળેપળ મૂર્ખાઈઓ પ્રગટ કરતા રહેતા હોય છે. તે મૂર્ખાઈને પાછા ટી.વી. રેડિયો કે છાપાં સતત બતાવ્યા કરે છે. તેને પાછાં નીતિનિયમો કે ડહાપણ મનાવવાનો પ્રયાસ થતો હોય છે. આ બાબત બુદ્ધિનિષ્ઠ વ્યક્તિને સતત હચમચાવ્યા કરે છે. તેને આ અંધકારયુગમાં જીવવું ખૂબ જ અઘરું પડતું હોય છે. આયન રેન્ડે તેની નવલકથા 'એન્થેમ' માં અને જ્યોર્જ ઑરવેલે તેની નવલકથા 'નાઈન્ટીન એઈટી ફોર' માં તેનું સરસ વર્ણન કર્યું છે. દરરોજ થતા મોટાભાગના કાર્યક્રમો કે છાપાં ટી.વી. માં આવતા સમાચારો જોવાય, તો બુદ્ધિશાળી વ્યક્તિને તો હાર્ટએટેક કે લકવાનો ભોગ બન્યા સિવાય બીજો કોઈ આરો હોતો નથી. તેના માટે આ મૂર્ખાઈઓ સહન કરવી કૅન્સરની પીડા સહન કરવા કરતાં વધારે પીડાદાયક હોય છે! અને જો આ ગુસ્સો વ્યક્ત ન કરી શકે, તો તેઓ આ રોગોનો ભોગ બનવાના જ. અને તે ગુસ્સો વ્યક્ત કર્યા વિના પણ રહી ન શકે - તીવ્ર બુદ્ધિનિષ્ઠ હોવાથી!

તો? શું ઉપાય?

મૂર્ખાઈને હસી કાઢવી તે. પોતાનો ગુસ્સો રમૂજી રીતે વ્યક્ત કરવો તે. આવી વ્યક્તિઓ મૂર્ખાઈઓ, નાટકો, વ્યર્થતાઓ, દંભ વગેરેને કટાક્ષમાં વ્યક્ત કરે છે અને હળવા થઈ જાય છે. અલબત્ત આ રમૂજી વિધાનો બીજી કોઈ બુદ્ધિશાળી વ્યક્તિઓ વાંચે, તો જો તે પણ રમૂજી ન હોય, તો તેના પર પણ રોગ આવવો જ ભય ઊભો થાય છે.

સરાસરી સમાજમાં મૂર્ખાઈનો ભોગ બનનાર કોઈ મહત્ત્વનું ક્ષેત્ર હોય, તો તે શિક્ષણ છે. જ્યાં સમાજના શ્રેષ્ઠતમ લોકો હોવા જોઈએ, ત્યાં ક્યાંય કામ ન મળે પછી લાચાર થયેલ લોકો આવે છે. શિક્ષણ એવા લોકોના હાથમાં હોય છે જેમની પાસે અચાનક આવી પડેલ સત્તા કે ધન સિવાય બીજી કોઈ જ લાયકાત નથી હોતી. શિક્ષણ ખાતાં કે વિદ્યાપીઠોમાં કે શિક્ષણ બોર્ડોમાં એવા લોકો બેઠા હોય છે જેમનામાંના મોટા ભાગનાની જો જાહેરમાં હરાજી કરવામાં આવે, તો એક રૂપિયો પણ ન મળે! અને આવા લોકો કરોડો બાળકોનાં ભાવિનો નિર્ણય લે છે. કલ્પના જ થથરાવે છે. અને છતાં બાળકો કેમ પ્રગતિ કરે છે તે ખરેખર કુદરતનો કરિશ્મા છે!

આ કટાક્ષયુક્ત રમૂજો વાંચીએ તો એક આંખમાં રમૂજ અને બીજી આંખમાં આંસુ પ્રગટે. કમકમાટી છુટી જાય. પળભર તો તાલીબાનના સ્યુસાઈડ બોમ્બર બની આવા લોકોના સમૂહ વચ્ચે જઈ વિસ્ફોટ કરવાનું મન થાય! પણ ખેર! અહીં તો રમૂજ ગુસ્સાયુક્ત વિધાનો જ વહેંચવાની ઈચ્છા છે. વાંચનારાનું જે થાય તે ચિંતા કર્યા વિના. જોકે નેવું ટકા તો પરમ સ્વસ્થ જ રહેશે!

વિખ્યાત વિજ્ઞાની અને કેળવણીકાર આલ્બર્ટ આઈન્સ્ટાઈન શિક્ષણ વિશે અભિપ્રાય આપતાં કહે છે કે, 'બાળક શાળા-કૉલેજમાં શિક્ષણ લે છે તે પછી પણ તેની જિજ્ઞાસા બચે છે તે વિશ્વનો મહાન ચમત્કાર છે.' તો હેનરી એડમ્સ કહે છે, 'શિક્ષણમાં જે બાબત સૌથી આશ્ચર્ય જન્માવતી હોય તો તે એ છે કે જડ અને મૃત હકીકતો દ્વારા ભયાનક અજ્ઞાનનો સંગ્રહ કરાય છે. પાછો તે શીખવાય છે.' તીવ્ર બુદ્ધિશાળી વિચારક બર્ટ્રાન્ડ રસેલ આ જ વાતને બીજી રીતે વ્યક્ત કરે છે. કહે છે કે, 'માણસો જન્મથી જ મૂર્ખ નથી હોતા, માત્ર અજ્ઞાન હોય છે. મૂર્ખ તો તેઓ મોટા થાય છે ત્યારે તેમને શિક્ષણ બનાવે છે.' જી.કે. ચેસ્ટરટન કહે છે, 'શિક્ષણ એક એવો સમયગાળો છે જે દરમિયાન કોઈક દ્વારા તમને તમે જે જાણતા નથી તે બાબતો કહેવાય છે. અને આ બાબતો એવી હોય છે જેને તમે જાણવા માગતા નથી.'

કૉલેજ કે યુનિવર્સિટી શિક્ષણ બાબતે તો જબરી રમૂજો કરવામાં આવી છે. કૉલેજ, પ્રાધ્યાપકો, વિદ્યાપીઠો બધાંની તીવ્ર મજાક ઉડાવવામાં આવી છે. ત્યાં કેવળ ગોખણિયાં જ્ઞાનને જ મહત્ત્વ આપવામાં આવે છે. વિચાર, અનુભવ, કૌશલ્ય, ચિંતન વગેરેને જરા પણ મહત્ત્વ નથી અપાતું, કારણ કે ત્યાં જેઓ છે, તેમાંના મોટાભાગના માટે આ બાબતો વિદેશી છે કે તેનો તેમનામાં જ અભાવ હોય છે. કૂવામાં જ પાણી નથી હોતું, ત્યાં...?

એટલે જ કટાક્ષમાં ડાઉ કાર્સન કહે છે, 'અનુભવમાંથી શીખવાની તકલીફ એ છે કે તેના કારણે તમે ગ્રેજ્યુએટ નથી થઈ શકતા.' તુલા બેકહેડ કૉલેજ વિશે કહે છે, 'આમ તો હું નમ્ર અને સ્વસ્થ છોકરો હતો, પણ આજે જે પીડાઉં છું, તે તો (ઑક્સફર્ડ) યુનિવર્સિટીમાં ગયો તેનું પરિણામ છે.' હેલન કેલર કૉલેજ વિશે અભિપ્રાય આપતાં કહે છે, 'ઉત્તમ વિચારો કરવા જવા માટે કૉલેજ યોગ્ય સ્થળ નથી.' માર્ક ટ્વેઈન કહે છે, 'શરૂઆતમાં ભગવાને પ્રયોગ ખાતર મૂર્ખાઓ બનાવ્યા. પછી કાયમ માટે તે કામ કરવા તેણે શાળાનાં બોર્ડો બનાવ્યાં' જબરો વિચારક ઈમર્સન પણ કૉલેજ વિશે કહે છે કે, 'કૉલેજો

હંમેશાં પ્રતિભાશાળીઓને ધિક્કારે છે, જેમ દેવળો સંતોને ધિક્કારે છે.' આલ્બર્ટ કામુ પણ મૂછમાં હસતાં કહે છે, 'કેટલાક લોકોને ઊંઘમાં બોલવાની ટેવ હોય છે. પણ પ્રાધ્યાપકો એવા લોકો છે જેઓ બીજા ઊંઘતા હોય ત્યારે બોલબોલ કરે છે.'

ડૉક્ટરેટની ડિગ્રી (પીએચ.ડી) આજે તો ગલી ગલીમાં મળે છે. આ લોકો પોતાને વિદ્વાન કે પંડિત કહેવડાવે છે. તેના પેટે સરકાર પાસેથી લાખો રૂપિયા પડાવે છે. પણ, મોટા ભાગના, આ ડૉક્ટરો કેવા છે? કેળવણીકાર ફ્રેન્ડ ડોબી કહે છે કે, 'મોટા ભાગે એક પીએચ.ડી. નો નિબંધ એટલે એક કબ્રસ્તાનમાં પડેલ સડી ગયેલ હાડકાંને બીજાં કબ્રસ્તાનમાં ફેરવવા સિવાય કશું નથી.'

આવા 'ભણેલ' લોકો વિશે પ્રખ્યાત સમાજશાસ્ત્રી એલ્વીન ટોફલર શું કહે છે? કહે છે તે, 'એકવીસમી સદીમાં અભણો એ લોકો નહીં હોય જેમને લખતાં વાંચતાં નહીં આવડતું હોય, પણ એ લોકો હશે જેમને શીખતાં, શીખેલ ભૂલતાં અને ફરી નવું શીખતાં નહીં આવડતું હોય.'

આ રમૂજો વાંચીને કેળવણી જ નકામી બાબત છે તેવું ન માનવું. એવી ગંભીર ભૂલ ન કરવી. કેળવણી તો જીવનનો પાયો છે. ના, તે જીવન જ છે. તે છે તો જ સંસ્કૃતિ અને સભ્યતા છે. તે છે તો સંસ્કાર છે. આજની કરુણા એ છે કે આ પાયાની વાતને નથી સમજાતી. માનવ સૌથી ઓછું મહત્ત્વ શિક્ષણને આપે છે. સમાજમાં વ્યર્થ ધાર્મિક સ્થાનો કે અન્ય વ્યર્થ બાબતો માટે કરોડો રૂપિયા ખર્ચાય છે, પણ સમાજને પવિત્ર બનાવનાર શાળાઓ કે પૂજારી જેવા શિક્ષકો કે સ્વસ્થ રાખનાર પ્રયોગશાળાઓ કે પુસ્તકાલયો સર્જવામાં ન્યૂનતમ ધન અપાય છે. મૂર્ખ સત્તાધારીઓને પાળવા લાખોમાં પગાર અપાય છે, પણ શિક્ષકને? પચ્ચીસો? અને આ ભૂખ્યાજનો પાછા ઋષિઓ જન્માવે તેવી અપેક્ષા રખાય છે.

ઈવાન ઈશર અમેરિકાની મજાક કરતાં કહે છે કે, 'અમેરિકા શિક્ષણમાં માને જ છે, હોં. ત્યાંના શિક્ષક-પ્રાધ્યાપક આખા વર્ષમાં જેટલા પૈસા કમાય છે, તેટલા પૈસા એક ખેલાડી ત્યાં અઠવાડિયામાં કમાય છે.'

એટલે આ રમૂજો શિક્ષણ પર ન માનવી. તે તો 'ડાહ્યા' સમાજ અને સત્તાધારીઓ દ્વારા ઊભી કરાયેલ હાસ્યાસ્પદ શિક્ષણ વ્યવસ્થા પર જ છે! આ રમૂજો વાંચવા પછી પણ શિક્ષણ તો લેવું જ.

છેલ્લે, અત્યારે શિક્ષણમાં જાતીય-શિક્ષણ આપવાનો હડકવા ઊપડ્યો છે. તે બાબતે બીલ કોસ્લીનો અભિપ્રાય જાણી રમૂજો અટકાવીએ. તે કહે છે, 'શાળામાં જાતીય શિક્ષણ આપવાનો વિચાર કદાચ યોગ્ય હશે, પણ તેમાં ધ્યાન રાખવું કે બાળકને 'હોમ વર્ક' ન આપવું.'

ઇતિ સિદ્ધમ્!

***સૌજન્ય : લેખક પોતે***


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

વાર્તા

# કોઈ બીજો માણસ

• હિમાંશી શેલત •

પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવી ગયો હતો. સાફ વાત હતી આખી. ચીસાચીસ તો કરી જ હશે એણે, એટલે પેલાએ ગભરાટથી, કે પછી ઝનૂનથી, ગળું દાબી દીધું હશે. એટલાથી પત્યું નહીં હોય એટલે ચપ્પુના ઘા કર્યા હશે આડેધડ. સાત વર્ષની છોકરી, કેટલી વાર લાગે પતાવી દેવામાં? આખી વસાહતનાં છોકરાં કહે છે કે શકુ ક્યાં લગી તો એમની જોડે જ હતી. દિનુ કહે કે દાદર નજીક રમતી હતી, વલ્લભ કહે કે મેદાનમાં જ તો હતી. ચંપકે તો કાદરની દુકાન પાસે સકીના જોડે બેસીને બોર ખાતાં જોયેલી. આટલા બધા માણસોએ શકુને જોઈ હતી, હસતી, રમતી, બોલતી. પછી ક્યારે ક્યાં પહોંચી ગઈ તે ખબર ન પડી. તબેલા જેવી પેલી ઓરડી તો આમેય બંધ પડી રહેતી, એટલે ત્યાં તપાસ કરવાનો વિચાર કોઈનેય ન આવે એ દેખીતું. ભય તો અકસ્માતનો હતો સહુને. તપાસ પણ એ રીતે જ ચાલતી હતી ત્યાં વળી વાસની વાત આવી અને ઓરડી ખોલી. શબ જેવું ઓળખાયું તેવી તરત સંતરામે આંખો ફેરવી લીધી. એને લાગ્યું કે એકાએક પાગલ બની જશે, પણ એવું તો કશું જ બન્યું નહીં. ભાંગેલે પગે બધા ભેગો એ ઘેર આવ્યો.

'તમારી સાથે કંઈ અદાવત કોઈને, કે પછી કંઈ ઝઘડા જેવું થયું હોય, અને તમે કોઈ પર હાથ ઉપાડ્યો હોય, ધમકી આપી હોય કે પછી પૈસા બાબત કંઈ બોલાચાલી થઈ હોય એવું યાદ આવે છે?' સંતરામ કશી ગમ ન પડતી હોય તેમ ઈન્સ્પેક્ટરને એકીટશે જોઈ રહ્યો. ઝઘડા તો ચાલ્યા કરે, એવામાં વેર લેવા જેવું, તેય આ રીતે તો....કહેવા જેવું કશું યાદ આવ્યું નહીં.

'તમે કામ કરો છો ત્યાં કોઈ બનાવ બન્યો હોય, અથવા સગાંસંબંધીઓ જોડે કંઈ ટંટો, નાની વાત હોય તો પણ યાદ કરવા પ્રયત્ન કરો. કંઈ પણ મળી આવે એમાંથી...'

ચહેરાની પરેડ ગોઠવી સંતરામ બધાને ધ્યાનથી, એક પછી એક, જોતો જોતો પસાર થઈ ગયો. આ તો હોય નહીં, પેલોયે હોય નહીં, ના, આ પણ નહીં...એકાદ-બે ખૂનખાર ચહેરા આગળ જરાતરા અટકવાનું એણે મનોમન કર્યું; પણ એ વિચાર ઝાઝો ટક્યો નહીં. વેરઝેરથી ભરેલો, ખુન્નસવાળો કોઈ એવો તો જડતો નહોતો. શકુ જોડે શા માટે કોઈ આવું ખરાબ કામ...છી, છી... કહ્યું હોત તો એ જાતે જ જઈને લઈ આવત કોઈ જુવાન રૂપાળી. બજાર તો છે આવડું મોટું...ને જોઈએ તેવું મળે, કંઈ નહીં ને આવડી અમથી શકુ જોડે...

સંતરામની આંખોમાં અસહ્ય બળતરા ઊપડી. એ કામ પરથી આવે ત્યારે શકુ ફરકડી બની જતી, ધૂળ-પથરા જેવી ચીજથીયે ખુશખુશાલ, એકાદ, પીન, કે બંગડી કે લાલ પીળી રીબીન. પાણી પીને સંતરામે ડૂમો નીચે ધકેલ્યો.

'જુઓ, કંઈ કડી મળે એ જરૂરી છે. શકુ દોસ્તી કોની જોડે રાખતી, તે દિવસે કોની સાથે રમતી હતી, છેલ્લે કોણે જોઈ, આ બધી માહિતી તમારે અમને...' ડોક નીચે રાખી, આંખે હાથ ફેરવતો સંતરામ સાંભળી રહ્યો. અંદર જુદા જુદા અવાજમાં ડૂસકાં ચાલુ જ હતાં.

શકુના તરફડતા પગ અને ફાટી ગયેલી આંખ અલગ અલગ દેખાયા કરવાને કારણે સંતરામની ઊંઘ તો ક્યારનીયે જતી રહેલી. દીનાનાથ છોકરાઓ અને પાડોશીઓ ભેગો નીચે જ રહ્યો. તે બે વાર બોલાવ્યો પણ ઉપર આવ્યો જ નહીં. છેક મળસકે, થાકના ભારે, સંતરામની પાંપણો ઢળું ઢળું થવામાં હતી, ત્યાં જ દીનાનાથ દબાતે પગલે આવ્યો. બારણું આડું કરીને હળવેથી નીચે બેસી ગયો. સંતરામના પગે હાથ મૂકી એનો ચહેરો જોયા કર્યો, જાણે પહેલી જ વાર.

'બબલુ ચંપક ને અક્કુ જોડે બેઠેલો. બીજા બધા બી ગયા હતા...ઘણા...'

'તે?' કશીક ખાસ વાત આવી રહી છે એ અણસાર સંતરામને આવી જતાં એ અધીરો થઈ ગયો. દીનાનાથનો અવાજ ઊંડો જતો રહ્યો, માત્ર ફફડાટ જ દેખાય હેઠનો, અને એ સંતરામ પૂરા ધ્યાનથી વાંચતો રહ્યો.

'આ લોક કે'ય કે શકુને પટાવી લેઈ ગયેલા બે જણ. બારથી જ આવેલા. આ તરફનું કોઈ નથી. બબલુ ગલ્લા પર જ હતો. તેણે જોયેલું, તેના મનથી કે કોઈ સગાંમાંના છે. શકુને કંઈ દેખાડેલું તે શકુ ગઈ. ચંપક તે ઘડીએ ત્યાં બેઠેલો, તે બી આવું જ કે'છે.'

સંતરામની ઊંઘ તરત ખરી પડી. શ્વાસ જોરથી ચાલવા મંડ્યો. આખું શરીર ઉશ્કેરાટથી ધ્રુજારી અનુભવી રહ્યું. હજી તો પેલા બે જણ એ કોણ તેની ખબર પડી નહોતી, તે પહેલાં જ એ પેલી અનામી, અજાણી વ્યક્તિઓ પર પૂરી તાકાતથી ત્રાટક્યો. ગડદા-પાટુ, ઢીંક-મુક્કા, લાતો-થપાટો, મારી મારીને બેય ને અધમૂઆ કરી નાખ્યા, પછીયે છોડ્યા નહીં, મજબૂત હાથે ગળે ભીંસ દીધી જબરદસ્ત, હરામીના શ્વાસના દરવાજા જ ભીડી દીધા ચસોચસ. પછી બંનેની લોથ ફેંકી બે દિશામાં અને હાથ ખંખેરી કાઢ્યા... સા...કૂતરા...કીડા... મારી છોકરી જોડે આવું કર્યું, સા...સુવ્વર... કરને તારી કહું તેની.... આવેશમાં એણે પેલી લોથનેય જકડીને ખડી કરી દીધી અને પથ્થરની તોતિંગ દીવાલ સાથે અફાળ્યું એનું માથું ઝનૂનથી...લે...લેતો જા...

'કોણ છે? જલદી બોલ, કોણ બે જણ?'

'એક તો કાળુ બાટલી એ પાકું. બબલુના કહેવા મુજબ, અને બીજો

ચમન...નામ તો જાણોને તમે ચમનનું?'

પેલી લોથનું માથું અફાળતા સંતરામના હાથ ધીરે ધીરે સરકવા લાગ્યા. હાથની પકડ જ રહી નહોતી. પાણીના રેલા થઈ ગયા હતા એ તો, અને હવે દદડી પડ્યા તા. અસહાય બની સંતરામે આમતેમ જોયું. રસોડાના બારણા પાસે દમયંતી, પુષ્પી, જગુ, માધુ ને બીજાં ટોળું થઈ ઝળુંબતાં હતાં. સ્તબ્ધ, એકચિત્તે, દીનાનાથના ફફડતા હોઠમાંથી બહાર પડતા એકેએક શબ્દને પકડવા એ મથી રહ્યાં હતાં. સંતરામને બફારો થઈ આવ્યો, અને લાગેલી જ ભયંકર અકળામણ.

'અહીં શું દાટ્યું છે કે અતારમાં ટીંગાયા છો આમ, પડ્યાં રો'ને અંદર છાનાંમાનાં.

રડતી દમયંતીના માંદલા અવાજથી સંતરામના રોષનો ભડકો થયો.

'સાંભળ્યું કે'ની? જાવ અંદર. વિચાર કરવા દેવ, માથે આવી આવીને ઊભા છો તે...'

'દીનિયો કેય છે તે બેવ જણના નામ આપી દેવને પોલીસમાં... તે લોક પૂછતા તો છે જ...'

'લો, કે'ઈ દીધું કે નામ આપી દેવ. એમ તે કંઈ ગમે તેનાં નામ અપાય કે? બાબલુને કોઈ હારે વેર બંધાયું હોય તો એ તો ગમે તેનું નામ આપે. લડે પાડેપાડા, ખૂંદો નીકળે ઝાડવાંનો. તેં કે મેં જોયા છે કોઈને કે ફટ દઈને નામ આપી આવીએ?'

દીનાનાથે સંતરામના ખભે હાથ દાબ્યો, અને લગભગ એના કાનમાં મોં નાખીને કશુંક કહ્યું, એકાદ કણ સુધ્ધાં બહાર ન વેરાય એ રીતે.

'ચોક્સાઈ કરી છે. શકુને પટાવી પટાવી તબેલા સુધી લઈ ગયા તે નજરોનજર જોનારા છે. પોલીસની દાનત જોઈએ, વાત કઢાવતાં આવડે તો બધ્ધું પકડાય, બાકી એમને તો ચોપડે એક લાશ ઓર...'

ખૂણે બાંધેલી દોરી પર શકુનું ફ્રોક હજી લટકી રહ્યું હતું. કોઈએ એને હાથ પણ લગાડ્યો નહોતો. બરાબર એક જ ક્ષણે સંતરામ અને દમયંતીની આંખો એ ફ્રોક પર પહોંચી ગઈ અને બેયની નજરમાં શકુનું ફ્રોક પાણીનું ટીપું બની તરવા લાગ્યું. પુષ્પી દીનાનાથની સામે બેસી ગઈ.

'આપણે ફરિયાદ કરીએ. જેણે જોયું હોય તેમને સમજાવીએ કે એ મદદ કરે. આજે શકુનું થયું. કાલે બીજી કોઈ છોકરીનું થાય... રોજેરોજ વાંચતા નથી છાપામાં?'

દીનાનાથ ટાઢોબોળ બેસી રહ્યો.

'હું આવું, આપણે સાથે જઈએ. કોઈ સંસ્થાવાળાને, બે-ચાર મોટા લોકને મળીએ. કંઈ તો થાય, છાપાંવાળાને કહીએ. કશું કરીએ જ નહીં તો પોલીસની તપાસ તો એવી છે કે એમાં કશો ભલીવાર ન આવે. તાં સુધીમાં નવા પાંચ કેસ થાય તો એમાં માથાં ફોડશે. ને શકુ તો બાપડી... પેલા ખવીસોને આરામ થઈ જાય....'

સંતરામનું માથું ફાટી ગયું હવે. અંદરનો ધગધગતો લાવા રેલાઈ બહાર.

'તું બેસી રે' મગજમારી કર્યા વગર. તને દાઢમાં લેશે એ જ લોક તો મુસીબત થશે. એ તો હાળા હલકા મવાલી. તારે પડવાનું નથી આમાં જરાકે.'

'પણ હિંમત વગર તો'

'ઓ હિંમતવાળી, એમ ની માનતી કે શકુનું થયું તે તારું ની થાય. શું સમજ છ તારી જાતને? ભણીને મે'તી થવાની તે જાણીએ, પણ આ જમાત તો મા-બેનનેય ઊભી બજારે વેચી આવે એમાંની, એ લોકના ધંધા જાણ છ તું? પોંચેલા એક નંબરના...છરા ચપ્પુ ચલાવવા છીંક ખાવા જેવું, હાથે કરીને ખાડામાં પડવાની જરૂર તારે? શકુ તો ગઈ, તારે હવે અમારું...'

સંતરામના અવાજમાં મોટી તડ પડી ગઈ. દમયંતી કંઈ બોલવા ગઈ પણ ઉધરસમાં એના બોલ ખેંચાઈ ગયા.

'આ ચમન એટલે પેલા રાજકમલ જોડે જે...' દીનાનાથે આંખથી જ હા કહી. સંતરામ નીચું જોઈ બેસી રહ્યો, પોતાનો હાથ, આંગળા જરાતરા હલાવતો અને બે-ત્રણ માખી ઉડાડતો. દસેક મહિના પહેલાં આ જ ટોળકીએ રસ્તે ચાલતા એક માણસને ધોળે દહાડે ખતમ કરી દીધેલો. જરીક અમથી બાબતમાં. એ ઘટના સંતરામને અમસ્તી જ યાદ આવી ગઈ, શકુની વાત જોડે આમ તો એને કશો સંબંધ નહોતો છતાં.

'તું જે કે' છે તે સાવ સાચું હોય તોયે જરી સાચવીને....' દીનાનાથ બારી બહાર જોતો રહ્યો. આ જ બારીમાંથી હસતીરમતી શકુને એણે કેટલીયે વાર જોઈ હશે. પછી એણે પોતાના દૂબળાપાતળા શરીર ભણી નજર ફેંકી, તેનાં હાથ તો સાવ માયકાંગલા. ક્યાં બબલુ ચંપકના મજબૂત હાથ ને ક્યાં એના લાકડી જેવા આ હાથ...એ તો રહ્યો જ એવો, છેલ્લો તે છેલ્લો જ કાયમ.

'એક જાણે છાપાવાળા લોક આવે ત્યારે એમને કે'વાય. તે બધું છાપ્યા કરે તો પોલીસ પર દબાણ આવે. ચોખ્ખું ના કહીએ તોયે જરાક ઈશારો તો થાય જ વળી...'

'હું કે'વાની બધ્ધું... શકુનો જીવ લીધો, આવી ભૂંડી દશા કરી તે એ કંઈ જવા દેવાય? જાવ જાવ, હું જ હાજર રે'વાની, જોજોને...' પુષ્પીનો અવાજ ચીસ બની ગયો.

'ધીમે બોલ. ઘાંટાઘાંટ ના કર. જાહેરાત કરવાની છે તારે? જે કરવું હોય તે કરજે, આ ઘડી તો ચૂપ મર...પછી બહાર નીકળવાનું છે એ ધ્યાનમાં રાખજે...'

આ મહિને પુષ્પીએ શકુને લાલ ફ્રોક લાવી આપવાનું હતું અને શકુ મળી આવી ત્યારે એનાં બધાંયે કપડાં લાલ થઈ ગયાં હતાં.

'પુષ્પી બરાબર કે' છે. કોઈને છોડવાના નથી. હું ઊભી રે'વાની પુષ્પી જોડે. મારી કેવડી નાની છોકરીને બાપડીને ...' પુષ્પીએ દમયંતીને બાથમાં લીધી. સંતરામ મોં ધોવા ઊભો થયો. ફરી પાછી સવાર, કશા જ ફેરફાર વિનાનો એક બીજો દિવસ, એવી જ ચહલપહલ, માત્ર બિસ્કિટ-પાંઉની લારી આવે, ત્યારે દાદરે ધડબડાટી બોલાવતી, નાનકડી મુઠ્ઠીમાં પૈસા

સાચવતી, દોડતીકને લારી પાસે પહોંચી જતી શકુની ગેરહાજરી.

લાકડાના ખખડધજ દાદર પર આટલી ચડઊતર અગાઉ ક્યારેય થઈ નહોતી. પૂછપરછ માટે એટલા આવ્યા કે સંતરામની ઓરડીમાં પગ રાખવાની જગા નહીં. સંતરામને દાઢી કરવાનો સમય પણ ના મળ્યો. એવા જ, વધેલી દાઢી ને સૂઝેલી ભારે આંખોવાળા ફોટા પડ્યા, એના અને ઘરનાં બધાંના શકુનો ફોટો માંગ્યો. પુષ્પી આવીને કહી ગઈ કે બીતા નહીં, ચમનબમનના બાપથીયે, કહી દેજો જે કે'વા જેવું લાગે તે બધું. આ કંઈ પોલીસ નથી.

'તમને શક છે કોઈ પર, કોઈ એવી વ્યક્તિ જેનો સાથ હોય આવું અધમ કામ કરવામાં કે કરાવવામાં?'

'શક તો હોય ને સાહેબ, અમે બી માણસ છીએ. નાના તો નાના, અમારી સાત વરસની છોકરી સાથે સા'બ, તમે તો જાણો છો, કેવો જુલમ...વહેમ તો આવે જ ને કોઈના પર...'

'કોઈનું નામ આપ્યું છે પોલીસને એ અંગે?'

'હવે જોયા વિના ચોખ્ખું નામ તો કોનું દઈએ, એ ખબર હોય તો આવું થવા ઓછું દઈએ? અમારી છોકરી કંઈ વધારાની નહોતી સા'બ...'

'પણ કાયદો એનું કામ કરશે. આ તો શક પરથી તમે કોઈનું નામ આપ્યું હોય, છતાં પોલીસે યોગ્ય કાર્યવાહી ન કરી હોય એવું બન્યું છે કે કેમ એ જાણવામાં અમને...

એટલે તમે કોઈ નામ દીધું હોય તો...'

'જુઓ, બપોરનો બનાવ છે, આટલો ભરચક વિસ્તાર છે, કોઈકે તો જોયું જ હશે, ચોક્કસ. એક નહીં, એકથી વધારે જોનાર હોઈ શકે. તમે ધારો તો બાતમી...'

ઓરડીના બારણે, દીવાલો પર સુધ્ધાં દબાણ વધી ગયું હોય એમ વરતાયું. અંદર જરાયે હવા આવતી નહોતી. શ્વાસ લેવા તરફડતી શકુ... સંતરામે કપાળે હાથ ફેરવી ભીનાશને હથેળી પર લઈ લીધી. અજાણ્યા સ્વચ્છ ચહેરાઓ, જે એની આસપાસ ગોઠવાઈ ગયા હતા, તેની પાર જવાનું હવે આંખોને અઘરું લાગતું હતું. એણે દીનાનાથ તરફ થાકીને નજર વાળી ને એ નજર ટાળવા દીનાનાથે બારી બહાર જોયું. પુષ્પી અંદરથી ધસમસતી આવી, એ હજી બોલવામાં હતી, એના હોઠ હજી તો ખૂલ્યા હતા ત્યાં તો

'ફરિયાદ કરીને કે કોઈનું નામ દઈને શું વળે સા'બ? શકુ અમારી ગઈ તે ગઈ. પાછી તો આવવાની નથી. નસીબ જ ખરાબ, નહીં તો આવું થાય શા માટે? ખાલીપીલી ઝઘડા વધારીને કાં જવાનાં અમે? રડીને બેસી રે'વાનું, નામ દઈને શું ખાટી જવાના અમે, અહીં કે'દી કોઈને સજા થઈ છે જે નામ દઈને જીવવું હરામ કરવાનું... વેર બાંધીને લોહી રેડવા કરતાં તો... અમે તો નાના માણસ સા'બ ઝઘડા લેવાનું અમારું કામ નહીં. કામથી કામ, જેવું નસીબ અમારું...'

એકઠાં થયેલાંમાંના સહુએ ડોકું હલાવ્યું. એકે પેન બંધ કરતાં કહ્યું : 'તમે તો બહુ ઉદાર અભિગમ અપનાવ્યો. આવા સમયમાં આ પ્રકારે વિચારવાળા ઓછા. લોકો તો શંકાથી પણ કેટલાંયે નામ આપી દે, તેમાંયે શત્રુઓનાં ખાસ!'

સંતરામે ઉપર હાથ કર્યો. 'એની કોરટ મોટી. આપણે એની આગળ કોણ ફરિયાદી? એ કરે તે ન્યાય, અને એ તો કરે જ છે ન્યાય, મોડો કે વહેલો...'

એક મહિલાએ આ શબ્દો ટપકાવી લીધા.

'પણ તમારી કુમળી દીકરી સાથે જે બન્યું તે સમાજ માટે કેવી ભયાનક ઘટના છે એનો તમને અંદાજ હશે જ. આવું કૃત્ય કરનાર માણસો છુટ્ટા ફરે એ તમને બરાબર લાગે છે?'

'જે થયું તે તો ખોટું જ થયું છે. અમને એનું કેવું લાગ્યું છે તે તમે સમજી શકો, પણ અમે એકલા ઓછા છીએ? અમારી સાથે બધાં છે જ, સમાજ તો આવો જ છે, તેનું હવે શું કરીએ?'

પુષ્પીને મોંએ હાથ દઈ બે જણ અંદર તાણી ગયા એને. ભીડમાં કોઈને આની ખબર પડી નહીં.

'લોકો તો જસ્ટ વેર લેવા આજકાલ કેવું કેવું કરે છે, ને હેરાન કરે છે ત્યારે લૂક એટ ધીસ મેન...એની વિચાર કરવાની રીત જુઓ. આખી ઘટના એણે અલગ રીતે જ સ્વીકારી છે.'

'અભણ માણસો પણ આવા હોઈ શકે, આટલું ઊંડું સમજી શકે, આપણે ત્યાં જ બને એવું, કારણ ફિલોસોફિકલી આપણે લોકો...'

'રાઈટ, એબ્સોલ્યુટલી રાઈટ...'

શબ્દો દાદર ઊતરતા ગયા. તે સાથે દીવાલો પરનું દબાણ ઘટી ગયું, તાજી હવા આવી. ને સંતરામને સહેજ હાશ લાગી. ક્યારનોયે એનો પીછો કરી રહેલા પેલા રાક્ષસી પગ અધવચ્ચે અટકી ગયા. હવે એમનાથી આગળ વધાય એવું નહોતું. ગભરાટ, હડબડાટી, ચકળવકળ આંખ, પરસેવે નીતરતું શરીર, ધમણ શ્વાસ ચપ્પુ છરા, લોહી ફુવારા કંઈ નહીં હવે....સબ સલામતની નિરાંત અને રાહત.

એને તરસ લાગી હતી ક્યારની, તે છેક અત્યારે યાદ આવ્યું.

'અરે પુષ્પી, જરા પાણી લાવ તો...'

અંદર કશું હલનચલન જણાયું નહીં. સંતરામે અવાજની ધાર કાઢી.

'પુષ્પી...પાણી લાવવાનું કી'ધું તે સંભળાયું નહીં?'

પુષ્પી, રાતાચોળ ધગધગતા ચહેરાવાળી પુષ્પી, માટલામાંથી લોટો ભરીને બહાર તો આવી, પણ તેમ કરતાં પહેલાં એ ચોકડીમાં જોરથી થૂંકી, છાંટા ઊડે એની લેશ પણ પરવા કર્યા વિના એ થૂંકી, અને થૂંક ભેગો જ શબ્દ ફંગોળાયો ખાળ પર...

'બાયલા...'

સંતરામે આ સાંભળ્યું. એ રીતે સાંભળ્યું જાણે એ કોઈ બીજા જ માણસ માટે વપરાયેલો શબ્દ હતો. અને પછી એણે લોટો મોંએ માંડ્યો.

*'સખ્ય', ૧૮, મણિબાગ,*
*અબ્રામા-૩૯૬ ૦૦૭, જિ. વલસાડ.*
*ફોન : (૦૨૬૩૨) ૨૨૭૦૪૧*
*સૌજન્ય : "કસ્તૂરી"*

# ફરજિયાત

• નસીર ઇસ્માઈલી •

જિંદગી એટલે શું? આ અધૂરી રહેલી ઊંઘ અને બદનમાં ભરેલા તાવની તપિશથી તપેલું-કળતું શરીર. અમદાવાદના રેલવે-પ્લેટફોર્મ પરની ભીડમાંથી સવારના સૌરાષ્ટ્ર મેલના ખીચોખીચ અનરિઝર્વ્ડ કંપાર્ટમેન્ટમાં ઠાલવતાં મારું દિમાગ વિચારોથી કળતું હતું. તેમાંય 'મુંબઈથી અમદાવાદ થઈને ઓખા જતો આ સૌરાષ્ટ્ર-મેલ અર્ધો કલાક લેટ ઊપડશે' ની ઍનાઉન્સમૅન્ટ રેલવેનું માઈક્રોફોન કરી ચૂક્યું હતું. તાવમાં જલતી આંખે, હાથમાં ઍટેચી સાથે મારાથી ઊભા રહેવાતું નહોતું ને કંપાર્ટમેન્ટમાં બેસવાની જગ્યા નહોતી. મારા તપતા દિમાગમાં વિચારો ઘુમરાતા હતાં.

આ જિંદગીમાં મરજિયાત શું હતું? પેલા દાદા ભગવાને કહ્યા મુજબ બધું જ ફરજિયાત હતું. નિયતિના જડબેસલાક સમયપત્રકમાં ફિક્સ ભણવું ફરજિયાત, નોકરી શોધવી ફરજિયાત. જિંદગીનો પરપોટો ક્યારેક તો ઓચિંતો તૂટી જ જવાનો છે, એનાથી અભાન રહીને પોતાના પરપોટિયા અહમ્‌ના ફુગ્ગાને વધુ ને વધુ ફુલાવતાં રહી, ઑફિસના ગંધાતા ખાબોચિયામાં ડ્રાઉં ડ્રાઉં કરતા નાનાં નાનાં સ્વકેન્દ્રી માનવ-દેડકાઓ વચ્ચે બકારી-ભરી નોકરી કરવાનું ફરજિયાત. પરણવું, બચ્ચાં પેદા કરવા, એમને ભણાવવા-પરણાવવા અને બદન તથા દિમાગ બન્ને ના પાડતાં હોય તો પણ કૌટુંબિક સામાજિક પ્રસંગોમાં ખુશી યા શોકનું મહોરું પહેરી હાજરી આપવાનું ફરજિયાત અને આ બધું કર્યા પછી ફરજિયાતપણે મરી જવાનું! આ જ જો જિંદગી હોય તો એ શા માટે છે? અને બધાની આખરી મંજિલ જો એક જ હોય તો શા માટે આટલા બધા માણસો ટ્રેનોમાં-બસોમાં હાંફતા કાયમ ખીચોખીચ દોડતા રહેતા હશે? All meanings of life are lifeless, because life is meaningless!

'જેમ તું નાદુરસ્ત તબિયતે પણ ફરજિયાત થાનગઢ દોડી રહ્યો છે વિરાગ, એમ આ બધા પણ ફરજિયાતપણે કોઈ ને કોઈ કારણસર દોડી રહ્યાં હશે.' મારી અંદરથી કોઈએ ઉત્તર આપ્યો, અને એક આંચકા સાથે ટ્રેન ઊપડતાં મેં બન્ને બાજુ ફેલાયેલી ખીચોખીચ સીટ્સ પર થકાનભરી નિગાહ ફેલાવી દીધી.

સામે બારી પાસે એક કાળો, પાતળો, તણખલાનુમા સફેદ દાઢી વધેલો, સાફ-સુથરા પેન્ટ શર્ટ પહેરેલો એક બુઢ્ઢો ફેલાઈને બેઠો હતો, ને ઝુરીઓ મઢેલા એના કાળા ચહેરા પરના લાલ દાંડીવાળા ગોળ જાડા કાચના ચશ્માંમાંથી મારી થકાનભરી આંખો અને ઝૂકીને ઊભેલા સશક્ત યુવા બદન સામે જોઈ રહ્યો હતો.

'આવો સાહેબ! આયાં કણે બેહો. તમારી તબિયત હારી નથી લાગતી!' મારી સાથે નજર મળતાં એ બુઢ્ઢાએ બૂમ પાડીને કહ્યું, અને સહેજ સંકોડાઈને એણે મને બારી પાસે બેસવાની જગ્યા કરી આપી.

'થેંક્યુ વેરી મચ અંકલ!' આભારી નજરે મંદ હસીને મેં કહ્યું, અને મારી થાકેલી જલતી આંખોને મેં ટ્રેનની બહાર દોડી રહેલાં ઝાડો, માણસો, જાનવરો, સ્ટેશનો ને સડકો પર ફેલાવી દીધી.

'તમે ક્યાં લગી જવાના ભાઈ?' સાણંદ ગયા પછી બુઢ્ઢાએ મને પૂછ્યું.

'થાનગઢ વડીલ!' 'તમારું વતન હશે?' 'ના, ભાણીના લગ્ન-પ્રસંગે જાઉં છું!' 'એકલાં?'

'મારૂં ફેમિલી વહેલાં ગયું છે. મને ઑફિસમાંથી રજા ન મળી એટલે આજે લગ્નના આગલા દિવસે જઈ રહ્યો છું.'

'એવી તે કઈ ઑફિસમાં તમે કામ કરો છો કે આવા પ્રસંગેય રજા ન મળે?' બુઢ્ઢાએ પૂછ્યું, ને મારું તપેલું કંટાળેલું દિમાગ ભમી ગયું, પણ એ બુઢ્ઢાએ જ દયા ખાઈને મને બેસવાની જગ્યા આપી હતી એ યાદ આવતાં મેં આછું હસીને કહ્યું,

'એક સરકારી બેન્કમાં આંકડાઓની જિવાત ચાવવાની મેનેજરી કરું છું, અંકલ!' અનાયાસ રૂક્ષ બની ગયેલી મારી જબાન સામે બુઢ્ઢો આશ્ચર્યથી તાકી રહ્યો.

'ઓહો! બૅન્કમાં મેનેજર છો? તો તો પગાર સારો હશે?'

'હા, એટલે તો નોકરીની ગુલામી છોડી નથી શકાતી.'

'કેટલો પગાર છે તમારો?' મને લાગ્યું કે આ ડોસા મારા સંયમની પાળને તોડીને જ જંપશે.

વીરમગામ આવ્યું. દિવસ તપિશવાળો હતો ને એ બગાસિયા પ્લેટફોર્મ પરના એકેય નળમાં પાણી નહોતું આવતું.

'હા, તો શો કહ્યો પગાર તમારો, સાહેબ?'

વીરમગામથી ટ્રેન ઊપડતાં બુઢ્ઢાએ પ્લેટફોર્મ પર ફેલાયેલી એની નજરને સંકોચી 'અનુસંધાન સાતમા પાને શરૂ કર્યું.'

'મેં કહ્યો જ નથી વડીલ. ઠીક છે ફેમિલીનું ગુજરાન ચાલે છે.'

સામે બેઠેલું લાલ ધોળું થેપાડિયું યુવાન રબારી દંપતી, એમનું લેંટાળું ઓઘરાળું બાળક, એની જોડે બેઠેલો એક સફારીધારી છાપાધારી અપડાઉનિયો અને બુઢ્ઢાની પડખે બેઠેલા વાદળી સાલ્લો ઓઢેલા છીંકણીછાપ માજી. બધાંય ઉદાસીન આંખે બુઢ્ઢાને મારો જીવ ખાતો જોઈ રહ્યાં હતાં. બુઢ્ઢો બેસવાની જગ્યા આ આકરી ફી મારી પાસેથી વસૂલ કરી રહ્યો હતો.

'ફેમિલીમાં શું તમારે સાહેબ?'

'એક બૈરી, ત્રણ બચ્ચાં!'

'એમાં છોકરા-છોકરી કેટલાં?'

'ત્રણેય છોકરા જ છે.'

'ભારે નસીબદાર તમે તો ભાઈ. અમદાવાદમાં રહેવાનું ક્યાં?'

'દૂધેશ્વર!' કંટાળેલા દિમાગે મારાથી બોલાઈ જવાયું.

સુરેન્દ્રનગર ગાંઠિયા-ગોટાની બૂમો પાડતું ગયું, પણ દર બે-પાંચ મિનિટના અંતરે છૂટતી બુઢ્ઢાની પ્રશ્ન-બુલેટો પૂરી ન થતી. 'આને પ્રશ્નો પૂછતો અટકાવવાનો એક જ ઉપાય છે. સામે પ્રશ્નોનો મારો ચલાવવો' મારા બૅન્કર દિમાગે કહ્યું. લીલાપુર ગયું 'તમે કયે ગામ જવાના કાકા?' 'જામનગર પાહે ગામ છે મારું. જામનગર ઊતરીને એસ.ટી. માં જવાનું.'

'આમ ક્યાંથી મુંબઈથી આવ્યા?'

'હા, ત્યાં જ રઉં છું.'

'તો પછી ગામ કેમ જાઓ છો? કાકી ત્યાં રહે છે?'

'ના ભઈ, ના! એ તો ક્યારની પરલોક સિધાવી ગઈ!' કાકાએ નિઃશ્વાસ મૂકીને કહ્યું. મૂળીનું ઉજ્જડ સ્ટેશન ચૂપચાપ પસાર થઈ ગયું અને કાકા કંટાળ્યા વિના મારા આગળ પૂછ્યા વિના જ એમની દાસ્તાન કહેતા ગયા.

"દીકરો ને વઉ બેઉ મુંબઈમાં મોટા દાગતર છે. દીકરી પરદેશમાં પરણાવેલી છે. મારું નામ ગણેશ ગઢવી. રેલવેમાં ફીટર હતો. રિટાયર્ડ છું. પેન્શન મળે છે. ચંવોતેરમું વરહ હાલે છે. દીકરા ને વઉ બઉ હારી રીતે મને રાખે છે, પણ મુંબઈમાં હંધાંય ધોડતાં ને પોતાનામાં ગુલતાન. આપણને કોઈ માણહ ઓળખે નઈ અને અંગરેજીમાં ગોટપીટ ભણતા પોતરા-પોતરીને તો ટી.વી. હામે બેહી રે'વું ગમે, પણ દાદા જોડે વાત કરવાનો ટે'મ એમની પાહે ન મળે. મને ટી.વી. માં ઊલળતાં લડધા-લડધિયું જોવા નો ગમે. એટલે નવમા માળના એકદંડિયા મોલમાં (મહેલમાં) એકલો એકલો ચૂપચાપ ઘૂંટાયા કરું. ગઢવીનો બોલકો જીવ એટલે મૂંગા મંતર રે'વું ના ગમે, પણ હું (શું) કરું? એટલે દર છો મઈને ગામ વયો આવું છું. રેલવે હજી વરહમાં બે ફ્રી-પાસ આપે છે. ગામમાં મારી હારેના તો લગભગ બધાં ઢળી ગયાં, પણ ગામમાં જે કોઈ જાણ્યું-અજાણ્યું મળે એની હારે પેટ ભરીને વાતું કરી લેવા જ દર છો મઈને ગામ આવું છું આમ. મને ખબર છે સાહેબ! મારા બડબડાટથી તમે હઉ કંટાળી ગયા હશો. તો માફ કરજો. જોકે તમારાં છોકરાંવ મોટાં થઈને ધોડતાં ન થાય, અને તમે મારી જેમ બુઢ્ઢા થઈને બેહી ન પડો ત્યાં લગણ તમને મારો મૂંઝારો નઈ હમજાય. ઠીક લ્યો ત્યારે રામ રામ! આ તમારું થાનગઢ આવી ગ્યું!" બુઢ્ઢાએ બે હાથ જોડતાં બોખું હસીને કહ્યું.

અને થાનગઢના સૂકા બળબળતા પથરીલા પ્લેટફોર્મ પર પગ મૂકતાં મેં પાછળ નજર ઘુમાવી. બારી પાસે ખસકી આવેલા ગણેશ ગઢવીની ચશ્માં પારની, જીવન-સફરનો ભાર ભરેલી બુઢ્ઢી આંખોમાં મેં જોયું, અને એ ઝુરીદાર વાતભૂખી આંખોમાં ઘૂઘવતા મારા ભવિષ્યનો વિચાર આવતાં, તાવની તપિશથી જલતા મારા દિમાગે મને ફરી એક વાર પૂછ્યું,

'જિંદગી એટલે શું? આ જ વિરાગ.'

***સૌજન્ય : "અક્રમ વિજ્ઞાન"***

*એક મોટી તક આવી પહોંચે તેની રાહ જોઈને બેસી રહેવાને બદલે નાની નાની તકોને ઝડપી લઈએ તો આપણે ઝડપથી મંઝિલ સુધી પહોંચી શકીએ છીએ.*

## ભગિનીતર્પણ

**(અનુસંધાન : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)**

શકીએ?'

અને મેં આગળ ચર્ચા કરવાની ક્ષમા માગી ડૉ. ધારણા અને તેના પપ્પાને વિદાય આપી હતી.

એમના ગયા પછી હું જીજાજીને મળવા દોડી ગયો હતો. જીજાજી દીદીના ફોટા સમક્ષ ઊભા-ઊભા રૂંધાયેલા અવાજે કહી રહ્યા હતા : 'દુર્વા, તું તો ચાલી ગઈ. મેં સાંભળ્યું છે કે નિયત પણ ડૉ. ધારણા સાથે લગ્ન કરી ઘરજમાઈ બનવાનો છે! પાંખો આવે એટલે પંખી માળો અને ધરતી બંનેને ભૂલી જાય છે! મને આશા હતી કે નિયતને હું પરણાવીશ અને બાકીની જિંદગી નિયત અને તેની પત્નીની ઓથમાં પૂરી કરીશ...પણ દુર્વા...જિંદગીએ મને છેતર્યો છે...નહીં તો નિયત....'

જીજાજી બોલતાં-બોલતાં ચોધાર આંસુએ રડી પડ્યા અને હું એમની કોટે વળગી એમને આશ્વાસન આપતાં કહેવા લાગ્યો : 'જીજાજી, મારે તમારો કે મોટી બહેન દુર્વાના અહેસાન ફરામોશ નથી બનવું. ઉપકારની ચાદર હું જીવનભર ઓઢી રાખવા સંકલ્પબદ્ધ છું! મારું લગ્ન તમારી ઈચ્છા અનુસાર થશે અને હું તથા મારી પત્ની મોટી બહેન દુર્વાની આપને ખોટ નહીં સાલવા દઈએ. મોટી બહેન, આજથી જીજાજીની જવાબદારી મારી. તું જ્યાં હો ત્યાં તારા આત્માને મારા શબ્દો ઠારે!' અને એ રાત્રે હું જીજાજી પાસે રોકાયો હતો. જીજાજી મારા ખોળામાં માથું મૂકી નાના બાળકની જેમ ઘસઘસાટ ઊંઘી ગયા હતા.

***૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે,***
***સેટેલાઈટ રોડ,***
***અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬***

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™ STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# થોડીસી બેવફાઈ

• પ્રિયકાંત પરીખ •

શરદ પૂનમનું રૂપું આકાશમાંથી ધરતી પર ઢોળાઈ રહ્યું હતું. ચંદ્ર પૂરા શબાબથી ગગનના શહેનશાહની હેસિયતથી ચમકી દમકી રહ્યો હતો.

રાતના દસનો સુમાર હતો. વાહનો અને રાહદારીઓની ચહલપહલ ઓછી થઈ ગઈ હતી.

માણેકચોક અને લૉ-ગાર્ડનનું ખાણી-પીણી બજાર ભીડથી ઉભરાઈ રહ્યું હતું.

ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં ભજવાતાં મુંબઈના નાટકોની ટિકિટો ચપોચપ વેચાઈ જતાં 'હાઉસફુલ' નું બોર્ડ ટિકિટબારી આગળ મુકાઈ ગયું હતું. ટિકિટ મેળવવામાં નાકામિયાબ રહેલા પ્રેક્ષકો આવ્યા છીએ તો કંઈક ખાતા-પીતા જઈએ,' વિચારી ખાણી-પીણી બજારમાં પાણીપૂરી, ભેળ, ઢોકળાં, પીઝા, વડાપાંઉ, પાઉંભાજી, આઈસ્ક્રીમ, કુલ્ફી વગેરે માણવા ભીડમાં સામેલ થતા હતા.

આ સમયે ઈલેક્ટ્રોનિક્સના વેપારીઓની મિટિંગમાં હાજરી આપી, જમીને, પાન ખાઈને કુંદનલાલ એમની પાર્ક કરેલી રેડ કલરની I-20 કાર લઈને બોપલમાં આવેલા બંગલા તરફ જતા હતા.

કુંદનલાલ નહેરુનગર ચાર રસ્તાથી સેટેલાઈટ તરફ કાર દોડાવતા હતા ત્યારે બ્લેક સલવાર અને રેડ કુર્તામાં સજ્જ થયેલી એક યુવતી લિફ્ટ માટે હાથ ફરકાવી રહી હતી.

કુંદનલાલે કાર અટકાવી યુવતી સામે જોયું.

'સાહેબ!' અઢારેક વર્ષની લાગતી, રૂપાળી યુવતીએ પાંપણો નમાવી દીધી.

'શું છે?'

'બેસવું છે?' યુવતીના ગળામાંથી પરાણે શબ્દો નીકળ્યા. તેની નજર જમીન પર જડાયેલી હતી.

વર્ષોથી સ્ત્રી-સુખથી વંચિત પિસ્તાળીસેક વર્ષના કુંદનલાલના તન-બદનમાંથી હળવી ધ્રુજારી પસાર થઈ ગઈ, 'શું ચાર્જ છે?'

'પાંચસો રૂપિયા.'

કુંદનલાલને લાગ્યું, શરીરના ધંધામાં આ યુવતી ખેલાડી નથી, પણ નવી નવી દાખલ થઈ હશે. એની નમેલી નજર અને શબ્દોની ધ્રુજારી આ વાતની સાક્ષી પૂરે છે.

'ક્યાં જઈશું?'

'તમે લઈ જાવ ત્યાં, કોઈ હોટલમાં, મારે ઘેર અથવા તમારે ઘેર. તમે કહેશો ત્યાં આવવા તૈયાર છું.'

'હોટલ જોખમી બની જાય. મારે ઘેર નહીં, તારે ઘેર કોણ કોણ છે?'

'માત્ર મારી બા.'

'તારી બાને વાંધો તો નહીં હોય ને?'

'આર્થિક રીતે મજબૂર વ્યક્તિઓની ડિક્ષનેરીમાં 'વાંધા' જેવો કોઈ શબ્દ હોતો નથી. હોય તો પણ એ શબ્દ ભૂંસી નાખ્યો હોય છે.' યુવતીના શબ્દોમાં આછો આક્રોશ ધબકી ઊઠ્યો.

કુંદનલાલે કારનો આગલો દરવાજો ખોલ્યો, 'બેસી જા.'

યુવતી ઝડપથી બેસી ગઈ

'ક્યાં જવાનું છે? કઈ બાજુ લઈ લઉં?' કારને ગતિ આપતાં કુંદનલાલે પૂછ્યું.

'રાચંડા તરફ... 'નૂતન ભારત ફ્લેટ.'

'મને ફ્લેટનો ખ્યાલ નથી. તું રસ્તો બતાવતી રહેજે.'

'જી.'

કુંદનલાલ ખૂબ ધીમી કાર ચલાવતા હતા. યુવતી વિશે જાણવામાં એમને રસ પડ્યો હતો. એક બાજુ ઉત્સુકતા હતી તો સામે છેડે ડર હતો. 'યુવતીના ઘેર જવામાં જોખમ તો નથી ને? ફસાઈ તો નહીં જવાય ને?' એમણે પૂછ્યું, 'તારે ઘેર કોઈ મુશ્કેલી તો નહીં આવે ને? પોલીસ-બોલીસનું લફરું કે એવું કંઈક...'

'ના. અમારું ઘર બદનામ નથી. કોઈ પોલીસે આજ સુધી અમારે ઘેર પગ મૂક્યો નથી. એ અંગે નિશ્ચિંત રહેજો.'

'તેં ધંધામાં ક્યારથી પ્રવેશ કર્યો?'

'માનશો? વેશ્યાની છોકરી હોત તો કહેત, હજુ સુધી મારી 'નથ' કોઈએ ઉતારી નથી. હજુ સુધી સો ટકા કુંવારી છું. મારું શરીર આજે પહેલીવાર તમને સોંપાશે. મને આ ધંધાનાં નખરાં અને તોર-તરીકા આવડતાં નથી.'

કુંદનલાલને આ યુવતીનાં ક્ષોભ-સંકોચ-લજ્જા જોતાં લાગ્યું કે, આ યુવતી સાચું કહે છે. 'નવા ધંધામાં પ્રવેશવાની શરમ છે. તો કમનથી પ્રવેશવાનું દુઃખ પણ છે.'

'નોકરી ન મળી?' કુંદનલાલે સહાનુભૂતિથી પૂછ્યું.

'બારમું ધોરણ ભણેલીને નોકરી કોણ આપે? આપનારને મારા કામ કરતાં શરીરમાં રસ હતો એવો અનુભવ થતાં ચારિત્ર્ય જાળવવા નોકરી છોડી દીધી.'

'બીજો કોઈ આર્થિક સહારો નહોતો?'

'સહારો હોત તો મારી બા મને શરીર વેચવા મોકલત? નાનપણથી આજ સુધી બા એસ.એસ.સી., પી.ટી.સી. હોવાથી મ્યુનિ. સ્કૂલમાં શિક્ષિકા હતી. એટલું ગાડું ગબડતું હતું. બાને શ્વાસની-દમની બીમારી થતાં નોકરી છોડવી પડી. પૂરાં તેત્રીસ વર્ષની નોકરી નહોતી એટલે પેન્શનની જે રકમ આવતી તે ઘરખર્ચ, દવાઓ અને મારા ભણતર પાછળ ફી સિવાય પુસ્તકો, નોટો, ડ્રેસીસ પાછળ

પૂરતી નહોતી. આથી તો મેં કૉલેજ જવાનું માંડી વાળ્યું અને નોકરી કરવા પ્રયત્નો કર્યા. પણ કડવા અનુભવો થતાં નોકરી છોડી મૂકવી પડી.' યુવતીના અવાજમાં રુદન તસતસતું હતું.

'એટલે આ ધંધો પસંદ કર્યો?'

'હા, નોકરીમાં સાહેબોની ગુલામી કરવી અને દેહ આપવાનો હોય તો રાતના થોડા કલાકોમાં મહિને હજારો કમાવવા શું ખોટા એવો વિચાર આવતાં મેં બા સમક્ષ વિચાર રજૂ કર્યો. બાએ કોઈ આશાનું કિરણ ન દેખાતાં રડી રડીને 'હા' પાડી. આજથી જ આ ધંધાની શરૂઆત કરી. તમે પહેલા ગ્રાહક બનશો. બાકી, ભણી ગણીને સારા ઘેર પરણવાનાં સ્વપ્નો મેં પણ જોયાં છે. હશે, માફ કરજો, સાહેબ, મારે રોદણાં ન રડવાં જોઈએ. જીવનમાં પહેલી જ વાર આ રસ્તે પગ મૂકું છું એટલે એ લાઈનના તોર-તરીકા, ભાવ-તાલ અને નખરાં આવડતાં નથી. અનુભવ શીખવી દેશે.' યુવતી પરાણે હસી.

યુવતીની દાસ્તાન સાંભળી કુંદનલાલની વિકૃતિ ઓગળી ગઈ. આજે એક સાથે બે વ્યક્તિઓ - યુવાન અને પ્રૌઢ પતનના પંથે ડગ ભરે છે. હું ધારું તો બન્ને પતનોને અટકાવી શકું છું.' કુંદનલાલ વિચારી રહ્યા.

'બસ' ફ્લેટ આવી જતાં યુવતીએ કહ્યું

કુંદનલાલે કાર અટકાવી.

આખી સોસાયટી જંપી ગઈ હતી.

કુંદનલાલે યુવતીને પાંચસોની નોટ આપતાં કહ્યું, 'તારે ઘેર જા.' મારે તારું શરીર જોઈતું નથી. તેં આ રીતે પગ મૂક્યો નથી તો મૂકીશ પણ નહીં. આ એક એવી અંધારી ગલી છે જેમાં સહેલાઈથી પ્રવેશી શકાય છે, પણ નીકળી શકાતું નથી.'

'હું મફતના પૈસા લેવામાં માનતી નથી. આજે નહીં તો કાલે બીજા ગ્રાહક સાથે સોદો કરવો પડશે.'

'હું તને નોકરી આપીશ. મારો ઈલેક્ટ્રોનિક્સનો બિઝનેસ છે. હું તારું શરીર નહીં માગું. પાંચ હજાર માસિક પગાર આપીશ. મંજૂર છે?'

'મારા પર આટલી મહેરબાની કરવાનું કારણ?'

'તારી વાત સાંભળી મને વિચાર આવી ગયો કે હું તારી બાની જગ્યાએ હોત અને તું મારી પુત્રી હોત તો? કેટલી વેદનાથી આ લાઈનમાં જવાની મેં પરવાનગી આપી હોત? મારે કોઈ પુત્ર-પુત્રી નથી. એકલો છું. આ મારું કાર્ડ છે. ચારિત્ર્ય જાળવીને ઈમાનદારીથી જીવવું હોય તો કાલે ઑફિસે આવી જજે. ક્ષણિક જન્મેલી વિકૃતિ ઓગળી ગઈ છે. તું નહીં આવે તો માની લઈશ કે તારા પતનનું તું જ નિમિત્ત છે, આર્થિક મજબૂરી નહીં. ચાલ, હું રજા લઉં.'

'સાહેબ, હું કાલે ઑફિસે આવીશ. જરૂર આવીશ. મારે પણ સારા થઈને જીવવું છે. બાપના જેટલું વાત્સલ્ય દર્શાવી, મને પતનના પંથેથી પાછા વાળનાર ઘેર આવીને, બાને મળીને જાવ. જેથી એને સંતોષ અને આનંદ થાય કે એની પુત્રીને પતનના પંથેથી વાળી, નોકરી આપનાર પિતાતુલ્ય સજ્જન કોણ છે?'

'ચલ, આટલે આવ્યો છું તો તારી બાને મળતો જાઉં.'

કુંદનલાલ યુવતી પાછળ ફ્લેટમાં પહેલા માળે ૧૦૧ નંબરના ફ્લેટમાં પ્રવેશ્યા. પ્રૌઢાએ બારણું ખોલ્યું.

યુવતીએ ટ્યૂબલાઈટ સળગાવી. તેના દૂધિયા પ્રકાશમાં કુંદનલાલની દૃષ્ટિ પ્રૌઢા પર પડી. કુંદનલાલ ચમક્યા, 'છાયલ તું?!!'

'કુંદન તું?!!' પ્રૌઢા વિસ્ફારિત આંખે કુંદનલાલને જોઈ રહી.

'આ છોકરી?'

'આપણી પુત્રી વિરાજ છે. મેં એનું નામ વિરાજ પાડ્યું છે.'

'છાયલ, આજથી સત્તરેક વર્ષ પહેલાં તારા પ્રેમનો દ્રોહ કરી, શીતલ નામની નખરાળી યુવતીના પ્રેમમાં પડી મુંબઈ છોડી અમદાવાદ નાસી આવ્યો હતો. ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં નોકરી શરૂ કરી. શીતલ મને છોડીને બીજા સાથે ભાગી ગઈ. તમને છોડવા બદલ ખૂબ પસ્તાયો. તમારી પાસે આવવાની હિંમત ન કરી શક્યો. ધંધાનો અનુભવ થતાં મેં નાનકડા ધંધાથી શરૂઆત કરી. ધંધો જામી જતાં શ્રીમંત બન્યો. બોપલમાં બંગલો છે. કાર છે. જામેલો બિઝનેસ છે. કરોડોનો માલિક છું છતાં એકલતાના ડંખો જીરવીને જીવું છું. તમારા બન્નેની દશા માટે હું જ જવાબદાર છું. પુત્રીવત્ વાત્સલ્ય જાગી ઊઠતાં જેને પતનના પંથે અટકાવી, સર્વિસ કરવાની સલાહ આપી એ મારી સગી પુત્રી નીકળશે એની કલ્પના નહોતી.'

'બા, ખૂબ સજ્જન પુરુષ છે મારા પપ્પા, જેમને પિતાતુલ્ય માની, જેની ઑફિસમાં આવતીકાલથી સર્વિસ પર જોડાવાની હતી એ પિતાતુલ્ય નહીં પિતા જ નીકળશે એની મનેય કલ્પના ક્યાંથી હોય? બા, હું તને મળવા ન લઈ આવી હોત તો સત્તર વર્ષ પછી પણ આપણું મિલન ક્યાંથી થાત?' વિરાજ ભાવુક બની ગઈ.

'ઈશ્વર જે કરે છે એ સારા માટે. એ કહેવત આપણા માટે સાચી પડી.' છાયલના પ્રૌઢ ચહેરા પર સ્મિત ઝળહળી ઊઠ્યું.

'આજે અત્યારે જ આ ફ્લેટ છોડી, મારા બંગલે જઈએ છીએ. ઈશ્વરકૃપાએ થયેલા આ મિલન પછી આપણે સાથે રહીશું. ચાલો, તૈયાર થઈ જાવ. સામાનની પછી વ્યવસ્થા કરીશું. મારી એકલતાનો છેદ ઊડી ગયો છે.'

કાર બોપલના માર્ગે દોડતી હતી.

કુંદનલાલ ડ્રાઈવ કરતા હતા. છાયલ બાજુમાં બેઠી હતી. વિરાજ પાછલી સીટ પર બેસી જોગાનુજોગ થયેલા મિલનને વાગોળતી હતી. કેવો યોગાનુયોગ?

ત્યારે શરદપૂનમની રાત રમણે ચડી હતી.

***(સ્વ. પ્રિયકાંત પરીખની યાદગાર વાર્તા)***

# ભગિનીતર્પણ

• ડૉ. ચંદ્રકાંત મહેતા •

'બેટા, તારી મોટી બહેને તને શહેરમાં પોતાને ઘેર રાખવાની હા પાડી છે. હવે તું ૧૧મા ધોરણમાં વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ શરૂ કરી શકીશ' નિયતની મમ્મીએ કહ્યું.

'પરંતુ મમ્મી, દીદી જેટલી ઉદાર છે, જીજાજી કદાચ એટલા ઉદાર ન હોય! એમને એમ નહીં લાગે કે સાળો માથે પડ્યો? એમનો અહેસાન ભવિષ્યમાં પણ મને ખટકશે!' નિયતે શંકા વ્યક્ત કરી.

'અરે ગાંડા, મા-જણી બહેનની બાબતમાં ઉપકાર જેવી કોઈ વાત વિચારી શકાય? ભાઈ-બહેનનો સંબંધ તો માતાથીયે મોંઘેરો છે! રાખડીનો સંબંધ તો બહેન રાખમાં ભળ્યા બાદ પણ ભૂલતી નથી! અને તારી બહેન દુર્વા તો દુર્ગા છે... પવિત્ર અને પુણ્યશાળી મમ્મી મોટી બહેનની મહાનતાને યાદ કરીને રડી ગઈ!

અને બીજે દિવસે મેં બહેનને ઘેર રહેવા જવા પ્રસ્થાન કર્યું. પિતાજીના અવસાન પછી માએ મને આંખના રતનની જેમ જાળવ્યો હતો. મમ્મી મારો પડછાયો બનીને જીવતી હતી. શાળાએથી મને આવતાં પાંચ દસ મિનિટનું મોડું થાય તો મમ્મીનો જીવ તાળવે ચોંટી જાય!

હું એસ.ટી. સ્ટેન્ડે ઊતરી, રિક્ષા કરી મોટી બહેનને ઘેર પહોંચ્યો. મોટી બહેન વરસાદની જેમ મારી રાહ જોઈ રહી હતી. મને જોઈને એ ગાંડીઘેલી થઈ ગઈ. આરતીની થાળી તૈયાર હતી. મારી આરતી ઉતારી મોં મીઠું કરાવી મારાં મીઠડાં લઈ બહેન મને ઘરમાં લઈ ગઈ.

ત્રણ બેડરૂમનું ઍપાર્ટમેન્ટ. બહેને મારે માટે નાનકડો અલાયદો રૂમ તૈયાર કરી રાખ્યો હતો. ટેબલ-ખુરશી-પેન-બોલપેન સ્ટેન્ડ, કેલક્યુલેટર, ફૂટપટ્ટી, કંપાસ બૉક્સ, બધું જ હાજર! ડાબી બાજુના ભાગમાં એક ડઝન કોરી અને લીટીવાળી નોટો પણ ગોઠવી રાખી હતી. હું ભાવવિભોર થઈ ગયો! બહેનને ભેટ્યો. આંખમાંથી અશ્રુધોધ વહેવા માંડ્યો. મેં રડતાં રડતાં કહ્યું : 'બહેન, મને ભણી-ગણીને તૈયાર થઈ જવા દે. તારા જીવનમાં ખુશીનો દરિયો છલકાવી ન દઉં તો મારું નામ નિયત નહીં.'

'હવે ફિલ્મી સંવાદોની આપ-લે થયા કરશે કે પછી મારા તરફ દયાદૃષ્ટિ ફેંકવામાં આવશે?' જીજાજીએ કડકાઈભર્યા સ્વરમાં કહ્યું.

'માફ કરજો હોં! નિયતના આવવાની ખુશીમાં હું એટલી બધી હરખપદૂડી થઈ ગઈ હતી કે કશી વાતનો ખ્યાલ જ ન રહ્યો. તમે છો તો બધું જ છે!' દીદીએ લાગણીપૂર્વક જીજાજીને કહ્યું.

'અરે ભાઈ, બધુંજ માપમાં શોભે. અને નિયત ભણવા માટે અહીં આવ્યો છે તો એમ અહીંથી થોડો જ જલદી જવાનો છે! ભણવાનું પણ પતાવશે અને પરણવાનું પણ અહીંથી જ પતાવશે' જીજાજી ખંધું હસ્યા.

વાતાવરણ હળવું કરવા દીદીએ કહ્યું : 'તમારા જેવા સમર્થ બનેવી હોય પછી કયા સાળાનાં અરમાન અધૂરાં રહે. અને નિયત તો તમને મારા કરતાંય વધુ વહાલો છે...તમને તો મશ્કરી કરવાની આદત છે! નિયત, તારા જીજાજીની વાત સાંભળી ખોટું ન લગાડતો.'

મેં જોયું કે જીજાજી જેવા તૂફાન મેલને કાબૂમાં રાખવાની કુશળતા દીદીએ કેળવી લીધી છે! દીદી લાગણીનો મહાસાગર હતી અને જીજાજી હતા મનમોજી વાદળ...વરસવું હોય તો વરસે, નહીં તો રાહ જોનારને રાખે કોરાધાકોર! મેં મનોમન વિચાર્યું કે જીજાજીની નજરમાં વસવાનું રામબાણ શસ્ત્ર છે ખુશામત! અને મેં તાત્કાલિક જ એનો પ્રયોગ કર્યો : 'જીજાજી, મારે ઢીલાપોચા નહીં, મર્દ બનવું છે! અને મર્દાનગીનો આદર્શ તમારા સિવાય બીજે ક્યાંય શોધવાની જરૂર પણ શી?'

'જોયું, તારા કરતાં તારા ભાઈમાં કદરદાનીની સૂઝ વધારે છે! મારે પગલે ચાલશે તો ઘરમાં ને દુનિયામાં સુખ એને શોધતું આવશે' કહીને જીજાજી કપડાં બદલવા ચાલ્યા ગયા. દીદી પણ હળવીફૂલ જેવી થઈ ગઈ હતી. જીજાજીને મેં જીતી લીધા એનો એને આનંદ હતો.

અને 'બનેવી નિવાસ' માં મારું અધ્યયનકાર્ય શરૂ થયું. મોડા પડવાને કારણે સારી સ્કૂલમાં પ્રવેશ મેળવવાનું કામ અઘરું હતું. પણ મેં જીજાજીને પોરો ચઢાવ્યો. 'જીજાજી, તમારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ છે ખરો? કોઈક ધારાસભ્ય કે પ્રધાનની ચિઠ્ઠી લાવો એટલે મારો બેડો પાર! તમારે ભરોસે તો હું શહેરમાં ભણવા આવ્યો છું!'

'તારી વાત સાચી છે. ઘણા ધારાસભ્યોને જિતાડવામાં મેં ટાંટિયા ઘસી નાખ્યા છે. અને તારા જેવા તેજસ્વી સાળા માટે તો મને અહીંની નહીં, દિલ્હીના મિનિસ્ટરની લાગવગ લાવતાં પણ મુશ્કેલી નહીં નડે!'

અને સાંજે જીજાજીએ વટભેર ધારાસભ્યનો ભલામણપત્ર લાવી મારો એક જાણીતી હાયર સેકન્ડરી સ્કૂલમાં પ્રવેશ પાકો કર્યાના સમાચાર મને આપ્યા હતા. અને ટકોર પણ કરી હતી : 'નિયત, હું તારો બનેવી છું એ નાતે તારા પ્રત્યેની મારે ફરજ બજાવવી પડે! પણ તને ખબર છે કે અમારા ઘરમાં શેર માટીની ખોટ છે. તારે મારા સાળા અને દીકરા બન્નેની ફરજ બજાવવાની છે! પછી રોગ મટ્યો એટલે વૈદ્ય વેરીની

ગણતરી ન મૂકતો! આજના માણસને મન દરેક માણસ ઉપર ચઢવાની લિફ્ટ છે! અને ઉપર પહોંચ્યા બાદ લિફ્ટને 'થૅન્ક યુ' કહેવાય કોઈ ઊભું નથી રહેતું...મને લાગે છે તું એ પ્રકારના માણસોમાંનો નથી! પછી તો નીવડ્યે વખણાય!'

'અરે જીજાજી, એ શું બોલ્યા? તમે મારામાં મૂકેલી શ્રદ્ધા એળે નહીં જવા દઉં!' મેં કહ્યું, એટલે જીજાજી પ્રસન્ન થઈ ગયા.

હાયર સેકન્ડરીનો અભ્યાસ પૂરો કર્યો અને બોર્ડની પરીક્ષામાં મેં ૯૨% માર્ક્સ મેળવ્યા. મમ્મી અને બહેન-બનેવીના આનંદનો પાર નહોતો. જીજાજી મારી તેજસ્વિતાને એમના 'ઘડતર' નું પરિણામ માનતા હતા. ગુણવત્તાને ધોરણે મને મેડિકલમાં પ્રવેશ મળી ગયો અને જીવનની એક નવી જ દિશા શરૂ થઈ.

સ્કોલરશિપ મળવાને કારણે હોસ્ટેલમાં રહી ભણવાની અનુકૂળતા ઊભી થઈ અને દીદી તથા જીજાજીના આશીર્વાદ લઈ મેં મેડિકલ હોસ્ટેલમાં રહેવાનું શરૂ કર્યું....

ઢળતી ઉંમર અને મારા વાક્ચાતુર્યને લીધે જીજાજીનું વર્તન સાવ બદલાઈ ગયું હતું. રવિવારે તેઓ મને આગ્રહપૂર્વક ઘેર બોલાવતા અને નાનો-મોટો કાર્યક્રમ ગોઠવી મને રાજી રાખવાની પૂરી કોશિશ કરતા.

હું એમ.બી.;બી.એસ. થઈ ગયો અને એમ.એસ. માટે પણ મને ઍડમિશન મળી ગયું. હું ખ્યાતનામ સર્જન બનવા માગતો હતો.

એવામાં મારી દોસ્તી મારી જ સાથે અભ્યાસ કરતી ડૉ. ધારણા સાથે થઈ. ધારણાનો સ્વભાવ મિલનસાર, હસમુખો અને વાતોડિયો. મિત્રો બનાવવાનું અને એમને પાર્ટી આપવાનું એને ખૂબ જ ગમે. મારું મિતભાષીપણું એને પસંદ પડ્યું. એની દૃષ્ટિએ હું ઉત્તમ શ્રોતા હતો. એની લાંબીલચક વાતચીત અને સંવાદો હું ઉત્સુકતાપૂર્વક સાંભળતો. ખુશામતના શબ્દો વાપરવાનો મહાવરો તો જીજાજીના સંપર્ક દ્વારા મેં બરાબર કરી લીધો હતો. મારું ઓછાબોલાપણું ધારણાના મનમાં વસી ગયું.

એક દિવસ એણે મને પોતાને બંગલે ડિનર માટે બોલાવ્યો. મોંઘીદાટ કાર લઈ મને ધારણા તેડવા આવી!

એક વિશાળ વાટિકા વચ્ચે ધારણાનો આલીશાન બંગલો! ચોકિયાત, નોકર-ચાકર-રસોઈયા વગેરે મૅડમ 'ધારણા' નો પડતો બોલ ઝીલે! હું એક મધ્યમવર્ગીય ગ્રામીણ માતાનો પુત્ર! મારી દશા કૃષ્ણના મહેલે પહોંચેલા સુદામા જેવી હતી! પણ ધારણાના પપ્પા મારી મદદે આવ્યા. તેમણે મને ઉષ્માભર્યો આવકાર આપતાં કહ્યું : 'મિ. નિયત, ઘરના વૈભવ કરતાંય મોટો વૈભવ છે હૈયાનો વૈભવ. અને તમારી ખાનદાની અને સંસ્કારિતાનાં વખાણ કરતાં ધારણા થાકતી નથી. મારે મન લક્ષ્મી કરતાં સરસ્વતીનું મહત્ત્વ વધારે છે અને તમારી ઉપર તો મા શારદાના ચારે હાથ છે! તમારા જેવો યુવક કોને ન ગમે?'

મેં હળવાશ અનુભવી. ભોજન બાદ ધારણાના પપ્પાજીએ મને લાગણીપૂર્વક વિદાય આપી. મને લાગ્યું કે ધારણાની દોસ્તીએ મારા જેવા એક ગામડાના યુવકને ન્યાલ કરી દીધો છે!

અને એક દિવસ ધારણાના પપ્પાજી મને મળવા માટે હોસ્ટેલ પર આવ્યા. એમણે ધારણા સાથે મારાં લગ્નનો પ્રસ્તાવ મૂકતાં કહ્યું : 'તમારે માટે નર્સિંગ હોમની વ્યવસ્થા મેં ગોઠવી જ રાખી છે. ધારણા મારી એકની એક દીકરી છે! તમે બન્ને લગ્ન પછી મારી સાથે રહી મારી જીવનસંધ્યાને ટાઢક આપો એથી વધારે હું ઈચ્છું પણ શું?'

મેં એમનો આભાર માની એમના પ્રસ્તાવને વધાવી લીધો!

આનંદના સમાચાર આપવા હું દીદી અને જીજાજી પાસે દોડી ગયો. ઍપાર્ટમેન્ટના પ્રવેશદ્વાર પાસે ઍમ્બ્યુલન્સ ઊભેલી જોઈ મને ચિંતા થઈ! એટલામાં જીજાજી હાંફળા-ફાંફળા દોડી આવ્યા અને મને કહ્યું : 'ભગવાને જ તને મોકલ્યો. તારી દીદી નિસરણી ઊતરતાં ભોંય પટકાઈ છે અને ફેમિલી ડોક્ટરના અભિપ્રાય મુજબ એને બ્રેઈન હેમરેજ થયું છે. મેં મારા મિત્રના નર્સિંગહોમમાં ફોન કરી દીધો છે. ચાલ, જલદી કર!' અને દીદીને અમે નર્સિંગ હોમ પહોંચાડી સારવાર શરૂ કરાવી હતી.

પૂરા બોંતેર કલાક દીદી મોત સામે ઝઝૂમી, પણ અંતે મોત સામે તે હારી ગઈ. અને હું અને જીજાજી સાવ ભાંગી પડ્યા. મારામાં આઘાત જીરવવાની શક્તિ નહોતી. ભણવામાં ચિત્ત ચોંટતું નહોતું...

એકાદ મહિના પછી ધારણાના પપ્પાજી મારી પાસે આવ્યા અને એમણે કહ્યું : 'નિયત, જિંદગી તો બહુરંગી છે. મનગમતો એકાદ રંગ રોળાઈ જાય તો સૂધ-બુધ વીસરીને જિંદગીના બીજા રંગોને તરછોડવાની ભૂલ ન થાય! અત્યાર સુધી તમારી દરકાર દીદી રાખતાં હતાં, હવે એની જવાબદારી ધારણાને સોંપી દો. જિંદગી આખરે તો એક ગોઠવણ છે ને!'

'પણ જીજાજીને હું નિરાધાર રહેવા દેવા માગતો નથી! ધારણા સાથે લગ્ન બાદ હું આપની સાથે રહું તો જીજાજીનું શું?' મેં સ્પષ્ટ વાત કરી.

'જુઓ મિ. નિયત, જિંદગીમાં લાગણી એક સ્થાને છે અને લાભની તકો બીજે સ્થાને. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળને ગંગાજળથી ધોવાનો વિલંબ કરનારા હંમેશાં પસ્તાયા છે! દુનિયામાં અનેક વિધુરો જીવતા હોય છે એમ તમારા જીજાજી પણ જીવશે. હા, વૈભવની છોળો વચ્ચે ઊછરેલી મારી દીકરી ધારણા તમારા બનેવીના ખોબા જેવડા ઍપાર્ટમેન્ટમાં રહેવાનું ક્યારેય પસંદ ન કરે એ નક્કી છે.' ડૉ. ધારણાના પપ્પાજીએ કહ્યું.

એટલામાં ધારણા પણ આવી પહોંચી. એના પપ્પાજીના શબ્દો એણે સાંભળ્યા હતા. એમની વાતને અનુમોદન આપતાં કહ્યું : 'નિયત, તારા બનેવીના લલાટે એકલા રહેવાનું લખાયું હોય તો એમાં આપણે આટલી બધી ચિંતા કરવાની શી જરૂર?...અને 'બનેવી' ને દત્તક લઈને જીવવાની ભૂલ આપણે કરી પણ કેવી રીતે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)**

# ખપ્પર જોગણી

● ધરમાભાઈ શ્રીમાળી ●

નેળિયાની રેતીમાં પગ ફાંગા થવા લાગ્યા. હાંફ પણ વધી હતી. ખેતરોમાં ઘઉં વઢાવાને હવે ઝાઝી વાર ન હતી. ફાગણ ઊતરીને ચૈત્રનાં નોરતા આવી ઊભાં. માથે લીલા ઘાસનું પોટલું લઈને અંબા ઊભા નેળિયે ચાલી આવતી હતી.

'કેવ સુ જરીક ધેમાં હેંડાં અંબાભાભી...' પાછળથી અવાજ આવ્યો. એણે પૂંછવાળી. 'નખ્ખોદિયો, આ વળી ચ્યાંથી ફાટી પડ્યો...' બોલતી એ ઝડપથી ચાલવા માંડી. પાછળ ઉતાવળાં પગલાં અથડાતાં હતાં. એ રીતસર દોડતી જ હોય એમ ચાલીને નેળિયા બહાર નીકળી ગઈ. પછી, 'હાશ!' કરતીકને હળવી પડી.

આંગણામાં સાંકળ તોડે એમ રઘવાઈ થઈને ભેંસ ઊંચા મોઢે અંબા ભણી જોવા લાગી.

'બળ્યું, મોડુ થૈ જ્યું...' બોલતાં એમે પોટલું પડતું કર્યું. પોટલામાં રાખેલું દાતરડું ઘરમાં ફેંક્યું તે જઈ પડ્યું ખાટલા પાસે.

આંગણામાં તડકો ચડી આવ્યો હતો. હાથ-પગ ધોયા ના ધોયા કરી એણે ચહેરા પર છાલક મારી.

ચાર ધોરણ પછી બાજુની આશ્રમશાળામાં રમેશને ભણવા બેસાડ્યો હતો. એ શનિ-રવિની રજામાં ઘેર આવતો. આજે એ તૈયાર થઈને આશ્રમશાળાએ જવાની ઉતાવળમાં હતો. 'ભઈ, તીં રોટલો ખાધો કે નઈ?' જેવું બોલતી અંબા રમેશના માથે હાથ પસવારતી ઊભી રહી. 'બઈ.. ઈમ મત કરન બાલ ફેંદઈ જશી.' ઓળેલા બાલને હાથથી સરખા કરતો એ બીજા છોકરાઓ સાથ ચાલતો થયો.

'ઈના બાપ જેવો સે આયે તે... વરણાજીયો થાહેં કે શું!' અંબાથી મન સુ મન બોલી જવાયું. પછી ઓસરીની જેર પર બેસીને ચડી આવેલા તડકાને જોતી રહી.

'ચ્યાં નખમાંય રોગ હતો! શીખર શું યે થ્યું તે...' ગાલ પર આંસુ દદડવા લાગ્યાં. સાડલાના છેડાથી આંસુ લૂછવા પ્રયત્ન કર્યો પણ બધું જ જાણે ઊતરી આવતું લાગ્યું.

ટેકરીઓની પેલી પાર પિયર... છૂટાં છવાયાં છાપરાં જેવાં ઘર... ટેકરી નીચેના ઢોળાવમાં ખેતર... ખાખરાનાં નાનાં-મોટાં ઝાડ... ટેકરીઓ વચ્ચેની નદી પરનો ચેકડૅમ... ફાગણમાં મહોરી ઊઠતાં કેસૂડાં... વરસે-દહાડે ભરાતા મેળામાં રંગબેરંગી વસ્ત્રો પહેરેલાં માનવીઓથી ઊભરાતો ઘોંટા વિસ્તાર...

એકાદ મેળામાં પડખેની ટેકરી ચડીને આવેલો બાબુ ગમી ગયેલો. પછી વાતનું વતેસર થાય એ પહેલાં સગપણ થયું ને એક સાંજે વાજતે-ગાજતે બાબુની સાથે છેડાબંધી. અંબા અહીં આવી ઊભી ત્યારે આસપાસની ટેકરીઓમાં હરખ સમાતો નહોતો. અને આંગણે બાંધેલા નાનકડો મંડપ ઓવારણા લેતો પવનની ફર્ ફર્ વચ્ચે જાણે કે હિલોળે ચડ્યો હતો.

કેટલું સારું લાગેલું!

મા-બાપને સાત ખોટના દીકરા જેવી જીવતરમાં અંબા મળી હતી. મા કહેતી : 'દીકરા... સામે જો... ચેટચેટલું ચાલ્યાં ત્યારે માએ તને આપી સે... એની દયાનો પરતાપ થ્યો તે અમે તારું નામ અંબા રાખ્યું...'

અંબાથી અંબાજી તરફ લંબાતા રસ્તે જોવાઈ ગયું. એણે મનોમન સ્મરણ કરીને વંદન કર્યા પણ બીજી જ ક્ષણે પાછી ઉદાસી ઘેરી વળી. 'માએ ખરી જ સેન્! દુનિયાંભરનાં મનેખ દુઃખ વાસ્તે જ તો ચાલ્યાં આવે સે ને હરખાતાં હરખાતાં જાય સે એની દયા થૈ ને મા કે'સે ઈમ મારો જલમ થેલો પણ જલમારામાં આમ અધવચ્ચે... ડૂમો ભરાઈ આવ્યો. એ સૂનમૂન બેસી રહી. આંખે વળેલાં ઝળઝળિયાં વચ્ચે બાબુની યાદ બેવડાઈ ગઈ.

પીળું બુશર્ટ અને વાદળી પેન્ટ, ગળામાં રેશમી રૂમાલ, પગમાં બુટ-સુગંધી તેલનો એ શોખીન. વાંકડિયા વાળની લટો અડધા કપાળે રમ્યા કરે. હસી-મજાકનો જીવ. બાજુના મોટા ગામે જાય ત્યારે પાન-મસાલાથી હોઠ લાલ લાલ કરતો આવે ને કહે, 'લો આ એક તારા માટે પેસ્યલ...' પછી રાતટાણે ચંદ્રના અજવાળે છાપરા જેવા ઘરમાં અંબા માટે રેશમી રૂમાલમાં લાવેલી રંગબેરંગી કાચની બંગડીઓ સહેજ આંખના ઉલાળે ધરી દે... પછી ખિસ્સામાં સાચવી રાખેલી સિગારેટ લાઈટના ઝબકારે સળગાવી પથારીમાં પડે પડે કસ ખેંચ્યા કરે ને અંબાને જોયા કરે.

પૈસા જ ક્યાં હતા... ગબ્બરની તળેટીમાં ઊભાં ઊભાં બંને જણ આવતા-જતા ઉડનખટોલાને તાકી રહેલાં. હાથમાં પહેરેલું રૂપાનું કડું કાઢીને ભરબજારમાં વેચી મારવાની ઈચ્છા થઈ ગયેલી પણ અંબાએ વારેલો. 'ગાંડા થ્યા સો કે શું! આ કડું તો માના નામનું સે. એને વેચાય? આપડે તો ટેકરીયાળાં મનેખ. ગબ્બર ચડતાં શી વાર...'

'એ બધું તો ઠીક... આખો જલમારો ડુંગરાજ ડુંગર... પણ આમ જો પેલા દોરડે લટકતાં ને જતાં-આવતાં ઉડનખટોલામાં બેસનાર મનેખ જો... ચેવાં એકબીજાની પડખે દબઈને હસી ર'યા સે... આવી મજા આપડે ચકડોળમાં માણેલી પણ આ તો ચકડોળ કરતાંય અલગ ભાતનું...'

'એમાં મુંઝાવ સો શું કામ... ફરી આવશું તો બેસશું.. હાલ તો ગબ્બર ચડિયે...' કહેતા અંબાએ બાબુને ધક્કો મારીને જ જાણે કે ચાલતો કરેલો.

નાભીમાંથી ઊઠેલો ઉચ્છવાસ ઓસરીની જેર લગી આવેલા તડકામાં તડાફ્ થઈને પછડાયો.

એ પછીની પૂનમે અંબાજી જવાની ને ગબ્બર પર ઉડન ખટોલામાં બેસવાની તૈયારી સાથે બંને હરખાતાં જીવી રહ્યાં હતાં. ત્યાં જ હટાયણું વોરીને પોતાની મસ્તીમાં રોડ ઓળંગતાં આવી રહેલા બાબુને પૂરપાટ ધસી આવેલી તુફાન જીપની ટક્કર વાગી ને એ હવામાં ફંગોળાયેલો...

કેટકેટલું ભર્યું હતું થેલીમાં! ચવાણું - પેંડા, નાનકા માટે બિસ્કિટ - ચોકલેટ, અંબા માટે ટીલડીઓ, ફૂમતાં, બંગડીઓ, રીબીન, કાંસકી, તેલની શીશી અને ઘર માટે મરચું, હળદર, મકાઈનો લોટ, ભજીયાં તળવાનો ઝારો અને પોતાને ગમતો મોર ચિતરેલો રેશમી રૂમાલ... બધું જ બાબુના લોહીભીના દેહ આસપાસ વેરણ - છેરણ પડ્યું હતું.

ઓસરીની જેર પરના તડકે પગ ચચરવા લાગ્યા. એ સફાળી ઊભી થઈ ગઈ. ઘાસ ખાઈને બેઠેલી ભેંસને ડોલ ભરીને પાણી ધર્યું. પછી ઝટપટ ચા મૂકી. ઊકળતી ચા દૂધના ઊભરે ચડવા માંડી ને નેળિયામાં સંભળાયેલા શબ્દો ફળફળતા લાગ્યા.

બાબુના મરી ગયા પછી પિયરિયાંનું એણે માન્યું નહીં. એનો જીવ રમેશમાં અને મરનાર બાબુના ઘરમાં અટવાતો હતો. ધરાર ના પાડી દીધેલી. 'મું આંઈ જ જીવે ને મરે...'

પારકાં ખેતરોમાં મહેનત-મજુરી કરવા એણે જીવ પરોવ્યો પણ હમણાં હમણાંતી નવોજી પાછળ પડ્યો હતો. જ્યાં જાય ત્યાં - રસ્તા આડે ઊભો રહીને શું નું શુંયે બોલ્યા કરતો. આજે નેળિયામાં પૂંઠે પડ્યો અંબાના શરીરમાં ભયનું લખ-લખું પ્રસરી ગયું. દૂધ ઊભરાય એ પહેલાં એણે સાણસી વગર તપેલી ઊતારી લીધી. ટેરવાં પર બળતરા ઊઠી.

આજે ત્રીજું નોરતું હતું. પછી તે ટીંગાડેલી છબી પર નજર ગઈ. 'તું લાજ રાખજે માડી!' એ મનોમન બબડી. રમેશ હતો તે સારું હતું. એના ગયા પછી ઘરમાં સૂનકાર ભાસવા લાગ્યો. એ હવે રામનવમીની રજામાં આવશે. સવારે આંગણું વાળ્યું હતું તોય કુંભીના ટેકે ઊભો કરેલો સાવરણો લઈને એ આંગણું વાળવા માંડી.

વાસમાં ખાસ કોઈ વસતી જેવું લાગતું નહોતું. ઘણાંખરાં મજુરીએ ગયાં હતાં. એને જૂનો વાસ યાદ આવ્યો. ત્યાં બધાં નજીક નજીક હતાં. પણ કજિયાય ક્યાં ઓછા હતા! સવાર પડે ને કોઈને કોઈ બહાને બોલવાનું થાય પછી સાંજે એ જ વાતે બકવાસ ચાલુ. વાસ પાસે કુંડ અને વચ્ચોવચ્ચ મરેલાં ઢોર ચીરવાની સાથરી... નરી ગંધ... અહીં નવાપરામાં મોકળાશ જોઈને જીવ ઠરેલો. હજુ વસવાટ થવાનો બાકી હતો. આંબેડકર આવાસનાં એકાદ રૂમનાં બે-ચાર ઘર હતાં. જૂના ઘરનાં નળિયાંપાટ - વળિયો ઢાંકી ઓસરી જેવું કર્યું હતું. બાબુ હતો ત્યારે એની સામે જોવાનીય કોઇ હિંમત કરી શકતું ન હતું. એના ગયા પછી ધીમે ધીમે રસ્તા વચ્ચે ઊભા રહીને મસાલા-પડીકીઓની પીચકારીઓ મારતા નવાજી જેવા અંબાને જતી-આવતી જોઈને આંખનો ઉલાળો કરવાનું ચૂકતા નહોતા. પણ એ તરફ જોયા વગર અંબા સીધા રસ્તે જતી અને આવતી હતી.

અંબાએ આંગણામાં ઊભી રહીને આમ-તેમ જોયું. ખાસ કોઈ ચહલ-પહલ જણાતી નહોતી. દૂર પેલા ચેકડૅમનાં પાણી ચૈત્રી તડકામાં તગતગી રહ્યાં હતાં. બપોરીવેળા એને કરડવા લાગી. કમાડ આડાં કરીને એ સહેજ આડા પડખે તઈ. ખુલ્લી જગામાં પવન ફરફરી રહ્યો હતો. થોડીક જ વાર થઈ હશે ને ઊંઘરેટી આંખો કોણ જાણે ફટાક દઈને ખૂલી ગઈ. કોઈ આડાં કરેલાં કમાડ હળવેથી વાસી રહ્યું હતું. એ સાડલો સરખો કરીને ઊભી થવા ગઈ ત્યાં નવોજી ધસી આવ્યો. ગળામાંથી રાડ નંખાય એ પહેલાં મોં પર હાથનો પંજો ભીડાયો. નોરતાંનો ઉપવાસ અને બીકને કારણે એ હકબક થઈ ગઈ. નવોજીનો વિકરાળ ચહેરો એની છાતી પર ખંધું હસી રહ્યો હતો. ખાટલાની આમ-તેમ બે બાજુ ભયાવહ નજરે જોતાં બચવાની આશાએ બે હાથે નવાજીના ચહેરાને હટાવવા મથામણ કરતી રહી. ને એકાએક કમાડ પાસેના નાનકડા જાળિયામાંથી દેખાતી અરવલ્લીની ટેકરી પર નજર ગઈ. 'એની દયાનો પરતાપ થ્યો તે અમે તારું નામ અંબા રાખ્યું...' માના શબ્દો જાણે ઘુમરી લેતા એની તરફડિયાં મારતી કાયામાં ફર્ ફર્ થવા માંડ્યા. એને કંઈક યાદ આવ્યું. જોર કરીને એ નીચે નમી. ખાટલા નીચે દાતરડું પડ્યું હતું. નવોજી એની કાયા ફરતે વીંટળાવા જોર કરી રહ્યો હતો. 'જય માડી... તું લાજ રાખજે...' જેવું સખત પંજાતળે દબાયેલા હોઠમાંથી બહાર નીકળવા લાગ્યું. જમણો પગ દબાયેલો હતો તોય અધ્ધર થઈ ગયો. નવોજી ભફ્ દઈને ખાટલાની ઇસ પરથી નીચે પટકાણો પછી શું થયું એનું ભાન અંબાને ના રહ્યું.

ભેંસ સાંકળ તોડે એમ આઘીપાછી થઈ રહી હતી. આસપાસમાં કારમી વેદનાની ચીસો પડઘાઈ ઊઠી. બંધ કમાડ પર ધડાધડ અવાજ થઈ રહ્યો. ખોલો... કુણ સે લ્યા... ખોલો... બહાર દેકારો - પડકારો મચી રહ્યો હતો ને અંદર ઉંહકારા કણસાટ અને ભોંય પર આળોટવાનો અવાજ...

કમાડ પર એક સાથે પ્રહાર થયો.

અંદર આવતું ટોળું ઉંબરો ઓળંગી ના શક્યું. બે ડગલાં પાછું હટી ગયું. ટોળાના ચહેરા હકબક શા એકમેકને તાકતા રહ્યા.

ખાટલાની એક બાજુ નીચે નવોજી તરફડિયાં મારી રહ્યો હતો. એનું ધોતીયું લોહીમાં લથપથ હતું ને સાથળ વચ્ચે ઉપડેલી વેદનામાં એ ઘડીક ટૂંટિયું વળેલો તો ઘડીક પગ પછાડતો ઉંહકારા કરી રહ્યો હતો.

ને અંબા ઘર વચ્ચે ઊભી ઊભી હાંફી રહી હતી. માથેથી સરી પડેલો સાડલાનો છેડો... વેરણછેરણ માથાના ઝટીયાં... ચહેરો રાતોચોળ ને આંખોય લાલ-લાલ, પાછી પહોળી અને સ્થિર. આગ ઓકતો ફુત્કારતો શ્વાસોશ્વાસ. ચહેરા પર લોહીનાં છાંટા અને પેલું લોહિયાળ દાતરડું... જાણે ખડગ ધરીને ઊભેલી અંબા સાક્ષાત્ ખપ્પર જોગણી લાગી રહી હતી.

*સૌજન્ય : લેખક પોતે*

વિકાસ

# ગુજરાતના ગૌરવને અને શોભાને વધારવાનું મહાઅભિયાન
# સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત

• ધીરુ કોટવાલ •

*રાષ્ટ્રને આઝાદી અપાવનારા મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના પરમ આગ્રહી હતા. પોતે જ સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશ આપતા. ભારતને સ્વચ્છ જોવાનું તેમનું સપનું આપણે સાકાર કરવાનું છે. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વર્ષ ૨૦૧૯માં સ્વચ્છ ભારતનું મિશન પાર પાડવા માટે ગુજરાત પણ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતના વડાપ્રધાનની હાકલ પર ગુજરાતે સ્વચ્છતા મિશનને પૂરું કરવા વિશાળ અભિયાન શરૂ કર્યું છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઘરે ઘરે શૌચાલયનો પ્રેરક સંકલ્પ કર્યો છે. આ અભિયાનમાં શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારોમાં નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવ્યું છે. તેની સાથે રાજ્ય સરકારે શહેર અને ગામો માટે અલાયદા બજેટની ફાળવણી કરી છે.*

★ ઘર-શૌચાલયના બાંધકામ માટે ગુજરાતે ઉપાડ્યું જન અભિયાન : ગુજરાતમાં ઘર શૌચાલયોના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા ભગીરથ પ્રયાસો હાથ ધરી ૧૨ લાખ ઉપરાંત વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.

> *માત્ર શહેરના રસ્તાઓ સ્વચ્છ હોય તે નહીં ચાલે. શહેરનો ખૂણેખૂણો સ્વચ્છ હોય તે અનિવાર્ય છે.*
>
> **આનંદીબહેન પટેલ**
> *મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય.*

★ શહેરી ક્ષેત્રોમાં નિર્માણ થયેલા કુલ ઘર-શૌચાલયોમાં ગુજરાત દેશભરમાં મોખરે. ઓગસ્ટ-૨૦૧૫ના આંકડાઓ મુજબ દેશમાં શહેરી વિસ્તારોમાં બનેલા કુલ ૪,૬૪,૬૫૧ ઘર-શૌચાલયો પૈકી ૩,૦૯,૫૭૫ એટલે કે લગભગ ૭૦ ટકતા ઘર-શૌચાલયોનું નિર્માણ માત્ર ગુજરાતમાં થયું છે.

★ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ગુજરાતની ૩૦૮૮ ગ્રામ પંચાયતોમાં વ્યક્તિગત શૌચાલયોનું ૧૦૦ ટકા કામ પૂર્ણ. રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ૮,૩૬,૧૩૯ વ્યક્તિગત શૌચાલયોનું બાંધકામ પૂર્ણ થયું છે.

★ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન (શહેરી) યોજના અંતર્ગત રાજયની ૨૪ નગરપાલિકાઓ અને ૨ મહાનગરપાલિકાઓમાં ૧૦૦ ટકા શૌચાલયનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. ૫૯ નગરપાલિકાઓ અને ૬ મહાનગરપાલિકાઓમાં ૯૦ ટકાથી વધુ શૌચાલયનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે.

★ ઘર-કચરાનો નિકાલ કરવાની વ્યવસ્થામાં દેશભરમાં ગુજરાત પ્રથમ ક્રમે : રાજયભરના ૧૯૫ શહેરોમાંથી ૧૨૦ શહેરોમાં ૧૦૦ ટકા ઘન-કચરાને એકઠો કરી તેના પરિવહન દ્વારા યોગ્ય નિકાલ કરવાની સુદ્રઢ કામગીરી.

★ કુલ ૧૭૦ સ્થાનિક સંસ્થાઓ પૈકી ૧૪૫ સંસ્થાઓના કુલ ૧૭૩૦ વોર્ડમાંથી ૧૫૨૫ વોર્ડમાં ૧૦૦ ટકા કચરાનું ડોર-ટુ-ડોર કલેક્શન.

★ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સી.એસ.આર.) દ્વારા લોક ભાગીદારી. મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિમાં રૂા. ૩૧.૩૬ કરોડ ધનદાન અને અપાર શ્રમદાનનો લોકસહયોગ મળ્યો.

ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિગત શૌચાલય બાંધવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૨,૦૦૦ની સહાય.

★ એ.પી.એલ. જનરલ લાભાર્થીઓને વ્યક્તિગત શૌચાલય બનાવવા નિર્મળ ગુજરાત યોજના હેઠળ રૂા. ૪૦૦૦ પ્રતિ શૌચાલય પ્રોત્સાહક સહાય અને મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિમાંથી રૂા. ૪૦૦૦ પ્રોત્સાહક સહાય મળી કુલ રૂા. ૮૦૦૦ની સહાય.

★ ગામમાં એકત્રિત ઘન-કચરાની નિકાલ સહાય માટેની વ્યવસ્થા. ગામમાં ૧૫૦ કુટુંબ સુધી રૂા. ૭ લાખ, ૧૫૧થી ૩૦૦ કુટુંબ સુધી રૂા. ૧૨ લાખ, ૩૦૧થી ૫૦૦ કુટુંબ સુધી રૂા. ૧૫ લાખ, ૫૦૧ કુટુંબ ઉપરની સંખ્યા માટે રૂા. ૨૦ લાખ સહાય. ■

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
**Clearing, Forwarding & Shipping Agents**

# વક્તા આદર્શ મળશે એવું ય નથી સમયસર પૂરું કરશે એવું ય નથી

• ડૉ. સંતોષ દેવકર •

વક્તા જ્યારે સમયનું ભાન રાખ્યા વગર અને પૂરતી તૈયારી વગર પ્રવચન કરે ત્યારે તે પ્રવચન ''બકવાસ''ની કક્ષાએ પહોંચતું હોય છે. (વક્તા કન્વર્ટ ઈન ટુ બક્તા) પ્રથમ તો વક્તા તરીકે કોને બોલાવવા એ મોટો પ્રશ્ન આયોજકો માટે થતો હોય છે. અને ખરેખર ખૂબ અઘરું છે સારા વક્તાઓને આમંત્રવા. માનો કે વક્તા તો મળી ગયા પરંતુ તેને કોની સાથે બોલવાનું છે કે પ્રવચન આપવાનું છે અથવા કાર્યક્રમનો વિષય શું છે? તે બાબતથી માહિતગાર કરવા જોઈએ અથવા વક્તાએ આ માહિતી આયોજકો પાસેથી પહેલેથી જ મેળવી લેવી જોઈએ. શ્રોતાઓની વયને ધ્યાને નહિ લેતાં વક્તાઓ ફજેતી પામતા હોય છે.

વિષય, સમય અને શ્રોતાઓના મુડને ધ્યાનમાં રાખીને પ્રવચન કરનારા ખૂબ ઓછા વક્તાઓ જોવા મળે છે. જો બાકી રહી જાય તો પાપ લો – એ હિસાબે પોતે તૈયાર કરીને લાવ્યા હોય તે બધું જ શ્રોતાઓ પર ઝીંકી દેવું. કેટલાક વક્તાઓનો આ મુદ્રાલેખ છે. શ્રોતાઓનો મુડ જોઈને ભાષણ આપનારા સફળ રહે છે. શ્રોતાઓનો મૂડ જાણવા માટે વક્તા મનોવિજ્ઞાનનો જાણકાર હોવો જરૂરી છે. કેટલાક વક્તાઓ આયોજકોની પ્રશંસા કરવામાં જ અડધો સમય પસાર કરતાં હોય છે. જ્યારે કેટલાક પ્રસ્તાવના બાંધવામાં પચાસ ટકા સમય ખાઈ જતાં હોય છે. તો કેટલાક પોતાના વ્યક્તિગત ઉદાહરણો અને દાખલાઓ આપવામાં સમય પસાર કરતાં હોય છે. તો કેટલાક પોતાની જાહેરાત કરવા માટે (ક્યાં હતો ને હવે ક્યાં છે) આવ્યા હોય તેવો અહેસાસ શ્રોતાઓને થયા વગર રહેતો નથી.

આદર્શ શ્રોતાઓને આદર્શ વક્તા મળશે જ સાવ એવું નથી હોતું. કેટલાક વક્તાઓ બે-ચાર શેર-શાયરી - કવિતાની પંક્તિઓ બોલીને શ્રોતાઓની તાળીઓ ઉઘરાવતા હોય છે, તો કેટલાક વક્તાઓ જૂના ઘસાઈ અને ચવાઈ ગયેલા જોક્સ કહીને વક્તવ્ય માટે નહિ પરંતુ શ્રોતાઓના મનોરંજન માટે આવ્યા હોય એમ લાગતું હોય છે.

ખૂબ ઓછા વક્તાઓ પોતાના કાર્ય પ્રત્યે સભાન હોય છે. જે વિચારો રજૂ કરવાના છે તેવા વક્તવ્યનું હોમવર્ક કરીને આવનારા વક્તાઓ બધાનાં નસીબમાં ક્યાંથી? હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડ ઘણીવાર પોતાના કાર્યક્રમમાં એક જોક કહેતા હોય છે. સાંભળો : એકવાર એક વક્તાએ પોતાનું પ્રવચન શરૂ કર્યું. રસ વગરના પ્રવચનમાં શ્રોતાઓને રસ પડ્યો નહિ અને ધીરે ધીરે મોટા ભાગના શ્રોતાઓ હૉલની બહાર સરકવા માંડ્યા. વક્તાનું બોલવાનું ચાલું જ હતું. જેમ તેમ પૂરું થયું ત્યારે વક્તાએ આયોજકોને કહ્યું કે જો દિવાલ પર ઘડિયાળ હોત તો સારું, જેથી સમયનો ખ્યાલ આવે. આયોજકો રોષે ભરાયેલા હતા જ. એકે કહ્યું, વક્તાજી તમારી વાત સાચી છે, દીવાલ પર ઘડિયાળ નહોતી પરંતુ કેલેન્ડર તો હતું ને!!!

હમણાં એક કાર્યક્રમમાં જવાનું બન્યું. એક કહેવાતા વક્તા બાળકોના કાર્યક્રમમાં આવી ચડ્યા. પ્રવચનની શરૂઆત થઈ. વક્તાએ શરૂઆત બાળકોને વાર્તા કહેવાથી કરી. વાર્તા કહેતા કહેતા એટલા બધા આગળ નીકળી ગયા કે પાછા વળવું તેમના માટે શક્ય જ ન બન્યું. વાર્તામાં વાર્તા ને એની પેટા વાર્તા ને તેનું પેટા દૃષ્ટાંત ને પછી મૂળ વાર્તા કઈ હતી તે કહેવું મુશ્કેલ બની ગયું. છેવટે વક્તાએ કેટલાક શેર - શાયરી કરીને જેમ તેમ વક્તવ્ય પૂરું કર્યું. આમ, વક્તાઓ જાતે જ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાઈ જતાં હોય છે.

કેટલાક વક્તાઓ 'આજે હું લાંબુ બોલવાનો નથી' એમ જાહેર કરીને એકથી દોઢ કલાક ખેંચી કાઢતા હોય છે. શ્રોતાઓ બિચારા આયોજકની શરમે ચૂપચાપ સહન કરતાં હોય. ''હવે, આટલું કહીને હું મારું સ્થાન લઈશ. હવે છેલ્લી વાત કરીને હું મારું વક્તવ્ય પૂરું કરીશ.'' એમ કીધા પછી ચાર પાંચ વાતો અને મુદ્દાઓ સહજ રીતે ઝીંકી દેતા હોય છે અને ''હવે માત્ર બે મિનિટ'' એમ કહીને વીસ-પચ્ચીસ મિનિટ ખેંચી કાઢતા હોય છે.

વૉટ્સઍપ પર એક રમૂજ એવી પણ આવી કે જેને પોતાના ઘરમાં બોલવાનો ચાન્સ નથી અથવા જેનું ઘરમાં કોઈ સાંભળતું નથી તે માઇકપ્રિય વક્તા હોય છે!!!

સંશોધન કરતાં વક્તાઓના જુદાજુદા પ્રકારો મળી આવ્યા જેવા કે : આંકડેબાજ વક્તા, આત્મકથનાત્મક વક્તા, બડાઈખોર વક્તા, દિશાવિહીન વક્તા, વિષયાતીત વક્તા, મેદનીપ્રિય વક્તા (વક્તાના પ્રકારનું વિશ્લેષણ ફરી ક્યારેક)

વક્તાનું કામ શું? માઈક મળ્યું એટલે મંડ્યા બોલવ!! સામે બેઠેલા સો બસ્સો કે પાંચસો વ્યક્તિઓનો સમય બગાડવાનો કહેવાતા વક્તાઓને કોઈ અધિકાર ખરો?

સુજ્ઞ શ્રોતાઓને સારો વક્તા ક્યારે મળે? સારા વક્તા હોવું એટલે શું? શ્રોતાપ્રિય વક્તા બનવું પ્રત્યેક વક્તાના નસીબમાં ક્યાંથી! જાણીતા ચિંતક, સમર્થ વક્તા પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહ નોંધે છે કે ''વક્તાને વાસી થવાનો અધિકાર નથી. તાજા રહેવા માટે તપસ્યા કરવી જ રહી!! વક્તાની જવાબદારી ખૂબ વધી જાય છે. પૂરતી તૈયારી વિના સભામાં બોલવા જવું

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)

# વિકાસપથ પર આગેકદમ

## પરિણામલક્ષી આયોજન, અસરકારક અમલીકરણ...

## જન જનના કલ્યાણ માટેનાં વિકાસ આંદોલનો...

- સ્વચ્છતા અભિયાન
- રાખી મેળા
- મહિલા સશક્તિકરણ પખવાડિયું
- લોકસંવાદ સેતુ
- બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી
- રવિ કૃષિ મહોત્સવ
- જ્ઞાન સપ્તાહ
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
- ગુણોત્સવ
- કન્યા કેળવણી રથયાત્રા - શાળા પ્રવેશોત્સવ
- નવરાત્રિ મેળા
- ખેલ મહાકુંભ
- ગરીબ કલ્યાણ મેળા
- રાષ્ટ્રીય તહેવારોની જિલ્લા કક્ષાએ ઉજવણી
- શાળા આરોગ્ય તપાસણી સપ્તાહ
- શ્રમયોગી કલ્યાણ મેળા
- રોજગાર ભરતી મેળા
- ઉદ્યોગ, કૃષિ, પ્રવાસન, નારી ગૌરવ, યુવા વિકાસ જેવાં મહત્ત્વનાં ક્ષેત્રોને આવરી લેતી પરિણામલક્ષી નવી નીતિઓ જન-જનના વિકાસનો ઉત્કૃષ્ટ પ્રયાસ...

## ગતિશીલ ગુજરાતની સર્વાંગી અને સમતુલિત વિકાસ માટેની પરિશ્રમી - પરિણામલક્ષી યાત્રા...

વર્ષ ૨૦૧૪ના મે મહિનામાં ઐતિહાસિક કહી શકાય એવી અને પ્રત્યેક ગુજરાતીને ગૌરવાન્વિત કરે તેવી બે ઘટના ઘટી હતી. પ્રથમ ઘટના હતી ૧૩ વર્ષના સુદીર્ઘ શાસનકાળ દરમિયાન ગુજરાતના સર્વગ્રાહી વિકાસની નવી કેડી કંડારી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના લોકલાડીના વડાપ્રધાન બનવા જઈ રહ્યા હતા. જ્યારે બીજી ઘટના હતી, ગુજરાતની સ્થાપનાના સાડા પાંચ દાયકાના સમયગાળામાં સૌપ્રથમવાર ગરવા ગુજરાતના સુકાની તરીકે શ્રીમતી આનંદીબેન પટેલના સ્વરૂપમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી ગુજરાત રાજ્યને મળ્યાં.

સમૃદ્ધ, સલામત અને શક્તિશાળી ગુજરાતના નિર્માણ માટે મજબૂત મનોબળ, પારદર્શક નીતિ અને નવતર અભિગમ સાથે જનસામાન્યના વિકાસનાં કાર્યોની પહેલ સાથે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યના સમતોલ વિકાસ અને સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાના એક નવા અધ્યાયની શરૂઆત થઈ. વિકાસનાં બધાં જ ક્ષેત્રો સુનિશ્ચિત કરીને લોકોના સર્વાંગી વિકાસ માટે ગતિશીલ ગુજરાતનું અભિયાન ઉપાડી મુખ્યમંત્રીશ્રીએ એક નવી જ શાસન શૈલીનું આહ્વાન કર્યું. જુદા જુદા વિષયોને થીમ સ્વરૂપે લઈને જે તે ક્ષેત્ર પર સમગ્ર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરી સંકલિત વિકાસની નવતર પ્રક્રિયા હાથ ધરાય તેવું એક મોડલ અપનાવી પ્રો-એક્ટિવ વહીવટીતંત્રનું મોડલ રાષ્ટ્ર સમક્ષ રજૂ થયું. ગતિશીલ ગુજરાતના લોકાભિમુખ કાર્યક્રમના પ્રથમ ચરણમાં કુલ ૧૧ જેટલા મુખ્ય વિષયોના મુદ્દાઓને આવરી લઈ રાજ્યના સમગ્ર વહીવટીતંત્રના સહકારથી લોકોપયોગી સેવામાં સમર્પણની ભાવના સાથે ૧૩૮ ટકા લક્ષ્યાંકો હાંસલ કરી ગુજરાતના વિકાસ મોડેલને ચરિતાર્થ કરાયું.

દિવ્ય - ભવ્ય અને ગતિશીલ ગુજરાતના ધ્યેયને આગળ ધપાવવાની નેમ સાથે મુખ્યમંત્રીશ્રીએ ગતિશીલ ગુજરાત કાર્ય એજન્ડાના બીજા ચરણમાં તેનો વ્યાપ વધારી અઢાર જેટલા વિવિધ વિષયોને આવરી લેતાં ૧૧૧ મુદ્દાઓ નિર્ધારીત કરી સમય મર્યાદામાં લક્ષ્યાંક સિદ્ધિનું આયોજન કરી વધુ અસરકારકતાથી ગતિશીલ ગુજરાતનો કાર્યક્રમ અમલમાં મૂકી ૧૨૬ ટકાની

અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગતિશીલ કાર્યક્રમના પ્રથમ બે ચરણના પરિણામલક્ષી પરિણામોથી પ્રોત્સાહિત થઈ મુખ્યમંત્રીશ્રીએ નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરવાની દિશામાં વધુ એક પહેલ કરી જનકલ્યાણના ૧૬ વિષયો અને ૧૭૩ પ્રવૃત્તિઓના લક્ષ્યાંકો નિર્ધારીત કરી વર્ષભરનો ત્રીજા તબક્કાનો કાયમી વિકાસ એજન્ડા અમલમાં મૂક્યો છે. ગતિશીલ ગુજરાતના આઠ અક્ષરો આજે રાજયના વિકાસ નકશામાં રાષ્ટ્રીય સ્તરે અલગ ભાત પાડી રહ્યા છે. રાજયના વહીવટમાં પ્રજાભિમુખતા અને સુશાસન સાથે કાર્યક્ષમ રીતે સેવા સુવિધા પૂરી પાડવાની કાર્યસંસ્કૃતિ ગતિશીલ ગુજરાતના એજન્ડાના પાયામાં રહેલી છે. ગુજરાતના આ વિકાસ મોડેલના કેન્દ્રમાં છે ગુજરાતના છ કરોડ નાગરિકો....

પરિશ્રમી અને પરિણામલક્ષી વિકાસયાત્રાના એક વર્ષ ઉપરાંતના સમયગાળામાં શ્રીમતી આનંદીબેન પટેલ ગુજરાતનો સૌથી વધુ પ્રવાસ કરી લોકોનો સંપર્ક કરનારા સૌપ્રથમ મુખ્યમંત્રી તરીકે પ્રસ્થાપિત થયાં છે. જનસામાન્યના પ્રશ્નો અને સમસ્યાઓ દૂર કરવા રાજયભરનો સતત અને સઘન પ્રવાસ કરી જનતાની સેવા અને ગુજરાતના વિકાસને વરેલા મુખ્યમંત્રીશ્રીનું વ્યક્તિત્વ જમીનથી જોડાયેલું છે, તેની સૌ કોઈને પ્રતીતિ થઈ છે.

સૌના સાથથી સૌના વિકાસ દ્વારા જનતા જનાર્દનની સેવાના યજ્ઞના ધ્યેય સાથે રાજ્ય સરકારનાં નવા સુકાની શ્રીમતી આનંદીબેન પટેલે રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાતના વિકાસની સુસ્પષ્ટ પરિભાષાની અનુભૂતિ કરાવી છે. મુખ્યમંત્રીશ્રી રાજયના વડા તરીકે નહીં, પરંતુ પ્રજાહિતના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે. જેથી જનસામાન્યનો સરકાર પરનો વિશ્વાસ વધુ દ્રઢીભૂત બન્યો છે. સત્તાનાં સૂત્રો સંભાળ્યા તે દિવસથી એક પણ દિવસના આરામ વગર મુખ્યમંત્રીશ્રીએ રાજયના વિકાસ માટે સતત ચિંતન, મનન અને મંથન કર્યું છે. જેમાં જનહિત માટેની યોજનાઓનું લોકાર્પણ, રાજનીતિજ્ઞો સાથે ચિંતન, વિવિધ લોકોના સમૂહ સાથે મુલાકાત, વિકાસલક્ષી કાર્યક્રમોની ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા - વિચારણાના બહુવિધ આયામોનો સમાવેશ થાય છે.

શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકારે લોકોના કલ્યાણકારી કાર્યોને કેન્દ્રમાં રાખીને લોકો વચ્ચે જઈને, લોકોને સાથે રાખીને, લોકસંવાદ સેતુ કાર્યક્રમની નવતર પહેલ કરી છે. ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર જેન્ડર બજેટ તેમજ મહિલાઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિકાસ માટે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી દ્વારા માતૃશક્તિના સશક્તિકરણને એક નવી દિશા આપી છે. રાજ્ય સરકારની ભરતીઓ સહિત સલામતી સેવામાં ૩૩ ટકા જગ્યાઓ મહિલાઓ માટે આરક્ષિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કૃષિ અને કિસાનોના સર્વાંગીણ વિકાસ માટે નવી પરિભાષા વિકસાવી રવિ કૃષિ મહોત્સવનો નવો વિચાર અમલમાં મૂક્યો છે. આઈ કિસાન પોર્ટલ લૉન્ચ કરીને મુખ્યમંત્રીશ્રીએ કૃષિ વિકાસને કિસાનોના આંગળીના ટેરવે મૂકી દીધો છે.

ગુણાત્મક શિક્ષણને પ્રાધાન્ય આપતાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરી કન્યા કેળવણીને પ્રાથમિકતા આપી છે. શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતા પ્રસ્થાપિત કરવા ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ, ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ સહિતની વિશિષ્ટ શિક્ષણ આપતી ચાર નવી યુનિવર્સિટીઓના નિર્માણ સાથે સૌરાષ્ટ્ર તેમજ આદિવાસી વિસ્તારમાં બે નવી યુનિવર્સિટીઓ કાર્યરત કરવાનું આયોજન હાથ ધર્યું છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અન્વયે રાજયના લાખો બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.

ખેડૂતપુત્રી એવા મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનું શાસન સંભાળ્યાના પ્રથમ વર્ષ દરમિયાન જળક્રાંતિનું અદ્ભુત કામ કરી અનેક કેનાલ પ્રોજેક્ટોનો શુભારંભ કરાવ્યો છે. કચ્છ, બનાસકાંઠા અને પાટણ જેવા સૂકાભઠ્ઠ વિસ્તારને નર્મદા જળ દ્વારા સિંચિત કરી નવપલ્લવિત કરવાનો શુભારંભ કર્યો છે. એશિયાના સૌથી મોટા પમ્પિંગ સ્ટેશનનું લોકાર્પણ કરી પાણીનું પાણીદાર આયોજન કર્યું છે. વર્ષોથી રાજ્ય સરકાર દ્વારા નર્મદા બંધની ઊંચાઈને લગતા પડતર પ્રશ્નોના નિકાલ માટે કેન્દ્ર સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવતી હતી, પરંતુ અપેક્ષિત પરિણામ આવતું નહોતું. ગુજરાતના દરેક નાગરિક માટે ગર્વની વાત છે કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી કેન્દ્ર સરકારની શાસનધુરા સંભાળ્યાના ફક્ત ૧૭ દિવસમાં જ ગુજરાત રાજયના મહત્ત્વના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવ્યા અને મંજૂરી મળતાંની સાથે જ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એક પળનો પણ વિલંબ કર્યા વગર એ જ દિવસે નર્મદા ડેમ પર કામગીરીનો શુભારંભ કરાવ્યો. ૧૨મી જૂન, ૨૦૧૪ એ નર્મદા યોજના અને સમગ્ર ગુજરાત માટે સોનેરી દિવસ બની ગયો છે.

મહેસૂલ મંત્રી અને શહેરી વિકાસ મંત્રી તરીકેનો મુખ્યમંત્રીશ્રીના બહોળા અનુભવનો લાભ ગુજરાતની જનતાને મળ્યો છે. મહેસૂલી કાયદાઓની આંટીઘૂંટી ઉકેલીને સમગ્ર મહેસૂલી કાયદાઓના સરળીકરણની આગવી પહેલ તેમણે કરી છે. રાજ્યમાં પ્રથમવાર ૧.૭૫ કરોડ જેટલા ખાતેદાર ખેડૂતોને ગામ નમૂના નંબર ૭ અને ૮-અ ની નકલો પ્રતિવર્ષે એકવાર વિનામૂલ્યે આપવાનો નિર્ણય તથા સંબંધિત કાયદાઓમાં ઐતિહાસિક મહેસૂલી સુધારા કર્યા છે.

ગુજરાતની શાન સમા સ્વચ્છ, સુંદર અને હરિયાળા શહેરોના વિકાસ માટે ૩૪ ડી.પી. અને ૧૮૫ ટી.પી. સ્કીમો મંજૂર કરી શહેરી વિકાસને વેગ આપ્યો છે.

ગુજરાતને નવીનતમ ઊંચાઈએ લઈ જવાની અને ગુજરાત તથા પ્રત્યેક ગુજરાતીના વિકાસ માટેની શ્રીમતી આનંદીબેન

પટેલની નિષ્ઠા અને ઉર્મિલતાનો શાસનધૂરા સંભાળ્યાના એક વર્ષમાં જ ગુજરાતના જનજનને સ્વાભાવિક રીતે અહેસાસ થવા લાગ્યો છે. ગુજરાતે છેલ્લા એક વર્ષમાં જનભાગીદારી અને જનવિશ્વાસના સહિયારા પરિશ્રમથી વિકાસ આદર્યો છે.

વાઈબ્રન્ટ સમિટ, રાષ્ટ્રીય તહેવારોની જિલ્લા સ્તરે ઉજવણી, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, ગરીબ કલ્યાણ મેળા, પશુ આરોગ્ય મેળા, રણોત્સવ, નિર્મળ ગુજરાત, ગુણોત્સવ, ચિંતન શિબિર, ગતિશીલ ગુજરાતનો કાર્યક્રમ હોય કે લોકસંવાદ સેતુ, કુપોષણમુક્ત ગુજરાત અભિયાન હોય, સુરક્ષા સેતુ કાર્યક્રમ હોય કે મહિલાઓના સશક્તિકરણની વાત હોય, વંચિતોના વિકાસની વાત હોય કે સ્વાવલંબન કાર્યક્રમની પહેલ હોય ગુજરાતે વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરી જનકલ્યાણની અભૂતપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

ગુજરાત સરકારે કેન્દ્ર સાથેના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ, કાર્યશૈલીમાં ગુણાત્મક પરિવર્તન, આર્થિક સુધારામાં ઝડપી પરિણામો, વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે વિશ્વસનીયતાનું વાતાવરણ, લોકહિતના ઐતિહાસિક વિધેયકો, સમાજવિરોધી તત્ત્વો સામે તવાઈ, શિક્ષણ શુદ્ધીકરણ, અછત - અતિવૃષ્ટિના વિકટ સમયમાં વ્યાપક રાહત કામગીરી, માળખાકીય પ્રોજેક્ટોનો વેગવંતો વિકાસ, સરકારી વહીવટમાં પણ માનવીય સંવેદનાનો પરિચય કરાવતી કાર્યપદ્ધતિ, પ્રશ્નો પરત્વેનો હકારાત્મક દૃષ્ટિકોણ અને સુખદ ઉકેલ માટેના અનોખા અભિગમના સમાવેશથી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકાર લોકમાનસમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

ગુજરાતે સેવામાં સમર્પણની ભાવના સાથે ૧૦૦ ટકાથી વધુ લક્ષ્યાંકો હાંસલ કરી ગુજરાત વિકાસ મોડેલને સફળ બનાવવા જિલ્લા - તાલુકા કક્ષા સહિત સમગ્ર પ્રશાસનિક તંત્રને મિશન મોડમાં કાર્યરત બનાવ્યું છે. સરકારી વહીવટી તંત્ર લોકો સુધી પહોંચે એટલું જ નહીં, લોકોની જરૂરિયાતોને પહોંચી વળે તે મુજબનું પરિણામલક્ષી આયોજન કરાતા એના સુફળ પણ પ્રાપ્ત થયા છે.

રાજ્યના ગ્રામજનો, ખેડૂતો, યુવાનો, વંચિતો, વનબંધુ, મહિલાઓ, સાગરખેડૂઓ જેવા સમાજના વિવિધ સમુદાયોની સર્વાંગીણ વિકાસની પરિભાષા અંકિત કરી બહુજમ સમાજની સમગ્રતયા વિકાસ માટેની જનહિતની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલ સાથે પ્રત્યેક ગુજરાતી પરિવારોનો સંતોષ અને શાંતિ એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. એકેએક ગુજરાતી મુખ્યમંત્રીશ્રીની ગતિશીલ ગુજરાતની વિકાસયાત્રામાં જોડાઈને ગૌરવ અનુભવે છે. પરિણામે ગુજરાતે ફક્ત દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં પણ પ્રસ્થાપિત કરી દીધું છે કે, 'ગુજરાત એટલે વિકાસ... સાતત્યપૂર્ણ વિકાસ...'

***સૌજન્ય : 'ગુજરાત'***

# ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસનો ઉજાસ...

## રોજગારીની તકો વિસ્તારતો ઉદ્યોગ વિકાસ...

આજથી દોઢ વર્ષ પહેલાં ૨૧ મેના રોજ રાજ્યની શાસનધુરા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંભાળી. ખૂબ ટુંકા ગાળામાં રાજ્યના બહુઆયામી વિકાસમાં પોતાના અનુભવનાં આધારે પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પોતાની સુઝબુઝથી ગુજરાતને વિકાસનાં શિખરે પહોંચાડી દીધું. સમૃદ્ધ, સલામત અને શક્તિશાળી ગુજરાતનાં નિર્માણ માટે મજબૂત મનોબળ, પારદર્શક નીતિ અને નવતર અભિગમ સાથે જનસામાન્યના વિકાસનાં કાર્યોની પહેલ સાથે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનાં નેતૃત્વ હેઠળ રાજ્યના સમતોલ વિકાસ અને સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાના એક નવા અધ્યાયની શરૂઆત થઈ છે.

ગુજરાતે છેલ્લા દસ વર્ષમાં વાર્ષિક સરેરાશ ૧૦.૧૦ ટકાના વૃદ્ધિ દર સામે ઉત્પાદન ક્ષેત્રમાં ૧૦.૫૮ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. રાજ્યના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે ઓછા મૂડીરોકાણથી વધુમાં વધુ રોજગારી ઉત્પન્ન થાય અને બેરોજગારીનો દર ઘટે તેમાં સૂક્ષ્મ, લઘુ, મધ્યમ એકમોનો અત્યંત મહત્ત્વનો ફાળો રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા એમ.એસ.એમ.ઈ. એકમોને પ્રોત્સાહિત કરવા અને સ્પર્ધાત્મક યુગમાં ટકી શકે તે માટે નવા ઉદ્યોગોની સ્થાપના અને વિસ્તરણ અને વૈવિધ્યકરણ હેતુસર જમીન, મકાન અને મશીનરી માટે બેંકમાંથી મેળવેલ ટર્નલોન ઉપર વ્યાજ સહાય, ઈલેક્ટ્રિસિટી ડ્યુટીમાં પાંચ વર્ષ માટે મુક્તિ, ઉત્પાદિત થયેલ માલની ક્વોલિટીની ચકાસણી માટે લેબોરેટરીની સ્થાપના, વિવિધ ક્વોલિટી સર્ટીફિકેટ મેળવવા માટે તેમજ સહાય આપવા જેવી સમગ્ર બાબતોને આવરી લેતી ઔદ્યોગિક પોલિસી દર પાંચ વર્ષે બહાર પાડવામાં આવે છે.

રાજ્યમાં મોટા ઉદ્યોગોના વિશે વાત કરીએ તો ગત વર્ષે એપ્રિલ-જૂન ૨૦૧૪ અને એપ્રિલ-જૂન ૨૦૧૫ સુધીમાં ઘણા બધા ઉદ્યોગોએ રોકાણ કરવા માટે કરાર કર્યા છે. વર્ષ ૨૦૧૪ના એપ્રિલ - જૂન સુધીમાં રૂા. ૫,૦૪૫ કરોડનાં રોકાણ સાથે ૭૮ ઉદ્યોગો રાજ્યમાં આવવા માટે સમજૂતી કરાર કર્યા હતા. જેમાં ૧૭,૧૭૯ યુવાઓને રોજગારી પ્રાપ્ત થઇ. તેની સરખામણીમાં વર્ષ ૨૦૧૫માં રૂા. ૧૩,૮૬૪ કરોડના ૮૬ ઉદ્યોગો સ્થપાયા.

જેમાં ૨૬,૮૬૧ યુવાઓને રોજગારી મળી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતની વધતી વિશ્વસનીયતા દર્શાવે છે.

તેવી જ રીતે લઘુ, મધ્યમ અને નાના કદનાં ઉદ્યોગોની વાત કરીએ તો વર્ષ ૨૦૧૪માં રૂા. ૩,૩૩૭ કરોડની કિંમતના ૧૪,૬૫૮ ઉદ્યોગો સ્થાપવાના સમજૂતી કરાર થયા હતા. જેમાં રાજ્યનાં ૯૫,૪૩૬ નાગરિકોને રોજગારી મળી. તેવી જ રીતે વર્ષ ૨૦૧૫માં રૂા. ૩,૬૪૨ કરોડના ૧૯,૦૩૩ લઘુ, મધ્યમ અને નાના ઉદ્યોગોમાં ૧,૧૪,૧૩૨ રોજગારી પ્રાપ્ત થઈ.

આ રીતે, ગત એક વર્ષમાં રાજ્યમાં યુવાનોની રોજગારીમાં ૧૭૪ ટકાનો વધારો થયો છે. પહેલાનાં સમયમાં રોજગાર કચેરીમાં નોંધાયેલ ઉમેદવારો પૈકી ૫૩ ટકાને રોજગારી અપાતી હતી, જેમાં આ વર્ષે વધારો થઈને તે ૭૮ ટકા સુધી પહોંચી ગયું છે. આમ રાજ્ય સરકાર યુવાઓને રોજગારી મળે અને રાજ્યમાં ઉદ્યોગો ઝડપી સ્થપાય તે માટે સર્વસ્વીકાર્ય વ્યવસ્થા ઊભી કરી છે, જેના સુફળ રાજ્યની આવનારી યુવા પેઢીને મળનાર છે.

***સૌજન્ય : 'ગુજરાત'***

### ગતિશીલ ગુજરાતની શાન

## સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ શહેરો

આધુનિક શહેરો એટલે સભ્યતા અને સગવડોનો સુભગ સમન્વય. એમાં અમદાવાદ હોય કે વડોદરા હોય કે સુરત કે રાજકોટ. દરેક શહેરોની આગવી ઓળખ છે. આદર્શ શહેર એટલે સભ્યતા ઉપરાંત સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ અને માળખાકીય સુવિધાઓ. ગુજરાતમાં ૪૨ ટકાથી વધુ નાગરિકો શહેરમાં વસવાટ કરી રહ્યાં છે. તેમજ ૧૦ ટકા નાગરિકો શહેર પર આધારિત ધંધા - રોજગાર કરે છે. આ રીતે જોઈએ તો સમગ્ર દેશમાં સૌથી વધુ શહેરીકરણ ગુજરાત રાજ્યમાં થયું છે. શહેરમાં વસતાં લગભગ બે કરોડથી વધુ નાગરિકોની સુખાકારી અને સગવડ માટે રાજ્ય સરકારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે.

એક આંતરરાષ્ટ્રીય સંસ્થાએ કરેલા સર્વેમાં સુરતને વિશ્વનાં સૌથી ઝડપી વિકસી અને વિસ્તરી રહેલા શહેર તરીકે જાહેર કરાયું છે. જ્યારે અમદાવાદ શહેર અન્ય મેટ્રો શહેરોની સરખામણીમાં વધુ સુવિધા સંપન્ન જાહેર કરાયું છે. રાજ્યમાં ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૯ નગરપાલિકાઓ છે. જેમાં આરોગ્યની જાળવણી માટે વર્ષ ૨૦૦૭ને નિર્મળ ગુજરાત તરીકે ઉજવીને દરેક શહેરમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવામાં આવી અને જે તે નગરપાલિકાઓને આનુષાંગિક સાધનો પૂરા પાડવામાં આવ્યાં હતાં.

વિશાળ રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા, ગરીબ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધા - ગરીબો માટે મકાન, સુંદર બગીચા, ફ્લાય ઑવર વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારે માતબર જોગવાઈ કરી છે. શહેરોને ધબકતાં રાખવા તેમજ સર્વાંગી સમાવેશક વિકાસની યોજનાઓ અમલમાં મૂકી છે. તો જનભાગીદારીના માધ્યમથી વિવિધ વિકાસ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યાં છે. આવી જ શહેરી વિકાસની કેટલીક યોજનાઓની માહિતી મેળવીએ...

શહેરમાં વસતાં ગરીબ યુવક-યુવતીઓને રોજગારલક્ષી તાલીમ આપવા માટે ઉમ્મીદ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેના માધ્યમથી ૯૦ હજાર જેટલા લાભાર્થીઓને રોજગાર કે સ્વરોજગાર પ્રાપ્ત થયો છે. આ સંદર્ભે મુખ્યમંત્રી દ્વારા યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં ત્રણ લાખથી વધુ લાભાર્થીઓને રૂા. ૪૩૫ કરોડથી વધુની સહાય સીધે સીધી આપવામાં આવી છે. ઇ-ગવર્નન્સ અને જનસેવા કેન્દ્રોનાં માધ્યમથી સરકારી તંત્રની સેવાઓ વધુ ઝડપી બની છે, જેનો સીધો લાભ નાગરિકોને થયો છે.

શહેરોને વધુ સુંદર અને લોકોપયોગી બનાવવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. જેમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા તળાવ અને અન્ય જાહેર સ્થળો, તળાવો અને બગીચાઓ બનાવ્યા છે. તો શહેરના ટ્રાફિકની સમસ્યાને ટાળવા માટે બી.આર.ટી.એસ., મેટ્રો ટ્રેન અને અન્ય પ્રકલ્પોને કાર્યાન્વિત કરી શહેરીજનોને વધુ સુવિધા પૂરી પાડવામાં આવી છે. શહેરમાં ઘન તથા પ્રવાહી કચરાનો નિકાલ કરવા નવી ટેકનોલોજી અપનાવીને તેમાંથી વીજળી પેદા કરી, પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.

પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્રોત એવી સોલાર ઍનર્જીનો ઉપયોગ કરવામાં પણ રાજ્ય સરકાર અગ્રેસર છે. ગાંધીનગર, અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં લોકભાગીદારીથી સોલાર ઍનર્જી પેદા કરવામાં આવી રહી છે. આગામી સમયમાં અનેક શહેરો સોલાર ઊર્જા પેદા કરી શકશે, જેના માટે રાજ્ય સરકારે ખાસ સોલાર નીતિ અપનાવી છે.

- **સ્માર્ટ સિટી :**

★ ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને દાહોદની સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદગી પામતા એ દિશામાં પરિણામલક્ષી કામગીરી.

- **અમૃત મિશન :**

★ ગુજરાતની ૨૩ નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાના ૮ શહેરો સહિત ૩૧ શહેરોની શહેરી વિકાસ વિભાગ, ભારત સરકારના અમૃત મિશનમાં પસંદગી કરવામાં આવી છે. જેમાં

પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાપન, વરસાદી પાણીના નિકાલ, ગાર્ડન, પાર્ક તથા શહેરી પરિવહનોના કામોને અગ્રતાના ધોરણે લેવા સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

★ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ રૂા. ૩૮૫૭ કરોડની જોગવાઈ કરી તે દિશામાં નક્કર કામગીરીનો આરંભ.

★ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાઓ અને નાગરિક સવલતો સુદ્રઢ બનાવવા રૂા. ૩૦૬૯.૯૭ કરોડની જોગવાઈ.

★ અર્બન મોબિલિટી : જનમાર્ગ બી.આર.ટી.એસ. - પરિવહનની આધુનિક સુવિધા, શહેરી પરિવહન, ટ્રાફિક મેનેજમેન્ટ, સલામત અને ઝડપી પ્રવાસ માટે ફ્લાયઓવર, રેલવે, અંડરબ્રિજ, અને રિંગરોડથી શહેરો બન્યાં ગતિશીલ.

★ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન - વ્યક્તિગત અને જાહેર શૌચાલયો, પ્રત્યેક ઘરે શૌચાલય. ૨ મહાનગરપાલિકા તથા ૨૪ નગરપાલિકામાં ૧૦૦ ટકા તેમજ ૬ મહાનગરપાલિકા તથા ૫૯ નગરપાલિકામાં ૯૦ ટકા કામગીરી પૂર્ણ.

★ રાજ્યના સુનિયોજીત અને આયોજનબધ્ધ વિકાસ માટે ટી.પી. સ્કીમ તથા વિકાસ યોજનાઓ : મહાનગરોમાં ૪૦ ડીપી અને ૧૯૬ ટી.પી. યોજનાઓને ત્વરિત મંજૂરી.

★ શહેરો બન્યાં ઝૂંપડપટ્ટી મુક્ત – આગામી પાંચ વર્ષમાં રાજ્યના શહેરોને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા તથા શહેરી વિસ્તારોમાં વાજબી કિંમતના આવાસો પૂરા પાડવાના ઉદ્દેશ્ય સાથે મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના અમલી. રાજ્યના શહેરી ગરીબોને પોસાય એવા આવાસ ઉપલબ્ધ કરાવવા ૬,૬૪,૦૦૦ આવાસો નિર્માણનું આયોજન કરાયું. જે પૈકી ૨,૨૦,૦૦૦ આવાસોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે.

★ ઇ-નગર, શહેરીજનો માટે ઓનલાઈન સેવાઓનો વ્યાપ વધારવા કોમન ઇ-પોર્ટલની રચના.

★ રૂા. ૯૪૮ કરોડના ખર્ચે રાજ્યના ૧૨૮ શહેરોમાં પીવાનું શુદ્ધ પાણીની નવી યોજનાઓ. ૩૦ મહત્ત્વની યોજનાઓ રૂા. ૧૯૪ કરોડના ખર્ચે પૂર્ણ. ભૂગર્ભ ગટરની રૂા. ૪૩૦ કરોડના ખર્ચે સાત મહત્ત્વપૂર્ણ યોજનાઓનું કાર્ય પૂર્ણ. રૂા. ૪,૪૩૬ કરોડના ખર્ચે ૧૫૨ યોજનાઓનું કાર્ય પ્રગતિમાં.

★ અતિ આધુનિક વિશ્વકક્ષાના શહેરો : વિશ્વકક્ષાની જનસુખાકારીની સુવિધાઓ તેમજ અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ.

★ આગવી ઓળખના કામો : ગૌરવપથ તેમજ મુખ્ય ધોરીમાર્ગોથી સુસજ્જ કરવા, હરિયાળા શહેરોનું નિર્માણ તેમજ સ્વચ્છ અને સુરમ્ય શહેરો.

★ ઇ-ગવર્નન્સ તથા એમ-ગવર્નન્સ : નાગરિક સેવાઓ ઝડપી અને ઘરઆંગણે.

● **કૌશલ્ય વર્ધન :**

★ ઉમ્મીદ યોજના તાલીમ દ્વારા નવયુવાનોને રોજગારી.

★ રૂા. ૧૦,૭૭૩ કરોડના ખર્ચે મહત્ત્વાકાંક્ષી અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો શુભારંભ.

● **ગિફ્ટ સિટી :**

★ સ્માર્ટ સિટીની પ્રધાનમંત્રીશ્રીની પરિકલ્પનાને સાકાર કરવા આંતરરાષ્ટ્રીય કક્ષાના ફાઈનાન્સિયલ હબને વેગ મળ્યો. નાણાંકીય સેવાઓના ધારાધોરણો જાહેર કરાયા.

● **માર્ગ વિકાસ :**

★ રાજ્યના ૩૪૭૨ કિ.મી.ના રસ્તા પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં છે. તે પૈકી ૧૭૪૫ કિ.મી.ના રસ્તા પૂર્ણ.

★ અંબાજી, ડાકોર, પાવાગઢ તેમજ પાલિતાણા યાત્રાધામને જોડતા ૧૪૨ કિ.મી.ના રસ્તાને રૂા. ૬૭૦ કરોડના ખર્ચે ચારમાર્ગીય કરાશે.

★ ભરૂચ ખાતે ગોલ્ડન બ્રિજની બાજુમાં રૂા. ૩૫૦ કરોડની અંદાજિત કિંમતે ચાર માર્ગીય પુલ બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે.

★ રૂા. ૪૭૧ કરોડની કુલ અંદાજિત રકમના ૩૭ મોટા પુલોની કામગીરી પૂર્ણ. ૨૦ મોટા પુલોની રૂા. ૩૨૫ કરોડની અંદાજિત રકમની કામગીરી પ્રગતિમાં.

● **બંદર વિકાસ :**

★ ગુજરાત દેશનું સૌથી વધુ કાર્યરત બંદર અને કોમર્શિયલ કાર્ગો કામગીરી ધરાવતું પોર્ટ સ્ટેટ.

★ સમગ્ર દેશમાં ગુજરાતમાં નાના અને મધ્યમ કક્ષાના બંદરોનો કુલ ટ્રાફિકમાં ૭૪ ટકા હિસ્સો.

★ દેશભરમાં સૌથી વધુ ૪૧ નાના અને મધ્યમ કક્ષાના બંદરો ધરાવતું રાજ્ય છે ગુજરાત.

★ ગુજરાતની સુગ્રથિત બંદર નીતિ : રાજ્યમાં ચાર આધુનિક ખાનગી બંદરો વિકસાવાયા - ત્રણ નવા ખાનગી બંદરોનું વિકાસકાર્ય પ્રગતિમાં.

★ ગુજરાતનાં બંદરો ઉપર અંદાજે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું ખાનગી મૂડી રોકાણ.

★ રાજ્ય સરકાર દ્વારા બંદર નીતિનું સફળ અમલીકરણ.

★ બંદરોના સાર્વત્રિક વિકાસ માટે અને બંદરોના સંચાલન માટે કુશળ અને તાલીમબદ્ધ માનવબળ મળી રહે તે હેતુસર ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી અને મેરીટાઈમ ક્લસ્ટર સ્થાપવાનો નિર્ણય.

***સૌજન્ય : 'ગુજરાત'***

જીવન માંગલ્ય

# અલૌકિક અનુસંધાન

• ઇલા કે. શાહ •

પ્રિયંકા અને પારૂલ બંને કૉલેજ સમયની સહેલીઓ. પણ મેરેજ પછી પોતપોતાના સંસારમાં સેટ થયા પછી પરસ્પર મળીને આનંદ કરવાનો મોકો મળતો નહોતો. પ્રિયંકા બરોડા રહે અને પારૂલ મોહમયી નગરી મુંબઈમાં.

આજે અચાનક બંને સખીઓ મુંબઈમાં ભેગી થઈ ગઈ. પ્રિયંકા સોશિયલ (સામાજિક) ફંક્શન અંગે મુંબઈ આવી હતી. પારૂલે પોશ એરિયામાં હમણાં જ નવો ફ્લેટ લીધો હતો. તે બતાવવા માટે અને મળવા માટે પ્રિયંકાને આગ્રહ કરીને પોતાની મર્સીડીઝ ગાડીમાં બેસાડીને સાથે લઈ ગઈ.

પ્રિયંકા ફ્લેટ જોઈ એક મિનિટ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. મનમાં થયું. પારૂલ પૈસાદાર નબીરાને પરણીને ખૂબ સુખી થઈ લાગે છે. છૂટા પડ્યા પછી પારૂલની કશી જ માહિતી હતી નહિ.

“આવ, પ્રિયંકા બેસ. આપણે વાતો કરીએ.”

તેમ કહીને તેના રસોઇયા મહારાજને બટાટાપૌંઆ, સેન્ડવિચ, વેફર અને સાથે ચા બનાવવા માટે હુકમ કરી દીધો.

“પારૂલ, તારા મિસ્ટરને ખૂબ મોટો બિઝનેસ લાગે છે નહિ? તારાં બાળકો તો હવે મોટાં થઈ ગયાં હશે? શેમાં ભણે છે?” પ્રિયંકાએ પારૂલના જીવનદર્શનની ઝાંખી કરતાં પૂછ્યું.

“મારા મિસ્ટર રૂપેશને કાપડની ફૅક્ટરી હોવાથી ખૂબ જ કામ રહે છે. સવારે વહેલા ઊઠી મોર્નિંગ વૉકમાં જાય, જિમમાં જાય, આઠ વાગે આવે પછી સાથે ચા-નાસ્તો કરવા બેસીએ પણ શાંતિ નહિ. બિઝનેસનાં ફોન ચાલુ થઈ જાય. સાથે પેપરમાં નજર નાંખે, તે સિવાય બીજું કાંઈ કામ નીકળે. પરાણે આ સમયે મળાય કે કાંઈ વાતચીત થઈ શકે, પણ સમયનો અભાવ જ રહે. પછી પરવારીને ઑફિસે જાય તે રાત્રે નવ વાગે આવે.”

“મારો દીકરો રુચિર બારમાં ધોરણમાં અભ્યાસ કરે છે. ને દીકરી રીશિતા દસમાં ધોરણમાં ભણે છે. બંનેને બોર્ડની પરીક્ષા તેથી ખૂબ વ્યસ્ત રહે છે. ઘરે રસોઈયા, નોકર, ગાડી વગેરેનું સુખ છે. પણ નવરાશ ઘણી તેથી યોગનાં ક્લાસીસમાં જાઉં. ટેબલ મેનેજમેન્ટમાં લેક્ચર્સ આપવા જાઉં. ને સાંજે ઈવનિંગ વૉકમાં ગાર્ડનમાં હળવી રહું છું. પારૂલે પોતાની લાઈફસ્ટાઈલ જણાવી.

“બધું જ ભૌતિક સુખ હોવા છતાં અંતરની લાગણીનાં પ્રેમસંબંધો હોવા જોઈએ તેનાથી તું અલિપ્ત રહેતી હોય તેવું મને લાગે છે. પરસ્પર આત્મીયતા હોવી જોઈએ તે જણાતી નથી.” પ્રિયંકાએ નિરીક્ષણ બાદ કહ્યું.

“તારી વાત સાચી છે, પણ તારા સંસાર રથની સવારી કઈ રીતે ચાલે છે તે તો કહે.” પારૂલે પૂછ્યું.

મારે તારા જેટલો વૈભવ નથી, છતાં મારા દાંપત્ય જીવનમાં આનંદ છે. તું મારા ઘેર બરોડા આવજે. તેથી ખબર પડી જશે. મારા ફેમિલીમાં મારા પતિ અને એક દીકરો જ છે.” પ્રિયંકાએ કહ્યું. વાતો કરતાં ચા-નાસ્તાને ન્યાય અપાયો. પછી પારૂલ કહે, “આવ, પ્રિયંકા, તને મારો ફ્લૅટ બતાવું. તું જો તો ખરી, પંદરમા માળે રહીએ છીએ. પણ કશી તકલીફ નથી. તું આ બારીમાંથી નીચે તો જો, દૂર દૂર સામેનાં દશ્યો તો સવારમાં જોવાની ઘણી મજા આવે.” પારૂલે શરૂઆત કરી.

“હા, મજા જ આવે. સરસ છે હોં...”

પારૂલ તેનો બેડરૂમ બતાવતાં બોલી : “જો, આ મારો માસ્ટર બેડરૂમ.”

પ્રિયંકાએ નજર ફેરવી. અવનવીન ફેસિલિટી, રંગરોગાન સાથે સજ્જ હતો. બારીમાં જાળીની સુંદર ડિઝાઈન સાથે કલરિંગ કાચનું કોમ્બિનેશન અને સિલ્કી નવી સ્ટાઈલના પડદા હતા. પ્લાસ્ટર ઓફ પેરિસની શિલિંગ લાઈટિંગ સાથે આકર્ષક લાગતી હતી. નવી સ્ટાઈલનાં કબાટો, તથા સુશોભિત ડ્રેસિંગ ટેબલ ધ્યાન ખેંચતા હતા. પલંગો રાજાશાહીનો ઠાઠમાઠ હોય તેવા લાગતા હતા.

“વાહ! શાનદાર બેડરૂમ છે હોં. પતિદેવનો બાદશાહી સંગમ થતો હશે ને!” પ્રિયંકાએ વ્યંગ કર્યો.

પારૂલ માત્ર હસી.

“અચ્છા, જો આ મારી માસ્ટર બાથરૂમ. દોઢ લાખ ખર્ચ કર્યો છે. છે ને હોટલ જેવી?”

“પ્રિયંકાએ જોતાં જ કહ્યું. હા એવી જ છે હોં...”

“જો આ મારું કિચન (રસોડું)” ઇલેક્ટ્રિક સાધનોથી સુસજ્જ હતું. ગોઠવણી આકર્ષક હતી. કિચનના કબાટનાં ખાનાં આધુનિક હતાં.

“ફાઈન! આ એરિયામાં આપણે વધુ રહેવાનું, જો કે તારે તો મહારાજ છે તેથી ત્યાં રહેવાનું ન જ આવે.” પ્રિયંકાએ કહ્યું.

“હા, મારે તો કશું કરવાનું નહિ.” આ મારો ડ્રોઈંગ રૂમ. હવે તો કાચ અને લેધરની ફેશન છે.” ચારે બાજુ કાચની સજાવટ વચ્ચે લેધરનાં સોફા ખુરશી વગેરે હતું. પડદા પણ આકર્ષક હતા. પછી ચિલ્ડ્રન રૂમ બતાવ્યો. જેમાં ટી.વી. ટેપરેકોર્ડર, હોમ થિયેટર વગેરે હતું. જોઈને એમ થયું કે આમાં બાળકો કઈ રીતે ભણે? બહારથી આવી જાતે જ રૂમમાં બેસી જાય. એ.સી. ચાલુ કરી રૂમ બંધ કરી બેસે. શું કરે છે તે જોવાની કોને ફુરસદ? મહારાજ જમવાનું આપે, નોકર બીજું કામ કરે, ડ્રાઈવર બહાર લઈ જાય, આ મમ્મી-પપ્પાને પરસ્પર મળવાનો ટાઈમ નથી તો બાળકોનું શું? પ્રિયંકાનું મન વિચારી રહ્યું.

સાથે એક પેસેજમાં ગેસ્ટરૂમ હતો.

બોલ, પ્રિયંકા, મારો ફ્લેટ કેવો લાગ્યો? પારૂલે પૂછ્યું.

અફલાતૂન, આલીશાન તારો ફ્લેટ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)**

## એક ધર્મગુરુ અને એક ઉદ્યોગપતિ
# કેરળ પ્રદેશનું અંગદાન અભિયાન

• લેખક : મોહન શિવાનંદ • અનુવાદ : મગનલાલ સંઘવી •

જે પ્રદેશને તેઓ GOD'S OWN COUNTRY કહે છે એ કેરળ પ્રદેશ, દરિયા કિનારે આવેલ વડનાપલ્લી ગામમાં સંત ફ્રાન્સિસ ઝેવિયર્સ ચર્ચ અને ત્યાંના ફાધર ડેવિસની આ કહાણી છે.

૨૦૦૯ના જૂન માસના એક વરસાદી દિવસે ડઝનેક વ્યક્તિઓ ફાધર પાસે એક વિનંતી લઈને આવ્યા. તેઓના મિત્ર, સી.જી. ગોપીનાથની કિડનીઓ ફેઈલ થઈ ગઈ છે - તેને કિડની ડોનર જોઈએ છે. 'ફાધર મદદરૂપ થઈ શકે?' ગોપીનાથ જો કે હિંદુ હતો, છતાં ફાધરે મદદ કરવાની તૈયારી બતાવતા પૂછ્યું, 'કિડની ડોનર કોણ છે?' જવાબ મળ્યો, 'તેની પત્ની તૈયાર થયેલ. પણ મૅચ ન થતાં હવે અમે ફંડ કરીને એજન્ટ મારફત કોશિશ કરીએ છીએ.'

ફાધર સમજી ગયા. કિડની ખરીદવાની વાત છે. તેમણે કહ્યું, 'એજન્ટ પૈસા લઈને નાસી જશે તો શું કરશો? ઉપરાંત આ એક કાયદા વિરુદ્ધનું કૃત્ય હોઈ એમાં હું મદદરૂપ ન થઈ શકું.'

ફાધર વિચારવા લાગ્યા. શું થઈ શકે? હું ૪૮ વર્ષનો છું, તંદુરસ્ત છું, મારી જ કિડની કેમ ન આપું? તેમણે આવનારાઓને પોતાની ઈચ્છા કહી અને આવનારાઓ સ્તબ્ધ! આવું તો સ્વપ્નેય ધાર્યું ન હતું! તેઓએ અને ફાધરના મિત્રો, કુટુંબીઓ, બિશપ વગેરેએ પણ ફાધર ડેવિસને પોતાની જિંદગી જોખમમાં ન નાખવા સમજાવ્યા.

ફાધરે પોતાને કોઈ જોખમ ન હોવાનું બધાને સમજાવ્યું. તેમની કિડની મૅચ પણ થઈ અને તા. ૩૦-૯-૨૦૦૯ના કોચીનની લેકશોર હૉસ્પિટલમાં સફળ ટ્રાન્સપ્લાન્ટ થયું અને સી.જી. ગોપીનાથને નવી જિંદગી મળી.

ફાધર ડેવિસ ત્યારબાદ શાંતિથી બેસી ન રહ્યા. તેમણે તપાસ આરંભી અને જાણવા મળ્યું કે સંખ્યાબંધ કિડનીના દર્દીઓ ડાયાલિસિસ કરાવતા રહીને ડોનરની રાહ જોતાં જોતાં મૃત્યુ તરફ જઈ રહ્યા છે. ડોનરો મળતા નથી. 'કિડનીદાન અને અંગદાન વિષે ઘણું સંશોધન કરી કંઈક કરવું જ જોઈએ' એવા નિર્ણય ઉપર આવી તેમણે 'કિડની ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયા' (K.F.I.) નામે ટ્રસ્ટ રજિસ્ટર કરાવ્યું.

ટ્રસ્ટીઓએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી. લૅકશોર હૉસ્પિટલના યુરોલોજિસ્ટ સર્જન ડૉ. જ્યોર્જ અબ્રાહમે જાહેરાત કરી કે 'ફાધર ડેવિસના કિડનીદાન સાથે અમે આ પ્રવૃત્તિને આગળ વધારવા આ ટ્રસ્ટની સ્થાપના કરી છે. આશા છે કે આનાથી પ્રેરણા લઈ અન્ય લોકો પણ કિડનીદાન માટે આગળ આવશે.

ફાધર ડેવિસની પ્રવૃત્તિની સરાહના ખૂબ થઈ, પણ ત્રણેક મહિના સુધી કોઈ પ્રતિભાવ ન મળ્યો. કિડનીના દર્દીઓ તરફથી પૂછપરછ થતી રહી. ફાધરે ગોપીનાથ અને અન્ય મિત્રોનો સાથ લઈ અંગદાનનો પ્રચાર કરવા માટે યાત્રા આરંભી. એને 'માનવ કારુણ્ય યાત્રા' એવું નામ આપ્યું.

ફાધર ડેવિસના આ અભિયાનમાં હવે એક અન્ય વ્યક્તિનો પ્રવેશ થવાનો હતો. કોચીનના જ ઉદ્યોગપતિ, વી. ગાર્ડ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક અને માલિક સમાન કૌચુસેફ ચિટ્રિલાપિલીના પરિવારમાં એક મહિલાને કિડનીની જરૂરત હતી અને તેઓ એક એજન્ટ સાથે વાતચીત ચલાવી રહ્યા હતા. ફાધરની પ્રવૃત્તિને પણ તેઓ રસપૂર્વક જોઈ રહ્યા હતા અને એના પ્રભાવમાં જ તેમને વિચાર આવ્યો, 'હું મારી જ કિડની શા માટે તેને ન આપું?' પણ એ અરસામાં જ એ મહિલાનું અવસાન થયું.

તેઓ પણ શાંત બેસી ન રહ્યા. માહિતી માટે તેમણે ઈન્ટરનેટનો આશ્રય લીધો અને જાણવા મળ્યું કે તંદુરસ્ત વ્યક્તિ એક કિડની સાથે પણ સામાન્ય જીવન જીવી શકે છે. ૫૯ વર્ષની ઉંમરે પોતાનું શારીરિક ચેક-અપ કરાવી ખાતરી કરી કે પોતાની તંદુરસ્તી સારી હતી. કિડની દાનનો સંકલ્પ પાકો થયો, પણ શરૂઆત કેમ કરવી?

૨૦૧૦ની નાતાલના તહેવારો દરમિયાન તેણે ફાધર ડેવિસને ફોન કર્યો. ફાધરને થયું કે તેમને કિડનીની જરૂરત હશે, પણ ઉદ્યોગપતિએ પોતાની ઓળખાણ આપીને, પોતે દર્દી ન હોઈ ફાધર સૂચવે એ વ્યક્તિને પોતાની કિડનીનું દાન કરવાની તૈયારી બતાવી.

ફાધરે ખુશ થવાની સાથે ભયસ્થાનો બતાવ્યાં. 'પત્ની તથા પરિવારનો વિરોધ થશે. તેઓ સંમત છે?' 'પત્ની, પરિવાર વિરોધ કરે એ સ્વાભાવિક છે, પરંતુ હું સંભાળી લઈશ' — જવાબ હતો.

કોટ્ટાયમના એક ટ્રક ડ્રાઈવર, જય ઉલ્હાનનને કિડનીની જરૂરત હતી. પત્ની આપવા તૈયાર થઈ, પણ મૅચ ન થઈ અને કૌચુસેફની મૅચ થઈ. સાથે ફાધરને ટેન્શન હતું. બધું બરાબર ઊતરે તો ઉત્તમ, પણ જો કંઈ અવળું ઊતર્યું તો બધો દોષ પોતાના ઉપર આવશે. જો કે કૌચુસેફ શાંત હતા.

સદ્ભાગ્યે તા. ૨૩-૨-૨૦૦૧ના રોજ ટ્રાન્સપ્લાન્ટ સફળ થયું અને ટ્રક ડ્રાઈવરને નવી જિંદગી મળી. કૌચુસેફે બહુ જાહેરાત વગર શાંતિથી પતાવવાનું કહેલ, પણ ફાધર આવો મોકો કેમ ચૂકે? તેમણે પ્રેસ કોન્ફરન્સ બોલાવી જાહેરાત કરી.

જેમની બનાવટો કેરળભરમાં જાણીતી હતી, જેઓ કોચીનના મનોરંજન સંકુલ 'વીગાલેન્ડ'ના માલિક અને વાર્ષિક ૧૭૬૦ કરોડનું ટર્નઓવર કરતા મોટા ગજાના ઉદ્યોગપતિ – એક અજાણ્યા ટ્રક ડ્રાઈવરને કિડની દાન કરે! દિવસો સુધી મીડિયામાં એની ચર્ચા ચાલી અને ફાધર ડેવિસના ટ્રસ્ટ (K.F.I.)નો ખૂબ પ્રચાર થયો.

દરમિયાન ફાધર ડેવિસની અન્ય સેવા પ્રવૃત્તિઓ ચાલુ હતી. હાઈવે ઉપર થતા અકસ્માતોમાં ઘાયલ થતા લોકો માટે ૧૭ એમ્બ્યુલન્સ વસાવી. સારવાર માટે સ્વયંસેવકો દ્વારા સંચાલિત ૧૪ શાખાઓ શરૂ કરી. તેમના કાર્યની કદરરૂપે વડા ધર્મગુરુ (બિશપ) દ્વારા પૂરો સમય અંગદાનના પ્રચાર માટે આપવા પરવાનગી મળી. આ માટે ફાધર ટેમ્પો વાનમાં રાજ્યભરમાં ૩ વખત યાત્રાઓ કરી અંગદાનનું મહત્ત્વ લોકોને સમજાવતા રહ્યા.

ફાધરને અન્ય દેશોમાંથી પણ આમંત્રણો અને માનપાન મળતાં રહ્યાં અને તેઓ અંગદાનનો પ્રચાર કરતા રહ્યા. ૨૦૧૧ જાન્યુઆરીમાં યુ.કે. ગયા ત્યાં પણ શિબિથોપસ નામની વ્યક્તિએ ૧૫ વર્ષની રિસાપૉલને કિડની દાન કર્યું એના સાક્ષી બન્યા. એ જ વરસે મે મહિનામાં માનવ અંગોના વ્યાપાર અંગેના સેમિનારમાં હાજરી આપવા ના. પૉપ તરફથી વેટિકન આવવાનું આમંત્રણ મળ્યું.

પરંતુ ઘર આંગણે હજુ પણ દર્દીઓની લાઈન હતી અને ડોનર ઓછા હતા. વિદેશમાં કિડની ડોનરની ચેઈન વિષે સાંભળ્યું હતું તેની અજમાયશ અહીં કરી. જોય ઉલ્હાનનની પત્ની જોલીને સમજાવી કે પતિને મૅચ ન થવાથી કિડની ન આપી શકી, પણ અન્ય કોઈને આપી શકે. જોલી તૈયાર થઈ અને તેની કિડની અરુણ રાજ નામના યુવકને મળી. અરુણ રાજની માતાની કિડની મુરલીધરન નામે વ્યક્તિને મળી અને મુરલીધરનની પત્નીની કિડની ઉન્નીકૃષ્ણન નામે અંધ વ્યક્તિને મળી. દુર્ભાગ્યે ઉન્નીકૃષ્ણનની પત્ની હૃદયરોગી હોઈ તે પોતાની કિડની દાન ન કરી શકી.

આમ, ફાધર ડેવિસનું સ્વપ્ન ધીરે ધીરે આકાર લઈ રહ્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૧૩. ૪૦ વર્ષના ફાધર સેબાશિયન બસમાં કોચીન જઈ રહ્યા હતા. બાજુમાં બેઠેલ વ્યક્તિ પાસે હૉસ્પિટલની મોટી ફાઈલ હતી અને બીમાર લાગતો હતો. ફાધરે સ્વાભાવિક પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે ૩૦ વર્ષનો રસદ મહમદ કોચીન ડાયાલિસિસ માટે જઈ રહ્યો હતો. તેણે જણાવ્યું કે 'કિડની દાતા મળતો નથી અને મારી હાલત સતત બગડી રહી છે.'

ફાધર સેબાશિયને ફાધર ડેવિસના અંગદાન અભિયાન અંગે સાંભળ્યું હતું. બાદમાં ફાધર ડેવિસને મળ્યા અને એક કિડની દાનમાં આપવાની ઇચ્છા જણાવી તથા રસદ મહમદ બાબત પણ વાત કરી. તેમની કિડની મૅચ થઈ અને રસદ મહમદને નવું જીવન મળ્યું.

ત્યારબાદ આ અભિયાનને કેથોલિક પાદરીઓ તરફથી જબરો પ્રતિસાદ મળ્યો. ૧૩ પાદરીઓ અને ૬ સાધ્વીઓએ જરૂરતમંદોને કિડનીદાન કર્યું છે. આનાથી પ્રેરણા લઈને સામાન્ય લોકોનો પણ K.F.I. ને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો અને સ્થાનિક ઉપરાંત કેટલાક વિદેશવાસીઓ સહિત ૬૭ નાગરિકોએ કિડની દાન કર્યું છે. નવા ડોનર્સ પણ સામે આવી રહ્યા છે. ઉપરાંત અંગદાન ઝુંબેશને પણ જબરો પ્રતિસાદ મળતાં લગભગ ૬ લાખ લોકોએ મૃત્યુ બાદ અંગદાનનો સંકલ્પ કરેલ છે. આમ કેરળ પ્રદેશ અન્યોને માર્ગદર્શક બની રહ્યું છે.

ફાધર ડેવિસનું K.F.I. ટ્રસ્ટ હાલ ૧૦ બેડનું ફ્રી ડાયાલિસિસ સેન્ટર ચલાવે છે, જેનું સંચાલન - વહીવટ કેટલાક નિવૃત્ત બૅંકરો તથા સ્વયંસેવકો કરી રહ્યા છે.

સાથે ઉદ્યોગપતિ કૌચુસેફ પણ પોતાના ચિટ્ટિલાપેલી (તેમની અટક) ફાઉન્ડેશન દ્વારા અંગદાનના પ્રચાર સાથે જરૂરતમંદોની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી માટે દાન પણ કરતા રહે છે. હાલ ૬૪ની ઉંમરે તેઓ સંપૂર્ણપણે તંદુરસ્ત છે.

ફાધર ડેવિસનું હવે પછીનું સ્વપ્ન ૧૦૦ કરોડના ખર્ચે કિડની હૉસ્પિટલ અને સંશોધન કેન્દ્ર સ્થાપવાનું છે. તેઓ કહે છે કે, "ઈશ્વર કૃપા હશે તો આ સ્વપ્નું મારા જીવન દરમિયાન નહીં તો

### દેહદાન એટલે મહાદાન

*જન્મજાત અવયવો બદલી દેવાનું કામ*
*નથી કરી આપતા ખુદ ભગવાન*
*પણ એ કરી શકે છે માનવ*
*યોજીને પોતાના દેહનું મરણોત્તર દાન.*

*એક પાઈના પણ ખર્ચ વગર*
*બક્ષી શકે છે કોઈને જીવનદાન*
*યા મેડિકલ વિદ્યાર્થીઓનું વધારી શકે જ્ઞાન*
*દેહદાનથી વધે છે દાતાની શાન.*

*વળી બચી જશે મોંઘેરું બળતણ*
*નહીં જવું પડે કોઈને સ્મશાન*
*મહામૂલો માનવભવ સાર્થક થશે*
*લાભ મેળવનાર આજીવન માનશે અહેસાન.*

*પોતાના ખરવાથી બીજાને ખીલતા જોઈ*
*આત્મા પોતાનો ખૂબ પ્રસન્ન થશે*
*માનવની આવી ઉદાત્ત કરણી જોઈ*
*સૃષ્ટિકર્તા પણ આનંદથી ઝૂમી ઊઠશે.*

*નથી સજાવ્યું જીવનને પૂરતાં સત્કર્મોથી?*
*તો દેહદાન એ ખોટ પૂરશે*
*દાનપુણ્ય કર્યાં હશે ભરપૂર તો*
*દેહદાન યશકલગી બની શોભી ઊઠશે.*

*પ્રક્રિયા સરળ અને સુચારુ છે*
*યોગ્ય સોસાયટીમાં નોંધાવી દેવું નામ*
*કુટુંબીઓ તરફથી સમાચાર મળતાં મૃત્યુના*
*સોસાયટીવાળા આવીને પૂરું કરશે કામ.*

***– દિલીપ કે. મહેતા***

મારા મૃત્યુ બાદ મારાં બધાં સારાં અંગોનું દાન કર્યા બાદ પણ સાકાર થઈ શકે છે.''

## મારી વાત

આ વાંચ્યા બાદ કોઈપણ વ્યક્તિ એ ખ્રિસ્તી પાદરીઓ અને સાધ્વીઓના સેવાભાવ અને મિશનથી પ્રભાવિત થયા વગર રહી જ ન શકે. તેઓ જાતે ભોગ આપીને જ બીજાને કહે છે અને દાનમાં જાતિ કે ધર્મનો કોઈ ભેદભાવ નથી.

ભારતભરમાં જુદા જુદા ધર્મ - સંપ્રદાયોના સાધુઓનાં ટોળાં છે, આવું કોઈને કેમ સૂઝતું નહીં હોય? ધર્મગુરુઓ આવી વાત ઉપાડી લે તો સમાજના કેટલાય ગરીબ દર્દીઓને નવું જીવન મળે.

ખાસ કરીને જૈનોની જ વાત કરીએ. જૈનો હાલ પણ ચક્ષુદાન - અંગદાનમાં બીજા કરતાં આગળ છે, પણ છતાં પ્રમાણ અને જાગૃતિ ઓછી છે. પૂ. સાધુ ભગવંતો માત્ર જબાન જ ચલાવે તો પણ ઘણું કામ થાય. અફસોસની વાત એ છે કે કેટલાક ફિરકાના સાધુઓ — 'અંગ લેનારે કરેલ પાપ ડોનરને લાગે!' એવી હાસ્યાસ્પદ દલીલ કરીને અંગદાનનો વિરોધ કરી રહ્યા છે! જીવદયામાં જૈનો પુષ્કળ નાણાં ખર્ચે છે, ભોગ પણ આપે છે. અહીં તો માનવ જેવા માનવને નવું જીવન આપવાની વાત છે. એનાથી મોટી જીવદયા કઈ હોઈ શકે?

*મગનલાલ સંઘવી*

*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

## અલૌકિક અનુસંધાન

(અનુસંધાન : પાના નં.-૬૦ ઉપરથી ચાલુ)

પણ મને એક વાત ખટકે છે. તેં મને એક જગા ન બતાવી.'' પ્રિયંકાએ કહ્યું.

''તારા ઘરના ઠાકોરજીનું મંદિર અથવા પ્રભુને બિરાજવાની જગા ક્યાં છે? તે મને દેખાયું નહિ.'' પ્રિયંકાએ અલૌકિક નાતો શોધ્યો.

''ઓહો! આવ, જો આ બહાર લોબીમાં જગા રહી હતી ત્યાં મંદિર ગોઠવાઈ ગયું છે. બીજે ક્યાંય મેળ પડતો નહોતો. લોબીને કવર કરી દીધી છે, એ ખૂણો ફાજલ જ હતો. બરોબર છે ને?'' પારૂલે કહ્યું.

''જે પ્રભુએ તમને આટલો વૈભવ આપ્યો, આટલી સમૃદ્ધિથી છલકાવી દીધા, રસોઈયા, નોકર, ગાડી, પતિ, બાળકો સાથેનું આટલું અનહદ સુખ આપ્યું, તેને માટે જ જગા ન મળી? લોબીમાં એટલે ઘરની બહાર જ કહેવાયને?!? જે સૃષ્ટિના માલિક છે તેને તમને ઘરનાં માલિક બનાવ્યા તો તેની સાથે આવો સંબંધ હોય!?! અલૌકિક સંબંધની આંટીઘૂંટી અનુભવે જ સમજાય. તારી આર્થિક સમૃદ્ધિ પ્રમાણે પ્રભુ માટે અલાયદી વ્યવસ્થા કરી જ શકી હોત. રોજિંદી ઘટમાળમાંથી થોડીવાર સમય ફાળવી તેની સમક્ષ શાંતિથી બેસીએ. તેનું સ્મરણ કરીએ તો કેટલો આનંદ મળે? જિંદગીનો સૌ પ્રથમ નાતો (સંબંધ) તો ઈશ્વરથી જ શરૂ થાય હું તો એવું માનું છું.'' પ્રિયંકાએ તેની ફિલોસોફી જણાવી.

પારૂલને લક્ષ્મીનું અભિમાન હતું. તેણે કહ્યું, મંદિર માટે તો ચાલે જ ને? એમાં વળી શું? સેવા-પૂજા કરવાનો સમય જ ક્યાં હોય છે? રજાને દિવસે કાંઈ પ્રોગ્રામ ન હોય તો કરી લઈએ.''

''તું ભર્યાભાદર્યા સંસારમાં આર્થિક સમૃદ્ધિથી છલોછલ હોવા છતાં નજીકના નાતાથી (સંબંધથી) અલિપ્ત જ ગણાય. સંબંધોનું આ ગણિત છે. તમારાં લૌકિક અને અલૌકિક બંને સંબંધોમાં ક્યાંય લાગણીની ભીનાશ વર્તાતી નથી.'' પ્રિયંકાએ સમજ પાડી.

''અમે સંબંધોનાં જાળામાં ગૂંથાતા નથી, તેથી કશું જ સમજાતું નથી. જીવનની ઘટમાળ આ જ રીતે ચાલ્યા કરે છે. સારું થયું, તું મળી. જિંદગીનું પ્રથમ અલૌકિક અનુસંધાન ઈશ્વર સાથે જ હોવું જોઈએ. આ સંબંધની પરવરિશ કરીશું તો પછી જીવનના અન્ય સંબંધોનાં સથવારે આગળ વધી શકીશું. ખરું ને પ્રિયંકા?''

''હા, હવે સમજી તું. ચાલ હવે હું જાઉં. તું મારા ઘરે બરોડા આવવાનું જરૂરથી રાખજે. અવારનવાર ફોનથી મળીશું. તે પછી પારૂલે તેની ગાડીમાં તેના ઘેર પહોંચાડવા ડ્રાઈવરને સૂચન કર્યું. અને પ્રિયંકાએ ત્યાંથી વિદાય લીધી.

*સૌજન્ય : 'સંબંધોને સથવારે'*

## વક્તા આદર્શ મળશે...

(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)

એ પાપ છે. કારણકે એમાં શ્રોતાઓ સાથે છેતરપિંડી થવાનો સંભવ છે. એમાં પોતાને પ્રાપ્ત થયેલા વિશેષાધિકારોનો દુરુપયોગ થતો રહે છે. એ સૂક્ષ્મકક્ષાની દગાબાજી છે. જેની કોઈ સજા નથી.''

શ્રોતાઓ વક્તા પર પ્રેમ ક્યારે વરસાવે? સારા વક્તા હોવું એટલે શું?

જે વિષયના વફાદાર હોય, સમયને ધ્યાનમાં રાખે અને પૂરતી તૈયારી કરીને સભાખંડમાં આવે, સામે બેઠેલા શ્રોતાઓની આંખમાં આંખ પરોવીને વાત કરે, તર્કસંગત દાખલા - દલીલોથી પ્રવચન શોભતું હોય, જરૂર જણાય ત્યાં યોગ્ય સંદર્ભ અને કવિના નામ સાથેની શેર-શાયરી બોલે, શ્રોતાઓને માનપૂર્વક સંબોધન કરે અને સમયસર વક્તવ્ય પૂરું કરે. વક્તવ્યમાંથી પ્રેરણાત્મક, ભાવાત્મક અને આદર્શાત્મક વાતો ઊડીને આંખે વળગતી હોય તાળીઓના ગડગડાટ સાથે તો, ક્યારેક મૌન ધારણ કરીને પણ વક્તવ્ય સાંભળવાનો સંતોષ વ્યક્ત કરતાં હોય!

સભાખંડમાં વક્તા-શ્રોતા વચ્ચેનો સેતુ એ કૃષ્ણ - અર્જુન અને વ્યાસજી અને ગણેશજી જેવો પવિત્ર સેતુ રચાતો હોય છે. શ્રોતા અને વક્તા વચ્ચે એક વિશિષ્ટ પ્રકારની હાર્મની રચાતી હોય, ટૂંકમાં, વક્તાનું વક્તવ્ય એટલું લયબધ્ધ હોય કે દરેક શ્રોતા ડોલવા માંડે. બંનેની નજર અને મન વિચારોથી એકરૂપ થયેલા હોય.

સંગીતના કોઈ કાર્યક્રમમાં જેમ બધા જ વાજિંત્રો અને સાંજિદાઓ એકરૂપ થઈને કોઈ એક ધૂન વગાડતા હોય છે અને શ્રોતાઓને ડોલાવતા હોય છે. વક્તાનું વક્તવ્ય અને શ્રોતાઓનું મૌન બંને વચ્ચે એકસૂત્રતા રચાય સભાખંડના તમામ શ્રોતાઓ મન ભરાયાનો ઓડકાર લેતાં જોવા મળે ત્યારે વક્તવ્ય પૂરું થયું એમ કહેવાય.

*મીઠાખળી ગરનાળા નજીક,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

*સૌજન્ય : "ગુજરાત"*

નિષ્ઠા

# ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો જીવતો અમલ

• રજનીકુમાર પંડ્યા •

ના, નામ આપવાની મનાઈ છે...પણ કામ વિશે લખ્યા વગર ના રહી શકાય.

એકાદ વર્ષ પહેલાં પોતે અગાઉ જેને કદી મળ્યાનું યાદ નથી તેવા અમેરિકાવાસી એક વાચક સાદી ટપાલમાં આ લેખકને ચેક્સ મોકલે છે. દરેક ચેક પચ્ચીસ પચ્ચીસ હજાર ડોલરના છે. એ બે ચેક્સ 'જન્મભૂમિ-પ્રવાસી' ની કટારમાં લખવામાં આવ્યું હતું તેવી બે સંસ્થાઓ માટે છે.

એ પછી ફરી વાર થોડા મહિને એમના તરફથી પચ્ચીસ પચ્ચીસ હજાર ડોલરના બીજા બે ચેક્સ આવે છે, જેમાંથી એક દક્ષિણ ગુજરાતના ચીખલીથી પંદર કિલોમીટર દૂર કુકેરી ગામની ત્રણસો ઉપરાંત આદિવાસી અનાથ-અથવા સિંગલ પેરેન્ટ બાળકોને પ્રાથમિકથી માંડીને કમ્પ્યુટર સુધીનું નિઃશુલ્ક શિક્ષણ અને આવાસ આપતી સંસ્થા માલવી એજ્યુકેશન ટ્રસ્ટ માટે છે. બીજો છે નવજીવન ટ્રસ્ટ માટે. સાથે વિનંતી : 'આમાંથી ગુજરાતની કેટલીક માધ્યમિક શાળાઓને નારાયણ દેસાઈ લિખિત ચાર ખંડનું ગાંધીરચિત' 'મારું જીવન એ જ મારી વાણી' મોકલવાની વ્યવસ્થા કરશો, કારણ કે એ ચાર ખંડનું એ મહાપુસ્તક પહેલીવાર આખે આખું વાંચ્યું તે દરેક રાત હું આખી આખી રાત રડ્યો છું. એમાં છુપાયેલો એમનો સંદેશ અને વિશેષ તો પોતાની દોલતનો પોતાની જાતને માલિક નહીં સમજતાં એક ટ્રસ્ટી સમજવાનો મંત્ર આપતો સંદેશ કેવળ મારા વાચન સુધી જ સીમિત નથી રહ્યો, મારા સમગ્ર અસ્તિત્વમાં પ્રસરી ગયો છે. હું ઝંખું છું કે શક્ય હોય તેટલી શિક્ષણ સંસ્થાઓ અને વિચારશીલો સુધી હું પહોંચાડું એ માટેની આ રકમ છે.'

'સાધનાખંડ', 'સત્યાગ્રહ', 'સત્યપથ' અને 'સ્વાર્પણ' એમ ચાર ખંડના ચાર અલગ અલગ નામો ધરાવતા નારાયણ દેસાઈ લિખિત આ સળંગ પુસ્તકનાં કુલ ૨૨૦૨ પૃષ્ઠો છે. એનું પાંચ વાર પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે. પૂરા-સંપુટની કિંમત રૂ. ૧૫૦૦૦/- છે, આ સજ્જને આપેલી રકમમાંથી એ ગ્રંથ નવજીવન રાહત દરે આપે છે અને મોકલવાનો ખર્ચ પણ ઉઠાવે છે. પણ બહુ સમય અને ખંત માગી લેતું કામ શાળાઓની યાદી બનાવવાનું હતું, ગાંધીનગરમાં આવેલા સેકન્ડરી સ્કૂલ બોર્ડના અધ્યક્ષ રસિકભાઈ વરસાણીની મદદથી ગુજરાતની શાળાઓની સંપૂર્ણ યાદી મેળવવામાં આવી તેમાંથી ચૂંટેલી અગિયારસો શાળાઓની યાદી અલગ કરવામાં આવી અને નવજીવન ટ્રસ્ટને પહોંચાડવામાં આવી. જેમાં સાવ દૂરદરાજની નાનામાં નાની વસાહતોમાં આવેલી શાળાઓનો પણ સમાવેશ થયો.

થોડા સમય પછી ઈ-મેઈલ આવે છે કે ત્રીજી વાર પચ્ચીસ પચ્ચીસ હજાર ડૉલરના બે ચેક્સ સાદી ટપાલથી મોકલું છું. એક ચીખલી પાસેના કુકેરી ગામના શાંતાબા વિદ્યાલય (માલવી એજ્યુકેશન ટ્રસ્ટ) માટે છે. અને બીજો ફરીવાર નવજીવન ટ્રસ્ટ માટે છે. ગયા વખતે જે શાળાઓ રહી ગઈ હોય તેમને આ સેટ પહોંચાડશો.

પણ વીસ-પચ્ચીસ દિવસ વીતી ગયા પછી પણ ચેક્સ ભારત નથી પહોંચ્યા એની એમને જાણ કરવામાં આવે છે ત્યારે ટપાલમાંથી ઉઠાંતરી થયાની શંકા સાથે એમનો ફોન આવે છે 'હું એ બંને ચેક્સનું 'સ્ટોપ પેમેન્ટ' કરાવું છું અને હવે ટપાલને બદલે એર-કુરિયરથી એટલી જ રકમના બે નવા ચેક્સ મોકલી આપું છું.'

એ નવા ચેક્સ આવતાં ચાર દિવસ તો થાય જ પણ ભારે નવાઈ વચ્ચે બીજે જ દિવસે અગાઉ મોકલાયેલા અને ગુમ થયેલા માનીને 'સ્ટોપ પેમેન્ટ' કરાવાયેલા બંને ચેક્સ સાદી ટપાલમાં આવે છે. એ જ દિવસે લેખક રાતે ફોન પર એમને જાણ કરે છે ત્યારે એને સૂચના મળે છે : 'અગાઉના બંને ચેક્સનું સ્ટોપ પેમેન્ટ કરાવેલું તે પાછું ખેંચી લઉં છું. હવે જૂના-નવા બંને ચેક્સ એ લોકોને આપી દેજો અને બીજી વાર શાળાઓને આપતાં વધે એ સેટ્સ સુયોગ્ય તે વિચારશીલોને આપવાના.'

મતલબ કે બંનેને પચાસ પચાસ હજાર ડોલર્સ!

પણ કહાણી હજુય પૂરી નથી થતી. થોડા મહિના પહેલાં એ ગાંધીપ્રેમી સજ્જન અમદાવાદ આવ્યા અને બિલકુલ સામાન્ય હોટલમાં ઊતર્યા. કહે : 'બે રાતનો રાતવાસો કરવો એમાં મોંઘી હોટલના ખોટા ખર્ચા શા માટે કરવા?'

નેવું વર્ષ જૂનું 'કુમાર' માસિક દર વર્ષે ઉત્કૃષ્ટ લખાણો બદલ કોઈ એક લેખકને પંચધાતુનો બનેલો 'કુમાર' ચંદ્રક એનાયત કરે છે. ૨૦૦૩માં મુંબઈના એક સાહિત્યપ્રેમીના એક લાખ આઠ હજારના અનુદાનથી પંચધાતુનો એ 'કુમાર ચંદ્રક' સોનાનો બનેલો, પરંતુ હવે સોનાનો ભાવ પાંચગણો થયો. હવે ધર્મસંકટ ઊભું થયું, ચંદ્રકને પાછો પંચધાતુનો કરી શકાય નહીં, ને સોનાનો ને સોનાનો બનેલો રાખી શકાય તેવી ટ્રસ્ટની આર્થિક ગુંજાશ નહીં. શું કરવું તેની મૂંઝવણ સતાવતી હતી, પણ અમેરિકાવાસી આ સજ્જન (વય માત્ર ચુમ્માલીસ વર્ષ) અમદાવાદ આવ્યા ત્યારે એમને 'કુમાર' ના તંત્રી ધીરુભાઈ પરીખની મુલાકાત કરાવવામાં આવી. ધીરુભાઈએ બહુ ગરવાઈથી 'કુમાર' ની આ સમસ્યા કથી. સજ્જને બુશશર્ટના ખિસ્સામાં હાથ નાખીને ચેકનું એક છૂટું પાનિયું કાઢ્યું. લેખક પાસેથી ઉછીની પેન લીધી અને લખી દીધો ચાર લાખનો ચેક! 'કુમાર'ની આપદા ટળી. એ પછી બંને ઊપડ્યા મિત્તલબહેન પટેલ (વિચરતા સમુદાય સમર્થન મંચ) પાસે. અને આપ્યો ચાર

લાખનો ચેક. એ પછી સજ્જન પોતાના વતન દક્ષિણ ગુજરાત ગયા. બે દિવસ પછી એ સંસ્થા સાથે ગાઢ રીતે જોડાયેલા કવિવર માધવ રામાનુજનો ફોન આવ્યો. 'આ ચેક ટેકનિકલ કારણોસર અમારે નહીં ચાલે. તમને મોકલી આપું છું. તમે એ બદલી દેવા માટે યોગ્ય કરજો, અમારી પાસે તો એમનો કોઈ સંપર્ક નથી.'

ચીખલી પાસેની જે સંસ્થાને આ સજ્જને પચાર હજાર ડૉલર (અને થોડા માસ પહેલાં પણ બીજા ઘણા ડોલર) આપ્યા હતા તેમાંથી બનાવેલા વર્ગખંડો પર દાતા તરીકે કોનું નામ લખવું છે એમ અગાઉ લેખકે આ સજ્જનને પૂછાવ્યું હતું ત્યારે એમની તો નામ-બામ લખાવવાની કોઈ મરજી નહોતી. 'મેં થોડા કંઈ નામ માટે પૈસા આપ્યા છે?' એવું બોલનારા એવા તેમને લેખકે 'નામ વાંચીને બીજાઓને પ્રેરણા મળે' એવું બોલીને સમજાવ્યા હતા, હવે મજાનો જોગાનુજોગ એવો થયો હતો કે હંમેશના અમેરિકાવાસી આ સજ્જન થોડા દિવસ માટે આ દાન મેળવનારી સંસ્થાથી માત્ર ત્રીસ કિલોમીટર દૂર પોતાને ગામડે મોજૂદ હતા. અને એ દાનથી ઊભા થયેલા વર્ગખંડો પર તેમના પિતાશ્રીના નામની તકતીની અનાવરણ વિધિ પણ એમના રોકાણના દિવસો દરમિયાન જ કરવાનો આવતો હતો. સંસ્થાના વડા એમને એ વિધિ સંપન્ન કરવા માટેનું આમંત્રણ આપવા જાતે ગયા. પણ સજ્જને જવાબ આપ્યો : 'હું નથી આવવાનો. મને બહુ સંકોચ થાય, મેં થોડા કંઈ નામ માટે પૈસા આપ્યા છે?' લેખકે સમજાવટ કરવા પ્રયત્ન કર્યો કે અરે, ભલામાણસ, તમે તો પચાસ લાખ આપનારા દાતા છો, તમને વળી શાનો સંકોચ? તમારે તો છાતી ફુલાવીને આ સમારંભમાં મંચ પર બેસવાનું હોય અને અનાવરણ પણ તમારે જ કરવાનું હોય. તો જવાબ મળ્યો : 'મારા વતી એ વિધિ તમે જ સંપન્ન કરી લેજોને! ખેંચી નાખજો દોરી તમે જ!'

સમારંભ પતાવીને પાછા ફરતા લેખક તેમને મળવા એમના ગામડે ગયો અને મિત્તલબહેનવાળો પેલો ચેક કાઢ્યો અને કહ્યું ટેકનિકલ વાંધો ના આવે એવો નવો ચેક ચાર લાખનો લખી આપો. એમણે નાનકડા ઓરડાના બે-ત્રણ ટેબલનાં ખાનાં ફંફોસીને એક ચેક કાઢ્યો. લખીને સહી કરી અને ચેક લખ્યો રૂપિયા દસ લાખનો! અને કહ્યું, 'કાંઈ વાંઢો ની મલે. ટમટમારે આપી ડેવાની! (આપી દેજોને!)' આજ સુધીની કહાણીનો આ આજ સુધીનો અંત છે, પણ નથી લાગતું કે આ છેવટનો અંત હોય! કાલો નિરવધિ, વિપુલા ચ વારિ. કિંતુ એ વારિભર્યા ઉદધિમાં આવા ગાંધીરંગી, સાહિત્યપ્રેમી અને સમાજસેવી અને છતાં સ્વનામ લજ્જાળુ રત્નો કેટલાં?

*સૌજન્ય : લેખક પોતે*

## એક પત્ર

**(અનુસંધાન : પાના નં.-૬૭ ઉપરથી ચાલુ)**

વાણીસ્વાતંત્ર્યની આડમાં ગમે તેવા ગોરખધંધા ચાલતા રહે છે.

મિત્રો, મારે એ વાત કહેવી છે કે કોઈપણ સમાજમાં કોઈપણ કાળે કાળા અને સફેદ ચોર હોવાના. પ્રજા જો જાગ્રત હોય તો આ ચોર લોકોનું કંઈ ચાલે નહીં. કઈ વસ્તુ ખરીદવી, કઈ ન ખરીદવી, કઈ વસ્તુ ખરીદવી પોતાના હિતમાં છે, કઈ વસ્તુ પોતાના હિતમાં નથી, કઈ વસ્તુને પોતાની ખરેખર જરૂર છે, કઈ વસ્તુની પોતાને જરા પણ જરૂર નથી એ અંગેનું જ્ઞાન અને વિવેક આવી જાય તો જાહેરાતનો આતંક ઘટી શકે છે.

જાહેરાતોના આક્રમણને ખાળવા નાનકડો સંકલ્પ (અણુ સંકલ્પ) પર્યાપ્ત છે. સ્વતંત્રતાની ચળવળ સમયે લાખો યુવાનો આવા સંકલ્પો લેતા અને તેનું પાલન કરતા. મિત્રો, સ્વતંત્રતાની લડત આજે પણ ચાલુ જ છે. તમે બહુ મોટો ફેર પાડી શકો છો. વિચાર કરો, ભારતના કરોડો યુવાનો એક માત્ર 'કોલા' કે 'પેપ્સી' ખરીદવાનું બંધ કરે તો શું થાય? ફરી મળીશું.

*તમારો મિત્ર*

**– અરુણ ચાદી**

*(સૌજન્ય : સાધના સામાહિક)*

## ડૉ. આંબેડકરના અંતિમ પાંચ દિવસો

**(અનુસંધાન : પાના નં.-૭૬ ઉપરથી ચાલુ)**

શરણમ્ ગચ્છામિ, ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ, સંઘમ્ શરણમ્ ગચ્છામિ'. આ પછી એમણે મને રેડિયોગ્રામ પર એમને મનપસંદ ધૂન વગાડવા જણાવ્યું. તેઓ પોતે પણ એમાં એમનો સૂર ઉમેરી રહ્યાં હતાં. મારા માટે આ એક સુખદ આશ્ચર્ય હતું.

આ દરમિયાન નોકર સુદામાએ કહ્યું કે, ભોજન તૈયાર છે. એક હાથે લાકડી અને બીજો હાથ મારા ખભે મૂકી તેઓ ચાલવા લાગ્યા. વચ્ચે જ આવતા તેમના ટેબલ પાસે જઈ એક ખુરશીમાં તેઓ બેસી ગયા. એક બોક્ષ ખોલી તેમાંથી ફાઉન્ટેન પેન કાઢી. ફરી એકવાર નોકર બોલાવવા આવ્યો. તેઓ ઊભા થયા અને કબાટમાંથી કેટલાંક પુસ્તકો કાઢી તે મને તેમના શયનખંડમાં મૂકવા કહ્યું. ભોજન ખંડમાં જતાં પહેલાં અનિમેષ નજરે તેઓ પોતાના પુસ્તકોભર્યા કબાટને જોતા રહ્યા.

રાત્રે ૧૧:૩૦ વાગ્યા હતા. પાછલા ચાર દિવસથી હું સતત એમની સાથે હોઈ થાકેલો હતો તથા ઘરે મારી પત્ની અને પરિવાર પણ મારી ચિંતા કરતા હતા. મેં પરવાનગી માંગી તો તેમણે મને કહ્યું : 'તમે બહુ પરિશ્રમ કર્યો છે. માટે ઘરે જાવ અને આરામ કરો.'

મારા જતાં પહેલાં તેમણે મને કેટલાક પત્રો આપ્યા ને તે તેમના શયનખંડમાં મૂકવા જણાવ્યું અને કહ્યું કે, તેઓ તેને જોઈ લેશે. પુનઃ તેમણે મને કહ્યું : 'હું સ્વસ્થ છું, મારી ચિંતા ના કરશો.'

....કિન્તુ બીજા દિવસ ૬ ડિસેમ્બર, ૧૯૫૬ની સવારે ડૉ. આંબેડકરના ડ્રાઈવર કાલુ અને રસોઈયો સુદામા દોડતા આવીને રત્તુના ઘરના દરવાજે ઊભા છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર હવે રહ્યા નથી. રત્તુ એક નાના બાળકની જેમ રડી પડે છે.

*(ડૉ. આંબેડકરના અવસાનની ખબર વાયુવેગે ફેલાતા દેશ અને દુનિયામાં શોક ફરી વળ્યો અને તત્કાલ વડાપ્રધાન પોતે ડૉ. આંબેડકરના નિવાસ સ્થાને પહોંચી ગયા.)*

***સૌજન્ય : 'ગુજરાત'***

લોકકથા

# શિકારીનું માથું

• કરસનદાસ લુહાર •

એક નાનું એવું ગામ હતું. એ ગામમાં ત્રણ શિકારીઓ રહે. એક દિવસ ત્રણેય શિકારીઓ જંગલમાં શિકાર કરવા ગયા. સાંજ સુધી ભટક્યા પણ શિકાર ન મળ્યો. છેવટે થાકીને ગામ તરફ આવવા નીકળ્યા. જંગલ વટાવ્યું. ગામ તરફ થોડુંક ચાલ્યા તો એક વરૂને જતું જોયું. એનો શિકાર કરવાના ઈરાદાથી ત્રણેય એની પાછળ દોડ્યા. રસ્તામાં એક સાવ સાંકડું ગરનાળું આવ્યું. વરૂ એમાં સંતાઈ ગયું.

શિકારીઓએ જોયું કે, ગરનાળું સાવ સાંકડું છે. એમાં પેસીને વરૂને પકડી શકાય તેમ નથી. તેથી તેઓ બહાર ગરનાળા ઉપર બેઠા. વરૂ બહાર નીકળે એટલે એનો શિકાર કરીને જ ઘેર જવું એવા નિર્ણય સાથે વરૂની રાહ જોવામાં બહુ સમય ગયો. વરૂ બહુ ચાલાક નીકળ્યું. ગરનાળામાં ગોટમોટ લપાઈ ગયું. બહાર નીકળ્યું જ નહિ.

રાહ જોતાં શિકારીઓ કંટાળી ગયા. એક શિકારી કહે : 'હું નીચે જોઉં. ગરનાળામાં જોઈ લઉં. વરૂ પેલી બાજુથી બહાર નીકળીને ચાલ્યું તો નથી ગયું ને?'

બીજો શિકારી કહે : 'હા, જા તપાસ કર. એની વાટ જોવામાં રાત પડી જશે.' ત્રીજો શિકારી કહે : 'મને લાગે છે કે, વરૂ આપણને છેતરીને ભાગી ગયું હશે. તપાસ તો કરવી જ જોઈએ. આમને આમ ક્યાં સુધી બેસી રહીશું?'

પહેલો શિકારી ગરનાળા ઉપરથી નીચે ગયો. ગરનાળાનાં બાકારોમાં આંખો ફાડીને જોયું, પણ કંઈજ દેખાયું નહિ. એણે બરાબર જોવા માટે અંદર માથું નાખ્યું...!

ઘણો સમય વીતી ગયો. ગરનાળા ઉપર બેઠેલા બન્ને શિકારીઓ કંટાળ્યા. જોવા ગયેલો પેલો શિકારી હજી કેમ પાછો ફર્યો નહીં? શું થયું હશે? બન્નેને બહુ ચિંતા થવા લાગી. બન્ને શિકારી ગરનાળા ઉપરથી નીચે આવ્યા. જોયું તો પેલાનું માથું ગરનાળાના સાંકડા બાકોરામાં ફસાઈ ગયું હતું. એ જડની જેમ પડ્યો હતો. અંધારું થઈ ગયું હતું.

બન્ને શિકારીઓએ પેલાને પગથી પકડીને બહાર ખેંચ્યો. અને ગરનાળા ઉપર લઈ ગયા. ત્યાં લઈને જોયું પેલાના શરીરને માથું જ ન હતું. માત્ર ધડ હતું. બન્નેને બહુ નવાઈ લાગી. બન્ને બોલી ઉઠ્યા, "આનું માથું ક્યાં?" પછી વિચારમાં પડી જઈ, પોતાનાં માથા ખંજવાળવા માંડ્યા. હવે અંધારું થઈ ગયું હતું.

બીજો શિકારી કહે : 'આપણા ભાઈબંધને કદાચ માથું ન હતું. ત્રીજો શિકારી બોલ્યા : 'શું વાત કરે છે? આને માથું ન હતું શું?!' બીજાએ પોતાનું માથું ફરીથી ખંજવાળતાં કહ્યું : 'લગભગ તો નો'તું જ! છતાં હોય તો મને બરાબર યાદ નથી?' ને એ અવઢવમાં પડી ગયો. બન્ને જણ ત્યારે મૂંઝવણમાં પડી ગયા. ગામના બે-ત્રણ આગેવાનોને બોલાવી લાવીને પૂછ્યું : 'તમે જાણો છો, આને માથું હતું કે?' અમને બરાબર ખબર નથી. એની પત્નીને પૂછી જોઈએ તો ખ્યાલ આવે!' આગેવાનોએ કહ્યું.

પેલા શિકારીની પત્નીને બોલાવવામાં આવી. એ જાગીને આંખો ચોળતી આવી. બન્ને શિકારીઓએ વરૂ અને ગરનાળાની વિગતથી વાત કરી. વાત પૂરી થઈ એટલે પૂછ્યું : 'તમને ખ્યાલ હશે જ. તમારા પતિને માથું હતું કે કેમ?'

'એને માથું હતું કે કેમ એ મને કંઈ યાદ નથી. મને તો એટલું જ યાદ છે કે, મારા પતિ દર વરસે નવી ટોપી ખરીદી લાવતા હતા!' સ્ત્રીએ જવાબમાં કહ્યું. સાંભળતાં જ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા!

***(દાઘિસ્તાન (રશિયાનો એક પ્રદેશ) ની એક લોકકથા પર આધારિત)***

---

ફ્રાન્સની ક્રાંતિ (૧૭૮૯) પછીનો કટોકટીનો સમય હતો. વિખ્યાત લેખક વિક્ટર હ્યુગો જનસમર્થનવાદી હતા અને શાસનની વિરુદ્ધ લખતા. તે સમયના શાસક નેપોલિયન (ત્રીજો) ને તેના સલાહકારોએ કહ્યું કે, 'હ્યુગોને પકડીને જેલમાં પૂરી દો.'

નેપોલિયનને જવાબમાં કહ્યું, 'ના, ના, હ્યુગો એ ફ્રાન્સ છે અને ફ્રાન્સ એ હ્યુગો છે. ભલે તે શાસનની વિરુદ્ધ હોય તો પણ તેની ધરપકડ ન કરાય"

વર્ષો પછી ફ્રાન્સના પ્રમુખ ચાર્લ્સ દ'ગોલ હતા ત્યારે ડાબેરી માનવતાવાદી લેખક પોલ ઝ્યાં સાર્ત્ર પણ દ'ગોલના સખત ટીકાકાર હતા. દ'ગોલના સલાહકારો (ચમચાઓ?) એ દ'ગોલને કહ્યું કે સાર્ત્રને પકડીને જેલમાં પૂરી દો. દ'ગોલના શબ્દો હતા "ના, ના, એમ ન કરી શકાય. સાર્ત્ર એટલે ફ્રાન્સ અને ફ્રાન્સ એટલે સાર્ત્ર ભલે તે શાસનની વિરુદ્ધ લખે તો પણ તેની ધરપકડ ન કરાય."

*(આપણે ત્યાં?)*

***(વિવેકપંથી, જાન્યુઆરી ૨૦૧૬ માંથી), પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

વિચાર વિમર્શ

# એક પત્ર

• અરુણ ચાર્દી •

*હેલો યંગ ફ્રેન્ડઝ! કેમ છો?*

આજે મારે આજકાલની જાહેરાતો વિશે થોડી ઘણી વાતો કરવી છે. જાહેરાતોની માયાવી દુનિયા ગજબની છે. તેના વિશ્વને બીજાં પણ નામો આપવાનું મન થાય જેમ કે; 'બુદ્ધિનું દેવાળું'; 'વિવેકનું દેવાળું'; 'માનસિક ગુલામી'; 'જાહેરાતોનું સહન'... વગેરે. નાનાં બાળકો તેના સૌથી મોટા શિકાર છે. મોટા પણ ક્યાં બાકાત છે? મિત્રો, જાહેરાતોની વાતો કરતાં પહેલાં બીજી બે-ચાર વાતો સમજી લઈએ.

આપણે લોકો વ્યક્તિગત રીતે ઉત્તમ, સુસંસ્કૃત, સમજુ હોવા છતાં સામૂહિક રીતે મોટે ભાગે વિચિત્ર વર્તન કરીએ છીએ. મને ઘણીવાર લાગે છે કે Crowd is stupid (હું ખોટો પણ હોઈ શકું છું.)

બીજી વાત કે ૫૦-૬૦ વર્ષ પહેલાં આપણો ભારતીય સમાજ એક કુટુંબ જેવો હતો. 'વસુધૈવ કુટુંબકમ્' આપણું જ સૂત્ર છે. હવે આપણો સમાજ એક બજાર (માર્કેટ) બની રહ્યો છે. શાળા-કૉલેજ, હોસ્પિટલ, મંદિર...ગમે ત્યાં જઈએ તો પણ બજારમાં જ ફરી રહ્યા હોઈએ એમ લાગે.

જ્યાં માર્કેટ હોય ત્યાં જાહેરાતની બોલાબોલા હોય જ. જાહેરાત એ માર્કેટની કરોડરજ્જુ છે.

આપણું માનસ (psychology) એવું કે આપણે કોઈથી પણ બહુ વહેલા પ્રભાવિત થઈ જઈએ છીએ. ગોરી ચામડી, અંગ્રેજી બોલી, એક રાતમાં નેતા બની જનાર, એક્ટર, ક્રિકેટર, ધર્મગુરુ...જેવી વ્યક્તિ જે કહે તે બધું આપણને સાચું લાગે છે.

વચ્ચે મેગીનો વિષય સારો ઊપડ્યો હતો. સાચી દિશાનો વિષય હતો, પરંતુ સમય જતાં ભુલાઈ ગયો, ખોવાઈ ગયો. વિચાર આવે છે કે પ્રજા તરીકે આપણે પેટમાં શું શું નાંખીએ છીએ?

મિત્રો, તમને નથી લાગતું કે બહુ મોટો સામાજિક ગુનો થઈ રહ્યો છે? વિક્રેતાઓ અનૈતિક થઈને વેપાર કરે છે, સત્તામાં બેસેલા આંખ આડા કાન કરે છે, સિનેમાના કલાકારો જાહેરાતો આપીને પ્રજાને ગુમરાહ કરે છે.

પરંતુ મિત્રો, મને સૌથી મોટું કારણ તો એ છે કે પ્રજાએ યોગ્ય-અયોગ્યનો વિવેક ગુમાવ્યો છે. આપણે શા માટે ચકાસ્યા વગર, ખાતરી કર્યા વગર, હાનિકારક છે તે જાણ્યા પછી ખરીદતા રહેવું અને ઉપભોગ કરતા રહેવું? શા માટે જાહેરાતોની માયાજાળમાં ફસાઈ જવું?

આમ તો બહુ મોટો વિષય છે. થોડાક મુદ્દાઓ જોઈએ.

વેપારી ચતુર હોય છે. તે પ્રજામાનસ જાણે છે. તેઓ સારી પેઠે જાણે છે કે ભારતની પ્રજાની છેતરપિંડી કરીને તેમને ખોટી વસ્તુઓ પધરાવવી હોય તો સિનેકલાકારો દ્વારા તે કરાવી શકાય. કારણ કે સિનેકલાકારો પૈસાના ભૂખ્યા હોય છે અને મોટાભાગની પ્રજા તેમની પાછળ ઘેલી છે. તેઓ જે કહેશે તે કરવા તૈયાર થઈ જશે. અરે, દક્ષિણ ભારતમાં તો મનગમતા એક્ટરના અવસાન પછી સેંકડો ચાહકો તેની પાછળ આત્મવિલોપન કરે છે. કલાકાર કોઈપણ બાબત પર, કોઈપણ વિષય અંગે જે કંઈ બોલે તેને સાચું માની લેવાની ક્ષમતા, હિંમત, તૈયારી ભારતીય પ્રજામાં છે. અમિતાભ, શાહરૂખ, સલમાન, આમીર, ધોની, પ્રિયંકા, કેટરીના...ભારતીય પ્રજાના ભગવાન છે. તેઓ જે વસ્તુ ખરીદવાની હિમાયત કરે તે વસ્તુને પ્રજા વગર વિચારે ખરીદવા તૈયાર થઈ જાય છે.

પ્રજા તરીકે આપણી સામૂહિક મૂર્ખતા (Stupidity) એ છે કે આપણે સત્તા પર બેસેલા, ક્રિકેટર, એક્ટર અને ધર્મગુરુને સર્વજ્ઞ માનીએ છીએ. આપણે જો તેમને સર્વજ્ઞ માનતા હોઈએ તો તેઓ પોતાને તેવા માને એમાં શું નવાઈ?

આ લોકો પર્યાવરણ, અર્થતંત્ર, સામાજિક સંબંધો, વસ્તુની ગુણવત્તા, સામાજિક સમસ્યાઓ...જેવા કોઈપણ વિષય પર અધિકારવાણીથી બોલતા હોય છે. વનનાં નિર્દોષ પ્રાણીઓને શિકાર ખાતર મારનારા, આડેધડ વાહનો ચલાવનારા, કરોડોની કરચોરી કરનારા, સિનેમાના પડદા પર (કલાના આવરણ નીચે) ગમે તેવાં બીભત્સ દૃશ્યો આપનારા અને સંવાદ બોલનારા, જાહેરમાં ન્યૂનતમ વસ્ત્રોમાં ફરવાની હિંમત કરનારા, ટી.વી. ના પડદે વાતચીતમાં અચાનક ઈમોશનલ થઈને આંખમાં આંસુ લાવે અને આપણે પ્રભાવિત થઈ જઈએ છીએ...

જાહેરાતના સંદર્ભમાં આ લોકોની ખતરનાક બાબત એ છે કે પૈસા મળતા હોય તો વસ્તુની ગુણવત્તા જોયા વગર, તે વસ્તુ હાનિકારક હોય તો પણ આ લોકો તે વસ્તુનાં ગુણગાન ગાય અને આ બધું ચાલ્યા કરે. ગમે તેટલું જૂઠાણું ફેલાવવામાં, અનૈતિકતા આચરવામાં આ લોકોને જરા પણ શરમ સંકોચ નથી. કિસ્મતની બલિહારી એવી કે આવા લોકોને પદ્મશ્રી, પદ્મ વિભૂષણ...જેવાં સન્માન મળતાં રહે છે અને સમાજમાં દંભ ચાલતો રહે છે. મિત્રો, તમને નથી લાગતું કે આ આતંકવાદ અથવા દાણચોરી જેવો જ ગંભીર ગુનો છે? વિચાર અને

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)

દેશપ્રેમ

# સરહદ પર ફાલી રહેલ દેશદ્રોહ

• કેશુભાઈ દેસાઈ •

હિંદીમાં એક રૂઢ પ્રયોગ છે : 'ઘર કા ભેદી લંકા ઢાએ.' આપણી ભાષામાં પણ 'ઘર ફૂટ્યે ઘર જાય' જેવી કહેવત છે. વિભીષણ ન મળ્યો હોત તો રામ જેવા સમર્થ વીર માટે પણ સોનાની લંકાને ધ્વસ્ત કરવાનું અઘરું પડી ગયું હોત. અમીચંદ અને મીરજાફર જેવા દેશદ્રોહીઓ ફૂટી ગયા એટલે સિરાજ-ઉદ્-દૌલા પ્લાસીના યુદ્ધમાં હાર્યો અને દેશમાં ઘૂંટણિયે પડીને રાજાઓ - બાદશાહો પાસે વેપારવણજની પરવાનગી માગનાર ઈસ્ટ ઈંડિયા કંપનીએ હિંદુસ્તાન પર પ્રથમ વિજય હાંસલ કરી સત્તા સ્થાનો પર પ્રભુત્વ જમાવી બ્રિટિશ રાજના શ્રીગણેશ કર્યા હતા. ઈતિહાસનું એક યા બીજા સ્વરૂપે પુનરાવર્તન થતું રહે છે. પઠાણકોટ હુમલા પૂર્વે પણ આતંકવાદી હુમલાઓમાં આવા દેશદ્રોહીઓની સામેલગીરીના છૂટાછવાયા દાખલા જોવા મળ્યા છે. અફઝલ ગુરુ જેવા સુશિક્ષિત પ્રોફેસરે સંસદ પર થયેલ હુમલામાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પછી એને ફાંસી આપવાના મુદ્દે પણ કાગારોળ મચી હતી. રાજીવ ગાંધીના હત્યારાઓમાં એકલા શ્રીલંકન તમિળ ટાઈગર્સ સામેલ નહોતા. એમને તમિળનાડુના કેટલાક દેશદ્રોહીઓનું પૂરું સમર્થન સાંપડ્યું હતું. એ સિવાય વડાપ્રધાન કક્ષાના રાષ્ટ્રીય નેતાને ભરી સભામાં બૉમ્બથી ઉડાવી દેવાનું શક્ય જ ન બન્યું હોત. આવી પૂર્વવર્તી કમનસીબ ઘટનાઓમાંથી આપણે કશું શીખ્યા જ ન હોઈએ એમ પઠાણકોટની ઘટનામાં ખુદ ગુરદાસપુરના પોલીસવડાની સામેલગીરી બહાર આવે છે ત્યારે એક રાષ્ટ્ર તરીકે આપણે કેટલી વામણી પ્રજા છીએ એની પ્રતીતિ થયા વિના રહેતી નથી. ઍસપી સલવિંદર સિંહ અને એમના અંગત મિત્ર પાસેથી ઉચ્ચ કક્ષાની તપાસ એજન્સી ઍનઆઈએ દ્વારા સઘન પૂછપરછના અંતે કેટલીક સ્ફોટક બાબતો ઓકાવાઈ છે. હજી ઍસપીનો પોલિગ્રાફ ટેસ્ટ થશે ત્યારે ઘણું વધારે બહાર આવશે. પઠાણકોટ હુમલાના કાવતરામાં ખુદ પંજાબ સરકારનો જ ઉચ્ચ પોલીસ અધિકારી સામેલ હોય તે હકીકત કેટલી શરમજનક છે! એણે હીરા ઝવેરાતના બદલામાં ડ્રગ - દાણચોરી ઉપરાંત આવી ભયંકર ઘટના થવા દીધી. એનો સાથી ઝવેરી છે, જે હીરા સાચા છે કે ખોટા એની પરખ કરી આપતો હતો. આવા કેટલા સલવિંદર સરહદ પારના ખૂંખાર દુશ્મનો સાથે ભળેલા હશે? સલવિંદરની શંકાસ્પદ હિલચાલ ઉપરાંત એનાં નિવેદનોમાં અનેકવાર આવતા ફેરફારો તથા એના સાથીઓ એન મજારના રખેવાળના નિવેદનો પરથી એ પકડાયા છે. ખુદ વાડ થઈને ચીભડાં ગળવા લાગશે તો સરહદની કાંટાળી વાડ પણ શી રીતે સલામત રહી શકશે? પંજાબમાં ડ્રગ્સનો વેપાર મોટા પાયે ચાલે છે, એમાં ખુદ પોલીસ અને બીઍસઍફના જવાનો સામેલ હોવાની વારંવાર શંકા સેવાતી રહી છે. પંજાબના નાયબ મુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલના સાળા જેઓ સરકારમા કૅબિનેટ મંત્રીપદ ધરાવે છે, એમની સામે પણ આક્ષેપો થતા રહ્યા છે. પંજાબની અકાલીદળ - ભાજપની સરકારમાં જ આવાં દેશદ્રોહી તત્ત્વો ઘૂસેલાં હોય ત્યારે કેન્દ્ર સરકારે એની સામે આંખ મિચામણાં કરવાને બદલે દેશદ્રોહીઓને ઉઘાડા પાડી સખત નશ્યત કરવાની જરૂર છે. અને આવાં તત્ત્વો કાશ્મીર કે પંજાબમાં જ હોય તે જરૂરી નથી, એવાં 'કાળાં ઘેટાં' ગુજરાત સહિત તમામ સરહદી રાજ્યોમાં હોઈ શકે છે. મોડું થઈ જાય એ પહેલાં, વડાપ્રધાન કંઈક નક્કર કાર્યવાહી કરી બતાવે એવી અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ-૧૩૨, સૅક્ટર-૧૯, ગાંધીનગર.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

## જરા ધ્યાન રાખજો

*ચર્ચા છે ચારે કોર, જરા ધ્યાન રાખજો*
*ઘૂવડ બન્યા છે મોર, જરા ધ્યાન રાખજો.*

*ફૂંફાડશે બધે જ પ્રલોભનનાં અજગરો*
*છે ચૂંટણીનો દોર, જરા ધ્યાન રાખજો.*

*રઘવાયા થઈ ફરે છે બધા લોક સેવકો*
*જાણે કે ભૂખ્યાં ઢોર, જરા ધ્યાન રાખજો.*

*ઘરડા ઘરે જ શોભે છે એવા વડીલ પણ*
*મારી રહ્યા છે જોર, જરા ધ્યાન રાખજો.*

*જે દેખાવમાં લાગે છે ભોળાં કબૂતરો*
*મારી ન જાય ન્હોર, જરા ધ્યાન રાખજો.*

*આવી ગયા છે ગેલમાં ચમચાઓ તમામ*
*છે કંઈ અજબનો તોર, જરા ધ્યાન રાખજો.*

*સેવક નથી કે આ તો છે સત્તાના ભિક્ષુકો*
*નઘરોળને નઠોર, જરા ધ્યાન રાખજો.*

*ચેતો કે ચેતવે છે બટન લાલ રંગનું*
*ફાવે ન ધૂર્ત-ચોર, જરા ધ્યાન રાખજો.*

*ગજવે છે મંત્ર ખૂબ 'મુસાફિર' વિકાસનાં*
*ખોદે ન એ જ ઘોર, જરા ધ્યાન રાખજો.*

**– મુસાફિર પાલનપુરી**

**પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

અંજલી

# હાથ ઊંચેરા સર્જકની વિદાયવેળાએ

• કેશુભાઈ દેસાઈ •

*'અવાજને ખોદી શકાતો નથી અને ઊંચકી શકાતું નથી મૌન...'*

*– લાભશંકર ઠાકર*

'વહી જતી પાછળ રમ્ય ઘોષા', 'મારા નામને દરવાજે', 'બૂમ કાગળમાં કોરા' જેવા રમણીય કાવ્યસંગ્રહો, 'એક ઉંદર અને જદુનાથ', 'બાથટબમાં માછલી', 'કાહે કોયલ શોર મચાયે' જેવાં નાટકો અને 'અકસ્માત', 'ચંપક ચાલીસા', 'હાસ્યાસન' જેવી કૃતિઓ અને 'બાપા વિશે' જેવું ચરિત્ર આપનાર લાભશંકર ઠાકર ઉર્ફે વૈદ્ય પુનર્વસુ તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૬ની વહેલી સવારે ઊંઘમાં જ કાયમને માટે પોઢી ગયા. એમની સાથે એક આખો 'આધુનિક યુગ' આથમી ગયો હોય એવો ખાલીપો વરતાઈ રહ્યો છે. ૧૯૩૫માં મકર સંક્રાંતિના દિવસે જન્મેલા આ વિશિષ્ટ સાક્ષરને લોકો 'લા.ઠા.' અને વૈદ્ય પુનર્વસુ જેવા નામે બહુ જ લાડ કરતા હતા. 'ટોળા, અવાજ, ઘોંઘાટ' કાવ્યસંગ્રહ માટે ૧૯૯૦નો સાહિત્ય અકાદમી ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર આ અલગારી સર્જકનાં 'લઘરા કાવ્યો' આપણી ભાષાનું ઘરેણું છે. 'મરી જવાની મજા' અને 'પીળું ગુલાબ અને હું' જેવાં કલાત્મક એકાંકી અને ચીલો ચાતરીને લખાયેલી નવલકથાઓ આપણી ભાષામાં શરૂ થયેલી નવચેતનાનું પ્રતીક છે. આવા સર્જકની વિદાયથી ગુજરાતી સાહિત્ય વધારે રાંક થયું છે.

એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં હરખ અને શોકની બે સાહિત્યિક ઘટનાઓ બની છે, તે પણ નોંધવું જ રહ્યું. રઘુવીર ચૌધરીને ડિસેમ્બરના અંતિમ દિવસોમાં દેશનો સર્વોચ્ચ સાહિત્યિક ઍવોર્ડ - જ્ઞાનપીઠ મળે છે અને એ હરખની ઉજવણીનું આયોજન થાય એ પહેલાં જ લાભશંકર ઠાકર જેવા દિગ્ગજ કવિ - નાટ્યકારનું નિધન થતાં આખી મજા મરી જાય છે. આનું જ નામ તે નિયતિ. લા.ઠા. કોઈ સાધારણ સર્જક નહોતા. ચવાયેલું અને ચર્ચાયેલું ફરીવાર ઘૂંટવાનો એમની પાસે સમય જ નહોતો. એ સાહિત્યના ગૂંગળામણ ભર્યા જુનવાણી અને પરંપરાગત વાતાવરણમાં કશુંક 'નવું' ઉમેરવાના જ આગ્રહી રહ્યા. એમણે 'રે મઠ' અને 'આકંઠ સાબરમતી' જેવી કલા પ્રવૃત્તિનું નેતૃત્વ કરીને ઉમાશંકર જોશીની પેઢીને મોટો પડકાર આપ્યો. એમના આ સાહસનું ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં આગવું પ્રકરણ લખાવું જોઈએ. દ્વારકાની સાહિત્ય પરિષદ ટાણે આ જ મુદ્દે તેઓ ઉમાશંકરના અઠંગ અનુયાયી અને પ્રીતિપાત્ર રઘુવીર ચૌધરી સાથે બથ્થંબથ્થાં આવી ગયા હતા, તે જૂની થઈ ગયેલી ઘટના આ બેઉ સમર્થ સર્જકો જ્યારે પણ મળતા ત્યારે જાહેરમાં ભારે ઉમળકાપૂર્વક યાદ કરતા.

લા.ઠા. અલગારી સર્જક હતા, પોતે પિતાશ્રીના વારસાને દીપાવવા માટે વૈદકનો વ્યવસાય અપનાવ્યો હતો અને વિવિધ દૈનિકોમાં આયુર્વેદ વિશેની કટાર પણ વર્ષો સુધી ચલાવતા રહ્યા હતા. એમની લાલિત્યપૂર્ણ નિબંધ શૈલી 'એકમેવ અદ્વિતીય' હતી.

લાભશંકરના ગદ્યમાં જે લાલિત્ય અને પ્રાસાદિકતા છે તે એમના બહુ ઓછા સમકાલીનોમાં જોવા મળે છે. આયુર્વેદ વિશેનાં ઢગલાબંધ પ્રકાશનો આપનાર સર્જક રૂંવે રૂંવે સાચુકલા કવિ જીવ હતા.

જીવનને એના વિવિધ આયામોમાં જાણનાર અને માણનાર આ મોટા ગજાના સર્જકને 'રણજિતરામ ચંદ્રક' અને નરસિંહ મહેતા ઍવોર્ડ સહિત અનેક મોટાં સન્માન મળ્યાં હતાં. હકીકતે એ સમ્માનો જ સમ્માનિત થાય એવી એમની કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભા હતી. એક મહાન ગુજરાતી સર્જકની વિદાય સાથે આપણે શિરે માતૃભાષાની રખેવાળીની મસમોટી જવાબદારી આવી છે. ગુજરાતીના આ 'થતાં થાય' એવા નરવા-ગરવા સાક્ષરની સ્મૃતિને કોટિ કોટિ પ્રણામ. એમનો પવિત્ર આત્મા જ્યાં હશે ત્યાં બ્રહ્માનંદ જ સરજશે એમાં શંકાને સ્થાન નથી. ■

## સોશિયલ મીડિયા

તારીખ ૧૧-૬-૨૦૧૧ ના રોજ બ્રાઝિલમાં ટ્વિટર પર એક અભિયાન શરૂ થયું. નામ હતું "કાલા એક બોકા ગલવાઓ." એટલે કે બ્રાઝિલના એક દુર્લભપક્ષી 'ગલવાઓ' ને બચાવવાના ઉદ્દેશથી આ અભિયાન શરૂ થયું. પોપ સ્ટાર લેડી ગાગાએ આ અભિયાન માટે એક ગીત પણ ગાયું. વીકિપીડિયાએ આ અભિયાન વિશે બે પાનાની માહિતી પણ અપલોડ કરી.

માત્ર ચાર-પાંચ દિવસમાંજ કરોડો લોકો 'ગલવાઓ' પક્ષીને લઈને ચર્ચા કરવા લાગ્યા. આ અભિયાન બ્રાઝિલમાં ખૂબ વાઈરલ થયું. આ અભિયાનની ખાસિયત એ હતી કે તે સંપૂર્ણ રીતે બોગસ હતું. કોઈએ અભિયાનના નામે મજાક કરવા ખાતર આ કર્યું હતું. હકીકત તો એ છે કે 'ગલવાઓ' નામનું કોઈ પક્ષી છે જ નહીં!

સતત પાંચ દિવસ સુધી લોકો બુધ્ધુ બનતા રહ્યા. લોકોએ જરા સરખી વિચારવાની પણ તસદી ન લીધી.

***('સાધના' તા. ૨-૧-૧૬)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

ઇતિહાસ

# ગાંધીજી અને ગોડસે

• મોહમ્મદ એ. ત્રવાડી •

ભારત દેશ આઝાદ થયો ત્યારે ગાંધીજી હયાત હતા. પણ તેમણે આઝાદી ઉત્સવમાં ભાગ લીધો નહોતો. તેઓ કલકત્તામાં કોમી દાવાનળ ઠારવા રોકાયેલા હતા. જે દેશને આઝાદ કરવા માટે ગાંધીજીએ પરમ પુરુષાર્થ અને તપસ્યા કરેલ હતા, તે દેશ આઝાદ થયો ત્યારે એમના હૈયે એનો હરખ ન હતો પણ પોતે પોતાના જીવને હોડમાં મૂકીને કપરી ફરજ બજાવી રહ્યા હતા. અને એ કપરી ફરજના કારણે આઝાદી પછી ટૂંકા ગાળામાં, ૧૬૮ દિવસમાં જ એને એક હત્યારાના હાથે ગોળીથી વીંધાઈ જવું પડ્યું હતું. તે દિવસ હતો ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮. ત્યારે ગાંધીજી ૭૮ વરસ ૩ માસ અને ૨૭ દિવસના થયા હતા. આજે એ વાતને ૬૮ વર્ષ થવા આવ્યાં છે. તો એ મહાત્માની અંતિમ ક્ષણોને યાદ કરી લઈએ.

આઝાદ ભારતની સરકારે, મહાર બટાલિયનને સરહદેથી દિલ્હી તેડાવી લીધી હતી. પંડિત નેહરુ પર જાનનું જોખમ વધ્યું હતું. નેહરુ કાશ્મીરનો પ્રશ્ન યુનોમાં લઈ ગયા. જેથી હિંદુ મહાસભા નારાજ હતી, તો ગાંધીજીએ પાકિસ્તાનને પૈસા ચૂકવવા માટે સરકાર પર દબાણ વધાર્યું હતું. તેથી હિંદુ મહાસભા અને આર.એસ.એસ. આક્રોશ વ્યક્ત કરતા હતા.

★ *ગાંધીજી આઝાદી બાદ ૨૨ દિવસે સાત સપ્ટેમ્બર ૧૯૪૮ ના કલકત્તાથી રવાના થઈ દિલ્હી આવ્યા પછી માત્ર ૧૬૮ દિવસ પોતાના ભગ્નસ્વપ્ન સમું જીવન જીવ્યા.*

★ *ગાંધીજીએ પાકિસ્તાનને પૈસા અપાવવા ઉપવાસ આદરેલા તેનાં પારણાં મૌલાના અબ્દુલ કલામ આઝાદે ૧૮ જાન્યુઆરી, ૧૯૪૮ ના કરાવ્યાં હતાં.*

★ *ગાંધીજીએ ૨૪૯ દિવસ દક્ષિણ આફ્રિકાની અને ૨૦૮૯ દિવસ હિંદની જેલ ભોગવી હતી અને જાહેર જીવનની શુદ્ધિ માટે નાના મોટા ૩૦ ઉપવાસ કરેલ તેમાં ૧૩ જાન્યુઆરીનો છેલ્લો ઉપવાસ હતો.*

★ *ગાંધીજીએ ઉપવાસ આદર્યા તો પંડિત જવાહરલાલે પણ છાનામાના ઉપવાસ કરેલા. ગાંધીજીએ જવાહરલાલને ચિઠ્ઠી લખી જણાવ્યું હતું કે, 'ઉપવાસ છોડો, બહુત વર્ષ જીઓ ઔર હિંદ કે જવાહર બન કે રહો.'*

★ *જ્યારે દેશ આઝાદી ઊજવતો હતો ત્યારે ગાંધીજી કલકત્તાના હૈદરી મેન્શનમાં હતા. પંડિત જવાહરલાલે એમને સ્વાતંત્ર્ય ઉત્સવમાં ભાગ લેવા દિલ્હી તેડાવેલા હતા પણ એમને આઝાદીના ઉત્સવનો ઉત્સાહ રહ્યો ન હતો કારણ કે હિંદુ-મુસ્લિમ એકતાનું સ્વપ્નું સિદ્ધ થયું ન હતું.*

★ *ગાંધીજીની છેલ્લી મુલાકાત સરદાર પટેલ સાથે થઈ હતી અને પછી પંડિત જવાહરલાલને મળી, મતભેદ દફનાવી દિલ્લી છોડવા ઈચ્છતા હતા.*

★ *ગાંધીજી જાન્યુઆરી માસમાં અવારનવાર કહેતા હતા કે 'હવે મારી જિંદગીનો ભરોસો નથી. મારે પથારીમાં મરવું નથી. સામી છાતીએ ગોળી ઝીલવી છે. અંતિમ સમયે મારા મુખમાંથી 'રામ' શબ્દ નીકળે તો જ મને મહાત્મા માનજો.'*

★ *ગાંધીજીની જિંદગીનો છેલ્લો દિવસ ૩૦ જાન્યુઆરી ને શુક્રવાર હતો. ગાંધીજીની છાતીમાં ત્રિકોણાકારે ત્રણ ગોળી વાગી હતી ત્યારે તેમના મુખમાંથી ત્રણ અક્ષર 'હે રામ!' નીકળ્યા હતા. તે તેમને મહાત્મા ઠેરવતા હતા.*

★ *ગાંધીજીનું મૃત્યુ થતાં પં. જવાહરલાલ નહેરુ, બાળકની પેઠે, ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા.*

★ *માઉન્ટ બેટને કોઈને કહેતા સાંભળ્યા કે 'આ કૃત્ય કરનાર મુસલમાન છે' કે તરત જ તેમણે રદિયો આપી દેશને આંતર વિગ્રહમાંથી બચાવી લીધો હતો.*

જ્યારે નહેરુએ દિલ્હીના લાલ કિલ્લા પર ત્રિરંગો ઝંડો ફરકાવ્યો ત્યારે ૫૦૦ જણા સહિત ૩૭ વર્ષના પત્રકાર નથુરામ ગોડસેએ પુનામાં ભગવો ઝંડો ફરકાવ્યો હતો!

ગાંધીજી અને ઝીણા ૧૯૩૭ સુધી હિંદુ-મુસ્લિમ એકતાના હિમાયતી હતા પણ પછી ગમે તે કારણે અલગ રસ્તો પસંદ કર્યો. ગાંધીજી મુસ્લિમ પ્રત્યે સદ્ભાવ દર્શાવતા હોવાથી હિંદુ મહાસભાએ ૧૯૪૨ની 'હિંદ છોડો' ની લડતમાં ભાગ ન લીધો અને પોતાની તોપનાં મોઢાં અંગ્રેજોના બદલે મુસ્લિમો તરફ ફેરવ્યાં.

ભારત-પાક એમ હિંદુસ્તાનના બે ભાગલા પડતાં પાકિસ્તાનના હાથમાં કુલ ૯ લાખ ૪૮ હજાર ચો.કિ.મી.નો વિસ્તાર અને ૨૦% જંગમ મિલકતો આવી હતી અને વિભાજનના કારણે સરહદ સળગી હતી. એથી ગાંધીજી અહિંસક તરીકાથી ઉપવાસથી એને ઠારવાનો પ્રયાસ કરતા હતા. પણ વીર સાવરકર અને નથુરામ ગોડસે એથી ધૂંધવાતા હતા.

બ્રાહ્મણ જ્ઞાતિના નથુરામ ગોડસેનું નામ રામચંદ્ર હતું પણ તેના ત્રણ મોટાભાઈનું બાળમરણ થતાં એના મા-બાપે એનું નાક વીંધાવી, નથણી પહેરાવી હતી ત્યારથી એનું નામ નથુરામ પડી ગયું હતું.

એ વીર સાવરકરના સંસર્ગમાં આવ્યા એથી રાષ્ટ્રવાદના હિમાયતી બની ગયેલ.

હિંદુ મહાસભાએ ૧૯૩૮માં સશસ્ત્ર અભિયાન છેડ્યું ત્યારથી એક ટુકડીના સરદાર નથુરામ હતા. હિંદુ મહાસભાના ઘણા કાર્યકરો પુના, મુંબઈ અને અમદાવાદમાં અવારનવાર મળી, મહમદઅલી ઝીણા અને લિયાકતઅલી ખાનને પતાવી દેવાના અને પાકિસ્તાનના ભાગે આવેલ દારૂગોળાને ફૂંકી મારવાના પ્લાન ઘડતા હતા.

અંગ્રેજો ઇંગ્લેન્ડ ભેગા થયા ત્યારે હિંદની તિજોરીમાં ૩૭૫ કરોડ રૂપિયા હતા તેમાંથી ૭૫ કરોડ રૂપિયા પાકિસ્તાનને આપવાના હતા. તેમાંથી ૨૦ કરોડ રૂપિયા ચુકવાઇ ગયા હતા. ૫૫ કરોડ રૂપિયા પાકિસ્તાનના લેણા નીકળતા હતા પણ એ રકમ આપવા ભારત સરકાર ઠાગાઠૈયા કરતી હતી, શરતો મૂકતી હતી. પાકિસ્તાનની તિજોરી ખાલી હતી એથી ઉઘરાણી ચાલુ હતી પણ પંડિત નેહરુને દહેશત હતી કે આ રકમમાંથી પાકિસ્તાન શસ્ત્ર ખરીદી, કાશ્મીરમાં વાપરશે એટલે સરકાર પૈસા ચૂકવતી ન હતી. પણ ગાંધીજી કહેતા હતા કે, 'આ રકમ પર પાકિસ્તાનનો કાયદેસરનો અધિકાર છે માટે રકમ આપી દેવી જોઈએ.'

ગાંધીજીએ પોતાની સરકાર પર દબાણ લાવવા તા. ૧૨-૧-૪૮ થી ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી. ઘણાને સરકારી વહીવટમાં દખલ કરવા જેવી ગાંધીજીની વાત લાગી. ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે નાના મોટા ૧૬ વખત ઉપવાસ આદરેલા પણ પોતાની સરકાર સામે ઉપવાસ કરે એ વાજબી ન હતું, એમ ઘણા માનતા હતા. ઘણા એમ પણ માનતા હતા કે, યુનોના મંચ પર આથી નીચાજોણું થશે. પણ ગાંધીજી માન્યા નહિ. ગાંધીજીની તબિયત કથળતાં સરકારે ૫૫ કરોડ રૂપિયા છૂટા કરવાની જાહેરાત કરી. એથી નથુરામ ગોડસે પર જલદ રિએક્શન આવ્યું અને ગાંધીજીને પતાવી દેવાનો નિર્ણય કર્યો અને નારાયણ આપ્ટેને રાત્રે જગાડી પોતાનો નિર્ણય જણાવ્યો અને બન્નેએ મુંબઈ પહોંચી મિત્રને વાત કરી કે, 'હવે ગાંધીજીનું આયુષ્ય લંબાય એ દેશ માટે નુકસાનકર્તા છે.'

દિગંબર બગડે અને નથુરામના ભાઈ ગોપાલ ગોડસેએ રિવોલ્વર મેળવવાની વ્યવસ્થાની જવાબદારી લીધી. તેમણે નોકરીમાં રજા મૂકી અને ૧૮મી જાન્યુઆરીએ ગાંધીજી દિલ્હીમાં જે બિરલા હાઉસમાં રહેતા હતા એનું નિરીક્ષણ કરી આવ્યા. એમને લાગ્યું કે કામ પતાવવામાં કોઈ અડચણ આવે એમ નથી.

૨૦મી જાન્યુઆરીએ મળેલી રિવોલ્વરનો ટેસ્ટ કર્યો પણ કામ આવે એવી લાગી નહિ. એથી ગનકોટન અને હેન્ડગ્રેનેડથી ગાંધીજીનું કામ કરવાનો વિકલ્પ શોધ્યો. ગનકોટનના ધડાકાથી અંધાધૂંધી ફેલાય પણ હેન્ડ ગ્રેનેડ ફેંકી શકાયો નહિ એટલે પ્લાન

- ★ *નથુરામ ગોડસે પહેલાં આર.એસ.એસ. માં હતો. પછી હિંદુ મહાસભાનો સભ્ય બન્યો હતો. તેણે પોતાની જાતને સાચી ઠરાવવા ગાંધીજીને હિંદુ ધર્મના અને ભારતના ભયંકર શત્રુ તરીકે ચીતર્યા હતા.*
- ★ *પૂરતા પુરાવાના અભાવે વીર સાવરકર નિર્દોષ ઠર્યા હતા. ગાંધીજીની હત્યાનો પ્રયાસ ૧૯૩૪ થી શરૂ થયો હતો એટલે ખૂનનું કારણ માત્ર પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા અપાવવાનું માની શકાય એવું નથી.*
- ★ *ગાંધીજીની હત્યાના સમાચાર સાંભળી યુનોની સલામતી સમિતિની બેઠક ધડાધડ બંધ કરવામાં આવી હતી. અને 'યુનો'નો ઝંડો અર્ધી કાઠીએ ઉતારવામાં આવ્યો હતો.*
- ★ *ગાંધીજીના મૃત્યુ બાદ દેશ વિદેશના મહાનુભાવોના ૩૩૪૧ સંદેશા આવ્યા હતા. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને લખ્યું હતું કે, 'ભાવિ પેઢીને ભાગ્યે જ માનવામાં આવશે કે ગાંધીજી જેવો હાડમાંસ ધરાવનાર આવો માણસ ધરતીના પટ પર જન્મ્યો હતો.'*
- ★ *આચાર્ય ક્રિપલાનીએ કહ્યું કે, All his darkness is brighter than my light.*
- ★ *ઇતિહાસમાં કોઈ માણસ માટે લોકોએ એક સામટો આટલો ઊંડો શોક જાહેર કર્યો નહિ હોય. ગાંધીજી ગુજરાતની વણિક જ્ઞાતિની એક પેટાજ્ઞાતિના સભ્ય હતા પણ વિશ્વ વંદનીય બની ગયા. એમના પાસે સત્તા, સંપત્તિ કે હોદ્દો કશું ન હતું, તેમજ એ કલાકાર, શોધક, ધર્મગુરુ કે પંડિત ન હતા પણ એમના પાસે ચારિત્ર્યની સંપત્તિ, સત્ય-અહિંસાની ઉપાધિ (ડિગ્રી), સત્યાગ્રહની શોધ અને જીવનની કલા હતાં.*
- ★ *આ માણસનું વજન માત્ર ૧૦૮ પાઉન્ડ (રતલ) હતું. માત્ર પોતડી પહેરતા નગ્ન ફકીર હતા છતાં બ્રિટીશ સામ્રાજ્યને ધ્રુજાવતા હતા. છતા એમને બકિંગહામ પેલેસમાં પંચમ જ્યોર્જ અને રાણી મેરીએ મુલાકાત આપી હતી!*
- ★ *ઇંગ્લેન્ડમાં અભ્યાસ કર્યો હોય તેવા બેરિસ્ટર દરજ્જાના માણસને, હિંદની ગરીબી જોઈ, તેની પીડા સમજી તેમના સાથે આત્મસાત્ થવા સાદગી, સંયમ અને કરકસર અપનાવેલ હોય તેવા માણસને **વૈષ્ણવજન** સિવાય બીજું શું કહેવાય?*
- ★ *મડદાલને નિર્ભયનો મંત્ર આપી મર્દ બનાવનાર, ભાંગને તુલસીમાં ફેરવનાર ગાંધીજી છેલ્લે કોંગ્રેસના ચાર આનાના સભ્ય પણ ન હતા. છતાં એની કોંગ્રેસ, દેશ-વિદેશ પર પ્રભાવક અસર રહી હતી; એવા મહાત્મા અને રાષ્ટ્રપતિને વંદન કરવાનું મન કોને ન થાય? સમગ્ર જીવનમાં સર્વક્ષેત્રે માત્ર વિચારથી નહિ પણ આચારથી અમીટ છાપ પાડી જનાર ગાંધીજી જાણવા જેવા, સમજવા જેવા અને અનુસરવા જેવા મહાનાયક છે.*

નિષ્ફળ નીવડ્યો. ચોકિયાતે મદનલાલ પાહવાને પકડી લીધો. મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ વીર સાવરકરનો જાપ્તો રાખવા નાયબ પોલિસ કમિશનર જમશેદ નગરવાલાને સૂચના આપી હતી.

મેળવેલી રિવોલ્વર નકામી નીવડી હતી એટલે ડૉ. પરચુરએ ખાતરીદાયક હથિયાર ઈટાલીમાં મુસોલિનીના લશ્કરની બરેંટા ઓટોમેટિક પિસ્તોલ ગ્વાલિયરના મહારાજાના શસ્ત્ર સોદાગર ગોયલ પાસેથી રૂા. ૫૦૦/-માં મેળવી આપી અને એવી ગોઠવણ કરી કે (૧) ગોડસે ફોટોગ્રાફર તરીકે ગાંધીજીની પ્રાર્થના સભામાં જાય અને કેમેરાના કપડામાં પિસ્તોલ છૂપાવી રાખી, ગાંધીજીને ગોળી ધરબી દે અથવા (૨) નથુરામે મુસ્લિમ સ્ત્રીનો બુરખો પહેરીને પ્રાર્થના સભામાં જવું. એ માટે ૫૦ રૂપિયાનો બુરખો ખરીદ્યો. પણ નથુરામ બિરલા હાઉસનું અવલોકન કરવા ગયો તો એને લાગ્યું કે અહીં તો માખી વગરનું મધ હતું. કામ કોઈ હિલ્લો (યુક્તિ) અજમાવ્યા વગેરે કામ થઈ શકે એમ હતું.

જોયું તો ગાંધીજી પરસાળમાં સૂતા હતા. પણ મનુબેને અને આભાબેને એને ટોક્યા એટલે નથુરામ બહાર નીકળતો હતો ત્યારે બુરખો પગમાં અટવાયો અને પિસ્તોલ કાઢતા ફાવી નહિ. એટલે નથુરામે નક્કી કરી નાખ્યું કે હવે સિલેટિયા શર્ટમાં અને ખાખી કેપ (ટોપી) માં અંગરક્ષકના રૂપમાં જવું અને કામ પતાવવું!

એ મુજબ ગોડસે ફરી દિલ્હી રેલવે સ્ટેશનથી ૪.૧૫ કલાકે બિરલા હાઉસ જવા નીકળ્યો અને શ્રોતામાં ભળી ગયો. પ્રાર્થના સભામાં ગાંધીજી જ્યાંથી પસાર થવાના હતા તેની સામે બે હાથ જોડી તેણે નમસ્તે કર્યા અને મનુબેનને ધક્કો માર્યો તેથી તેના હાથમાં રહેલી ગાંધીજીની થૂંકદાની અને માળા ગબડી પડ્યાં કે તરત જ નથુરામ ગોડસેએ ગાંધી સામે પિસ્તોલ તાકી, ત્રણ ગોળી છોડી જેમાંથી બે શરીર સોંસરવી પસાર થઈ અને ત્રીજી ગોળી ફેફસામાં પ્રવેશી અને ગાંધીજીના રામ રમી ગયા. પ્રાણ છૂટી ગયા - કોઈ કહે છે કે, આ વખતે તે 'હે રામ!' બોલ્યા હતા અને કોઈ કહે છે કે 'આહ!' નો ઉદ્‌ગાર કાઢ્યો હતો. આ વખતે ઘડિયાળ ૫.૧૭ કલાકનો સમય બતાવતી હતી.

બિરલા હાઉસનો માળી રઘુ, દાતરડા સાથે નથુરામ તરફ ધસી એણે ઉંધું ધાર વિનાનુ દાતરડું ફટકાર્યું અને સાર્જન્ટ દેવરાજ સિંહે પિસ્તોલ આંચકી લીધી. એમાં હજી ગોળીઓ હતી, એનાથી સાર્જન્ટને ગોડસેએ સાવધ કર્યા! નેહરુના કેબિનેટ મંત્રી એન.વી. ગાડગીલે ગોડસેને ઓળખી લીધો.

૪૯ કિલોના ગાંધીજીના મૃતદેહને ૬૦૦ કિલો સુખડનાં લાકડાં, ૧૬૦ કિલો ઘી, ૮૦ કિલો ધૂપ, ૧૫ કિલો કપૂરથી અગ્નિદાહ દેવામાં આવ્યો.

માત્ર મદનલાલ પાહવા અને નથુલાલ ગોડસેનું આ કાવત્રુ ન હતું પણ એમાં ઘણા શામિલ હતા. પુનાનો શસ્ત્ર સોદાગર દિગમ્બર ગુના-શોધનમાં સહાયરૂપ થયો નહિ. વીર સાવરકરને પકડ્યા પણ ગોડસે અને નારાયણ આપ્ટે સાથે વીર સાવરકરને સંબંધ હોય એવા કાગળ મળ્યા નહિ. નારાયણ આપ્ટે અને વિષ્ણુ કરકરે હત્યા બાદ ફરાર થઈ ગયા. તાજના સાક્ષી બડગેનો તેલુગુભાષી ચાકર શંકર કિસ્તૈયા સામે ચાલીને પોલીસને શરણે થયો.

ગાંધીજીની હત્યાની F.I.R. બિરલા હાઉસના નંદલાલ મહેતાએ નોંધાવી. નક્કી આરોપનામું તૈયાર કરવામાં મહિનાઓ વીતી ગયા. કેસની સુનાવણી લાલ કિલ્લામાં રાખવામાં આવી. કાનપુરના જજ આત્માચરણે કેસ ચલાવ્યો. સરકારી મુખ્ય વકીલ સી.કે. દફતરી હતા. એની સહાયમાં રાયબહાદુર જવાલાપ્રસાદ અને ૧૯૭૦ ઈંદિરા ગાંધી સામે તપાસ કરનાર જજ જે.સી. શાહ હતા - હિંદુ મહાસભા અને આર.એસ.એસ. ના પ્રતિભાશાળી વકીલ તરીકે જી.વી. કેતકર, લાલા નારાયણ દત્ત, જમનાદાસ મહેતા અને ભોપટકર હતા. ૬૫ વર્ષના આરોપી વીર સાવરકરને કોર્ટમાં ખુરશી અપાતી હતી. નથુરામ ગોડસે કોર્ટમાં ધોતિયું-ઝભ્ભો પહેરી આવતો હતો. એના ચહેરા પર પશ્ચાતાપની લકીર જણાતી ન હતી. તેણે સૌથી લાંબું ૯૩ પાનાનું બચાવનામું પ્રભાવક શૈલીમાં આપ્યું હતું. જે પાછળથી "May I Please Your Honour"ના નામે પુસ્તકરૂપે પ્રગટ થયું હતું.

આ ખટલો ૨૪ જૂન, ૧૯૪૮ થી શરૂ થયો હતો અને ૧૩૫ દિવસ ચાલ્યો હતો. ૨૬૦ દિવસના સંઘર્ષ પછી ૧૦ ફેબ્રુઆરી ૧૯૪૯ ના રોજ ઐતિહાસિક ચુકાદો અપાયો. જેમાં નથુરામ ગોડસે અને નારાયણ આપ્ટેને ફાંસીની સજા મળી અને બીજાને જન્મટીપની સજા થઈ. વીર સાવરકર નિર્દોષ છૂટી ગયા.

પછી પંજાબ હાઈકોર્ટમાં અપીલ થઈ ત્યાં નથુરામ ગોડસેએ ગીતાજીના શ્લોક સાથે કહ્યું કે, 'મેં સ્વસ્થ ચિત્તે વિચારીને ગાંધીજીને માર્યા છે.' તેણે એવી રજૂઆત કરી કે હાઈકોર્ટમાં બેઠેલી કેટલીક સ્ત્રીઓ રડવા લાગી હતી અને કેટલાક પુરુષોને ડૂમો આવી જતો હતો. સિમલા હાઈકોર્ટના જસ્ટિસ ખોસલાએ તો ત્યાં સુધી કહ્યું કે જો જ્યુરીએ ઈન્સાફ આપવાનો હોત તો જ્યુરી ગોડસેને નિર્દોષ જાહેર કરી દેત!

અપીલ પછી પણ ૧૫ નવેમ્બર ૧૯૪૯ ના રોજ નથુરામને ફાંસી મળી. અંબાલા સેન્ટ્રલ જેલ પાછળ એનો અગ્નિ સંસ્કાર થયો. અસ્થિ વિસર્જનનું કામ ભૂલભૂલૈયાના ખેલ સાથે પંજાબની ઘાઘર નદીમાં કરવામાં આવ્યું. કેટલોક વર્ગ હજી પણ એને ભક્તિભાવે સ્મરે છે.

***સૌજન્ય : 'તમન્ના'***


"ROLEX" Brand



# Rushabh
STEEL CENTRE

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : ***Rolex*** SQUARE DABBA & TIFFIN

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૪૫

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ફક્ત સમાજનાં સભ્યો માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટેનાં પણ સામાજિક કાર્યો કરે છે. જે સંસ્થાના ટ્રસ્ટીગણ તથા કારોબારી સમિતિના સભ્યો સામાન્ય જનતા માટેનાં કાર્યો આનંદ અને ઉત્સાહથી કરતા હોય તે સમાજના સભ્યો પોતાની સંસ્થાના કર્મચારી વર્ગ માટે પણ હંમેશાં બનતી મદદ કરતા હોય છે. એવા એક કાર્યક્રમ અંતર્ગત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે ભવન તથા મેડિકલ સેન્ટરનાં કર્મચારીગણની એક દિવસીય પિકનિકનું આયોજન કર્મચારી વર્ગે પોતે જ તા. ૫-૧૨-૨૦૧૦ના દિવસે ગોઠવેલ હતું. તેમાં મહુડીમાં ઘંટાકર્ણ મહાવીરનાં દર્શન તથા નવકારશીનો કાર્યક્રમ તથા ત્યાંથી તારંગા હિલ્સ જ્યાં બાહુબલીનાં દર્શન, પર્વતીય ચઢાણ તથા બપોરનું ભોજન લીધું હતું. બાદમાં તિરુપતિ નેચર પાર્કની મુલાકાત — જ્યાં ઉદ્યાનમાં અવનવી રમતો રમાડવામાં આવી હતી અને છેલ્લે સાંજનું ભોજન લઈને સૌ કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પરત ફર્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પોતાના કર્મચારીગણના અનુરોધને માન્ય કરી આ પિકનિક માટે જરૂરી આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. તે દિવસનો પ્રવાસ સંસ્થાના કર્મચારીઓ માટે એક યાદગાર પ્રવાસ સાબિત થયો હતો. જે બદલ સંસ્થાના કર્મચારીગણે ટ્રસ્ટ મંડળનો આભાર માન્યો હતો.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૫-૧૨-૨૦૧૦નાં રોજ વિવિધ ઔદ્યોગિક ગૃહોની મુલાકાતનો એક શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારોના જે કોઈ પણ આપ્તજનોએ વર્ષ ૨૦૧૦ દરમિયાન આ સંસારમાંથી વસમી વિદાય લીધેલ, તેઓને સંસ્થા દ્વારા સમૂહ પ્રાર્થના યોજીને હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ આપવાનો એક કાર્યક્રમ તા. ૯-૧-૨૦૧૧ના રોજ સંસ્થાનાં શ્રી કચ્છી જૈન ભવનનાં સાંસ્કૃતિક હોલમાં યોજવામાં આવ્યો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજ સભ્યોના આપ્તજનો આ જગમાંથી વસમી વિદાય લે એ નિમિત્તે સમાજ પણ તેમના દુઃખમાં સહભાગી થઈ તેમના આત્માના શ્રેયાર્થે આપ્તજનોના દુઃખમાં સહભાગી થાય તે માટે આ આયોજન ગોઠવવામાં આવ્યું હતું તથા આ કાર્યક્રમ દર વરસે જે તે વરસના અંતે, બીજા નવા વરસની શરૂઆતનાં પ્રથમ રવિવારે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કરતાં સમાજનાં પ્રમુખ અને મે. ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ સંસ્થાની પ્રવૃત્તિઓની આછી રૂપરેખા આપી જણાવ્યું હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ તેના સર્વે સભ્યોનાં કુટુંબીજનોને એક જ પરિવાર તરીકે ગણીને હંમેશાં પરસ્પર સહયોગની ભાવનાથી આગળ વધી રહ્યું છે.

તેમના પ્રવચન બાદ વર્ષ દરમિયાન અવસાન પામેલ ૧૪ સ્વર્ગસ્થના પરિવારજનોએ પોતાનાં આપ્તજનોની સ્મૃતિમાં તેઓની તસવીરો સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પી હતી.

સંગીત ક્ષેત્રે ગોલ્ડ મેડલ સાથે પીએચ.ડી.ની ઉપાધિ હાંસલ કરનાર અને આરાધના સંગીત ઍકેડેમિના ડાયરેક્ટર ડૉ. મોનીકાબેન શાહનો પરિચય આપતાં શ્રી હીરેનભાઈ શાહે જણાવ્યું હતું કે તેઓશ્રીએ સંગીત પ્રવાહમાં ગૌરવ પુરસ્કાર, સંગીત શિરોમણિ, આર્ટ એન્ડ કલ્ચરલ અને સૂરમણિ જેવા અનેક ઉચ્ચ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

ત્યારબાદ ઉદ્‌બોધક શ્રીમતી સુધાબેન ભટ્ટે ભક્તિ સંગીતનાં કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. આરાધના ઍકેડેમિના સંગીત વૃંદે પ્રસંગને અનુરૂપ સંગીત રેલાવ્યું હતું. જેના સંગાથે ડૉ. મોનીકાબેન તથા અન્ય સાથી ગાયક કલાકારોએ સ્તુતિ, ભક્તિ સંગીત અને સ્તવનો રજૂ કર્યાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ દાતાઓએ પોતાનો ફાળો નોંધાવ્યો હતો. કાર્યક્રમમાં સદ્‌ગત આપ્તજનોના સગાસંબંધીઓ ઉપરાંત સંસ્થાનાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો ઉપરાંત અન્ય સભ્યો સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં વિદાય લીધેલા આપ્તજનોને યાદ કરી કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની સાથે સમાજની સંબંધિત સમિતિ દ્વારા ગુજરાત કેન્સર સોસાયટી અને રેડક્રોસ સોસાયટીના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. તેની સાથે દેહદાન અને અવયવ દાન સંબંધી સ્વૈચ્છિક પત્રો સારી માત્રામાં મેળવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રશંસાપાત્ર રહ્યો હતો.

★ સંસ્થાની વયસ્ક સમિતિ દ્વારા, સમાજનાં સીનિયર સિટીઝન્સ માટે તા. ૧૩-૧-૨૦૧૧ના રોજ રાસ્કા તથા ગલતેશ્વર મુકામે એક પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપરથી સવારના ૭ વાગે સૌ વડીલોને ચા-

નાસ્તો કરાવ્યા બાદ બસ દ્વારા આ પિકનિકની શરૂઆત કરવામાં આવી હતી. રાસ્કામાં સામૂહિક દર્શન તથા નવકારશીનો લાભ લઈ સૌએ બસ દ્વારા ગલતેશ્વર તરફ પ્રયાણ કર્યું હતું. ગલતેશ્વર, નદી કાંઠે આવેલ એક રમણિય સ્થળ છે. સૌ વડીલોએ નદીના કાંઠે આવીને મોજ માણી હતી. કેટલાક સભ્યોએ નદીમાં સ્નાન પણ કરેલ હતું. બપોરના ભોજન બાદ વિવિધ રમત-ગમત રમાડીને સૌનું મનોરંજન કરવામાં આવ્યું હતું. બપોરના ૪ વાગે ગલતેશ્વરથી પ્રયાણ કરી આગાસ સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લીધી હતી.

આગાસથી અમદાવાદ તરફ પ્રયાણ કરતા રસ્તામાં બસમાં અંતાક્ષરી રમાડવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ દાતાશ્રીઓ તરફથી નાનાં મોટાં દાનો જાહેર થયા હતા. આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં સૌ અમદાવાદ પરત ફર્યા હતા. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સૌએ ભોજન ગ્રહણ કરી છૂટા પડ્યા હતા.

★ દર વર્ષની જેમ તા. ૨૬-૧-૨૦૧૧ના શુભ દિને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી રૂપે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમાજના એક વરિષ્ઠ દાતા અને હિતેચ્છુ શ્રી શાંતિલાલ છગનલાલ શાહનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ધ્વજવંદનના કાર્યક્રમ બાદ સમાજની દેહદાન, ચક્ષુદાન તથા બ્લડ ડોનેશન સમિતિ તરફથી બ્લડ ડોનેશનનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૫ જેટલી બ્લડની બોટલો એકત્રિત કરવામાં આવી હતી. સાથે સાથે 'સંકલ્પ' દ્વારા રમતગમત હરીફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમ બાદ ચા-નાસ્તો કરીને સૌ છૂટા પડ્યા હતા.

*(ક્રમશઃ)*

*"હું તો રહ્યો પાક્કો નાસ્તિક માણસ. ધરમ-બરમમાં જરાય રુચિ નહીં.*

*બાપુની પ્રાર્થના વગેરેમાં જવાનો કે બેસવાનો કદી પ્રશ્ન જ નહીં.*

*પણ ભારે પરેશાની એ થઈ કે આ માણસ, જેને અમે અમારો નેતા માન્યો હતો એ, પોતાની રાજનીતિની વાતો પણ પ્રાર્થનામાં જ કરતો હતો.*

*એ સાંભળવી હોય સમજવી હોય તો પ્રાર્થનામાં જવું જ પડે! આવી પરિસ્થિતિ હતી. એટલે હું એમની પ્રાર્થનામાં જવા લાગ્યો. ત્યાર પછી મને સમજાયું કે આ માણસની પાસે કોઈ પ્રકારની ખાંચાખૂંચી કે આંટીઘૂંટી જેવું કંઈ છે જ નહીં."*

**આચાર્ય કૃપાલાની**

*(ભૂમિપુત્ર, તા. ૧-૧-૧૬ માંથી)*

## ઇ ઘરવી ઘરા માઁ ગુર્જરીજી...

ભારતમીંજા પેલા બેરીસ્ટરથ્યા, ઇ ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માજી,
મેઘજી શેઠ હિંદુ આધર્મ ભચાંયોં, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૫)

અબડાસેજી દશાઈ પંજતીર્થી શોભે, તેમેં તેરા ગામજા ત્રે તરા વખણાજેંજી,
"હેરીટેઝ" માન્ય કેં સરકાર તેરા ગામકે, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૬)

સંતબાલ - અખો - કાગ ને કારાણી, વડે ભગત નરશૈયેંજી,
નરવંકો કવિ નર્મદ નમે, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૭)

"જબ કુત્તે પે સસ્સા આયા", ઇ શૂરવીર ભૂમિ સાબરમતીજી,
ગરજેં પ્યા ગીરજા સિંહ જિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૮)

શ્રીમદ્ ચ્યાં અહિંસાજ્યું ગાલીયું, રગેરગ સ્વીકાર્યાં ગાંધીજી,
ઇ મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર થ્યા હિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૯)

અહિંસક આઝાદી ધુનિયામેં, પહેલી ડેરાંયાં મહાત્મા ગાંધીજી,
પોરબંદરજી કુક્ષી રાષ્ટ્ર પિતાજી, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૦)

સરદાર સરોવર ઇ આય સ્મૃતિ, લોખંડી મહાપુરુષજી,
વીર વલ્લભભાઈ પટેલ થ્યા જિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૧)

ગુજરાત મીંજાથ્યા રાષ્ટ્રપિતા, ને વરી રાષ્ટ્ર કવિ મેઘાણીજી,
સરદારેં જા સરદાર પટેલ શોભેં હિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૨)

કચ્છ મીંજા પેલા એમ.પી. થ્યા, ઇ રાષ્ટ્ર વીર ભવાનજી અરજણ ખીમજી,
જેંજી જહેમતસેં થ્યો કુધરતી કંડલા બંદર, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૩)

જૈન ૪૫ આગમજા અભ્યાસી ને, વા સૂત્ર સિદ્ધાંતજા જાણકારજી,
ઇ મહામાતા રાણબાઈમાંજો ચોક મુલુંડમેં, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૪)

ભરૂચ ભૂમિ મેં તેલ ભંડારા, દૂધ સાગર અમૂલ ડેરીજી,
પાનધ્રો મેં લીગ્નાઈટ લભે, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૫)

ગરવો ગુજરાતી ગમતીલો ને, ગરબે ઘૂમે ગુજરાતણજી,
રમે - ભમે ભલાભૂલકા હિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨૬)

***'રશ્મિનજો રણકાર : ભાગ-૩'માંથી સાભાર***

● શુભેચ્છા સહ.... ●

**સૌ. લીનાબેન હંસકુમાર શાહ**

**મે. હેમંત સર્જીકલ ઈ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે,
ડૉ. મદનમોહન માલવિયા રોડ, ટેલીફોન એક્ષચેન્જની સામે,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૨

સ્મરણાંજલી

# ડૉ. આંબેડકરના અંતિમ પાંચ દિવસો

• નટુભાઈ પરમાર •

ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિદાય પછી તેમના અંગત મદદનીશ શ્રી નાનકચંદ્ર રત્તુએ 'Last few years of Dr. Ambedkar' પુસ્તક લખીને ડૉ. બાબાસાહેબના જીવનના અંતિમ વર્ષો વિશે ખૂબ જ હૃદયસ્પર્શી આલેખો આપ્યા છે. એ પૈકીનું એક પ્રકરણ એટલે 'ડૉ. આંબેડકરના એ અંતિમ પાંચ દિવસો'. જેમાં ડૉ. બાબાસાહેબના મહાનિર્વાણના પાંચ દિવસ પહેલાંના ઘટનાક્રમનો આલેખ છે. જીવનનાં અંતિમ વર્ષોમાં ડૉ. આંબેડકર ૨૬, અલીપુર રોડ, નવી દિલ્હી ખાતે રહેતા હતા.

૧લી ડિસેમ્બર, ૧૯૫૬ના દિવસની વાત કરતાં રત્તુ લખે છે : 'એ દિવસે વહેલા ૭:૧૫ વાગે ઊઠી જઈને ડૉ. આંબેડકરે બધાંને આશ્ચર્યમાં મૂકી દીધા! ભગવાન બુદ્ધની મૂર્તિ સમક્ષ થોડોક સમય ઊભા રહી, થોડોક વ્યાયામ તથા યોગાસન કરીને તેમણે અખબારોને ચા પીતાં પીતાં ઉપલક નજરે જોઈ લીધાં. બપોરે ૧:૩૦ વાગે મને લઈને મથુરા રોડ પર લાગેલા બુદ્ધ ચિત્ર પ્રદર્શન સ્થળે તેઓ પહોંચ્યા, તો આયોજકો દ્વાર પર તેમને લેવા પધાર્યા અને તો, ડૉ. આંબેડકરના અનેક પ્રશંસકો પણ ત્યાં એકઠા થઈ ગયા. મારા ખભે હાથ મૂકીને તેમણે આખું પ્રદર્શન નિહાળ્યું. અહીં આયોજકોએ જિજ્ઞાસાવશ ડૉ. બાબાસાહેબને પૂછ્યું કે, 'ભગવાન બુદ્ધની આટલી બધી પ્રતિમાઓ છે પણ તે બધી એકબીજાથી અલગ કેમ દેખાય છે?' તેનો વિદ્વતાપૂર્ણ જવાબ આપતા ડૉ. આંબેડકરે કહ્યું : સાવ સાદી વાત છે. ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણના છસ્સો વર્ષ સુધી તેમનું કોઈ ચિત્ર કે કોઈ મૂર્તિ અસ્તિત્વમાં જ નહોતાં. જેથી જે તે દેશમાં તેના કલા-સૌંદર્યના માપદંડોના આધારે તે મૂર્તિઓ બનતી રહી છે અને માટે તે એકબીજાથી અલગ પડે છે!

રત્તુ લખે છે : 'સાંજે ૪:૦૦ વાગે એમણે મને એમના રૂમમાં બોલાવ્યો ને કહ્યું : 'આ ટાઈપ કરવાનું છે.' પણ મેં જોયું તો એ તો બસ્સો પાનાં હતાં! એથી મેં વધુ ત્રણ ટાઈપિસ્ટોની તાબડતોબ સગવડ કરીને એ કામ પતાવી દીધું. તેથી તેઓ ખૂબ જ રાજી થયા. ૨ જી ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ તિબેટના ધર્મગુરુ દલાઈ લામા કે જેઓ બોધગયામાં આયોજિત ૨૫૦૦મી બુદ્ધ પરિનિર્વાણ તિથિ ઉજવણીના કાર્યક્રમ માટે ભારત આવ્યા હતાં, તેમનો સન્માન સમારોહ અશોકવિહાર, નવી દિલ્હીમાં યોજાયો હોઈ, ડૉ. આંબેડકરને પણ આયોજકોએ તેમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું. જેનો આયોજકોએ ખૂબ પ્રચાર કર્યો. કાર્યક્રમના સ્થળે જેવા ડૉ. આંબેડકર પહોંચ્યા કે જનમેદનીએ 'ડૉ. બાબાસાહેબ આંબેડકર અમર રહો'ના નારાથી આખું આકાશ ગજવી મૂક્યું. એમ જણાવી રત્તુ લખે છે : બપોરે ૨:૦૦ વાગે ત્યાંથી પરત આવીને 'બુદ્ધ ઔર કાર્લ માર્કસ'ના અંતિમ અધ્યાયના લેખનમાં તેઓ લાગી ગયા. સાંજે કેટલાક રાજકીય આગેવાનો બંગલાની લોન પર સંબોધતા તેમણે સૌને 'આર.પી.આઈ.' પાર્ટીના નિર્માણની પોતાની જાહેરાતની રાહ જોવા જણાવ્યું. કેટલાક લોકો પોતાની સમસ્યાઓના આવેદન પત્રો જે સાથે લાવેલા, તે પણ ડૉ. આંબેડકરે લઈ લીધાં અને યોગ્ય રજૂઆતની ખાતરી આપી. બેઠક પતાવી પોતાના રૂમમાં આવી ડૉ. આંબેડકર સોફા પર બેસી ગયા અને રેડિયોગ્રામ પર મને બૌદ્ધસંગીત ચલાવવા અનુરોધ કર્યો. તેઓ સંગીત સાંભળતા હતા ત્યાં જ નોકરે ભોજન તૈયાર હોવાનું જણાવતાં તેઓ જમવા ગયા. ભોજનમાં માત્ર ભાત જ લઈને વળતાં હાથમાં એક પુસ્તક લઈ તેઓ પોતાના શયનખંડમાં આવી રાત્રે ૧૦:૪૦ કલાકે ઘેરી નિદ્રામાં સૂઈ ગયા. મેં પણ રાત્રે ૧:૩૦ સુધી કામ કરીને ત્યાં જ લંબાવ્યું.

૩ જી ડિસેમ્બર, ૧૯૫૬ની સવારે હું ૭:૩૦ વાગે જાગ્યો ત્યારે પણ ડૉ. આંબેડકર ઊંઘી રહ્યા હતા.

એમની ઊંઘમાં ખલેલ પાડવી ઠીક ન લાગતાં હું કાર્યાલય તરફ જવા નીકળ્યો, એમ જણાવી રત્તુ લખે છે : 'બપોરે ૧૨:૦૦ વાગે એમણે મને બોલાવ્યો. તેઓ પ્રસન્નચિત્ત જણાતાં ન હતા. તેમણે મને બગીચાની લોનમાં થોડીક ખુરશીઓ ગોઠવવા જણાવ્યું. કારણ ત્યાં એમના કેટલાક અનુયાયીઓ સાથે ચર્ચા-વિમર્શ થવાના હતા. થોડીવારમાં આગંતુકો ચાલ્યા ગયા. બપોરનું ભોજન પણ એમણે ત્યાં લોન પર જ લીધું. ત્યાં જ એમની સાથે સવિતા આંબેડકરની, મારી અને બીજા મહેમાનોની સમૂહ તસવીર પણ લેવામાં આવી.'

ડૉ. આંબેડકરના નિવાસસ્થાને એક જ મેઈન દરવાજો હતો, જેની પાસે એક ચોકીદાર રામચંદ્ર અને તેની પત્ની નાની ઓરડીમાં રહેતાં હતાં. તેમનું કામ કોઈ આવે તો દરવાજો ખોલવા બંધ કરવાનું હતું. સમૂહ ફોટો પડી ગયા પછી ડૉ. આંબેડકરને કંઈક યાદ આવતાં તેઓ મારા ખભે હાથ મૂકી ચોકીદાર પાસે પહોંચી ગયા. બીમાર એવા તેની ખબર-અંતર પૂછી તો નિઃસંતાન એવો ચોકીદાર બે હાથ જોડી રડી પડ્યો અને બોલ્યો : 'આજે મારે આંગણે સ્વયં ભગવાન આવીને ઊભા છે...' અને કહ્યું : 'સાહેબ, મારા જીવનનો ભરોસો નથી,

મારા પછી મારી પત્નીનું શું થશે?'

રત્તુ લખે છે : 'ડૉ. આંબેડકરે એને સાંત્વના આપી, મારા દ્વારા એની દવાની વ્યવસ્થા કરી મને સંબોધીને જ કહ્યું : 'જો રત્તુ, આ બિચારો મોતથી કેટલો ભયભીત છે, પણ હું નથી. મોતને જ્યારે મારી પાસે આવવું હોય ત્યારે તે આવી શકે છે!'

...રત્તુ લખે છે : 'આ શબ્દો સાંભળી હું આખો જ અંદરથી હચમચી ગયો હતો.' ત્યાંથી ધીરેધીરે ઘરમાં આવી તેઓ સોફા પર બેઠા. તેઓ કંઈક પરેશાન દેખાતા હતા. આથી મેં તેમને મનપસંદ બૌદ્ધ સંગીત રેડિયોગ્રામ પર ચાલુ કર્યું અને તેમના માથે તથા પગ પર હળવે હળવે માલિશ કરવા લાગ્યો, જેથી તેમનું ધ્યાન બીજે દોરી શકાય. કંઈક ઠીક લાગતાં તેમણે ચા પીધી. દરમિયાનમાં હું ચોકીદાર માટે દવા લેવા ગયો.

'બુદ્ધ અને કાર્લ માર્ક્સ'ના અંતિમ અધ્યાયની પ્રત ટાઈપ થઈ ગઈ હોઈ, તે ડૉ. આંબેડકરને આપી રાત્રે ૧૧:૩૦ સુધી કામ કરી હું ત્યાં જ સૂઈ ગયો.

૪થી ડિસેમ્બર, ૧૯૫૬ની સવારે મને કાર્યાલય પહોંચવાની ચિંતા હતી ત્યાં જ ડૉ. આંબેડકરે મને કહ્યું કે તેઓ સંસદભવન જઈ રહ્યા છે તેથી રસ્તામાં મને પણ કાર્યાલયે ઉતારતા જશે. અમે સવારે ૧૦:૪૦ કલાકે સંસદભવન પહોંચ્યા. દરવાજા સુધી કેટલાંક પગલાઓ એમને ચાલવામાં મેં મદદ કરી. બપોરે તેઓ પરત ઘરે પહોંચ્યા. એ દિવસે સવિતા આંબેડકર અને ડૉ. માવલંકર કંઈક ખરીદી અર્થે બહાર નીકળ્યા હતા. નોકરે ચા આપ્યા પછી ડૉ. આંબેડકરે સવિતા આંબેડકર વિશે પૂછપરછ કરી અને એ પણ પૂછ્યું કે રત્તુ (હું) આવ્યો છે કે નહિ!

સુદામા (નોકર) એ મને ફોન કરતાં હું સાંજના ૫:૩૦ કલાકે ડૉ. આંબેડકર પાસે પહોંચ્યો તો તેઓ ખૂબ ગુસ્સામાં હતા. જેવાં સવિતા આંબેડકર આવ્યાં કે તેઓ તાડૂક્યા : 'આ ગાડીની વ્યવસ્થા તારા માટે છે? યાદ રાખજે, મને કંઈક થઈ જશે તો મારો સમાજ...'

એમને આમ બોલતાં સાંભળી રડતી આંખે સવિતા આંબેડકર બહાર આવ્યાં અને ડૉ. આંબેડકરને શાંત પાડવા મને એમની પાસે મોકલ્યો. મેં એમના માથે અને પગે માલિશ કરવાનો પ્રયાસ કર્યો. મારા ઈશારાથી નોકર ચા લાવ્યો ને તે પછી છેક સાંજે આઠ વાગે તેમનો (ડૉ. આંબેડકરનો) ગુસ્સો શાંત પડ્યો!

સાંજના ખુરશીમાં બેઠાં બેઠાં એમણે મને કેટલાક પત્રો લખાવ્યા. રાત્રે સૂતા પહેલાં એમના શયનખંડમાં મને બોલાવીને રંગૂનના સચિવને મોકલવાનો પત્ર પણ લખાવ્યો અને કહ્યું : 'બૌદ્ધ આંદોલનને આગળ વધારવા આપણે કર્તવ્યબદ્ધ છીએ અને તેથી આપણને મદદ પણ જોઈશે.'

એ રાત્રે ૧૧:૩૦ વાગે એમણે મને કેટલાક હસ્તલિખિત કાગળો ટાઈપ કરવા આપ્યા અને મને ત્યાં જ રોકાઈ રહેવા જણાવ્યું અને પછી તેઓ ઘેરી નિંદ્રામાં સરી પડ્યા.

રાત્રે ૧:૦૦ વાગે ટાઈપિંગનું કામ પૂરું કરી ટાઈપ કરેલા કાગળો મેં એમના ટેબલ પર પેપરવેટ નીચે દબાવી દીધા. રાત્રે ૩:૩૦ વાગે તેઓ અચાનક ઊઠ્યા ત્યારે હું પણ ઊઠ્યો ને તેમને બાથરૂમમાં લઈ ગયો. પાછા વળી સૂતાં પહેલાં તેમણે મને કહ્યું કે, પોતે બિલકુલ ઠીક છે તેથી મારે તેમની ચિંતા કરવાની જરૂર નથી. ડૉ. આંબેડકરે ૧૬મી ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ મુંબઈમાં યોજાનાર ધર્મ પરિવર્તન સમારોહમાં ઉપસ્થિત રહેવા અનુમતિ આપેલ હોઈ તે માટેની પ્રવાસ ટિકિટ પણ મેં બુક કરાવી લીધી હતી.

૫ મી ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ હું વહેલો ૬:૦૦ વાગે ઊઠી ગયો અને સીધો ડૉ. આંબેડકરના શયનખંડમાં પહોંચ્યો અને જોયું તો તેઓ હજી ઊંઘી રહ્યા હતા. તેઓ ૭:૦૦ વાગે ઊઠ્યા. શૌચાદિ ક્રિયા પતાવી, બુદ્ધ પ્રતિમાને નમન કરી, થોડાં યોગાસનો કરી, તેઓ ખુરશી પર બેઠા અને ચા પીતાં પીતાં અખબારો વાંચવા લાગ્યા.

એ દિવસે બપોરે ૧૨:૦૦ વાગે એમણે મને ફોન કર્યો અને મારી ખબર લઈ નાખતાં પૂછ્યું કે તેમણે ગઈ રાત્રે આપેલા કાગળો મેં કેમ ટાઈપ કર્યા નથી? મેં કહ્યું કે એ તો મેં રાત્રે જ ટાઈપ કરીને એમના ટેબલ પર પેપરવેટ નીચે દબાવ્યા હતા. આ સાંભળી તેઓ ગર્જ્યા : 'મારા ટેબલને કોણે હાથ લગાડ્યો? મેં કેટલીવાર કહ્યું છે કે મારા ટેબલ પરથી કોઈ કાગળો આઘાપાછા કરવા નહિ.' ઘરનાં બધાનો તેમણે એ નહિ મળેલા પત્રો માટે ઉધડો લીધો! જો કે એ કાગળો તો જિજ્ઞાસાવશ સવિતા આંબેડકરે લઈને એના સ્થાનેથી બીજા સ્થાને મૂક્યા હતા, પણ ઠપકો મેં મારા માથે લઈ લીધો!

એ દિવસે સવારે એમણે મને બહાર લોન પર તડકામાં ખુરશી મૂકવા કહ્યું. કમજોર દેખાઈ રહેલા તેમણે ખુરશીમાં લંબાવી એમના પગ પાયદાન પર ટેકવી દીધા. આ જ વખતે બહાર 'ડૉ. બાબાસાહેબ આંબેડકર અમર રહો'ના નારા ગૂંજવા લાગ્યા અને જોતજોતામાં હાથમાં ઝંડા સાથે કેટલાક લોકો ડૉ. આંબેડકર સુધી પહોંચી ગયા. ડૉ. આંબેડકર સાથેની મુલાકાતથી ખુશ થયેલા એ લોકો સૂત્રો પોકારતા રવાના થયા. ત્યાં તો ડૉ. આંબેડકરની પાલતુ કૂતરી દોડતી આવીને એમની ગોદમાં બેસી ગઈ. ડૉ. આંબેડકરે ક્યાંય વાર સુધી એને સહેલાવ્યા કરી.

થોડીક વાર પછી દલિત વર્ગ સંઘ દિલ્હીના ભગત અમીનચંદ ડૉ. આંબેડકરને મળવા આવ્યા ત્યારે તેમની સાથેની વાતચીતમાં ડૉ. આંબેડકર મુક્ત મને હસ્યા હતા. એ તેમનું અંતિમ હાસ્ય હતું.

એ જ દિવસે બપોરે બે જૈન નેતાઓ એમના પ્રતિનિધિ મંડળ સાથે ડૉ. આંબેડકરને મળવા આવ્યા હતા અને તેમની સાથે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ અંગે તાત્ત્વિક ચર્ચા થઈ હતી. તેમના ગયા પછી ડૉ. આંબેડકરના માથામાં તેમના કહેવાથી હું માલિશ કરવા લાગ્યો. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો ડૉ. આંબેડકર આંગળીઓથી સોફાના હાથા પર તાલ દઈ મંદ મંદ સ્વરે ગાઈ રહ્યા હતા : 'બુદ્ધમ્

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)**

સમાજની ક્ષિતિજો

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૨૨)

# પ્રેમભંગ

• સ્વામિ સચ્ચિદાનંદ •

નર-નારીના લગ્ન જીવનને સુધારવા માટે કેટલાય કુરિવાજોને તોડવા જ પડશે. આ પરાક્રમ છે, જે સમાજમાં કુરિવાજો તોડનારા પરાક્રમી પુરુષો પેદા નથી થતા તે સમાજ નમાલો થઈ જાય છે. સુધારકોના સતત પરાક્રમપૂર્ણ પ્રયત્નોથી સમાજ સારો રહેતો હોય છે. સામાજિક વ્યવસ્થાને માનવી જોઈએ. બને ત્યાં સુધી તેને તોડવી ન જોઈએ, પણ તે વ્યવસ્થા ઉત્તમ હોવી જોઈએ. ઉત્તમ વ્યવસ્થા એટલે સૌના પ્રશ્નો ઉકેલનારી, ન્યાયસંગત. પણ જો તે વ્યવસ્થા અધમ હોય, અન્યાય કરનારી હોય તો પરાક્રમપૂર્વક તેનો વિરોધ કરવો જોઈએ.

જ્ઞાતિપ્રથા અને ગોળપ્રથા કોઈ સમયે કદાચ ઠીક હશે પણ હવે તેની પ્રસ્તુતતા ઘટી ગઈ છે, ખાસ કરીને લગ્નની બાબતમાં. એટલે જે લોકોની પરણવાની ઈચ્છા હોવા છતાં પોતાના સમાજમાંથી વર કે કન્યા ન મળી શકતાં હોય તો તેણે બીજા સમાજમાંથી વર કે કન્યા મેળવી લેવાં એ કોઈ અપરાધ નથી. હા, એટલું ધ્યાન રાખવું કે તેમણે ધર્માંતર ન કરવું પડે. સમાજાંતર ભલે થાય, ધર્માંતર ન થાય, તેની કાળજી રાખવી.

જે લોકો પ્રેમભંગ થવાથી લગ્ન નથી કરતા, પ્રેમની તીવ્ર લાગણીઓમાં એક પાત્રનું મૃત્યુ થાય અથવા અનિચ્છાએ તેને બીજે પરણવું પડે તેવી સ્થિતિમાં પ્રેમભંગ થયેલું પાત્ર બહુ મોટો આઘાત અનુભવે છે. આવાં પાત્રો આત્મહત્યા જેવા પરાકાષ્ઠાનાં કાર્યો પણ કરી બેસતાં હોય છે. પ્રથમ તો સાચા પ્રેમસંબંધને લગ્નમાં પરિણત થવા દેવાની વડીલોની ઉદારતા વધવી જોઈએ. જે લોકોએ કદી પ્રેમ કર્યો જ નથી હોતો અને કાચી ઉંમરે ઢીંગલા-ઢીંગલીની રમત શરૂ કરી દીધી હોય છે, તેમને ઘાયલ પ્રેમીઓની દશાનું જ્ઞાન-ભાન હોતું નથી. આવા લોકોનો વ્યવહાર સારી અપેક્ષાએ પણ પોતાનાં સંતાનો પ્રત્યે કઠોર થઈ જતો હોય છે. કોઈ વાર આવી કઠોરતાથી સંતાન ખોઈ બેસતાં હોય છે.

નજીકના એક ગામમાં શ્રીમંત પટેલનો છોકરો પોતાના જ ગોળની છોકરી સાથે પ્રેમમાં પડેલો. બંને રાજીખુશીથી લગ્ન કરી લેવા તૈયાર હતાં, પણ કન્યાનો પક્ષ બહુ શ્રીમંત નહોતો. સોના-લોભી વરના બાપે તેને લગ્ન કરતાં અટકાવ્યાં અને સોનાનો ઢગલો મળતો હતો ત્યાં છોકરાની અનિચ્છાએ પણ ગોઠવવા પ્રયત્ન શરૂ કરી દીધો. હતાશ છોકરાએ દવા પી લીધી અને ખેતરમાં તરફડિયાં મારીમારીને મરી ગયો. તેની લાશ જ્યાંથી મળી ત્યાં પગ ઘસવાથી મોટો ખાડો પડી ગયેલો. તેણે પિતાને ચિઠ્ઠી લખી કે સોનાના ઢગલા સાથે મારા ફોટાને પરણાવજો. એક જ પુત્ર હતો. બાપનું નખ્ખોદ નીકળી ગયું. બાપે પોતાના હાથે જ પોતાનું નખ્ખોદ કાઢ્યું. આવા ન થવું જોઈએ. સાચા પ્રેમીઓ પ્રત્યે ઉદાર થવું. સારી સંસ્કૃતિ એ છે જે પ્રેમને સ્વીકારી શકે છે. પ્રેમની દુશ્મન અને રૂઢિઓની પૂજક સોના-સંસ્કૃતિને ઉત્તમ કહી શકાય નહીં. ગમે તેટલા પ્રતિબંધો હશે તો પણ જ્યાં નર-નારીઓ રહેતાં હશે ત્યાં પ્રેમ તો થવાનો જ. આ કુદરતી પ્રક્રિયા છે, તેને રોકી શકાય નહીં. આવાં સાચાં પ્રેમીઓ જ્યારે કોઈ પણ કારણસર લગ્ન નથી કરી શકતાં ત્યારે પ્રેમભંગ થાય છે.

તીવ્ર લાગણીઓ અને પ્રબળ આવેશમાં ઘણીવાર આવાં લોકો 'પરણું તો તને જ; નહિ તો બીજાં બધાં ભાઈ-બહેન' જેવા સોગંદ ખાઈ લેતાં હોય છે. મારી સલાહ છે કે કદી પણ આવા સોગંદ ખાવા નહીં. જિંદગી આવેશોથી જિવાતી નથી અને આવેશો કાયમ રહેતા પણ નથી. વહાલામાં વહાલું માણસ મરી ગયું હોય અને હૈયાફાટ રુદન થતું હોય તો પણ સમય વીતતાં ભૂખ લાગે છે અને ખાવું પડે છે. થોડાક દિવસો પછી નિયમિત જમવાનું ચાલુ થઈ જાય છે અને કેટલાક મહિનાઓ પછી મિષ્ટાન્ન પણ ખાતાં થઈ જાય છે. એનો અર્થ એવો નથી કે મરનારના પ્રત્યે લાગણીઓ સમાપ્ત થઈ ગઈ છે. લાગણીઓ તો છે જ પણ કુદરતી આવેગો જમવા માટે લાચાર કરે છે.

આવી જ રીતે પ્રેમભંગ થવાથી બે પાત્રો જુદાં પડે — જુદાં પડવું પડે તો 'હવે લગ્ન કરવું જ નથી' તેવી ગમે તેવી દઢ પ્રતિજ્ઞા હોય તો પણ સમય પસાર થતાં આવેગો તેની પ્રતિજ્ઞાને હચમચાવી મૂકશે. કારણકે પ્રેમભંગ થવાથી આવેગો મરી જતા નથી. જેમ ભૂખ, ભૂખનું કામ કરે છે તેમ બીજા આવેગો પણ પોતાનું કામ કરે જ છે. આવાં માણસોએ સમય વીત્યા પછી યથાશક્ય પાત્ર સાથે લગ્ન કરી લેવાં હિતાવહ છે. ઘણીવાર આવેશ એટલો તીવ્ર હોય કે કોઈપણ ભોગે લગ્ન કરવાં જ ન હોય તો કેટલાક લોકો સાધુ-સાધ્વી થઈ જતાં હોય છે, જેથી કોઈ તેમના ઉપર લગ્ન કરવાનું દબાણ ન કરે અને જીવન માટે નવું સુરક્ષિત ક્ષેત્ર મળે.

આવી રીતે સાધુ-સાધ્વી થઈ જનારાંમાંથી કેટલાંક અદ્ભુત પ્રગતિ કરી શકે છે, કારણ કે તેમની બધી શક્તિઓ એક જ દિશા તરફ વળી જાય છે. પણ કાંઈ બધા માણસો પ્રગતિ કરી લે તેવું માની લેવું યોગ્ય નથી. સારું ક્ષેત્ર હોવા છતાં પણ આવેગોની પ્રબળતા ગમે ત્યાં

રસ્તો કાઢી લે છે. સાધુ-સાધ્વીઓના જે ક્ષેત્રને સુરક્ષિત માનવામાં આવે છે, તે ક્ષેત્રમાં પણ આવેગો તો હોય જ છે. જો સારા ગુરુ અને સારા ગુરુભાઈઓ વગેરે મળ્યાં હોય તો વાતાવરણ સારું રહે છે. તેથી થોડી રાહત તો રહે છે, પણ કુદરતી પ્રક્રિયાને સારામાં સારું વાતાવરણ પણ બદલી શકતું નથી. સારામાં સારાં ગણાતાં સ્થળોમાં પણ ઊંડે ઊંડે નીચે નીચે કાંઈક રંધાતું હોય છે, કારણ કે સારામાં સારાં માણસો પણ કુદરતી પ્રક્રિયાથી મુક્ત નથી હોતાં. આમાં માણસોનો દોષ નથી, પ્રક્રિયાનો દોષ છે. જ્યાં માત્ર એકલા સાધુઓ કે એકલી સાધ્વીઓ જ રહે છે ત્યાં પણ બહુ ઊંડાણમાં કાંઈનું કાંઈ રંધાતું હોવાની શક્યતા છે. એક વાત સૌએ સારી રીતે સમજી લેવાની કે જેમ પરમેશ્વર સર્વવ્યાપક છે, તેની બધે જ સત્તા છે, તેમ કામદેવ પણ સર્વવ્યાપક છે, તેની બધે જ સત્તા રહેતી હોય છે. સૌથી સારી વ્યવસ્થા તો એ છે કે કામને શત્રુ બનાવ્યા વિના રામની આરાધના કરવામાં આવે. કામ અને રામ બંને એકસાથે રહી શકે છે.

### સાધુ-સાધ્વીઓ વિશે વિચાર

પ્રેમભંગનો પ્રભાવ પણ સમય વીતવાની સાથે ક્ષીણ થઈ શકે છે. ગમે તેટલી તીવ્રતાભર્યો આઘાત લાગ્યો હોય તો પણ સમય વીત્યા પછી તે મંદ પડી શકે છે. પ્રેમની ભૂખ અને આવેગોનાં આક્રમણ માણસને જીવનભર થોડાઘણા અંશમાં રહે જ છે. ગમે તેવું દાઝેલું હૃદય હોય તો પણ સમય મળતાં તેમાં રૂઝ આવે છે અને નવા અંકુરો ફૂટી શકે છે. મારો પચાસ વર્ષનો અનુભવ એવો છે કે જો આબરૂનો ભય ન હોય અને સાધુ-સાધ્વીઓને એકસાથે રહેવા દેવામાં આવે, બીજી તરફ તેઓ પગભર થયાં હોય તો, એંસી-નેવું ટકા લોકો મંગળ કરવા તૈયાર થઈ જાય. ખરો પ્રશ્ન આજીવિકા અને આબરૂનો છે. ફરીથી એક નવા સમાજની રચના કરવાની જરૂર છે, જેમાં કામ આધારિત મૂલ્યોની જગ્યાએ અર્થ આધારિત મૂલ્યોને વધુ મહત્ત્વ અપાય. કુદરતી આવેગોને સ્વીકૃતિ મળે અને તેનો ઉકેલ લગ્નસંસ્થા દ્વારા મળે.

જે લોકો નાની ઉંમરે સમજણ વિના કે અધકચરી સમજણથી વૈરાગ્યના ઊભરામાં સાધુ-સાધ્વી થઈ ગયાં હોય અને પછી વાસ્તવિકતા સમજાય, તેઓ ગૂંગળાવા લાગે અને આરોગ્ય અને શાંતિ બંને ખોઈ બેઠાં હોય તો તેવા લોકોએ હિંમત કરીને સાચો રસ્તો કાઢી લેવો. બની શકે તો સમાન સ્થિતિવાળા સાધુ-સાધ્વીઓએ ઋષિઓ જેવું પવિત્ર દાંપત્ય જીવન જીવવું. આ કોઈ દોષ કે પાપ નથી. ઋષિઓ પણ પતિ-પત્ની અને બાળકો સાથે ઉત્તમ જીવન જીવતા જ હતા. આવા સજોડાંવાળાં માણસો અપેક્ષાકૃત સારી રીતે ધર્મનું કાર્ય કરી શકે છે. શાણા માણસોએ આવાં લોકોને સહાયક થવું જોઈએ. માર્ગ ભૂલેલો માણસ ફરીથી સાચા રસ્તે ચઢી જાય તો તે નિંદા કરવા જેવું નહિ પણ વધાવી લેવા જેવું કાર્ય ગણાવું જોઈએ.

કેટલાક સાધુ - સાધ્વીઓને ફસાવીને - લલચાવીને દીક્ષા આપવામાં આવે છે. ખાસ કરીને ગરીબાઈથી કંટાળીને તે પોતે કે તેમનાં મા-બાપ તેમને દીક્ષા આપે કે અપાવે છે. આવાં લોકોને પાછળથી પૂરું ભાન થાય તો તેમણે પણ હિંમત કરીને ભૂલ સુધારી લેવી જોઈએ. ધર્મ અને સમાજના ડાહ્યા-શાણા સુધારક માણસોએ આવાં માણસોને શોધી કાઢવા જોઇએ અને જો તેઓ આબરૂ કે બીજા કોઈ ભયના કારણે અનિચ્છાપૂર્વક ગૂંગળાતું જીવન જીવતાં હોય અને તેમાંથી છૂટવા માગતાં હોય તો તેમને સહાયરૂપ થવું જોઈએ. જેથી એક સારો - પવિત્ર સમાજ રચી શકાય.

આતંકવાદીઓની ચુંગાલમાં ફસાયેલા માણસોને તો આપણે બલિદાન આપીને પણ છોડાવવા પ્રયત્ન કરીએ છીએ પણ ધાર્મિક ક્ષેત્રમાં અબુધ બાળકો, યુવાનો વગેરેને ફસાવીને ગમે તે રીતે સાધુ-સાધ્વી બનાવી દેનારા માણસોને આપણે આતંકવાદી નહિ પણ પૂજ્ય માનીએ છીએ. આ આખા દૃષ્ટિકોણને બદલવો પડશે. આવા તથાકથિત પૂજ્યોના દ્વારા કેટલાંય ઊગતાં જીવન પરાવલંબી થઈને અંતે ગૂંગળાતાં થઈ જાય છે, તેની ઊંડાણથી તપાસ કરવી જોઈએ. હા, જે લોકો જરાય ગૂંગળાતા નથી, ઊલટાની ધન્યતા અનુભવે છે અને નિર્ધારિત માર્ગને પૂરેપૂરો ન્યાય આપે છે તે ખરેખર પૂજ્ય છે. તેમની મહત્તા છે જ. તેઓ ખરા ભાવથી ધર્મની આરાધના કરે - કરાવે, તે યોગ્ય જ છે. મને વિશ્વાસ અને અનુભવ પણ છે કે આવા સાચા લોકો પાત્રકુપાત્ર કે તેના અધિકારીને માપ્યા વિના ગમે તેને દીક્ષા આપતા નથી. આંખ મીંચીને પાત્ર કુપાત્રનો ભેદ કર્યા વિના માત્ર ટોળાં વધારવાના તીવ્ર મોહવાળા લોકો જ ખોટાં ટોળાં ઊભા કરતા હોય છે અને અવ્યવસ્થા ફેલાવતા હોય છે. પ્રજાએ આવા લોકોને હતોત્સાહિત કરવા જોઈએ. જેમકે બાળ સાધુ-સાધ્વીઓને સાથે લઈને ફરતા સાધુ-સાધ્વીઓને ટોકવા જોઈએ, ખખડાવવા જોઈએ અને બને તો બાળકોને છોડાવવાં પણ જોઈએ. મારી સમજણ પ્રમાણે આ ધર્મકાર્ય છે અને તેથી ધર્મ વધુ તેજસ્વી બનશે.

*(ક્રમશઃ)*

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

હળવાશની ક્ષણોમાં

# દીકરા જ જન્મ્યા કરશે તો વહુ ક્યાંથી લાવશો?

• મધુસૂદન પારેખ •

ઑફિસેથી ઘેર આવ્યો ત્યારે પત્ની, પડોશમાં બહેન સાથે હસમુખે વાતો કરતી હતી. એવામાં બીજી પણ એક મહિલા મળી. ત્રિપુટી આનંદ અને આશ્ચર્યમાં હોય એવું એમના હાવભાવ પરથી લાગતું હતું.

હું સાંજે ઘેર આવું ત્યારે પત્ની હંમેશાં બારણે હાજર જ હોય એવો વણલખ્યો એનો નિયમ હતો. હસમુખી પત્ની મળવી એ મહાપુણ્યનું જ ફળ હોય.

હું એની રાહ જોતો રહ્યો. બે મહિલા ભેગી થઈને વાતે ચડી હોય તો પૂર્ણવિરામ ક્યારે આવે તેની રાહ જોયા જ કરવાની. અને ત્રિપુટી ભેગી થાય અથવા ત્રિવેણી સંગમ થાય ત્યારે...? જવા દો એ વાત કોઈ એક્ટિવિસ્ટ મહિલા તરત પરખાવશે કે પુરુષો વાતે ચડ્યા હોય ત્યારે? એમને સમયનું ભાન રહે છે ખરું?

હું પત્નીનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરી રહ્યો. મેં જરા ધીમેથી એને ઇંગિત આપવા તાળી ય પાડી. પણ વાતે ચડી વનિતા...! ભલેને ઢોલ વગાડો!

અમારા એક વડીલ, એમની પત્નીને બોલાવવી હોય ત્યારે 'અલી એ...એ' કહીને બૂમ મારતા. બીજા એક વડીલ 'એ બાબુની મા...!' કહીને બોલાવતા. હવે પેઢીઓમાં એ રિવાજ નીકળી ગયો છે. હવે તો પતિ પત્ની દિવસમાં ડઝનવાર એકબીજાને સંબોધતાં હશે. અરે 'હંસા' ને લાડમાં હંસુ... 'શીલાને શીલુ અને વીરેન્દ્રને વીરુ, સુરેશને સુરુ...! કહેતા હોય છે મારી પત્નીને ઘરમાં હું નામ દઈને બોલાવતો, પણ બહાર વાતોમાં ગૂંથાઈ હોય ત્યારે એને નામ દઈને બૂમ મારવાનું મને રુચતું નહોતું. હું નયનાતુર થઈને પત્ની પ્રતીક્ષામાં હતો. નસીબ જોગે એક મહિલાનું મારા તરફ ધ્યાન ગયું. તેણે તરત વિશાખાને ટકોર કરી : 'એય જા, તારા વિજયકુમાર તારી રાહ જુએ છે.' અને પછી હસતાં હસતાં ઉમેર્યું : 'ક્યારના ઊંચા નીચા થાય છે.'

મહિલાઓને પરસ્પર આવી ઠઠ્ઠા મશ્કરીનો ય આનંદ હોય છે. પત્નીની અને મારી દૃષ્ટિ મળી. એણે હાથ ઊંચો કરી મને ઈશારત કરી. મતલબ કે હજી એમની વાર્તા પૂરી થઈ નહોતી.

પાંચ સાત મિનિટે એ આવી. મેં હળવાશથી ટકોર કરી : 'નવા વડાપ્રધાન કોણ થશે એની ચર્ચા ચાલતી હતી?'

મારો કટાક્ષ એને પહોંચ્યો નહિ. સ્ત્રીઓ રાજકારણની ચર્ચા ભાગ્યે જ કરતી હોય છે.

મારા કટાક્ષને અવગણીને એ બોલી : 'તમે જાણ્યું?'

સ્ત્રીની આ પતિ સાથે વાત કરવાની પરંપરાગત પદ્ધતિ છે - 'તમે સાંભળ્યું? તમે જાણ્યું?'

મે પૂછ્યું : 'કંઈ ખાસ જાણવા જેવું છે?'

પત્ની હસી પડી. 'બહુ મજાની વાત છે. પ્રતીક્ષાબહેનને બાબો આવ્યો.'

મને હસવું આવી ગયું - 'તેં તો કોથળામાંથી બિલાડું કાઢ્યું! બાબો આવે કે બેબી આવે. એ તો કુદરતનો ક્રમ છે. એમાં નવું શું છે?'

'તમે સમજ્યા નહિ. પ્રતીક્ષાને પરણે સત્તર વર્ષ થયાં. પણ એમને ઘેર ઘોડિયું બંધાતું નહોતું.'

પત્નીએ 'સ્ટોરી' કહેવા માંડી. નરેન્દ્રભાઈ અને પ્રતીક્ષાના લગ્નને વર્ષો વીતી ગયાં. શરૂઆતમાં એમણે વિચાર્યું કે ઉતાવળ શી છે? બરાબર સેટ થઈએ પછી બાળક ક્યાં નાસી જવાનું છે. આપણે ત્યાં એના કરમ લેખ હશે તો આવ્યા વિના થોડું રહેવાનું છે?'

'સારી વાત છે. લગ્ન થાય કે તરત પારણું બંધાવું જ જોઈએ?'

'એમાં તો તકલીફ થઈ... ત્રણેક વર્ષ વીત્યાં. પછી સંતાનની ઈચ્છા થઈ પણ કુદરત યારી આપે જ નહિ. વરસ વીતતાં જાય, નરેન્દ્ર અને પ્રતીક્ષા મોડે મોડે ઉતાવળાં થયાં. એમણે ડૉક્ટરો ગણ્યા. જોશીને તેડાવ્યા. અરે બાબા-ફકીરના દોરાય બંધાવ્યા.'

'હશે...આપણે એ વાત સાથે શી નિસ્બત?'

'તમને તો કંઈ રસ જ નથી!' પત્ની અકળાઈ. સત્તર વર્ષ વીતી ગયાં....! એમને કેટલું ટેન્શન રહેતું હશે. અને ભગવાન પણ કેવા છે? ખાસ્સી રાહ જોવડાવી. છેવટે એમને રૂડો રૂપાળો બાબો આપ્યો. પ્રતીક્ષાને તો સ્વપ્નેય ખ્યાલ નહિ. પણ ભગવાન રીઝે ત્યારે...બિચારાંની ગોદ ભરાઈ. ભગવાને આપ્યો ત્યારે દીકરો જ આપ્યો. કશી મણા રાખી નહિ. ચાલીસ થઈ ગયા પછી એમણે તો આશા જ મેલી દીધી હતી.

'દીકરી આવી હોય તો ય ગોદ તો ભરાય જ ને!'

'એ તો ખરું, પણ તમે પુરુષો ના સમજો. સ્ત્રીને ઝંખના પહેલી તો દીકરા માટે જ હોય. ભલેને લોકો વાયકા કરે કે હવે તો દીકરી સારી. દીકરો પારકું ધન...!'

'પણ બધાને ત્યાં દીકરા જ જન્મશે તો એમને માટે વહુઓ ક્યાંથી આવશે? દીકરા વાંઢા રહી જશે.'

'એવું કંઈ નહિ. એ તો મળી રહે. પણ આપણે હરખ કરવા જઈશું ને!'

'તું જજે. દીકરી આવી હોત તો હું હરખ કરવા આવત.'

'તમારી તો વાત જ અજીબ છે. અરે નરેન્દ્ર તો ધામધૂમ કરવાના છે. મિજબાની આપશે.'

'હું હોઉં તો દીકરો આવે તો જલેબી વહેચું. દીકરી આવે તો ધામધૂમ કરું.'

'જો જો કોઈને કહેતા. પ્રતીક્ષા જાણશે તો એને ખોટું લાગશે. તમે ના આવો તો કંઈ નહિ. હું તો હરખ કરવા જઈશ.'

***સૌજન્ય : "તમન્ના"***

# મારી હાર્મોનિયમ સાધના વત્તા ભત્રીજાનું પ્રેમ પ્રકરણ

• શાહબુદ્દીન રાઠોડ •

અમારું ગામ છોડતી વખતે પ્રવીણ નાટ્યકલામંડળે હાર્મોનિયમ વેચી નાંખેલું એ મેં સસ્તામાં ખરીદી લીધું હતું.

આ હાર્મોનિયમ પર મેં મારી સંગીત સાધનાનો શુભ આરંભ કરેલો, પરંતુ સાધના વિકટ હતી. સાધન નબળું હતું. આ હાર્મોનિયમમાં સૂર કરતાં ધમણનો અવાજ વધુ આવતો. ઘણાનાં ઘરમાં અનાજ કરતાં વ્યસનનો ખર્ચ વધુ આવતો હોય તેમ, માથાભારે ભાડૂતો પાસે મકાન-માલિકનો અવાજ ન સંભળાય તેમ સૂરનો અવાજ ધમણના અવાજમાં સંભળાતો નહોતો. કોઈ ભીષણ ભુજંગ ફૂંફાડા મારતો હોય તેવો ધમણમાંથી અવાજ આવતો. આ ઉપરાંત ધમણ કડક એવી હતી કે ચલાવવાથી હાથ દુખવા આવતા. એક હાથ થાકી જાય ત્યારે હું બીજા હાથે ધમણ ચલાવતો. મારા હાથના સ્નાયુઓ ધીરે ધીરે વિકસવા માંડ્યા.

કુમળા છોડની રક્ષા માટે તેના ફરતી થોરની વાડ કરવામાં આવે છે, તેને પાણી પાવામાં આવે છે, ખાતર નાખવામાં આવે છે. ક્યારેક થાય છે એવું કે છોડનું પાણી પી અને ખાતરનો લાભ ઉઠાવી વાડના થોર ચોંટી જાય છે. એટલું જ નહિ, વકરી જાય છે અને કુમળો છોડ કરમાઈ જાય છે. સુડતાળીસમાં આપણો ગુલામ દેશ આઝાદ થયો. બિનસાંપ્રદાયિક, લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર 'લોકકલ્યાણ'ના કુમળા છોડની રક્ષા માટે વહીવટની વાડ રચવામાં આવી. થયું એવું કે પ્રજાના પૈસાનું ખાતર અને પાણી પીને વહીવટના થોર ચોંટી ગયા, વહીવટમાં પડેલા કર્મચારીઓ વકરી ગયા અને 'લોકકલ્યાણ' નો કુમળો છોડ કરમાવા લાગ્યો.

મૂર્ખાઓનું જ્ઞાન વધતું નથી, પણ ગાત્રો વધે છે, તેમ મારા સ્વરને બદલે સ્નાયુઓનો વિકાસ થયો. ધમણ ચલાવી બાવડાં મજબૂત બન્યાં. શુભ નિષ્ઠાથી આરંભેલું કોઈ કાર્ય નિષ્ફળ નથી જતું. તેનો ક્યાંક નહિ ને ક્યાંક લાભ જરૂર થાય છે, તેની પ્રતીતિ થઈ.

શહેરમાં હૉસ્પિટલ અને સ્કૂલો પાસે હોર્ન વગાડી શકાતાં નથી. શહેરનો એ સાઈલન્સ ઝોન ગણાય છે. મારા હાર્મોનિયમમાં પણ આવો સાયલન્સ ઝોન હતો. જમણી સાઈડના સૂર ગમે તેટલા દબાવવા છતાં વાગતા જ નહોતા. ડાબી તરફના સૂરો જરાક અડી જવાય તો બંધ જ નહોતા થતા - માઈક હાથમાં આવ્યા પછી જેમ ઘણા વક્તા બંધ જ નથી થતા તેમ.

રિયાઝ કરતાં-કરતાં એક દિવસ મારાથી એવો બળપૂર્વક માલકૌંસ ગવાઈ ગયો તે ત્રણ દિવસ બંધકોષ રહ્યો. સંગીતની સ્વાસ્થ્ય પર સુંદર અસર થાય છે તેના બદલે વિપરીત અસર થતાં હું મૂંઝાયો. પરંતુ મેં મહાન સંગીતકારોને યાદ કર્યા. તેમને પડેલી યાતના જાણી. મારા પ્રયાસો ચાલુ રાખ્યા.

માલકોંસનો રિયાઝ હાલ તુરત બંધ કરી હું લોકગીતો તરફ ઢળ્યો અને હેમુભાઈ ગઢવીના કંઠે ગવાઈને પ્રચલિત બનેલું 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ' એ તૈયાર કરવાનું મેં નક્કી કર્યું. 'આ વહુએ, આ વહુએ' એમ લાંબા ઢાળે હું ગાયા કરતો અને લોકગીતમાં વ્યક્ત થયેલી કરુણતાની અસર ઉપજાવવા પ્રયાસ કરતો.

એક વાર પાડોશીઓ સૌ ભેગા મળીને આવ્યા અને મારી પાસે નમ્ર વિનંતી રજૂ કરી, 'આપનું હાર્મોનિયમ જોઈએ છે.'

મેં કહ્યું, 'ખુશીથી. કોઈ કાર્યક્રમ હોય તો જણાવજો. હું પણ રજૂઆત કરીશ.'

પાડોશીઓ કહે, 'ના, એવું તો નથી, પણ સૌએ નક્કી કર્યું છે કે આજે તો નિરાંતે ઊંઘવું જ છે.'

મને આઘાત લાગ્યો, મારા રિયાઝથી જો કોઈને તકલીફ થતી હોય તો લોકહિતાર્થે તેનો ત્યાગ કરવો એમ મેં નક્કી કર્યું. બનવા જોગ છે પાડોશમાં કોઈ દર્દી હશે, કોઈ વિદ્યાર્થી હશે, કોઈ ખુદાનો બંદો હશે. દર્દીને આરામની, વિદ્યાર્થીને એકાગ્રતાની, ખુદાના બંદાને ઈબાદતની જરૂરત હશે. મારા ઘોંઘાટથી જેને હું સંગીત સમજતો હતો — કેટલાંને તકલીફ થઈ હશે?

હજી આ પ્રથમ આઘાતની અસરમાંથી હું મુક્ત નહોતો થયો ત્યાં એકવાર અમારા નવીનકાકાએ કહ્યું, 'વહુએ ખોરડાં ભલે વગોવ્યાં, પણ હાર્મોનિયમ શીખીને તું આપણું ખોરડું વગોવીશ મા.'

બસ ખલાસ. અહીં મારી સાધના પૂરી થઈ. મેં હાર્મોનિયમ તરગાળા તરભોવનને વેચી નાખ્યું.

## ભત્રીજો પ્રેમમાં પડ્યો

યુવાનીના છોડને અનુભવનાં ફૂલ બહુ મોડાં આવે છે. યુવાનીમાં ભુજાઓમાં બળ હોય, પગમાં પાંખો લાગી ગઈ હોય, દિમાગમાં સોલા ઊઠતા હોય, મનમાં મરી ફીટવાની તમન્ના હોય, દિવસમાં ત્રણ વખત પ્રેમના ઊભરા છેક ગળા સુધી આવીને હેઠા બેસી જતા હોય-આ અવસ્થામાં જગત આખું રંગીન લાગવા માંડે છે.

*સમંદરના તરંગો ચાંદનીમાં લીન લાગે છે*
*પવનની લહેર પણ ઝણકી ઊઠેલી બીન લાગે છે.*

*કુદરત હો કે માનવ, છે એકસરખો અનુભવ*
*આ જવાની હોય છે ત્યારે બધું રંગીન લાગે છે.*

યુવાનીમાં સૌથી વધુ ઊર્મિ ઊઠતી હોય તો પ્રેમની ઊઠે છે. મને તો પ્રેમનો ખાસ કોઈ અનુભવ નથી, પણ એક વાર મારો ભત્રીજો અનવર પ્રેમમાં પડ્યો. પડ્યો તો ખરો પણ ઊંધે કાંધ પડ્યો. એના રંગઢંગ બદલાઈ ગયા. વધી ગયેલી દાઢી, વીખરાયેલા વાળ. સાવ દેવદાસ જેવો થઈને બારી પાસે બેઠો હોય.

પરિવારનાં સૌ એને સમજાવીને થાકી ગયાં. છેવટે કરીમભાઈએ મને કહ્યું. મેં જણાવ્યું : 'પ્રયાસ કરી જોઉં.'

હું પહોંચ્યો ત્યારે આંખમાં આંસુ સાથે એ હૈયાને ઠપકો આપતો હતો :

*કાદવના કટકા કે ઈ નીર વિણ નોખા થયા,*
*પણ ફટ રે ફટ હિયા, સાજણ જાતાં સાજા રિયા!*

હું અનવરની સામે જઈ ઊભો રહ્યો. એ તો બસ એની ધૂનમાં જ હતો. મને સામે ઊભેલો જોઈને એ બોલ્યો :

*ઐ શમા, જરા હટ કે*
*જલ મેરી મજાર સે,*
*મૈં ખુદ હી જલ રહા હૂં દિલે બેકરારસે.*

મેં કીધું : 'હું શમા બનીને જલવા નથી આવ્યો, તને સમજાવવા આવ્યો છું.'

ત્યાં ફરી એ બોલ્યો :

*મૈં સોયા થા ચૈનસે, ઓઢે કફન મજારમેં,*
*યહાં ભી સતાને આ ગયે, કિસને પતા દિખા દિયા?*

ફિલ્મો જોઈજોઈને અને શાયરીઓની ચોપડીઓ વાંચીવાંચીને એ વાસ્તવિકતાથી વિમુખ બની ગયો હતો.

મેં કહ્યું : 'એલા, મને આ ઘરની ખબર નથી? આ બધી માથાકૂટ મૂકી તું હાલ્ય મોટા તળાવે, પહેલાં શામજીની દુકાને દાઢી કરાવી લે, નટુ પાંહે વાળ ઓછા કરાવી લે, ટુવાલ અને સાબુ હારે લઈ લે. તળાવમાં ખંખોળિયું ખાઈને તું પરથમ તો કાયાપલટ કરી લે.'

મારી વાતની તેના પર કાંઈ અસર ન થઈ. એ ઊલટાનો રોવા મંડ્યો.

મેં કહ્યું : 'અરે, પણ તું આટલો બધો શા માટે રોવે છે?'

તેણે જવાબમાં શેર વળગાડ્યો :

*દેખ કર મુઝે કહતા હૈ સારા જહાં,*
*રાતદિન રોતે રહતે હો ક્યૂં, મહેરબાં?*
*દિલ સુલગતા રહા ફિર ભી મૈં ચુપ રહા,*
*આંખે સબ કુછ બતા દેં તો મૈં ક્યા કરૂં?*

હવે મને ખરેખર મૂંઝવણ થઈ, કારણ કે હું જે કાંઈ કહું તેના જવાબમાં તે ધડ દઈને શેર ફટકારી દેતો. ફરી મેં સમજાવ્યો : 'તું વાત તો કહે, માગું લઈને જાવાનું છે કોના ઘરે? આપણે કન્યાવાળાને સમજાવીએ, આજીજી કરીએ, પાંચ માણસને કાને વાત નાખીએ. સૌ પ્રયાસ કરે. કાંઈક નિવેડો જરૂર આવશે. આમ દુઃખી થયે શું દી વળશે?'

તેણે કહ્યું :

*ચમકી બિજલી ગિરી, જલ ગયા આશિયાં,*
*હમસફર છૂટ ગયે, લૂટ ગયા કારવાં.*
*જિંદગીકી મુઝે અબ તમન્ના નહીં,*
*મૌત ભી ગર ન આયે તો મૈં ક્યા કરૂં?*

મેં કહ્યું : 'તારે ક્યાં કાંઈ કરવાનું છે? જે પ્રયાસ કરવાનો છે તે અમે કરશું.'

મારા આટલા પ્રયાસોનું એક પરિણામ એ આવ્યું કે એ પદ્યમાંથી ગદ્યમાં આવી ગયો. મને કહે, 'કાકા, મારાં અરમાનોની લાશ પર જ્યારે નિરાશામાં કફન ઓઢાડાઈ રહ્યાં છે ત્યારે ઝંઝાવતો કેમ નથી જાગતા? તોફાનો કેમ નથી સર્જાતાં? આંધીઓ કેમ નથી ઊઠતી? દિશાઓ ધૂંધળી કેમ નથી થઈ જતી? મારા હૃદયના જ્યારે ટુકડે-ટુકડા થઈ રહ્યા છે ત્યારે ફૂલો અંગારા કેમ નથી બની જતા? મારા જિગરના ટુકડે ટુકડા થઈ રહ્યા છે ત્યારે ધરતીકંપ કેમ થતો નથી, કાકા, ધરતીકંપ કેમ થતો નથી?'

પછી મેં એને હળવેથી કીધું કે ધરતીકંપ તું કહે છે એ રીતે ન થાય, પણ ભૂગોળમાં કારણો આપ્યાં છે એ રીતે થાય, અને ધરતીને તો આ રોજનું થયું. તારા જેવો છાસવારે દિલ તોડીને બેસે અને ધરતી હલવા માંડે તો પછી ક્યારેય સ્થિર નહીં થાય.

***સૌજન્ય : લેખક પોતે***

*શ્રી ચંદ્રશેખર ધર્માધિકારી (દાદા ધર્માધિકારીના સુપુત્ર) ની જ્યારે ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થઈ ત્યારે તેઓશ્રી વિનોબાજીના આશીર્વાદ લેવા ગયા ત્યારે વિનોબાજીએ તેમને કહ્યું "તું નર્કમાં જઈશ!"*

*"કેમ?"*

*તો વિનોબાજી કહે, "ન્યાયાધીશ માત્ર સાક્ષીઓ અને પુરાવાઓના આધારે નિર્ણય આપે છે. સાક્ષીઓ સાચું બોલતા નથી અને કાગળો પણ સાચા હોતા નથી. એના આધારે અપાયેલો ન્યાય કેવી રીતે સાચો હોય?*

*સો માંથી નવ્વાણું ચુકાદા આ રીતે અપાય છે. અને એકાદ કદાચ સાચો ચુકાદો અપાય તો તેનો તો તમને પગાર અપાય જ છે!*

*પછી બાકીના ચુકાદાઓ માટે તો નર્કમાં જ જવું પડે ને?"*

***ચંદ્રશેખર ધર્માધિકારી***
*("નિરીક્ષક" તા. ૧-૧-૧૬ માંથી)*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે નીચે વારે ફ્લેટમેં ગાભુ બાપા રેંતા અનીંજે પોતરે જી વઉ જો નાં હકડાભાઈ પૂછ્યાં તેર ચ્યાં 'ન્યુઝ ચેનલ'... સે જરા તપાસ ત કર અનીંજે પોતરેજી વઉ કઈ ટી.વી. કંપનીમેં કમ કેંતે?

બચુડો : (તપાસ કે ને ચેં) ગાભુકાકાજે પોતરેજી વઉ કોઈ ટી.વી. કંપનીમેં કમ નતે કેં પણ અનજી એડી ટેવ આય ક હકડીને હકડી ગાલ ઈ ડો-બારો વાર ન ચેં ત્યાં સુધી અનકે ચેન નતો પે. તેંમેં ન્યુઝ ચેનલ ચેંતા.

## ખિલજા મ ભલા

ચકુ : યાર બકુડા, આ ટાઇગર મેમણને ફાંસી કેમ નહીં અપાતી હોય?

બકુડા : અલ્યા ચકુડા, તું ભારતમાં રહે છે કે વિદેશમાં? તને ખબર નથી ભારતમાં હાલ 'ટાઈગર બચાવો'ની ઝુંબેશ – અભિયાન ચાલુ છે.

☺ ☺ ☺ ☺ ☺

જાનુ : હવે તો આજના શ્રી નરેન્દ્ર મોદી સાહેબ પણ શ્રી મનમોહનસિંઘની બરાબરીમાં આવી ગયા હોય એવું નથી લાગતું?

માનુ : વાળ-દાઢીના રંગ પૂરતું કહીએ તો બરાબરી કહેવાય પણ શ્રી મોદી માત્ર પાઘડી નથી પહેરતા... બીજું ઘણું બધું પહેરે છે.

☺ ☺ ☺ ☺ ☺

પપ્પા : બસ બેટા, બહુ થયું. હવે ઉદાસ નહીં રહેવાનું. તારા નસીબમાં જ નાપાસ થવાનું લખ્યું હશે.

ચીન્ટુ : હાજી પપ્પા. આ તો સારું થયું કે મેં આખું વર્ષ રખડી જ ખાધું, કાંઈ વાંચ્યું જ નહીં. બાકી બધી મહેનત પાણીમાં ગઈ હોત.

☺ ☺ ☺ ☺ ☺

દુકાનદાર : બોલો મેડમ, તમારે કયું રત્ન લેવાનું છે? હીરો - પન્ના - માણેક - મોતી કે અન્ય કોઈ?

મેડમ : બીજું કાંઈ જોઈતું નથી. તારી પાસે ભારતરત્ન હોય તો બતાવ.

☺ ☺ ☺ ☺ ☺

છોકરી : ડિયર શું કરે છે? ફ્રી છે? આજે મારે તારું ખાસ કામ છે. ઘરમાં મમ્મી - પપ્પા કોઈ નથી. કાંઈક એક્સાઈટીંગ કરીશું?

છોકરો : રહેવા દે... મહિના પહેલા પણ તેં આવું જ કહીને મને ફોસલાવ્યો હતો ને તારા મોબાઈલમાં બધો ડેટા અપડેટ કરાવ્યો હતો અને ચા-નાસ્તાનો ભાવ પણ નહોતો પૂછ્યો.

☺ ☺ ☺ ☺ ☺

મચ્છર : (નાના મચ્છરને) આમ ગણગણ કરવાનું બંધ કર ને કાંઈ ભવિષ્યનો વિચાર કર.

નાનું મચછર : મેલેરિયા તો ફેલાવું છું... બીજું શું કરું?

મચ્છર : હવે ડેંગ્યુનો અભ્યાસ કર... ભાવિ એમાં જ છે.

☺ ☺ ☺ ☺ ☺

હસુભાઈ : (ફોન કરીને કહ્યું) હલ્લો, હું હસુ છું.

જસુભાઈ : પહેલા બરોબર હસી લ્યો... પછી ફોન કરજો.


☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : ઓ ભાઈ, આમ રોજ સવારે ૯ વાગે આવી મારા દવાખાના પાસે ઊભા રહો છો ને છેક અગિયાર સુધી જવાનું નામ જ નથી લેતા... બધા સ્ત્રી દર્દીઓની સામે ઘુરક્યા કરો છો...

મહેશ : એમાં મારો વાંક નથી. મને તો આ ટાઈમ માફક જ નથી આવતો. પણ આ તો તમે જ બૉર્ડ માર્યું છે કે મહિલાઓને જોવાનો સમય ૯ થી ૧૧. એટલે મારે નછૂટકે સમય સાચવવો પડે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776




## પંચામૃત ભવન અને પર્યાવરણ

ગાંધીનગર ખાતે સચિવાલયની પાછળના ભાગમાં એક મોટું ભવન તૈયાર કરવાનું હતું. જેને કદાચ 'પંચામૃત ભવન' નામ આપેલ. આ ભવનના નિર્માણમાં આશરે ૧૮થી ૨૦ હજાર વૃક્ષોનું નિકંદન નીકળવાનું હતું. આ સમાચારથી પર્યાવરણ પ્રેમીઓ ખૂબ જ દ્રવી ઊઠ્યા અને ઉગ્ર આંદોલન થયું. સરઘસ કાઢ્યા, રેલીઓ કાઢી, આવેદનપત્ર આપ્યું અને પ્રજાના માહોલને ધ્યાને લઈ આ ભવનનું બાંધકામ મુલત્વી રાખવામાં આવ્યું. ધન્યવાદ ગાંધીનગરની પર્યાવરણપ્રેમી જનતાને! હજુ પણ આવો જ એક સુંદર અભિગમ અપનાવી શકાય તેમ છે અને દર વર્ષે હજારો મણ લાકડાં પૈકી વત્તાઓછા અંશે બચાવ કરી પર્યાવરણને સાચવી શકાય તેમ છે.

***નીતિન એચ. સંઘવી - ગાંધીનગર***

★

પર્યુષણ પછીના આ વરસનો સ્વામિવાત્સલ્ય તથા ક્ષમાપના મિલનનો કાર્યક્રમ ખૂબ જ રસભર રહ્યો. સૌએ આનંદથી માણ્યો અને સૌ ઈનામની રાહ જોતાં છેક સુધી હાજર રહ્યા. આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન, ધન્યવાદ.

આવા જ વિવિધતાસભર કાર્યક્રમોનું આયોજન થાય, જેમાં પ્રેક્ષકો માત્ર મૂક ન બેસી રહે પરંતુ તેઓનું પણ એમાં યોગદાન રહે અને ઊંડો રસ દાખવી હાજરી આપે તેવા પ્રોગ્રામો વર્ષમાં ત્રણથી ચાર વખત થાય એવી અપેક્ષા રાખીએ. સૌના સાથ સાથે સમાજ ઉત્તરોત્તર પ્રગતિ શિખરો સર કરે એ જ અભ્યર્થના.

***નીતિન એચ. સંઘવી - ગાંધીનગર***

★

## સ્વચ્છતા અભિયાન અને આપણે

આજકાલ સ્વચ્છતા અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. એના માટે સરકારશ્રી દ્વારા અલગ 'સેસ'ની પણ જાહેરાત કરવામાં આવી છે. ખૂબ આનંદની વાત છે. સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ શહેર, સ્વચ્છ ગામડું. પરંતુ આપણું મન છે સ્વચ્છ? સ્વચ્છતા મનથી કરવાની જરૂર છે. જો આપણે સૌ માનસિક રીતે વિચારીએ કે મારે દરેક રીતે સ્વચ્છ રહેવું છે અને દેશને સ્વચ્છ કરવો છે, પછી આવા કોઈ અભિયાનની જરૂર નહીં રહે. સ્વચ્છતા એટલે માત્ર રસ્તા, ઘરની સફાઈ એ જ સ્વચ્છતા નથી પરંતુ મનની પણ સફાઈ જ ખરા અર્થમાં સ્વચ્છતા છે.

આપણે કોઈ મંદિર કે ફાઈવ સ્ટાર હોટેલમાં જઈશું તો ત્યાં ગમે ત્યાં કચરો ફેંકશું નહીં. કારણ ત્યાંનું વાતાવરણ જ એવું હોય! તમને ગંદકી કરવાનું મન જ ન થાય. આવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. માત્ર એક વર્ષ - બે વર્ષ માટે નહીં પરંતુ કાયમ માટે સ્વચ્છતા જળવાય અને એની સાથે આપણા આરોગ્યની પણ જાળવણી થઈ શકે. બાકી ભ્રષ્ટાચાર, સ્વચ્છતાના સોગંદ તો સરકારી ચોપડે લેવામાં આવે છે. પરંતુ એ મનથી નહીં. કારણ મનમાં સ્વચ્છતાનાં બીજ રોપાયાં જ નથી. ઓનલાઈનની વાતો ભલે કરીએ પરંતુ આપણને લાઈનમાં રહેતાં આવડે છે? વ્યવસ્થામાં સહકાર આપવાને બદલે વ્યવસ્થા તોડવામાં વધારે રસ છે. કારણ લોકશાહી છે. એમાં આપણને આપણો અહંકાર પણ નડે છે.

બાકી માત્ર રાષ્ટ્રને, શહેરને નુકસાન ન થાય એવી પ્રવૃત્તિઓ ન કરવાની માનસિકતા આવી જાય પછી સ્વચ્છ ભારત સદાયે સ્વચ્છ રહેશે અને રહે એવી અપેક્ષા રાખીએ.

***નીતિન સંઘવી - ગાંધીનગર***

★

'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૬માં 'પત્રીની પરગજુ પ્રસિદ્ધ પ્રતિભા' ટોકરશી લાલજી કાપડિયા અંગે શ્રી સંજય પી. ઠાકરના લેખ અંગે મારે થોડું ધ્યાન દોરવાનું છે, જે નીચે મુજબ છે.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદના નિર્માણ વખતે શ્રી ટોકરશીભાઈ લાલજીભાઈ કાપડિયા તરફથી પણ સુંદર સહયોગ મળ્યો હતો. અમોએ એટલે કે મેં તેમજ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ જ્યારે હૈદ્રાબાદમાં તેમની મુલાકાત લીધેલ તે દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવનના નિર્માણની યોજના રજૂ કરેલ હતી. ત્યારે તે સમયે હૈદ્રાબાદના કચ્છી જૈન સમાજની વ્યક્તિઓને એકઠા કરી પાલડી ભવનના નિર્માણની યોજનામાં ફાળો આપવા સમજાવ્યા હતા. જે-તે સમયે તેમણે ભોજનની તેમજ અન્ય સુંદર વ્યવસ્થા કરી હતી.

બીજું, તા. ૬ જાન્યુઆરી, ૨૦૦૨માં અમદાવાદના શાહીબાગ ખાતેના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમના પુત્ર શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા પધાર્યા હતા. તે સમયે સાથે ગુજરાત રાજ્યના હાલના રાજ્યપ્રધાન શ્રી તારાચંદભાઈ છેડા તથા શ્રી કચ્છી જૈન સમાજના અન્ય મુરબ્બીઓ પણ હાજર હતા. આ સમયે શ્રી કચ્છી વિશ્રામ ગૃહના મુખ્ય તક્તીના નકરા સામે રૂા. ૨૧,૦૦,૦૦૦/- બાબત વધઘટ કરવાની ચર્ચા ચાલતી હતી. તેમાં શ્રી તારાચંદભાઈએ મને (મુરજીભાઈને) બોલાવી રજૂઆત કરેલ કે હૈદ્રાબાદથી પધારેલ શ્રી ધીરજલાલભાઈ ટોકરશી કાપડિયા તરફથી પૂરેપૂરો નકરો મળી શકે તેમ છે. તેમણે આ બાબત શ્રી ધીરજલાલભાઈ કાપડિયા સાથે વાત કરતાં, તેમના તરફથી પૂરેપૂરો નકરો આપવાની મંજૂરી મળી ગઈ હતી.

આમ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને શ્રી ટોકરશીભાઈ લાલજીભાઈ કાપડિયા તેમજ તેમના પુત્ર શ્રી ધીરજલાલભાઈ કાપડિયા તરફથી મળેલ અનેરું યોગદાન આ સમાજ ક્યારે પણ વીસરી શકશે નહીં.

છેલ્લે, શ્રી સંજય પી. ઠાકરનો, શ્રી ટોકરશીભાઈ લાલજીભાઈ કાપડિયા અંગેનો લેખ એક સ્મરણાંજલી બની રહેશે.

***મુરજીભાઈ એન. શાહ - મુંબઈ***

***(શ્રી મુરજીભાઈ શાહ ૧૯૭૯માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખપદે સેવાઓ આપી ચૂકેલ છે.)***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૫ને સોમવારના રોજ બપોરના ૩.૦૦થી ૫.૦૦ કલાકે અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદમાં એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ તરફથી ૭ અપંગ બહેનોને સીવણ મશીન, ૩ બહેનોને ટ્રાઈસિકલ, ૧ બહેનને ચાની કિટલી માટેની કીટ તથા ૧ બહેનને આઈસ બોક્સ એમ કુલ ૧૨ લાભાર્થી બહેનોને ઉપર મુજબની વસ્તુઓ આપવામાં આવી હતી.

ઉપર મુજબના ડોનેશનમાં નીચે જણાવ્યા મુજબની વ્યક્તિઓનો અમૂલ્ય ફાળો હતો : (૧) શ્રીમતી ભદ્રાબા વાઘેલા તરફથી ૨ સીવણ મશીન, (૨) શ્રીમતી સુલુ જલદીપ શાહ તરફથી ૧ સીવણ મશીન, (૩) શ્રીમતી સ્મિતા પંકજ ધરમશી તરફથી ૧ સીવણ મશીન, (૪) શ્રી શૈલેષ દેવજી દૌલજ (ઊંઝા) તરફથી ૧ ટ્રાઈસિકલ, (૫) શ્રીમતી શિલ્પા ભાવેશ ત્રિવેદી તરફથી ૧ ચાની કિટલી માટેની કીટ તથા શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી તરફથી ૧ આઈસ બોક્સ આપવામાં આવ્યા હતા.

કુલ ડોનેશનમાં રૂા. ૩૫,૦૦૦/-નું મુખ્ય ડોનેશન શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શ્રીમતી ચંદ્રિકા દેઢિયા, શ્રીમતી મીનાક્ષીબેન માંકડ, શ્રીમતી વીણાબેન ગાલા, શ્રીમતી સંગીતા મનીષ વીરા, શ્રીમતી નયના ગોગરી, શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ રંગવાલા, શ્રીમતી ભારતીબેન અશ્વિનભાઈ સાવલા અને શ્રીમતી નેહાબેન ખોનાએ અને ઉપરોક્ત લાભાર્થી બહેનોએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં અંધજન મંડળના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રીમતી વિમલબેન થવાનીએ અંધજન મંડળ ખાતે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો સવિસ્તાર ખ્યાલ આપ્યો હતો. એમાં ખાસ એ જણાવ્યું હતું કે બહેનો આ સંસ્થામાં ટ્રેનિંગ લઈને જાય છે પરંતુ એમની પાસે એટલી મૂડી નથી હોતી કે એ વ્યક્તિ સીવણનું મશીન લઈ શકે. તમારા આ ડોનેશનથી ૧૨ અપંગ વ્યક્તિઓ પોતાના પગભર થઈ શકશે અને સમાજમાં માનભેર જિંદગી જીવી શકશે. એ માટે શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ ઉપરાંત બીજા બધા ડોનરોનો એમણે ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન શ્રીમતી સુલુબેન જલદીપ શાહે કર્યું હતું.

***અહેવાલ : શ્રીમતી ચંદ્રિકા દેઢિયા***

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ

સમગ્ર વિશ્વ સામે હૃદયરોગની બીમારી આજે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. યુવાનો પણ એનો શિકાર બની રહ્યા છે. આવા સંજોગોમાં હૃદયરોગથી બચવા કેવી સાવધાની રાખવી જોઈએ અને શિકાર બન્યા પછી કેવી સારવાર લેવી જોઈએ તે અંગેનું વિસ્તૃત ગાઈડન્સ આપતી સાત પુસ્તિકાઓ ડૉ. રમેશ કાપડિયાએ તૈયાર કરી છે. ૫૦ વર્ષના પોતાના તબીબી અનુભવો અને ‘યુનિવર્સલ હીલિંગ’ કાર્યક્રમને કારણે તેઓ વિશ્વભરમાં પ્રતિષ્ઠા પામ્યા છે. તેમનાં આ પુસ્તકો પડતર કિંમતે પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને લેખક ડૉ. રમેશ કાપડિયાના સહયોગથી ઉપલબ્ધ છે. લગભગ ૩૦૦ રૂપિયાની કિંમત જેટલાં આ સાત પુસ્તકો કુલ માત્ર ૧૨૦ રૂપિયામાં મળે છે.

**કૉરોનરી હૃદયરોગ નિવારણ પુસ્તિકા સપ્તક**

| | | *કિંમત રૂા.* |
|---|---|---|
| ૧. | હૃદયરોગને ઓળખો અને અટકાવો | ૧૫/- |
| ૨. | હૃદયરોગમાં તનાવ અને તનાવપ્રબંધ | ૧૫/- |
| ૩. | હૃદયરોગમાં શવાસન અને ધ્યાન | ૨૦/- |
| ૪. | હૃદયરોગ અને આહાર | ૨૦/- |
| ૫. | હૃદયરોગ અને યુનિવર્સિલ હીલિંગ કાર્યક્રમ | ૧૫/- |
| ૬. | હૃદયરોગમાં વિજ્ઞાન અને અધ્યાત્મ | ૨૨/- |
| ૭. | વારંવાર પૂછાતા પ્રશ્નો | ૧૩/- |
| | *કુલ છાપેલી કિંમત* | *૧૨૦/-* |

***પરંતુ વધુ નકલો ખરીદનારને તે નીચેની યોજના મુજબ મળશે :***

૧. ૧થી ૪૯ સેટ માટે રૂા. ૧૦૦/- લેખે (રવાનગી ખર્ચ અલગ.)

૨. એક સાથે ૫૦ કે તેથી વધુ સેટ લેનારને રૂા. ૯૦/- લેખે (રવાનગી ખર્ચ અલગ.)

૩. એક સાથે ૧૦૦ કે તેથી વધુ સેટ લેનારને રૂા. ૭૦/- લેખે (રવાનગી ખર્ચ અલગ)

• **વધુ માહિતી માટે સંપર્ક :**
**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩, ૦૯૨૨૭૦૪૪૭૭૭
ઈ-મેઈલ : goorjar@yahoo.com
વૉટ્સઍપ નં. : ૯૮૭૯૫૦૦૧૮૨, ૯૮૨૫૨૬૮૭૫૯

## 'મંગલ મંદિર'ના નિયમિત લેખક ભરત પ્રા. ઠાકર 'પત્રકારિતા ગૌરવ એવોર્ડ'થી સન્માનિત થયા

ગુજરાતના પીઢ પત્રકારોની રાજ્ય સ્તરીય સંસ્થા ગુજરાત જર્નાલિસ્ટ્સ યુનિયન (અમદાવાદ)ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૫ (રવિવાર)ના અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠના અહિંસાશોધ ભવન ખાતે યોજાઈ ગઈ. તે પ્રસંગે અંજાર સ્થિત જાણીતા લેખક અને 'મંગલ મંદિર' માસિકના નિયમિત કટારલેખક ભરત'કુમાર' પ્રા. ઠાકરનું રૌપ્યચંદ્રક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રી કચ્છ પશુ-પક્ષી ગૌચર જમીન સંરક્ષણ સમિતિ

શ્રી પશુ-પક્ષી ગૌચર જમીન સંરક્ષણ સમિતિ - ભુજ, વર્ષ ૨૦૦૯થી કાર્યરત છે. આ સમિતિ કચ્છની ગૌચર જમીન, પશુઓના ચારા તેમજ પક્ષીઓના ચણ અને ચણ માટે લોખંડના મિનિ ચબૂતરા બનાવી કચ્છમાં સ્થાપિત કરવા અને પડતર જમીનને નવસાધ્ય બનાવવા માટે સહકાર આપવા અને અન્ય પ્રવૃત્તિઓ માટે કાર્યરત છે.

આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની તા. ૧૮થી ૨૦ સુધીની કચ્છની મુલાકાત દરમિયાન પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ, કચ્છના પક્ષીઓના ફોટોગ્રાફ્સ તેમજ અન્ય સામગ્રીની રજૂઆત કરવા તા. ૮-૧૨-૨૦૧૫ના ક્ષણિક મુલાકાત આપવા માટે વિનંતી કરતાં, તા. ૧૮ના મુલાકાત માટે પરવાનગી મળતાં સમિતિના માર્ગદર્શક સંસદીય સચિવશ્રી વાસણભાઈ આહીર મારફતે અપીલ સાથે ઘોરડ પક્ષીનું ચિત્ર ભેટ આપી જમીન સંરક્ષણ તેમજ ગૌચર જમીનની પરિસ્થિતિથી વાકેફ કર્યા.

## શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ - પાલિતાણા

છેલ્લાં સો વર્ષથી જૈન બાળકોને શિક્ષણ, સંસ્કાર, કેળવણી આપી તેમનું જીવન ઘડતર કરી રહેલી સંસ્થા પોતાની ગૌરવપૂર્ણ શતાબ્દી ઊજવી રહી છે. અત્યાર સુધીમાં પોતાના છાત્રાલયમાં ૪૫૦૦/-થી વધારે વિદ્યાર્થીઓ તૈયાર કરી સમાજને ચરણે ધર્યા છે. અત્યારે તે ભારતભરમાં પથરાયેલા છે.

સંસ્થા તેની ગૌરવપૂર્ણ શતાબ્દી ઊજવી રહી છે અને આ અવસરે વિવિધ કાર્યક્રમોનું આયોજન વિચારી રહી છે. આ સંસ્થામાં રહી અભ્યાસ કરી ગયેલા સર્વ પૂર્વ વિદ્યાર્થીઓને પોતાનાં નામ - સરનામા - મોબાઇલ નંબર - હાલનો વ્યવસાય અને ગુરુકુળમાં કયા વર્ષમાં હતા તે વિગત લખીને તરત સંસ્થાના સરનામે (રેલવે સ્ટેશન સામે, પાલિતાણા-૩૬૪ ૨૭૦. ફોન : ૦૨૮૪૮-૨૫૨૧૬૨) મોકલી આપવા વિનંતી છે. જેથી શતાબ્દી પ્રોગ્રામોની જાણ અને આમંત્રણ તેમને મોકલી શકાય.

## શ્રી વીસા ઓસવાળ જૈન ગુર્જર સમાજ - ભુજ

ભુજના શ્રી વીસા ઓસવાળ જૈન ગુર્જર સમાજ દ્વારા ભુજની જનતાની જાહેર સુવિધા માટે તદ્દન રાહત દરે એમ્બ્યુલન્સ અને શબવાહિનીનો લોકાર્પણ કાર્યક્રમ ભુજ સમાજના પ્રમુખ તેમજ નર્મદા નિગમના ડાયરેક્ટર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હિતેચ્છુ શ્રી મુકેશભાઈ ઝવેરીના હસ્તે કરવામાં આવ્યો હતો. શહેરની ગલીઓમાં પ્રવેશવામાં સરળતા રહે તે માટે આ વાહનોનું કદ પણ નાનું રખાયું છે.

આ પ્રસંગે વધુ માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે શ્રી ડોસાભાઈ લાલચંદ શાહ મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ - ભુજ દ્વારા ભુજની જનતાને રાહતદરે આરોગ્ય સુવિધાઓ મળી શકે તે માટે ડોસાભાઈ લાલચંદ જૈન ધર્મશાળા ખાતે ટૂંક સમયમાં મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવશે. આ સમયે ડોસાભાઈ લાલચંદ શાહની ભુજ પ્રત્યેની સેવાઓને યાદ કરતાં મુકેશભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ તેમની દૂરંદેશીની ભેટ છે.

## ભાવનગર કચ્છ સમાજ

ભાવનગર કચ્છ સમાજ દ્વારા દર વર્ષે કચ્છી કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કચ્છી કલા પ્રદર્શન તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બરના રોજ કાળીયાબીડ એન્કરવાલા સંકુલમાં આવેલ કચ્છી ભવન ખાતે યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ભાવનગરના લાડીલા સાંસદ બહેન શ્રી ભારતીબેન શિયાળના વરદ્ હસ્તે અને મુંબઈની ખ્યાતનામ અને જાણીતી અરિહંત કો.ઓ.બેંક લિ.ના ચેરમેન અને મૂળ કચ્છ જખૌના વતની એવા શ્રી મહેન્દ્રભાઈ ડી. ખોનાની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ અઢી દિવસના પ્રદર્શનમાં ભાવેણાવાસીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહ અને લાગણીપૂર્વક પ્રદર્શન નિહાળ્યું હતું અને પોતાની જરૂરિયાત મુજબની કચ્છી હસ્તકલાની વસ્તુઓ મેળવી હતી.

## એલ.ડી. ઈન્ડોલોજી દ્વારા તત્ત્વાર્થ સૂત્રની અધ્યયન શિબિર

છેલ્લાં નવ વર્ષથી તત્ત્વાર્થ સૂત્રની અધ્યયન શિબિરનું આયોજન એલ.ડી. ઈન્ડોલોજી કરી રહ્યું છે.

તત્ત્વાર્થ સૂત્રને જૈન દર્શનનો સૌથી પ્રમાણભૂત ગ્રંથ માનવામાં આવે છે. આચાર્ય ઉમાસ્વાતિ દ્વારા લખાયેલો આ ગ્રંથ ૧૦ ખંડમાં વહેંચાયેલો છે. આ ગ્રંથમાં જૈન ધર્મના ૪૫ આગમોનો સાર છે. આ શિબિરમાં ભાગ લેવા દેશ - વિદેશના શ્રાવકો જોડાય છે. આ શિબિર જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો સમજવા માટેની આધારભૂત શિબિર છે. જેમાં શ્રાવક આત્માને પરમાત્મા સાથેનું અનુસંધાન સાધ્ય કરી શકે તે માટેની શિબિર છે.

## ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગરની પારિતોષિક યોજના

વર્ષ દરમિયાન જુદી જુદી સાહિત્યની શ્રેણીનાં પ્રકાશિત થતાં પુસ્તકો પૈકીનાં શ્રેષ્ઠ પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની પારિતોષિક યોજના હેઠળ શ્રેષ્ઠ પુસ્તકોના લેખકોને પારિતોષિક આપીને સન્માનિત કરે છે. વર્ષ ૨૦૧૨ તથા ૨૦૧૩ના વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલ પુસ્તકો પૈકી નવલકથાની કેટેગરીમાં શ્રેષ્ઠ નવલકથાનું પારિતોષિક ડૉ. કેશુભાઈ દેસાઈની નવલકથા 'વ્હાઈટ હાઉસ'ને તેમજ નિબંધ - પ્રવાસ કેટેગરીની શ્રેણીના 'દીકરી સંગે દેશાટન' પુસ્તકને પણ શ્રેષ્ઠ પુસ્તકોની શ્રેણીમાં પ્રથમ પારિતોષિક તરીકે જાહેર કરેલ છે.

આ ઉપરાંત કચ્છના નિબંધ - પ્રવાસના ક્ષેત્રનું તૃતીય પારિતોષિક શ્રીમતી અરુણાબેન જાડેજા તેમજ શ્રી અમિત ગંગરને પણ શ્રેષ્ઠ પુસ્તક તરીકેના ઍવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

ડૉ. કેશુભાઈ દેસાઈ વિવિધ સંસ્થાઓ સાથે કાર્યરત છે. હાલ તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતાં 'મંગલ મંદિર' માસિકના તંત્રી મંડળમાં સહાયક તરીકેની સેવા આપી રહ્યા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કેશુભાઈને મળેલ પારિતોષિક માટે અભિનંદન પાઠવે છે.

## ગુજરાતી સાહિત્યનું અધિવેશન

ગુજરાતી સાહિત્યનું ૪૮મું અધિવેશન તા. ૨૫/૨૬/૨૭ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ મુક્તજીવન સ્વામિબાપા આર્ટસ કૉલેજ - ભુજ ખાતે આશરે ૭૦૦ જેટલા સાહિત્યકારો અને સાહિત્ય રસિકોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું.

પરંપરાગત ચાલુ વર્ષના પરિષદના પ્રમુખશ્રી ધીરુભાઈ પરીખની વિદાય અને નવા ચૂંટાયેલ પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ ટોપીવાલાનું અભિવાદન કરવામાં આવેલ. આ અધિવેશનમાં ગુજરાતી - કચ્છી સાહિત્યના વિવિધલક્ષી પાસાંઓના વિચાર વિમર્શ માટે કુલ છ બેઠકોનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બેઠકો પૈકી પાંચમી બેઠક પ્રદેશ વિશેષ અને સાહિત્ય - કચ્છના પ્રશ્નોના વિહંગાવલોકન માટે શ્રી ધીરેન્દ્ર મહેતાની અધ્યક્ષતામાં ફાળવવામાં આવેલ હતી. આ બેઠકમાં 'કચ્છનો ઇતિહાસ અને સાહિત્ય' શ્રી કીર્તિભાઈ ખત્રી, 'કચ્છીયત' — કચ્છના સર્જકોની વિશિષ્ટ ઓળખ - ડૉ. દર્શનાબેન ધોળકિયા, ગુજરાતી સાહિત્યમાં કચ્છ પ્રદેશની છબી - શ્રીમાલ સતરે અને કચ્છી - સિંધી - ગુજરાતી ભાષા સાહિત્ય - ડૉ. વિશન નાગડા જેવા સાંપ્રત વિષયોના ભૂતકાળ અને તેના ભાવિ સંકેતોથી પરિચિત કરાવતાં પેપર રજૂ થયાં હતાં.

અધિવેશનમાં હાજર રહેલ ડેલીગેટ્સ તેમજ સાહિત્ય રસિકનો કચ્છીયત અને કચ્છીની પ્રત્યાત્મક પ્રબળતાની પ્રતીતિ કરાવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં 'ધૂળનો સૂરજ' નાટકની પ્રસ્તુતિમાં માનવીની સંવેદનશીલતા - ઋજુતા પ્રેક્ષકોને સ્પર્શી ગઈ.

## 'સપ્તક'

છેલ્લાં ૩૫ વર્ષથી 'સપ્તક' દ્વારા સંગીત રસિકો માટે જાન્યુઆરી ૧લી થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

'સપ્તક'ને સતત આ સંગીતના કાર્યક્રમના આયોજન કરવા તેમજ શિસ્તબદ્ધ શ્રોતાઓની સતત ૧૩ દિવસની એકધારી ઉપસ્થિતિ માટે 'લિમ્કા' તેમજ ગિનીસ બુકમાં રેકોર્ડ સ્થાપિત થયાની નોંધ લેવાઈ છે.

આ વર્ષ એટલે કે છત્રીસમા વર્ષના સમારોહમાં દેશ વિદેશના ખ્યાતનામ ૧૨૫ કરતાં પણ વધુ કલાકારોની પ્રસ્તુતિના માધ્યમ દ્વારા નવા વર્ષમાં સકારાત્મક ઊર્જા પ્રાપ્ત કરવાની શિબિર એટલે "સપ્તક."

## જ્ઞાનપીઠ પુરસ્કાર

### ભારતીય સાહિત્યનો નોબલ પુરસ્કાર સમાન જ્ઞાનપીઠ પુરસ્કાર

મૂર્ધન્ય ગુજરાતી સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરીને ગુજરાતી સાહિત્યમાં આપેલ અમૂલ્ય પ્રદાન બદલ ભારતીય સાહિત્યના સર્વોચ્ચ જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

આ સન્માનિત જ્ઞાનપીઠ ઍવોર્ડ ગુજરાતમાંથી અગાઉ ત્રણ સર્જકોને ફાળવાયેલ છે : પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોષી અને રાજેન્દ્ર શાહ (ત્રણેય દિવંગત). ■

*"જો દુનિયામાંથી ઈશ્વર અને ધર્મ આ બે મહાભયાનક અનિષ્ટ માન્યતાઓ દૂર થાય તો સ્વર્ગનું સુખ મનુષ્યો માટે હાથવેંતમાં જ રહેલું છે. પછી ધાર્મિક રમખાણો તો શું, ધર્મના નામે લડાતાં યુદ્ધો પણ ન થાય. તદુપરાંત માનવજાતની લખલૂટ સંપત્તિ જે આજે ધર્મ અને ઈશ્વરનાં વિરાટ ધર્મસ્થાનો પાછળ વેડફાઈ રહી છે તે બચી જતાં માણસમાત્રને બે ટંક પેટ ભરીને ભોજન તો મળે જ, ઉપરાંત સામાન્ય સુખ સગવડનાં અદ્યતન સાધનો સમગ્ર માનવજાત આસાનીથી ભોગવી શકે.*

*આસ્તિકો એમની પોતાની જ મૂર્ખતાને કારણે અકારણ દુઃખી થાય છે"*

*— બર્ટ્રાન્ડ રસેલ*

*(ગુ.અનુ. (સ્વ.) રમણ પાઠક)*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

★ ગુજરાતમાં ૧૦૦ પશુઓ દીઠ ૪૦ એકર ગૌચર હોવું જોઈએ એવો સરકારી નિયમ છે, છતાં રાજ્યનાં ૨૬૧૫ ગામોમાં એક ઈંચ પણ ગૌચર નથી. ***(લોકસ્વરાજ, નવેમ્બર ૨૦૧૫)***

★ અમદાવાદ જિલ્લામાં થયેલા કમોસમી વરસાદમાં ખેડૂતોને વળતર આપવાની મંજૂરી મળેલી છે. લગભગ ૭૧ હજાર અરજીઓ છ માસથી પડેલી છે. એકપણ ખેડૂતને આજ દિન સુધી વળતર મળેલ નથી. ***(લોક સ્વરાજ, નવેમ્બર ૨૦૧૫)***

★ ગુજરાત સરકારના દાવા મુજબ ગુજરાત રાજ્ય વીજળી ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ છે પરંતુ રાજ્યની ચાર લાખ આડત્રીસ હજારથી વધુ ખેડૂતોની અરજીઓ પડતર છે જેમને વીજ જોડાણ મળેલ નથી. ***(લોક સ્વરાજ, નવેમ્બર ૨૦૧૫)***

★ ગુજરાત રાજ્યની ખેતીની જમીનમાં ૩,૭૦,૭૯૮ હેક્ટર જમીનનો ઘટાડો થયો છે. ***(લોકસમાજ, નવેમ્બર ૨૦૧૫)***

★ અમેરિકાના 'ગાર્ડિયન' અખબારના જણાવ્યા મુજબ અમેરિકામાં વર્ષ ૨૦૧૫ ના ૨૭૪ દિવસમાં સ્કૂલ-કોલેજમાં ગોળીબારના ૨૯૪ બનાવો બન્યા હતા. આખા દેશમાં ગોળીબારની કુલ ઘટનાઓ ૩૯૫૩૦ જેટલી હતી, જેમાં ૯૯૫૭ લોકો માર્યા ગયા અને ૨૦૨૬૯ લોકો ઘાયલ થયા. જેમાં ૧૧ વર્ષથી નીચેનાં બાળકોની સંખ્યા ૫૫૧ જેટલી છે. ***(ભૂમિપત્ર, તા. ૧૬-૧૧-૧૫)***

★ સેન્ટર ફોર સાયન્સ એન્ડ ઍન્વાયરમેન્ટ (CSE) એ વર્ષ ૧૯૯૬માં પ્રકાશિત કરેલ પુસ્તકમાં જણાવેલ છે કે આજે વિશ્વમાં હવાના પ્રદૂષણના કારણે દર વર્ષે ૩૦ લાખ લોકો મૃત્યુ પામે છે અને આમ જ ચાલશે તો વર્ષ ૨૦૫૦ માં દર વર્ષે ૬૬ લાખ લોકો હવાના પ્રદૂષણના કારણે મૃત્યુ પામશે. ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૧૧-૧૫)***

★ નાસિકનાં કુંભમેળામાં ગોલ્ડનપુરી બાબા નામના એક સાધુ પોતાના શરીર પર ૧૧ કિલો સોનું પહેરે છે અને હીરાજડિત અને સુવર્ણ જડિત રોલેક્સની ૨૭ લાખ રૂ. વાળી ઘડિયાળ પણ પહેરે છે. અને ત્રણ પહેલવાનો બાબાજીના બોડીગાર્ડ તરીકે બાબાનું ધ્યાન રાખે છે. ***(વિવેકપંથી, નવેમ્બર ૨૦૧૫)***

★ વર્ષો પહેલાં સમુદ્રમાં ડૂબી ગયેલી ટાઈટેનિક સ્ટીમરના મુસાફરો માટેના છેલ્લા જમણનું મેનુ રૂ. ૪૫ લાખમાં વેચાયું. ***(વિવેકપંથી, નવેમ્બર ૨૦૧૫)***

★ રામાયણમાં જે શૂર્પણખાના નાક-કાન લક્ષ્મણે કાપી નાખ્યાં હતાં તે શૂર્પણખાનો પુત્ર દાનવ ચંદ્રસેન પૂણેના કહાડ પાસેના વસંતગઢ ખાતેના તેના નામના મંદિરમાં પૂજાય છે. ***(વિવેકપંથી, નવેમ્બર ૨૦૧૫)***

★ અમેરિકામાં યુરોપથી આવી વસેલા ગોરા લોકોએ ઈ.સ. ૧૪૯૫ થી ઈ.સ. ૧૯૦૦ સુધીમાં લગભગ ચૌદ કરોડ રેડ ઈન્ડિયનોને મારી નાખ્યા. ***(નિરીક્ષક, તા. ૧-૧૧-૧૫)***

★ વર્ષ ૨૦૧૫ માં અત્યાર સુધીમાં અમેરિકામાં આર્મીમાં ૨૨ સોલ્જરોએ લડ્યા વગર એમને એમ બેસી રહેવું પડે છે તેનાથી કંટાળીને આપઘાત કરેલ છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૨૯-૧૧-૧૫)***

★ ઉત્તર પ્રદેશમાં તા. ૧૬-૯-૧૫ ના પ્યુન એટલે કે પટ્ટાવાળાની ૩૬૮ જગ્યા માટે ત્રેવીસ લાખ અરજીઓ આવી! જેમાં ૨૫૫ તો પીએચ.ડી. હતા અને લગભગ બે લાખ ગ્રેજ્યુએટોએ પણ અરજી કરેલી. ***(સાધના ૨૮-૧૧-૧૫)***

★ મુસ્લિમ મહિલાઓના બુરખા પહેરવા પર સ્વિત્ઝરલેન્ડના ટિસિનો પ્રાંતમાં પ્રતિબંધ લગાડવામાં આવ્યો છે. કોઈ મહિલા બુરખો પહેરીને પકડાશે તેને રૂ. ૬૫૦૦૦ નો દંડ કરવાનો કાયદો કરવામાં આવ્યો છે. ***(સાધના તા. ૫-૧૨-૧૫)***

★ ચીનની સૌથી મોટી કંપની 'અલીબાબા' એ આ વર્ષના સિંગલ ડે સેલમાં એક દિવસમાં ૪૨૫ અબજ રૂ. ની વસ્તુઓ વેચી હતી. ***(સાધના, તા. ૫-૧૨-૧૫)***

★ તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલ ભારત આફ્રિકા શિખર સંમેલનમાં ૫૪ દેશના પ્રતિનિધિઓ હતા. તેમાં સ્વાઝીલેન્ડ નામના ગરીબ દેશના અમીર રાજા ૧૫ રાણીઓ અને ૩૦ સંતાનો તથા ૧૦૦ નોકરોના કાફલા સાથે આવ્યા હતા. તેમના માટે દિલ્હીની એક હોટેલના ૨૦૦ રૂમ બુક કરાવવામાં આવ્યા હતા, જેનું ભાડું એક દિવસના રૂ. દોઢ લાખ હતું. આ બધા રૂમો છ દિવસ માટે બુક થયા હતા. અગત્યના સમાચાર — આ તમામ ખર્ચ ભારત સરકારે ભોગવ્યો. ***(નયામાર્ગ તા. ૧-૧૨-૧૫)***

★ ફ્રાન્સના માર્સેલ નામના શહેરની પબ્લિક લાઈબ્રેરી ૫૫૦૦૦ એકરમાં પથરાયેલી છે અને એમાં પુસ્તકોનાં પાંચ બિલ્ડિંગ છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૧૦-૧૨-૧૫)***

★ બીબીસી ન્યુઝ દ્વારા સમાચાર છે કે મહંમદ બૈલો અબુબકર નામનો નાઈજિરિયાનો એક મૌલવી જે ૮૪ વર્ષનો છે, તે અત્યાર સુધીમાં ૮૬ નિકાહ પઢી ચૂક્યો છે અને તેને ૧૭૦ બાળકો છે. મૌલવી કહે છે મહિલાઓ પોતેજ રાજીખુશીથી તેની પત્ની બનવા આવે છે અને મૌલવી

તેને સ્વીકારી લે છે! (આ પ્રક્રિયા હજી ચાલુ જ છે એટલે હજુ વધુ પત્નીઓ અને સંતાનો થવાની સંભાવના છે.)

***(સાધના તા. ૧૨-૧૨-૧૫)***

★ નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના વર્ષ ૨૦૧૪ ના આંકડા મુજબ દેશમાં થતી કુલ આત્મહત્યાઓમાં ખેડૂતોનું પ્રમાણ ૪.૩% છે જ્યારે ગૃહિણીઓનું પ્રમાણ ૧૫.૩% છે. ૨૦૧૪ માં ૫૬૫૦ ખેડૂતોએ આત્મહત્યા કરી. તેની સામે આત્મહત્યા કરનાર ગૃહિણીઓની સંખ્યા ૨૦૪૧૨ છે.

***(દિવ્ય ભાસ્કર, તા. ૧૬-૧૨-૧૫)***

*(આ સરકારી આંકડા છે, ખરેખરી સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે.)*

★ ઉત્તરપ્રદેશના ઓરૈયા નામના ગામની કન્યા ખુશબૂના લગ્ન ઓમવીર નામના યુવાન સાથે નક્કી થયા. કન્યાને કહેવામાં આવેલું કે ઓમવીર ગ્રેજ્યુએટ છે. લગ્ન મંડપમાં બેઠા પછી કન્યાને વરની કસોટી કરવાનો વિચાર આવ્યો. તેણે થોડા સિક્કા વરને આપ્યા અને તેનો સરવાળો કરવાનું જણાવ્યું. સ્માર્ટ ફોન આપીને તે વાપરવાનું જણાવ્યું. વર બન્ને કામમાં ફેઈલ થયો. વરની બૌદ્ધિક ક્ષમતા બરાબર ન લાગતાં કન્યાએ તેને પરણવાની ના પાડી દીધી અને વર લીલા તોરણે પાછો વળી ગયો.

***(સાધના, તા. ૧૯-૧૨-૧૫)***

★ વર્ષ ૨૦૧૪ ના માત્ર એકજ નવેમ્બર મહિનામાં જગતના ૧૪ દેશોમાં બધા મળીને ૬૬૪ ધાર્મિક હિંસાના બનાવો બન્યા. એમાં ૫૦૪૨ લોકો માર્યા ગયા. વર્ષ ૧૯૮૪ થી આજ સુધીમાં એકલા સુદાનમાં મુસ્લિમ હત્યારાઓએ આશરે પંદર લાખ ખ્રિસ્તીઓની હત્યા કરી છે

***(નિરીક્ષક, તા. ૧૬-૧૨-૧૫)***

★ થાઈલેન્ડના ૨૭ વર્ષના એક યુવાને ૬-૧૨-૨૦૧૫ ના રોજ ફેસબુક પર એક રાજા અને તેના કૂતરાનો ફોટો પોસ્ટ કર્યો અને ટીખળવાળી કોમેન્ટ કરી. રાજાના કૂતરાનું અપમાન કરવા બદલ એની સામે રાજદ્રોહનો કેસ કરવામાં આવેલ છે. થાઈલેન્ડના કાયદા મુજબ રાજદ્રોહની સજા ૩૭ વર્ષની જેલ છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૨૩-૧૨-૧૫)***

★ ચીનના ઝુજિયાંગ પ્રાંતના ઝિસિકિયાઉ નામનો ગામ સાપની વસતિથી બદબદે છે. ત્યાં એક માણસદીઠ આઠ હજાર પાંચસો સાપની વસતિ છે. ગામનું નીકનેમ જ 'સ્નેક વિલેજ' છે! ***(ચિત્રલેખા, તા. ૪-૧-૧૬)***

★ સીરિયાની ISIS એ પૈસા માટે ૭૦૦૦ જેટલી મહિલાઓ અને બાળકીઓને સોશિયલ મિડિયા પર વેચાણ માટે મૂકેલ છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૩૧-૧૨-૧૫)***

★ સીરિયાના ISIS સંગઠને સીરિયા તથા ઈરાકનાં તમામ વિકલાંગ બાળકોની હત્યા કરવાનો ફતવો જાહેર કર્યો છે, કારણકે આવાં તમામ બાળકોને તે બોજ માને છે. અત્યાર સુધીમાં ૩૮ જેટલા વિકલાંગ બાળકોને ઝેરનાં ઈન્જેક્શન તથા ગળું દબાવીને મારી નાખેલ છે. આ તમામ બાળકોની ઉંમર એક અઠવાડિયાથી ત્રણ મહિના વચ્ચે હતી. ***(સાધના, તા. ૨૬-૧૨-૧૫)***

★ ચીનમાં વાયુ પ્રદૂષણની સમસ્યાના ઉકેલરૂપે કેનેડાની એક કંપની બેન્ફ એન્ડ લેક લૂઈસ દ્વારા વાઈટાલિટી ઍર બ્રાન્ડની ફ્રેશ માઉન્ટેન ઍર બોટલમાં વેચવામાં આવે છે. આ 'પ્રીમિયમ ઑક્સિજન' હવાના બોટલની કિંમત ૨૭.૯૯ ડોલર (આશરે ૧૮૦૦ રૂ.) રાખવામાં આવેલ છે. ***(સાધના, તા. ૨૬-૧૨-૧૫)***

★ નાઈજિરિયાના ઉત્તરમાં આવેલા જિરિયા નામના શહેરમાં નાઈજિરિયન સેના દ્વારા કરવામાં આવેલ હુમલામાં ૩૦૦ શિયા મુસ્લિમોની હત્યા કરી તેમની સામૂહિક દફનવિધિ કરી નાખી. ***(સાધના, તા. ૨-૧-૧૬)***

★ કચ્છના માંડવીથી ૨૪ કિ.મી.ના અંતરે અબડાસા હાઈવે પર આવેલા જનકપુર ગામમાં લોકો માત્ર ગાય પાળે છે. ત્યાં કોઈને ભેંસ પાળવા પર પ્રતિબંધ છે.

***(સાધના, તા. ૨-૧-૧૬)***

★ ઉઝબેકિસ્તાનની ૯૮% વસતિ મુસ્લિમ છે. ત્યાંની સરકારે ૧૮ વર્ષથી નીચેની ઉંમરના કિશોર પર નમાઝ પઢવા પર પ્રતિબંધ લગાવ્યો છે. છતાં કોઈ ૧૮ વર્ષથી નીચેનો નમાઝ પઢે તો તેને ૭૫૦ ડોલર દંડ કરવામાં આવે છે. ઈદને દિવસે રજા પાળવામાં આવતી નથી, તમામ શિક્ષણ સંસ્થાઓ ઈદને દિવસે ફરજિયાત ખુલ્લી રાખવી પડે છે.

***(સાધના, તા. ૨-૧-૧૬)***

★ મેક્સિકોમાં ડ્રગ તસ્કરો સામે ચાલી રહેલા અભિયાન ચુંટાયેલા પ્રતિનિધિઓ માટે ખતરનાક બની ગયો છે. છેલ્લાં થોડાં વર્ષોમાં ડ્રગ તસ્કરોએ ત્યાંના ૧૦૦ મેયરોની હત્યા કરી છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૧૦-૧-૧૬)***

***બ્રિટનના રૂઢિચુસ્ત પક્ષના એક ધારાસભ્ય અને રોડો કેબિનેટના સભ્યએ સભામાં મજાક કરતાં જણાવ્યું કે "પાકીઓ મારા દેશમાં પેનીના દસ મળે છે" ('પાકીઓ' શબ્દ દક્ષિણ એશિયાના દેશોમાંથી આવેલા લોકો માટે વપરાતો તુચ્છકારવાચક શબ્દ છે.)***

***આ વંશદ્વેષી મજાક સામે તરત જ હોબાળો થયો, વક્તાએ તુરત માફી માગી. પણ વાત એટલેથી જ અટકી નહીં. બનાવ બન્યાના અઢાર જ કલાકમાં (રીપીટ, માત્ર અઢાર જ કલાકમાં) રૂઢિચુસ્ત પક્ષના નેતાએ મજાક કરનાર ધારાસભ્યને રોડો કેબિનેટમાંથી તગેડી મૂક્યા અને જાહેર કર્યું કે "મારે બ્રિટનની પ્રજાને મારા પક્ષ વિશે ખાતરી આપવી છે કે અમે અસહિષ્ણુતા પ્રત્યે અસહિષ્ણુ છીએ. આવી સ્ટુપિડ જોક માટે કેવળ ક્ષમાયાચના ન ચાલે."***

***('નિરીક્ષક' તા. ૧-૧-૧૬ માંથી)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## NanoNine™ શબ્દ રમત-૧૧૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ | | ૭ | |
| ૮ | | | ૯ | | | | | | | | |
| | | ૧૦ | | | | | ૧૧ | | ૧૨ | | |
| ૧૩ | | | | ૧૪ | | ૧૫ | | | | | ૧૬ |
| | | ૧૭ | | | | | | | | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | | | | ૨૧ | | ૨૨ |
| | | | ૨૩ | | | | | | ૨૪ | | |
| | | ૨૫ | | | ૨૬ | | ૨૭ | ૨૮ | | | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | ૩૨ | | ૩૩ | | | | | |
| | ૩૪ | | | | | | | | | | ૩૫ |
| ૩૬ | | | ૩૭ | | ૩૮ | | | ૩૯ | ૪૦ | ૪૧ | |
| ૪૨ | | | | | | | ૪૩ | | ૪૪ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૯-૨-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. સુંદર હાસ્યવાળી સ્ત્રી (૪)
૪. બટન બીડવાનું નાકું (૨)
૬. બનાવી કે છેતરી છટકી જવું (૪)
૮. અનાજનો બારીક ભૂકો (૨)
૯. રોજનો હિસાબ લખવાનો ચોપડો (૪)
૧૦. પગલું પારખી ચોરની ભાળ કાઢનાર (૨)
૧૧. સાથે વસવું તે, સોબત, સંબંધ (૪)
૧૩. કંગાળ, દેવાળિયું (૩)
૧૫. તલવાર, ખડગ (૪)
૧૬. સાવ અજ્ઞાન, ઠોઠ માણસ (૧)
૧૭. પહેરવેશ, લેબાસ (૩)
૧૯. ઝડપ, વેગ, જોરમાં કરેલો પ્રહાર (૩)
૨૦. દેવાલય, દેવસ્થાન (૩)
૨૧. અંત, છેલ્લું (૩)
૨૩. ધીમું, ધીરું, થોડું (૨)
૨૪. જીવડા કે કીડાનો સમૂહ (૩)
૨૫. ફેણવાળો સાપ (૨)
૨૬. માતા, જનની (૧)
૨૭. કારાવાસ, કેદ (૨)
૨૯. હાથી, માતંગ (૨)
૩૧. પગથી મારવું તે, પાટું (૨)
૩૩. આઠ દિવસનો ગાળો (૫)
૩૪. પાણીમાં ચાલનારું (૪)
૩૭. ધૂળનો કણ (૪)
૩૯. ભમરો, મધમાખી (૪)
૪૨. ચાલ ચલગત, વર્તણૂક, ચારિત્ર્ય (૪)
૪૩. નકાર, નિષેધ (૧)
૪૪. ભાષાના વર્ણો લખવાની રીત (૨)

### ઊભી ચાવીઓ

૧. સુંદર આંખોવાળી સ્ત્રી (૪)
૨. દુકાન, ગુજરી, બજાર (૨)
૩. સ્વસ્થ, તંદુરસ્ત (૩)
૪. ગામનો મુખ્ય માણસ, મુખી (૩)
૫. પાણી, નીર (૨)
૬. દુર્દશા, ખરાબી, પાયમાલી (૫)
૭. અંધારું, ગરમ મિજાજ (૩)
૧૦. હવાથી પ્રવાહીમાં થતો ફુક્કો, બુદબુદ (૪)
૧૧. સરોવર, જિતાયેલું, એક ઈલકાબ (૨)
૧૨. એક કઠોળ (૨)
૧૪. સંશયગ્રસ્ત, શકવાળું (૪)
૧૫. પક્ષીઓનો મધુર અવાજ (૪)
૧૮. પંદર દિવસનો સમય (૫)
૧૯. ખૂબ તેજ મારતું હોય તેમ (૪)
૨૦. ધીમું, ધીરું (૨)
૨૧. માની મા, રાજકોટ પાસે આવેલો ડૅમ (૨)
૨૨. લીન, મગ્ન, આસક્ત (૨)
૨૩. કોઈ કામના આરંભે થતી સ્તુતિ (૬)
૨૭. વરનો મોટો ભાઈ, જયેષ્ઠ (૨)
૨૮. 'મંગલ મંદિર'નું વાર્ષિક ________ રૂા. ૧૫૦/- છે. (૪)
૩૦. ન્યાયાધીશ (અં.) (૨)
૩૨. તર્જ, ગાવાની ઢબ (૩)
૩૩. પોસના ડોડામાંથી નીકળતો માદક રસ (૩)
૩૫. નારી, સ્ત્રી, પાણી (૨)
૩૬. ફોઈનો પતિ (૨)
૩૭. રેતીનું મેદાન, લડાઈનું મેદાન (૨)
૩૮. કુંવારી છોકરી, એક રાશિ, પુત્રી (૨)
૪૦. ધૂળ (જોડણી છુટ) (૨)
૪૧. વાંદરો (૨)

*નિષ્ફળતાઓની ચિંતા કરશો નહીં. તેઓ તદ્દન સ્વાભાવિક છે, જીવનમાં સૌંદર્યરૂપ છે. એમના વગરનું જીવન કેવું હોય? જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. એમના વિના જીવનનું કાવ્ય પણ ક્યાં હોય? સંઘર્ષોની, ભૂલોની પરવા કરશો નહીં. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી, પણ એ તો ગાયની કોટિ થઈ, માણસની નહીં. એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની, પરવા કરશો નહીં. તમારા આદર્શને હજારવાર ઊંચો ધરી રાખો અને જો હજારવાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખશો.*

**– સ્વામી વિવેકાનંદ**

*સૌજન્ય : 'શક્તિદાયી વિચાર'*

## NanoNine™ શબ્દ રમત-૧૧૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખો | જ | | આ | વા | ગ | મ | ન | | ક | ફ |
| તા | | મ | રી | | મ | | ન | | આ | | કી |
| ત | મ | | સ | હ | ન | | વા | ર | સ | દા | ર |
| | હ | ઠ | | ક | | મી | ર | | ન | ખ | |
| અં | ત | રી | ક્ષ | | જા | લ | | તા | | લો | હ |
| ગ | | ઠા | | ના | મ | | આ | લ | મ | | ર |
| ભૂ | | મ | ર | દ | | શ | શ | | લ | | ફ |
| ત | મા | | વિ | | દા | બ | | ક | મ | જો | ર |
| | લ | તા | | વી | સ | | કા | | લ | બ | |
| અ | તી | ત | | ન | | અ | જી | વ | | ન | ખી |
| ખા | | | | રા | | જ | | ન | ટ | | ર |
| ડો | ળો | | અ | ગ | ર | બ | ત્તી | | ન | મે | |

*માસ ડિસેમ્બર-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સ્મિતા શાહ - અમદાવાદ
૨. વર્ષા પારેખ - અમદાવાદ
૩. ચંદ્રા શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૪. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૫. અલકા શાહ - અમદાવાદ
૬. ગીતા મહેતા - અમદાવાદ
૭. સરલા શાહ - અમદાવાદ
૮. નવલ શાહ - અમદાવાદ
૯. નરેન્દ્ર સંઘવી - અમદાવાદ
૧૦. અરુણ મહેતા - અમદાવાદ
૧૧. મણિબેન મોમાયા - અમદાવાદ
૧૨. શાંતિભાઈ શાહ - અમદાવાદ
૧૩. જ્યોતિબેન શાહ - અમદાવાદ
૧૪. ચંદ્રા શાહ - ભટ્ટા, અમદાવાદ
૧૫. પ્રતિમા શાહ - અમદાવાદ
૧૬. ભાનુબેન શાહ - અમદાવાદ
૧૭. દીપા પરીખ - અમદાવાદ
૧૮. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૯. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૨૦. હર્ષા મહેતા - અમદાવાદ
૨૧. મુકુંદ મહેતા - આદિપુર, કચ્છ
૨૨. હસમુખ દેઢિયા - અડાલજ
૨૩. નવીનચંદ્ર લાલકા - ગદગ
૨૪. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨૫. હંસા સાલિયા - થાણા
૨૬. મુકેશ મહેતા - ગાંધીધામ, કચ્છ
૨૭. નગીન શાહ - નાગપુર
૨૮. જશવંત કોઠારી - અમદાવાદ
૨૯. સરોજ ચંદુરા - સુરત
૩૦. સરોજ શાહ - અગાસ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. હંસા ભૂપેન્દ્ર સાલિયા - થાણા
૨. નગીન હંસરાજ શાહ - નાગપુર
૩. હર્ષા જયેશ મહેતા - અમદાવાદ

## સાન ફ્રાન્સિસ્કોમાં બોટલનું પાણી બંધ

અમેરિકાનું સાન ફ્રાન્સિસ્કો એકમાત્ર એવું શહેર બની ગયું છે જ્યાં જાહેરસ્થળો પર બંધ બોટલનું પાણી ખરીદવું અને વેચવું હવે ગુનો છે. અહીંના સ્થાનિક પ્રશાસને વધુમાં વધુ લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે અને પાણીનો થતો બગાડ રોકવા માટે આ કાયદો બનાવ્યો છે. આનો એક મહત્ત્વનો ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા કરવાનો છે. આ કાયદાને ત્યાં ૧૧.૦ ના મતથી પસાર કરવામાં આવ્યો. દુનિયામાં મોટી માત્રામાં પ્લાસ્ટિકની બોટલો રસ્તાઓ કે ખાલી મેદાનોમાં ફેંકવામાં આવે છે, જેનાથી ગંદકી થાય છે, બીમારીઓ ફેલાય છે. ફક્ત સાન ફ્રાન્સિસ્કોમાં જ વર્ષમાં એકથી દોઢ કરોડ પ્લાસ્ટિકની બોટલો એકઠી કરવામાં આવે છે.

પર્યાવરણને તંદુરસ્ત બનાવવા માટે આ પગલું ભરનાર સાન ફ્રાન્સિસ્કો દુનિયાનું પ્રથમ શહેર છે. વર્ષ ૨૦૨૦ સુધી અહીં 'ઝીરો વેસ્ટ' નું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. પ્રશાસનના બોર્ડ ઓફ સુપરવાઈઝરે એક પ્રસ્તાવમાં કહ્યું છે કે તેઓ આને આખા દેશમાં લાગુ કરવાની કોશિષ કરશે. અહીં વર્ષ ૨૦૦૭ માં એક એવો કાયદો પસાર કર્યો હતો, જેને હવે સ્થાયી રૂપ આપવામાં આવ્યું છે. જો કે મેરેથોન, અન્ય રમત પ્રવૃત્તિઓમાં તથા હવાઈમથક પર આ કાયદો લાગુ નહીં પડે. કોકા-કોલા અને પેપ્સીકો જેવી કંપનીઓએ આ કાયદાનો વિરોધ કર્યો, પરંતુ તેમની દલીલો રદબાતલ કરવામાં આવી.

***('ગોરક્ષાપાત્ર' માંથી)***
***સૌજન્ય : 'પ્રબુદ્ધજીવન'***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## NanoNine™ Sudoku

**શરતો :** (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

ડિસેમ્બર-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૮ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ

૧. ઉષ્મા શાહ - અમદાવાદ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. ચંદ્રા શાહ - અમદાવાદ
૪. ગીતા મહેતા - અમદાવાદ
૫. શાંતિલાલ શાહ - અમદાવાદ
૬. પ્રતિમા શાહ - અમદાવાદ
૭. અવંતી દંડ - અમદાવાદ
૮. નયન મોમાયા - અમદાવાદ
૯. દીપા પરીખ - અમદાવાદ
૧૦. ઝરણા પારેખ - અમદાવાદ
૧૧. નિમિષ વોરા - અમદાવાદ
૧૨. મુકુંદ શાહ - અમદાવાદ
૧૩. પ્રભા શેઠિયા - વલસાડ
૧૪. હર્ષદ ગાંધી - બેંગ્લોર
૧૫. મૂલકુમારી લાલકા - ગદગ
૧૬. સોનલ શાહ - નાગપુર
૧૭. હેમલતા દેઢિયા - અડાલજ
૧૮. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ

ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.

**વિજેતાઓ :**

૧. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ
૨. ઝરણા પારેખ - અમદાવાદ
૩. નયના મોમાયા - અમદાવાદ

*સૌથી મોટું નુકસાન શું છે? અવસર ચૂકી જવો તે.*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૭૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૯-૨-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૭૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | 5 | 7 | | | 9 | |
| | 9 | 5 | 4 | | | | | 1 |
| 6 | | | | | | | | |
| 5 | 7 | | 8 | | | 9 | | |
| | 1 | | | 3 | | | 2 | |
| | | 4 | | | 1 | | 5 | 6 |
| | | | | | | | | 2 |
| 1 | | | | | 8 | 3 | 4 | |
| | 3 | | | 5 | 4 | | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | 6 | | 1 | | 8 |
| 1 | | 6 | | 9 | | | 3 | |
| | 8 | | | | 4 | | | 2 |
| | 6 | 2 | | | 1 | | | 9 |
| | 5 | | 6 | | 8 | | 4 | |
| 8 | | | 3 | | | 7 | 6 | |
| 9 | | | 7 | | | | 1 | |
| | 7 | | | 8 | | 9 | | 3 |
| 6 | | 5 | | 1 | | 8 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 7 | 6 | | 2 | | 3 |
| | 6 | 2 | 3 | | | | 9 | |
| 3 | | 7 | | | 9 | | | 8 |
| | | | | 9 | | 8 | 4 | |
| | 9 | | 8 | | 2 | | 1 | |
| | 8 | 1 | | 7 | | | | |
| 1 | | | 6 | | | 9 | | 2 |
| | 3 | | | | 4 | 5 | 7 | |
| 2 | | 8 | | 1 | 7 | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 6 | | | | 8 | 5 |
| | | 6 | | 7 | | | 9 | 2 |
| 8 | 5 | | | 1 | | | | |
| | | 3 | 8 | | 1 | | | 7 |
| | 6 | 8 | | | | 9 | 4 | |
| 5 | | | 4 | | 7 | 8 | | |
| | | | | 3 | | | 1 | 8 |
| 6 | 8 | | | 5 | | 7 | | |
| 3 | 1 | | | | | 5 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૬૯**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 3 | 6 | 7 | 5 | 2 | 4 | 8 |
| 7 | 2 | 8 | 3 | 4 | 1 | 6 | 9 | 5 |
| 4 | 5 | 6 | 9 | 8 | 2 | 3 | 7 | 1 |
| 6 | 3 | 1 | 4 | 2 | 7 | 8 | 5 | 9 |
| 8 | 7 | 2 | 5 | 9 | 6 | 1 | 3 | 4 |
| 9 | 4 | 5 | 1 | 3 | 8 | 7 | 2 | 6 |
| 2 | 8 | 9 | 7 | 1 | 4 | 5 | 6 | 3 |
| 5 | 1 | 4 | 2 | 6 | 3 | 9 | 8 | 7 |
| 3 | 6 | 7 | 8 | 5 | 9 | 4 | 1 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 1 | 9 | 4 | 6 | 8 | 5 | 2 | 3 |
| 2 | 3 | 4 | 1 | 7 | 5 | 8 | 9 | 6 |
| 8 | 5 | 6 | 9 | 3 | 2 | 4 | 7 | 1 |
| 1 | 9 | 7 | 5 | 2 | 3 | 6 | 8 | 4 |
| 5 | 4 | 8 | 7 | 1 | 6 | 2 | 3 | 9 |
| 3 | 6 | 2 | 8 | 4 | 9 | 7 | 1 | 5 |
| 4 | 2 | 1 | 3 | 5 | 7 | 9 | 6 | 8 |
| 6 | 8 | 3 | 2 | 9 | 4 | 1 | 5 | 7 |
| 9 | 7 | 5 | 6 | 8 | 1 | 3 | 4 | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 8 | 5 | 2 | 4 | 9 | 7 | 3 |
| 3 | 4 | 2 | 1 | 9 | 7 | 5 | 6 | 8 |
| 5 | 7 | 9 | 8 | 3 | 6 | 2 | 4 | 1 |
| 6 | 9 | 3 | 4 | 1 | 8 | 7 | 5 | 2 |
| 7 | 1 | 4 | 3 | 5 | 2 | 6 | 8 | 9 |
| 8 | 2 | 5 | 6 | 7 | 9 | 1 | 3 | 4 |
| 4 | 5 | 6 | 9 | 8 | 1 | 3 | 2 | 7 |
| 2 | 8 | 1 | 7 | 6 | 3 | 4 | 9 | 5 |
| 9 | 3 | 7 | 2 | 4 | 5 | 8 | 1 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 1 | 3 | 5 | 9 | 2 | 7 | 4 |
| 3 | 4 | 5 | 1 | 2 | 7 | 9 | 8 | 6 |
| 2 | 9 | 7 | 8 | 6 | 4 | 1 | 5 | 3 |
| 1 | 8 | 6 | 2 | 4 | 3 | 5 | 9 | 7 |
| 9 | 3 | 2 | 5 | 7 | 8 | 6 | 4 | 1 |
| 5 | 7 | 4 | 6 | 9 | 1 | 8 | 3 | 2 |
| 6 | 5 | 3 | 7 | 8 | 2 | 4 | 1 | 9 |
| 7 | 2 | 9 | 4 | 1 | 5 | 3 | 6 | 8 |
| 4 | 1 | 8 | 9 | 3 | 6 | 7 | 2 | 5 |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ 'ધ પર્લ કતર' એ દુનિયાનું સૌથી મોટું આર્ટિફિશિયલ આઈલેન્ડ છે જેમાં ૪૫,૦૦૦ લોકો એક સાથે એકત્રીસ એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં રહેશે.

★ ઈન્ટરનેટની દુનિયામાં સૌથી મોટી કંપની તરીકે ગણાતી ગુગલ કંપનીની સ્થાપના લેરી અને સર્ગીએ એક લાખ ડોલરની રકમથી શરૂ કરી હતી.

★ તામિલનાડુના મદુરાઈ શહેરમાં મીનાક્ષી મંદિરમાં એક હજાર થાંભલા આવેલા છે. જ્યારે રાજસ્થાનમાં આવેલા રાણકપુર જૈન મંદિરમાં ૧૪૪૪ થાંભલાઓ છે.

★ આખી દુનિયાના લોખંડના કુલ જથ્થાનો ચોથો ભાગ ભારત પાસે છે.

★ પટણા નજીક ગંગા નદી પર આવેલો મહાત્મા ગાંધી સેતુ ભારતમાં નદી ઉપરનો સૌથી લાંબો પુલ છે.

★ હિમાચલ પ્રદેશની સ્પિતી વેલમાં ૪૫૭૨ મીટરની ઊંચાઈએ આવેલી પોસ્ટ ઑફિસ વિશ્વમાં અજોડ છે.

★ ગુજરાતના પાટણમાં આવેલી વિશ્વ વિખ્યાત 'રાણકીવાવ' ભીમદેવ પ્રથમની રાણી ઉદયમતીએ બંધાવી હતી.

★ સૌથી વધુ વ્યસ્ત હાવડા બ્રિજ છે. જ્યાંથી દરરોજ ૯૦,૦૦૦ કરતાં વધુ વાહનો પસાર થાય છે.

★ સૌપ્રથમ ફક્ત મહિલાઓ માટેની ઈલેક્ટ્રિક ટ્રેન ચેન્નાઈ અને તંબારામ વચ્ચે શરૂ થઈ હતી.

★ ભારતનાં પ્રથમ મહિલા સ્ટેશન માસ્ટર તરીકે રિંકુ સિંહા રોય ૧૯૯૪માં જોડાયા હતા.

★ નેશનલ હાઈવે નં.-૭ (વારાણસીથી કન્યાકુમારી) ભારતનો સૌથી લાંબો માર્ગ (૨૩૬૯ કિ.મી.) છે. તે છ રાજ્યોમાંથી પસાર થાય છે.

★ કોલકત્તામાં ૧૯૯૭માં એશિયાનું સૌપ્રથમ 'વિજ્ઞાન નગર' બાંધવામાં આવ્યું હતું.

★ રાજસ્થાનમાં અજમેર પાસે આવેલ તારાગઢ કિલ્લો મેવાડના રાજકુમાર પૃથ્વીરાજે પોતાની રાણી તારાબાઈના નામથી બનાવેલ. આ કિલ્લાની વિશિષ્ટતા એ છે કે જે કોઈ પણ શાસક અંતર્ગત આ કિલ્લો રહ્યો, તે શાસક આ કિલ્લા પર ક્યારેય લડાઈ હાર્યા નથી.

★ દુનિયાભરમાં પગરખાં બનાવતી બાટા કંપનીના સ્થાપક ટોમાસ બાટાએ ૧૮૯૪માં એક ગણ રાજ્યના લીન કસબામાં શરૂ કરી હતી. ૭૦ દેશોમાં પોતાનું સામ્રાજ્ય ધરાવતી આ કંપનીની પ્રથમ ફેક્ટરીને પોતાના દેશમાં જ દફન કરવામાં આવેલ છે, જે સંગ્રહાલય તરીકે પરિવર્તિત થઇ છે.

★ લંડનની થેમ્સ નદી પર ૬૦૦૦ ચોરસ મીટરમાં બની રહેલ 'ગાર્ડન બ્રિજ'માં ૨૭૦૦ ચોરસ મીટરમાં હરિયાળી છે. પ્રવાસીઓ માટેનું સર્વશ્રેષ્ઠ સ્થાન બનાવવા માટે અહીં સાઇકલ ચલાવવાની કે એક સાથે આઠથી વધારે જણના ગ્રુપને મંજૂરી આપવામાં આવતી નથી.

★ ફિલીપાઈન્સના બાહોલમાં આવેલ ધ ચોકલેટ હિલ્સ ૫૦ વર્ગ કિ.મી. આવેલ છે. અહીં ૧૭૭૬થી વધારે પહાડ ફેલાયેલા છે. પ્રવાસીઓ માટે આ જગ્યા આકર્ષણનું કેન્દ્ર છે.

★ ન્યુઝિલેન્ડમાં આવેલા શેમ્પેન પુલમાં કાર્બન ડાયોક્સાઈડના બબલ્સ શેમ્પેનના ગ્લાસમાં ફૂટતા બબલ્સ જેવા દેખાય છે. આ પુલમાં આર્સેનિક અને એન્ટીમોનિકના કારણે અનેક રંગ જોવા મળે છે.

★ ૧૯૦૧થી શરૂ થયેલ નોબલ પ્રાઈઝ ૧૧૪ વર્ષમાં ૮૮૯ વિજેતાઓને ૫૬૭ નોબેલ પ્રાઈઝ એનાયત થયા છે. સૌથી વધારે નોબલ પ્રાઈઝ મેળવનાર અમેરિકા છે, જેણે ૨૫૬ પ્રાઈઝ મેળવેલ છે. સૌથી વધુ ૨૦૭ પ્રાઈઝ તબીબી શાસ્ત્રમાં આપવામાં આવેલ છે.

★ ગુગલ દ્વારા નિયમિત રીતે બનાવાતા ડૂડલ્સ અંગે વૈજ્ઞાનિકોએ સંશોધન કરીને શોધી કાઢ્યું છે કે ઈન્ડોનેશિયામાં મળી આવેલ ડૂડલ પાંચ લાખ વરસ જૂનું છે. ત્યારના માનવોની આ હોમો ઈરેક્ટ્સની કમાલ છે.

★ વિશ્વનું સૌથી વિશાળકાય ડાયનાસોર શોધવાનો શ્રેય ભારતને મળે છે. ૧૯૮૯માં તામિલનાડુનાં ત્રિપીશયસની જિલ્લામાંથી 'બ્રુહવા ક્યોસોટ્સ'ના અવશેષો મળી આવ્યા હતા. વૈજ્ઞાનિકોએ તેના વજનનો અંદાજ બાંધ્યો તે ૧૭૦ ટન જેટલો હતો.

★ એટલાન્ટીસ નામનો દરિયા તળે એક ખંડ ખોવાઈ ગયો હોવાનું મનાય છે. આ ખંડ મળે ત્યારે ખરો. પરંતુ જાપાને સમુદ્રના તળિયે એટલાન્ટીસ જેવું શહેર બાંધવાનું આયોજન કરી લીધું છે.

★ રાઈટ બ્રધર્સે ૧૭મી ડિસેમ્બર, ૧૯૦૩ના રોજ પ્રથમ વિમાન ઉડાવ્યું હતું. જેની ઝડપ ૧૦.૯ કિ.મી. પ્રતિ કલાકની હતી. જ્યારે આજે સૌથી વધારે ઝડપ ધરાવતું લોગહીડ એસ.આર. ૭૧ જે બ્લેક બર્ડના નામે પણ ઓળખાય છે, તેની ઝડપ ૩૫૩૦ કિ.મી. પ્રતિ કલાકની છે.

★ ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર નજીક આવેલા સેંગપુર ગામમાં ૪૫૦ પરિવારો વસવાટ કરે છે. પણ અહીં મોરની સંખ્યા ૧૫૦૦ જેટલી છે.

★ રશિયાના સાઈબેરિયામાં અંતરિયાળ વિસ્તારમાં આવેલું ઓયમયકો ગામ ધરતીનું સૌથી ઠંડું ગામ છે. જ્યાંનું તાપમાન –૫૯ ડિગ્રી સેલ્સિયસ હોય છે. ૧૯૩૩માં તે તાપમાન ઘટીને –૬૭.૭ ડિગ્રી થઈ ગયેલ હતું. અહીં લગભગ બધી જ વસ્તુ પર બરફના થર જામી જાય છે. નળમાંથી પાણી લેવાનું તો વિચારી જ ના શકાય. ગમે તેટલી હિમવર્ષામાં અહીંની વીજળી વ્યવસ્થામાં કોઈ મુશ્કેલી પડતી નથી.



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **ખારા પાણીથી ખેતી :** વારંવાર દુષ્કાળ, અછત તેમજ કેશડોલ્સ, ઘડુલી ગામના મહેનતકક્ષ ખડતલ ખેડૂતોએ બોરનાં પાણી ખારાં થઈ જતાં તેનો કેમ ઉપયોગ કરવો તેની ચિંતા છોડી, પોતાની કોઠાસૂત્રથી ગામના ખેડૂતોએ ઝાઝી માવજત ન માંગતા દાડમના રોપા રોપી તેની ખેતીથી ઉપજ ઊભી કરેલ છે. જેનું પરિણામ દોઢ-બે વર્ષમાં દેખા દેતાં લાખોની વાર્ષિક આવક શરૂ કરેલ છે. ઉત્પાદિત આ લાલ મીઠાં દાડમ ગુજરાતના શહેરોમાં વેચાણ અર્થે મોકલવામાં આવે છે.

★ **રેલવે - ભાવ વધારો :** રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક ટિકિટ દરમાં નાતાલની ભેટ સ્વરૂપે વધારો કરવામાં આવેલ છે. સ્લીપર શ્રેણીમાં તત્કાલ ટિકિટના રૂ. ૧૭૫ ના બદલે રૂ. ૨૦૦, એ.સી. થ્રી ટાયરમાં મહત્તમ રૂ. ૩૫૦ ના બદલે રૂ. ૪૦૦ અને લઘુત્તમ રૂ. ૨૫૦ ના બદલે રૂ. ૩૦૦ ચૂકવવા પડશે. મહત્તમ અને લઘુત્તમ શુલ્ક મુસાફરીના અંતર ઉપર આધાર રાખે છે.

તેવી રીતે એ.સી. ટુ ટાયર માટે તાત્કાલિક ટિકિટ દર લઘુત્તમ રૂ. ૩૦૦ ના બદલે રૂ. ૪૦૦ અને મહત્તમ રૂ. ૪૦૦ ના બદલે રૂ. ૫૦૦ ચૂકવવાના રહેશે.

★ **ભુજમાં પ્રદૂષણ માપ યંત્ર :** હવામાન ખાતા તરફથી હવામાં રહેલ કાર્બનનું પ્રમાણ જાણી શકાય તે માટે ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ ભુજ શહેરમાં એથેલોમીટર નામનું ઉપકરણ લગાવવામાં આવ્યું છે. યુગોસ્વાલિયામાંથી છૂટા પડેલ ટચૂકડા સ્લોવેનિયા દેશ દ્વારા આ એથેલોમીટર શોધાયેલ છે.

ભુજમાં કાર્બનનું પ્રમાણ પ્રતિ મીટર ૩૦૦૦ નેનો ગ્રામ છે. જે મહાનગરોની તુલનામાં ઘણું જ ઓછું છે. વિજ્ઞાનના માપદંડ પ્રમાણે, બિન જોખમકારક પ્રમાણ ૧૫ થી ૨૦ હજાર નેનો ગ્રામ પ્રતિ મીટર પ્રમાણથી પણ ઓછું છે.

★ **ગ્લોબલ વોર્મિંગ - વાતાવરણમાં બદલાવ :** વિશ્વ ગ્લોબલ વોર્મિંગનાં માઠાં ફળ ભોગવી રહ્યું છે, ત્યારે ભવિષ્યમાં કચ્છના વાતાવરણમાં તેની શું અસર થશે તેની માહિતી વિશ્વના ટોચના ગણાતા મેગેઝિન 'કરન્ટ સાયન્સ' ના તાજેતરના અંક (વોલ્યુમ ૧૦૯) માં જણાવેલ છે. 'એલ એ આર એસ-ડબલ્યુ-જી' નાં મોડલ આધારે કચ્છના સૂકા વાતાવરણમાં તાપમાન અને ગતિમાં ફેરફારોના મથાળા હેઠળ એક સંશોધનાત્મક અભ્યાસ લેખ પ્રસિદ્ધ થયેલ છે. તેના અહેવાલ મુજબ આગામી વર્ષોમાં કચ્છમાં શિયાળો વધુ ઠંડો રહેશે, અને તેના કારણે વરસાદની સંભાવના વધી શકે છે.

કચ્છના વિવિધ ખૂણે આવેલ ત્રણ સ્થળો, ભુજ, કંડલા અને નલિયાને આ અભ્યાસ માટે આધાર બનાવ્યા છે. જણાવેલ વિગત પ્રમાણે વર્ષ ૨૦૧૧ થી ૨૦૩૦ સુધીમાં મહત્તમ તાપમાનમાં ૦.૪ °સે., વર્ષ ૨૦૪૬ થી ૨૦૬૫ વચ્ચે ૧.૫ °સે, ૨૦૮૦ થી ૨૦૯૯ ના ગાળામાં ૩.૦ °સે. ના વધારાની સંભાવના દર્શાવી છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૪૬ થી ૨૦૬૫ ના ગાળાનાં ચોમાસામાં વરસાદમાં ૯ થી ૧૭ ટકાનો વધારો થાય તેવી સંભાવના દર્શાવી છે. જો કે આ વધારો વર્ષ ૨૦૮૦ થી ૨૦૯૯ વર્ષો દરમ્યાન ઘટીને ૩ થી ૧૨ ટકા પર આવી જશે એમ તેના અભ્યાસમાં જણાવ્યું છે. વર્ષ ૨૦૧૧-૨૦૩૦, ૨૦૪૬-૨૦૬૫ અને ૨૦૮૦ થી ૨૦૯૯ ના વર્ષોમાં શિયાળા દરમ્યાન લઘુત્તમ તાપમાન ૦.૬° સે. થી ૧.૦° સે. જેટલું વધશે. એટલે કે ઠંડીના પ્રમાણમાં વધારો થશે.

આ અભ્યાસ લેખ કચ્છના ભાવિના ગંભીર ચિતાર તરફ અંગુલી નિર્દેશ કરે છે. આ અભ્યાસ માટે વર્ષ ૧૯૬૯ થી ૨૦૧૩ ના સમયના તાપમાનના આંકડાઓનો ઉપયોગ કરવામાં આવેલ છે.

★ **ઊંટ મેગા શો :** કચ્છના રણોત્સવ દરમ્યાન યોજાયેલ કચ્છી ખારાઈ ઊંટ મેગા શોના ઉદ્‌ઘાટન દરમ્યાન 'કચ્છ સરહદ ડેરી'ના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવેલ કે સરકાર દ્વારા ઊંટડીના દૂધ પ્લાન્ટની મંજૂરી માટે પ્રોજેક્ટ રિપોર્ટના રૂ. ૨.૬૬ કરોડમાંથી રૂ. ૧.૨૫ કરોડ મળી ગયેલ છે. તેની મશીનરીની પણ ખરીદ કરવામાં આવેલ છે. ઊંટડીના દૂધ અને તેની બનાવટના વેચાણ અર્થે ભારત સરકાર દ્વારા ખાદ્ય લાયસન્સ પણ મળી ગયેલ છે. આવતા માર્ચ મહિનામાં તો પેકિંગમાં તે દૂધ મળતું થશે. દૂધમાંની દુર્ગંધ પ્રોસેસીંગ મશીન દ્વારા દૂર કરવામાં આવશે. કચ્છના રણ અને ભૂંગાની વિશ્વમાં ઓળખ ઊભી થઈ છે. હવે કચ્છના ઊંટની પણ ઓળખ થશે.

★ **કચ્છનું ગૌરવ :** અબડાસાના સાંયરા ગામના ડુંગરશી વિશનજી મોમાયા પરિવારની દીકરી દર્શના સનદી અધિકારી ન હોવા છતાં ભારત સરકારના શિક્ષણ અંગેના બજેટની જવાબદારી સંભાળવા માનવ સંશાધન વિભાગના નાણાકીય સલાહકાર તરીકે જોઈન્ટ સેક્રેટરી પદે તેમની નિમણૂક

કરવામાં આવી છે. આ પદ ઉપર કચ્છની વ્યક્તિ હોય તે કચ્છ માટે ગૌરવની વાત છે.

★ **રેલવે વિકાસ - કચ્છના પ્રશ્નો :** કચ્છ સાથે અનેરી લાગણી ધરાવતા કચ્છી માડુ, પૂર્વ રેલવેમંત્રી દિનેશભાઈ ત્રિવેદીની અધ્યક્ષતા હેઠળ ૧૨ સાંસદ સભ્યોની ટીમ સાથે કચ્છ આવેલ હતા. આ સાંસદ સભ્યોની સમિતિએ પશ્ચિમ રેલવેના સભ્યો સાથે કચ્છમાં રેલવેના વિકાસ અંગેની ભલામણોની ચર્ચા કરેલ. તેમણે પ્રવાસન દૃષ્ટિએ તેમજ સલામતી માટે રેલવેને દેશના છેડા સુધી જોડવાની અનિવાર્યતા દર્શાવેલ હતી. કચ્છને દેશના છેવાડાના વિસ્તારના લોકોને જોડવાથી દેશમાં ઐક્ય વધશે. ગ્રામીણ તથા શહેરી લોકો વચ્ચે સમાનતા ઊભી થશે. વેપાર-વાણિજ્યનો ફેલાવો થશે, જે દેશના વિકાસમાં અગત્યનો ભાગ ભજવશે. ઉપરાંત કચ્છ ટુરિઝમનો પણ વિકાસ થવાથી 'કચ્છ દર્શન' માટે પ્રવાસીઓમાં આકર્ષણ ઊભું થશે તેવો નિષ્કર્ષ તેમણે આપેલ હતો.

★ **ધરતીકંપ - ભેદી ધડાકા :** તારીખ ૧૧મી જાન્યુઆરી સોમવારના રોજે કચ્છના વાગડ પંથકના ચોબારી ગામે તેમજ ભુજથી ગાંધીધામ - મુંદ્રા વચ્ચે જમીનમાં થયેલ ભેદી ધડાકા અને કંપને સમગ્ર કચ્છમાં ભયનું લખલખું ફેલાવી દીધેલ હતું. આ રહસ્ય ઉકેલવા ગાંધીનગરથી અત્યંત આધુનિક સાધનો સાથે આવેલ ટીમે નિરીક્ષણ કરી જણાવેલ કે વર્ષ ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલ ભૂકંપ બાદ અવારનવાર થતા આ આંચકાનું કારણ વાગડ ફોલ્ટ લાઈનનું ધીમે ધીમે સેટલમેન્ટ થવાથી થાય છે. ચોબારી તો આ ફોલ્ટ લાઈનનું હબ છે. નિષ્ણાતોની ટીમ સાથે આવેલ ડૉ. ધૂમકાએ માહિતી આપતા જણાવેલ કે, ભૂગર્ભમાં જમીનમાં એક મિલિમિટર જેટલો ભાગ સરકવાથી આવો અનુભવ થાય છે. કચ્છવાસીઓને હૈયાધારણ આપતાં આ ટીમે જણાવેલ કે આ રીતના ધડાકા કે ભૂકંપના આંચકાઓથી ગભરાવાની જરૂર નથી. સાથે સાથે સતર્ક રહેવાની સલાહ પણ આપી હતી.

★ **માનવ જીવનની ટેકનોલોજી :** માંડવી તાલુકાના ભેરૈયા ગામના ૮૦ વર્ષના બુઝુર્ગ રતનશી હરજીભાઈ પારસિયાએ પોતાની કોઠાસૂઝથી મનુષ્યના જીવન અંગેના વિચારોના માર્ગદર્શન માટે એક ઈલેક્ટ્રોનિક્સ યંત્ર બનાવ્યું છે. જેમાં તેમણે ૧૦૦ પ્રશ્નો દાખલ કરેલ છે. જેના આધારે વ્યક્તિના વિચારો યોગ્ય છે કે નહીં તેનો જવાબ યંત્ર દ્વારા મળી શકે છે. ભણેલ વ્યક્તિ કરી શકે તેવું કામ ૧૦મી પાસ બુઝુર્ગે કરેલ છે. તેમણે ભૂતકાળમાં મુંબઈમાં આર્કિટેક્ટ જેવી કામગીરીથી બિલ્ડિંગ નિર્માણ સચોટ અને મજબૂતાઈથી કરેલ છે. તદુપરાંત તેમણે એક એવું પારણું નિર્માણ કરેલ છે કે જેને એક જ હીંચકો નાખવાથી લાંબો સમય તે પારણું ઝૂલતું રહે છે.

★ **કચ્છમાં જુરાસિક યુગના ડાયનોસોર અવશેષો :** કચ્છમાં લોડાઈ પાસેના કાસ ડુંગર, કે જે આખેઆખો જીવસૃષ્ટિથી ભરેલ છે, ત્યાંથી વિશાળ જુરાસિક ડાયનાસોરના અવશેષ અશ્મિ તરીકે કચ્છ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરતાં કચ્છી છાત્ર ગૌરવ ચૌહાણે જર્મન વૈજ્ઞાનિક સાથે મળીને મેળવ્યા છે.


આ પહેલાં કચ્છમાં અંજારના મેડીસર પાસે આવેલ કથરોલના પહાડમાંથી વર્ષ ૨૦૦૮માં ૧.૬૦ કરોડ વર્ષ જૂના ડાયનાસોરના સમકાલીના ફાઈલોસિરાસ તરીકે ઓળખાતા એમોનાઈટ્સના અલભ્ય અવશેષો મળેલ હતા. જે સૂચવે છે કે કચ્છ ડાયનાસોર માટે આદર્શ જંગલ હતું. જેની નિશાની રૂપે લિગ્નાઈટ મળી રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી ભૂસ્તરીય સંશોધન માટે અવારનવાર આવતાં દેશ-પરદેશના ભૂ-વૈજ્ઞાનિકો આ શોધથી જણાવે છે કે કચ્છમાં જે ભૂસ્તરીય અતીત ખજાનો દટાયેલ છે તેવું વિશ્વમાં ક્યાંય પણ નથી. જેથી કચ્છમાં 'જીઓ પાર્ક' થાય તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. ■

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**




## સરનામા ફેરફાર

- **જયદીપ ગુણવંતલાલ શાહ (ત્રેવાડિયા)**
  આઈ-૩૦૨, સાહસ સોલેરિયમ-૧,
  સ્વામિનારાયણ પાર્ક-૩ પાસે,
  જી.બી. શાહ કૉલેજ પાછળ,
  વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **નિરંજન ઠાકરશી સાવલા**
  ૬૦૧, શાંતિ ટાવર,
  તુલસી પાર્ટી પ્લોટની બાજુમાં,
  કુંદન એપાર્ટમેન્ટ સામે,
  વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **દીપક કલ્યાણજી છેડા**
  ૪/ડી, શ્યામ ગોકુલ કોમ્પ્લેક્સ,
  વિજય ચાર રસ્તાની બાજુમાં, ડ્રાઈવ-ઈન રોડ,
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

*વિપદના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને*
*જીવનની ફૂલદાની એમ, બેઠો છું બનાવીને.*

*– ગની દહીંવાલા*
*સૌજન્ય : "ભણતરનું ભાવજગત"*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી રેવંતીબેન મણિલાલ કુંવરજી ગોસર (કચ્છ ગોધરા - અમદાવાદ)
રૂા. ૫,૦૦૦/- શ્રી ધનસુખલાલ નાનાલાલ પટવા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી વર્ષાબેન રવિલાલ પારેખ - અમદાવાદ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી જીજ્ઞાબેન જયભાઈ પરીખ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

*સ્થળ :* શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.
*ફોન સંપર્ક :* (૦૭૯) ૨૨૮૮૪૫૪૭
*સમય :* સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

## • વાંચન અભિયાન •

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......... ૧૬૦
★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો .......... ૧૫૦
★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો .......... ૨૨૫૦

*આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ગણતંત્ર દિવસની ઉજવણીનો અહેવાલ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તા. ૨૬-૧-૨૦૧૬ના દિવસે સ્વતંત્ર ભારતના ૬૭મા ગણતંત્ર દિવસની ઉજવણી કરી હતી. ગણતંત્ર દિવસની ઉજવણી રૂપે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ મુળજી સાવલાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રાસંગિક તથા આવકાર પ્રવચન આપતાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આજના આ ૬૭મા ગણતંત્ર દિવસે પધારેલા સૌ સભ્યોને હું આવકારું છું.

ભારતને સ્વતંત્ર થયા બાદ અત્યાર સુધીમાં ઘણી તડકી છાંયડી, ઘણી કુદરતી આફતો તથા માનવસર્જિત આફતાનો સામનો દેશે કર્યો હતો. છતાં દેશે ખૂબ જ સારી પ્રગતિ કરી છે. સમગ્ર વિશ્વની નજર ભારતની ગતિવિધિઓ ઉપર છે તથા વિશ્વ હવે ભારતમાં ઘટતી સમગ્ર ઘટનાઓની નોંધ લે છે.

તે જ રીતે સમગ્ર દેશ સાથે ગુજરાત અને આપણા કચ્છનો પણ ખૂબ જ વિકાસ થયો છે. આપણે અત્યારે ખાસ કચ્છ વિશે વાત કરશું. એક બાજુ દરિયો, બીજી બાજુ રણ તથા ડુંગરાળ પ્રદેશ ધરાવતો કચ્છ. આઝાદી પછી પણ ઘણા બધા કારમા દુષ્કાળોનો સામનો કરી ચૂકેલ છે. ક્યારેક અતિવૃષ્ટિ પણ થયેલ છે. જ્યારે એકાદ વખત કંડલાના દરિયાકાંઠે સુનામી પણ અનુભવી છે. છેલ્લે આઝાદી પછી ૧૯૫૬માં તથા ૨૦૦૧માં ભયાનક ધરતીકંપનો સામનો પણ કરેલ છે. આ બધી વિષમ પરિસ્થિતિમાંથી ઘડાઈને કચ્છની પ્રજા ખમીરવંતી બની છે. આજે કોઈ પણ વ્યક્તિ કલ્પના ન કરી શકે તેવી પ્રગતિ કચ્છે કરેલ છે. ૪૦/૫૦ વરસ પહેલાં જ્યારે અમે કોઈને કહેતાં કે 'કચ્છમાં ફરવા માટે આવો' તો કોઈ પણ આવવા તૈયાર થતા ન હતા. પણ એમ જણાવતા કે કચ્છમાં શું છે — ધૂળ અને ઢેફાં? આજે પરિસ્થિતિ બિલકુલ બદલાઈ ગઈ છે. હવે લોકો કચ્છમાં ફરવા માટે જ નહીં પરંતુ ફરીથી વસવાટ કરવા માટે પણ તૈયાર થયા છે.

આવી જ રીતે આપણો શ્રી કચ્છી જૈન સેવા સમાજ કે જેણે ૨૦૧૩-૧૪માં ૫૦મું સુવર્ણ જયંતી વર્ષ ઉજવેલ છે અને આજે ૫૩મા વર્ષમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલ છે. ૧૯૭૨થી





વ્યવસ્થિત રીતે સામાજિક કાર્યોના પંથે રહેલ સમાજ શરૂઆતમાં ફક્ત એકાદ સ્વામિવાત્સલ્ય અને વાર્ષિક સ્નેહ મિલનના પ્રોગ્રામ કરીને સંતોષ માનતો હતો. તે સમાજ ૧૯૮૪માં પ્રથમ ગીતા મંદિર સેવા ભવન, ૧૯૯૬માં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી તથા ૨૦૦૨માં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ અને છેલ્લે ૨૦૧૦માં શ્રી નવનીત ભવન આવાસ યોજના કરી ભવ્ય પ્રગતિ કરેલ છે. વચ્ચે વચ્ચે ઘણી બધી નાની મોટી સામાજિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અને આજે સમગ્ર દેશમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની સુવાસ ભારતભરના કચ્છી જૈન સમાજોમાં પ્રસરેલી છે. આ સિધ્ધિ કંઈ રાતોરાત મળેલ નથી તેમજ એકાદ બે વ્યક્તિઓ થકી મળી નથી પરંતુ શરૂઆતથી કરીને આજ સુધી અનેક લોકોના સાથ સહકારથી સાંપડેલ છે. હવે આજે આપણા સૌની ફરજ બની રહે છે કે આ આપણી સિધ્ધિને સારી રીતે સાચવી રાખવી તથા હજી વધારે આગળ વધારવાની છે. સમાજના સૌ સભ્યોને અમારી અપીલ છે કે સમાજની દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લે તથા સમાજને આગળ વધારવા પોતાનો સહકાર આપે એ જ અભ્યર્થના. જય જિનેન્દ્ર.

ઉપરોક્ત ઉદ્‌બોધન પછી સમારંભ પૂર્ણ થયેલ જાહેર થયો હતો અને નાસ્તો ગ્રહણ કરી સૌ છૂટા પડ્યા હતા.

**પ્રતાપ નારાણજી દંડ**
**પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***તમે જો ન કરવાનું ન કરો તો પછી અન્ય કશું ખાસ કરવા જેવું રહેતું નથી.***

***સ્વ. માવજી કે. સાવલાના એક અંગત પત્રમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## મેડિકલ સમિતિ

મંગળવાર, તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ તબીબી સેવા સમિતિ દ્વારા સવારે ૯ થી ૧૨માં એક ફ્રી રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. ટાઈફોઈડ અને હિપેટાઈટીસ-બી ની રસી ૧૮ વર્ષથી ઉપરના, ફક્ત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોને ફ્રી માં આપવામાં આવી હતી. જેનો લાભ કુલ ૫૮ વ્યક્તિઓએ લીધો હતો.

આ કેમ્પમાં શ્રી કે.ડી. શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા તથા અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં બાળરોગ નિષ્ણાત ડૉ. અનિલ ચૌહાણ અને મેડિસીન વિભાગના ડૉ. શિલ્પા તોશનીવાલે તેમની સેવાઓ આપી હતી તથા ડૉ. દક્ષા રામાવત, શ્રી પીન્ટુ પટેલ તથા સ્ટાફના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ■

## આ ખૂબ જ ખતરનાક છે : એક વિજ્ઞાનીનો સંદેશ

આજે જ્યારે વિશ્વમાં ઘણા બધા લોકો Fizzy પીણું કોલા પસંદ કરે છે તે સમયે 'કોક' પીણું પીધા પછીની મિનિટોમાં આપણા શરીરમાં તે કેવી અસર પેદા કરે છે તેની આરોગ્યને લગતી ચિંતાજનક હકીકતો એક ભારતીય વિજ્ઞાની શ્રી નીરજ નાયકે પોતાના બ્લોગમાં જણાવતાં કહ્યું છે - આ ખતરનાક છે...તેઓ આગળ કહે છે :

વ્યક્તિ આવું પીણું પીએ તેની માત્ર દસ જ મિનિટમાં ૧૦ ચમચી જેટલી ખાંડમાંથી મળે તેટલી કેલરી એના શરીરમાં જાય છે, જે આખા દિવસની સૂચિત જરૂરિયાત જેટલી થઈ પડે છે. વળી, આટલા મોટા પ્રમાણમાં એક સાથે ગળપણ લેવાથી ખરેખર તો ઊલટી થઈ જાય! પરંતુ, આ પીણાઓમાં ભેળવેલ ફોસ્ફરિક એસિડ એના સ્વાદ/ફ્લેવરને નિયંત્રિત કરે છે જેથી એ પેટમાં ટકી રહે છે!

૨૦ મિનિટ પછી આ શર્કરા લોહીમાં શોષાઈ જાય છે અને તેને કારણે ઇન્સ્યુલીનનું પ્રમાણ પણ એકાએક વધી જાય છે જે લીવરમાં જઈને એનું ચરબીમાં રૂપાંતર કરે છે.

૪૦ મિનિટ પછી, આ પીણામાં રહેલું કેફીન શોષાઈ જાય છે, જેની અસરથી આંખની કીકી પહોળી થાય છે, બ્લડપ્રેશર વધે છે તેમજ લોહીમાં સુગરનું પ્રમાણ વધે છે. પરિણામે મગજના કોષોમાં આવેલા એડીનોસાઈન રિસેપ્ટરની અસરમાં અટકાવ આવે છે, જેને કારણે ઘેન આવતું અટકે છે.

૪૫ મિનિટ પછી, શરીરમાં ડોપામીનનું ઉત્પાદન વધી જાય છે જે આનંદની અનુભૂતિ કરાવતા મગજનાં કેન્દ્રોને ઉત્તેજના આપે છે. જે ખરેખર તો હેરોઈન જેવાં માદક દ્રવ્યોની અસર જેવી જ અસર ઊપજાવે છે. ૬૦ મિનિટ એટલે કે પીણું લીધાના એકાદ કલાકમાં કિડનીની પેશાબ ગાળવાની પ્રક્રિયા પર કેફીનની અસર શરૂ થાય છે. એ પછી અસરો ઓછી થવા માંડે છે અને વ્યક્તિના લોહીમાં સુગરનું પ્રમાણ એકાએક ઘટવાનું શરૂ થઈ જાય છે!

ઓછી ચરબીવાળા ખોરાકની સખતી પરેજી પાળવા છતાં વ્યક્તિઓમાં વજન શા કારણે વધે છે? એ બાબતે સંશોધન કરતાં શ્રી નાયકને ઠંડા પીણા કોકની અસરો તપાસવાની પ્રેરણા મળી. અને તેમણે શોધી કાઢ્યું કે આવા પ્રક્રિયા પામેલ પીણામાં રીફાઈન્ડ સુગર (ફ્રુકટોઝ) નું પ્રમાણ ખૂબ ઊંચું હોય છે અને મોટાભાગના લોકો આ બાબતના જોખમથી અજાણ તેમજ બેધ્યાન હોય છે.

ઘણાં ફળોમાં પણ રિફાઈન્ડ સુગર (ફ્રુકટોઝ) હોય છે. પરંતુ કુદરતે એનું પ્રમાણ નિયંત્રિત કરવાની વ્યવસ્થા લેખે ફળોમાં પુષ્કળ પ્રમાણમાં રેસાતત્ત્વ પણ મૂકેલાં છે, જે તમારા શરીરમાં એકસામટું સુગર શોષાવા પર અને લોહીમાં એનું પ્રમાણ એકાએક વધવાની પ્રક્રિયા પર કાબૂ રાખે છે.

છેલ્લે શ્રી નાયક ઉમેરે છે કે સમગ્ર વિશ્વમાં ૧.૬ બિલિયન (૧૧૬ કરોડ) જેટલા કોક પિવાય છે. ખરેખર જો લોકોને પોતાના મન, હૃદય તેમજ શરીરના સ્વાસ્થ્યની દરકાર હોય તો તેઓએ કોકની બોટલથી દૂર રહેવું જોઈએ. (ઈન્ટરનેટ પરથી)

***સૌજન્ય : 'ભૂમિપુત્ર'***

**શત્રુંજય સમો તીરથ નહીં**

**ચાલો પાલીતાણા...ચાલો પાલીતાણા...ચાલો પાલી**

**શ્રી સિદ્ધાચલ**

મુંબઈથી

અભિષેક સ્પેશ્યલ ટ્રેન દિન
૨૯-૩-૨૦૧૬
મંગળવાર

**પૂજો ગિરિરાજને રે**
વંદો ગિરિરાજને રે...

વર્ષીતપ ઉચ્ચારણ દિન
૩૧-૩-૨૦૧૬
ગુરુવાર

ગિરિરાજ અભિષેક દિન
૧-૪-૨૦૧૬
શુક્રવાર

શત્રુંજય
**માહાત્મ્ય**
પૂજાસ્નપનમાત્રેણ, યત પુન્યં વિમલાચલે ।
નાન્યતીર્થેષુ તત સ્વર્ણ-ભૂમિભૂષણદાનતઃ ॥
વિમલાચલ તીર્થ ઉપર અભિષેક પૂજાથી જે પુન્ય ઉપાર્જન થાય છે, તે અન્ય તીર્થોમાં સુવર્ણનું ભૂમિનું અને અલંકારોનું દાન કરવાથી પણ પ્રાપ્ત થતું નથી.

સ્નેહ નિમંત્રણ



**ગિરિવર અભિષેક**

**તીર્થાધિપતિ શ્રી આદિનાથદાદા,રાયણ પાદુકા,શ્રી શાંતિનાથ પ્રભુ,ગણધર શ્રી પુંડરિકસ્વામિજી**
**પૂજ્યોના વરદહસ્તે વાસક્ષેપથી અભિમંત્રિત સુગંધી પુષ્પાદિ દ્રવ્યો સહ અમોઘ**

# શ્રી શત્રુંજય ગિરિરાજ ૧૮ મહાભિષેક પ્રસં

સંકલ્પ દ્વારા ગુરુભક્તિની શક્તિ
ચાલો, એક બનીએ...એકમેકના બનીએ...

ભાગ્યોદયી નિશ્રાઃ- શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના પૂજય આચા

પુનિત પ્રસંગ નિમિત્ત

**પ્રાચીન શ્રી ભદ્રેશ્વર તીર્થોદ્ધારક,તપસ્વીરત્ન,સંઘશિરછ**

**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના સુ**

અભિષેક આયોજક :- શ્રી આણંદજી કલ્યાણજી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)

અભિષેકના મુખ્ય લાભાર્થી

શ્રી ગુરુ ગુણોદય સુવર્ણ વર્ષીતપ મહોત્સવ સમિતિ એવં માતુશ્રી કમળાબેન સુમતિલા

- જિનશાસનના પ્રભાવક પૂજ્યોના આશિષદાન
- પુષ્યનક્ષત્રમાં પ્રાપ્ત કરેલ મહાઔષધિઓથી અભિષેક
- ૧૦૮ ગિરિશીલાનું પૂજન-અર્ચન
- શ્રી સંઘના ૨૦૦૦ યુવાનો દ્વારા તીર્થ-ગુરુભક્તિ
- ૧૦૮ નદી-મહાનદીઓના ન્વહણજળથી અભિષેક
- શત્રુંજય મહાનદીના ૧૦૮ જળ કુંભોની ભવ્ય રથયાત્રા
- આવનારા તમામ આત્માઓને અભિષેકનો લાભ
- વિશાળ ડોમના રંગમંડપ.. ભોજનમંડપોની રચના
- હજારો આત્માઓની સાધર્મિક ભક્તિ
- રાજકીય જૈન આગેવાનોની ઉપસ્થિતિ

કચ્છ ગચ્છના અને શાસનપ્રેમી
**યુવાનોને**
ગિરિરાજ અભિષેક મહોત્સવમાં સેવા-ભક્તિમાં જોડાવા માટેની ઉત્તમ તક
જાહેર આહ્વાન

જિનશાસનના તપ
આજથીજ આપણા સૂરિરાજના
વર્ષીતપ કરવાના ભાવનો
ગિરિરાજના અભિ
જીવનની ધન્યતમ પળને પામવા અ
પધારો...પધારો...

સંપર્કસૂત્ર- રામજીભાઈ ધરોડ મો.૦૯૩૨૩૧૯૧૦૫૦, નરેન્દ્રભાઈ નંદુ મો.

**વિમલગિરિ ચાલો અભિષેક કરીએ...**

**શ્રી ગુરુ ગુણોદય સુવર્ણ વર્ષ**

-: મહોત્સવ સ્થળ :-
કચ્છી ભવન
તળેટી રોડ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીનકોડ નં-૩૬૪૨૭૦

રવિભાઈ ઠાકરશી સંગોઈ

વિનોદભાઈ દેવરાજ ગંગર-ગોધરા
પિયુષ વિશનજી સાવલા-નવાવાસ
શામજી નરશી દંડ-સાંધવ

હરખચંદ ખીમજી ગંગર-ચુનડી
રામજી શામજી ધરોડ-રામાણીયા
કલ્પેશ માણેકજી મોતા-રાપર (ગઢ)

નવીન
લક્ષ્મી
અતુલ

ભરતભાઈ બાબુલાલ

**શુભ કાર્યના અનુમોદક : શ્રી અચલગચ્છ**

ાલીતાણા...ચાલો પાલીતાણા...ચાલો પાલીતાણા...

શત્રુંજય સમો તીરથ નહીં

ચલ મહાતીર્થે



ેક વિરલા માણે

મજી આદિ સમગ્ર ગિરિરાજ પર બિરાજિત જિનબિંબોના

ોઘ ઔષધિઓ મિશ્રિત-મહા નદીઓના જળથી

પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ

આચાર્યભગવંતો.પદસ્થો,શ્રમણ ભગવંતો આદિ

ાજ

ારછત્ર,અચલગચ્છાધિપતિ

સુવર્ણ પચાસમા વર્ષીતપની અનુમોદનાર્થે

ર્થી

ાતિલાલભાઈ રીખવચંદભાઈ મહેતા પરિવાર મલાડ-મુંબઈ

તપસ્વીઓ !
ાજના સુવર્ણ વર્ષીતપ સાથે
પનો સંકલ્પ કરો..અને
અભિષેક કરી
ા અચૂક ગિરિરાજની ગોદમાં
ારો...પધારો...

નંદુ મો. ૦૯૮૨૦૩૯૮૪૫૬, પરેશભાઈ ગાલા મો.૦૯૮૨૧૦૫૬૪૦૧,

મહોત્સવના મુખ્ય મહેમાન



માનનીય રાજયમંત્રી

શ્રી તારાચંદ જગશી છેડા

ગૌસંવર્ધન,કુટિર-નમક ઉદ્યોગ ખાતું-ગુજરાત રાજય

આ અવસરે સ્પેશીયલ ટ્રેનનું આયોજન

ગિરિરાજની ભકિત કરતાં સેવકોના સત્કાર



વર્ષીતપ મહોત્સવ સમિતિ

ગોઈ - પુનડી (કન્વીનર)
નવીન ઉમરશી ગંગર-નાંગલપુર
લક્ષ્મીચંદ ધારશી મોતા-લાખણીયા
અતુલ સુંદરજી દેઢિયા-ગઢસીસા
ુલાલ ઘીવાલા-ભૂજ

ખીમજી કેશવજી ગોગરી-મોટા આસંબીયા
ટોકરશી કેશવજી મારુ-પુનડી
સુરેશચંદ્ર ઘેવરચંદજી શેઠ-ભીન્નમાલ

-: મહોત્સવ સ્થળ :-
કચ્છી ભવન
તળેટી રોડ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીનકોડ નં-૩૬૪૨૭૦

ી જૈન સંઘ - અમદાવાદ

## વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ તરફથી તા. ૧૩-૧-૨૦૧૬ના રોજ દશાબ્દિક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ૧૮૫ જેટલા વડીલોએ ભાગ લીધો હતો.

સૌપ્રથમ કન્વીનરશ્રીએ સૌને આ વિશિષ્ટ કાર્યક્રમમાં આવકાર્યા હતા. ત્યારબાદ અરવિંદ જાની, નવીનભાઈ, પરમાનંદભાઈ અને જાગૃતિબેને સૌ વડીલોને ગીતો અને જોક્સથી મનોરંજન પૂરું પાડેલ.

ત્યારબાદ વયસ્ક સમિતિની દસ વરસની મંઝીલની માહિતી આપતા શ્રી બાબુભાઈ મહેતા, શ્રીમતી સુલુબેન શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી દિલીપભાઈ દંડ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી અરવિંદ શેઠ અને શ્રી નીતિન શાહની સેવાને બિરદાવી હતી. આ ઉપરાંત અવિરતપણે પોતાના ઉદાર હાથે ફાળો આપનાર સ્વ. કાંતિલાલ વેલજી સાવલા, સ્વ. શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ, શ્રી ભોગીલાલ છગનલાલ શાહ, શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ અને અન્ય વડીલોનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

આજના કાર્યક્રમના સ્પોન્સર શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર વતી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરનું બહુમાન વયસ્ક સમિતિના સભ્યોએ કર્યું હતું. તેમના તરફથી રૂા. ૧૧,૦૦૦/-ની સ્પોન્સરશિપ આપવામાં આવી હતી. શ્રી ધનસુખલાલ પટવા તરફથી રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. તેમનું બહુમાન બાબુભાઈ મહેતા અને બચુભાઈ રાંભિયાએ કર્યું હતું. શ્રીમતી વર્ષાબેન પારેખ તરફથી રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. તેમનું બહુમાન વયસ્ક સમિતિની બહેનો તરફથી કરવામાં આવ્યું હતું. શ્રીમતી પ્રભાબેન લક્ષ્મીચંદ વીરાના જન્મદિવસ નિમિત્તે બધા વડીલોને આઈસ્ક્રીમ ખવડાવીને મીઠું મોં કરાવ્યું હતું. તેમનું બહુમાન શ્રીમતી વર્ષાબેન પારેખે કર્યું હતું.

મિમિક્રી આર્ટીસ્ટ શ્રી અરવિંદ જાનીનું બહુમાન સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે કર્યું હતું. આ ઉપરાંત સહકલાકાર શ્રી નવીનભાઈ, શ્રી પરમાનંદભાઈ અને શ્રીમતી જાગૃતિબેનનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હાઉસીની રમત રમાડવામાં આવી હતી. અંતમાં સૌ સમૂહ ભોજન લઈ છૂટા પડેલ હતા.

### આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ દ્વારા તા. ૨૪-૨-૨૦૧૬ને બુધવારના રોજ એક દિવસીય પિકનીકનું આયોજન કરવામાં આવનાર છે.

| | | |
|---|---|---|
| સવારે | ૬.૩૦ | પાલડી ભવનથી પ્રસ્થાન |
| | ૮.૦૦ | બબલપુરા આગમન, દર્શન, નવકારશી |
| | ૯.૩૦ | બબલપુરાથી પ્રસ્થાન |
| | ૧૧.૦૦ | મોડાસા ખાતે દાદા-દાદી રિસોર્ટ ખાતે આગમન વિવિધ રમતો, ભોજન, હાઈ ટી |
| | ૫.૩૦ | રિસોર્ટથી પ્રસ્થાન |
| | ૭.૩૦ | અમદાવાદ આગમન. ભોજન. |

***વહેલા તે પહેલાના ધોરણે રૂા. ૫૦૦/- ભરીને પોતાના નામ નોંધાવી દેવા.***

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## સમાજ સુરક્ષા સમિતિ

### અગત્યની જાહેરાત
### અકસ્માત મૃત્યુ તથા અપંગતાનો વીમો

સમાજના જે પરિવારોએ શ્રાવક આરોગ્યમમાં તબીબી સારવારના વીમા લીધેલ છે તે પરિવારની એક વ્યક્તિને રૂા. ૫ (પાંચ) લાખનો આકસ્મિક મૃત્યુ તથા અપંગતાનો વીમો મળેલ છે.

પરિવારમાં એકથી વધારે કમાનાર હોઈ શકે છે. આવી અન્ય વ્યક્તિ માટે વીમા કંપની (ન્યુ ઇન્ડિયા) તરફથી સારી અને કિફાયતી યોજનાની ઑફર આવેલ છે. માત્ર રૂા. ૧૪૪/-ના વાર્ષિક પ્રીમિયમથી ૭૦ વર્ષ સુધીની વ્યક્તિને રૂા. ૫ (પાંચ) લાખનો આકસ્મિત મૃત્યુ તથા અપંગતાનો વીમો અપાશે.

આથી પરિવારમાં અન્ય વ્યક્તિની જાત કમાઈની આવક હોય (વ્યાજ ડિવિડંડ વગેરે નહીં) તેમણે પ્રથમ સમાજના સભ્ય બનીને પૂરું નામ, જન્મતારીખ તથા નોમિનીના નામ સાથે રૂા. ૧૪૪/- સમાજમાં આપવાથી તેઓના વીમા લેવાનો સમાજ બંદોબસ્ત કરશે. જરૂર પડ્યે સ્વતંત્ર આવકના પુરાવા માંગી શકાય છે.

આ ઉપરાંત સમાજ તરફથી વીમા કંપનીના નિયમો મુજબ હોસ્પિટલમાં લેવાતી સારવાર માટે હાલ રૂા. ૫૦,૦૦૦/- સુધીનું વળતર અપાય છે એમાં તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની સભામાં નીચેના ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા સભ્ય પરિવારોને વિનંતી.

૧. હવે પછી આવી સારવારનું વળતર ૮૦ વર્ષથી ઉપરના અથવા અન્ય વાજબી કારણસર વીમો ના જ મળી શકતો હોય એવી વ્યક્તિઓને જ આપવામાં આવશે.

   આથી સમાજના દરેક પરિવાર, જેનો આરોગ્ય વીમો ન હોય તેઓએ લઈ લેવો જરૂરી રહેશે. જરૂરતમંદો માટે સમાજ પૂરું પ્રીમિયમ ભરવા તૈયાર છે.

૨. આ સાથે વીમા કંપનીઓ નિયમો મુજબ જે લાભ નથી આપતી એવી સારવાર માટેની વાર્ષિક પરિવારદીઠ રૂા. ૨૫,૦૦૦/-ની વળતર યોજના યથાવત ચાલુ રહે છે.

***મગનલાલ સંઘવી***
***કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૫ / જાન્યુઆરી - ૨૦૧૬

- **તા. ૧૯-૧૨-૨૦૧૫**

★ આજરોજ સવારના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સભ્યપદ સમિતિની મિટિંગ મળી હતી. આ મિટિંગમાં શ્રી રમણિકલાલ ગોસર, શ્રી કે.ડી. શાહ અને શ્રી મહેન્દ્રભાઈ શાહ હાજર રહ્યા હતા. સભ્યપદ અંગે આવેલ અરજીઓની ચકાસણી કરી ટ્રસ્ટ મંડળને મંજૂરી માટે મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

- **તા. ૨૦-૧૨-૨૦૧૨**

★ આજરોજ સવારે ૯.૩૦ કલાકે સંસ્થાના ટ્રસ્ટ મંડળની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. જેમાં ૧૭ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બંધારણિય સુધારા સહિત કેટલીક અગત્યની બાબતો ઉપર ચર્ચા વિચારણા કર્યા બાદ યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **તા. ૨૧-૧૨-૨૦૧૫**

★ આજે સવારના ૮.૩૦ કલાકે શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિરની મુલાકાત લીધી હતી. ત્યાંના રૂમો તથા અન્ય સફાઈ કામ વિશે જરૂરી સુચનાઓ આપી હતી.

- **તા. ૨૫-૧૨-૨૦૧૫**

★ આજરોજ સવારે વયસ્ક સમિતિની મિટિંગ મળી હતી. જેમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી દિલીપ દંડ હાજર રહ્યા હતા. આ મિટિંગમાં આગામી તા. ૧૩-૧-૨૦૧૬ના કાર્યક્રમમાં આપવાની ગીફ્ટ વિશે ચર્ચા કરી ફાઈનલ નિર્ણય લેવામાં આવેલ.

- **તા. ૩૦-૧૨-૨૦૧૫**

★ આજે સવારના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ભવન સમિતિના સભ્ય શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીકાંત પારેખે પાલડી ભવનના ૪થા માળે રિનોવેટ થયેલ ૪ રૂમો માટેના હેન્ડલ તથા અન્ય સેનેટરીની ખરીદી કરી હતી તથા ગાદલા - ઓશિકાની ચાદર અને કવરોની પણ ખરીદી કરી હતી.

- **તા. ૭-૧-૨૦૧૬**

★ આજે સવારના ૮.૦૦ વાગે શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે લીકેજ થતા રૂમોની મુલાકાત લીધી હતી અને લીકેજ રિપેરિંગ અંગે ચર્ચા કરી હતી. તથા તાત્કાલિક ધોરણે લીકેજ બંધ કરવા કાર્યવાહી નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૮-૧-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે શાહીબાગમાં આપણા કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારા તથા મેનેજર શ્રી દીપ દંડ સાથે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે લીકેજ થતા રૂમોને તાત્કાલિક ધોરણે રીપેર કરવાનું નક્કી કર્યું હતું.

- **તા. ૯-૧-૨૦૧૬**

★ આજરોજ સવારના સંસ્થાના લેબર કન્સલ્ટન્ટ શ્રી અશોકભાઈ શુક્લ સાથે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે અત્યારની કર્મચારીઓની પરિસ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરી હતી.

★ આજે સવારના શ્રી કચ્છી જૈન ભવન ખાતે વયસ્ક સમિતિની મિટિંગ મળી હતી. જેમાં શ્રી રજનીભાઇ પારેખ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી દિલીપ દંડ, શ્રી આણંદજી વેલજી વીરા તથા શ્રી કે.ડી. શાહ હાજર રહેલ અને તા. ૨૪-૨-૨૦૧૬ તેમજ માર્ચ મહિનાના કાર્યક્રમ અંગે મહત્ત્વના નિર્ણયો કરવામાં આવ્યા હતા. ■

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

**નોંધ :** **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# ઊડતી નજરે....

**માસ ડિસેમ્બર-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........................................... | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................<br>જેમાંથી – | ૧૧,૪૫૭ |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. ૪૬૬ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .................................................. ૫૯ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................... ૩૦ | |
| | ● | સોનોગ્રાફી.................................................................. ૧,૨૩૪ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............................................ ૨૬ | |
| | ● | બોડી ચેક-અપ ................................................................... ૪૨૯ | |
| | ● | અન્ય ...................................................................... ૯,૨૧૩ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....................................................... ૭૫૪<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... ૨,૮૩૪ | ૩,૫૮૮ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ......................... ૨,૧૬૦ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................ ૫,૫૨૧ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ................................ ૫૩૭ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ....................... ૧,૦૯૭ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. ૪૭૩ | ૯,૭૮૮ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ**<br>લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................................ ૬૦૦ | ૬૦૦ |
| | | માસ ડિસેમ્બર - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........... | ૨૫,૪૩૩ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૯૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON
100% Safe Water
High Performance
Mineral Water System
Big
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
COOKWELL
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

**Since 1958** **Leading. Innovating. Growing.**







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

## V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West), Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**



# કચ્છ દર્શન























"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


## A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**

**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,